કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.


ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૧ જૂલાઇ, ૨૦૨૬ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧
અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

◆અંક નંબર : ૦૪૬◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ નિજ જેઠ વદ - ૧૨ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ભારત - ન્યૂઝીલેન્ડ વચ્ચે મુક્ત વ્યાપાર કરાર

## ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં પીએમ મોદીનું પરંપરાગત માઓરી શૈલીમાં ભવ્ય અને શાહી સ્વાગત


નવી દીલ્હી : ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડ ખાતે આવેલા ગવર્નમેન્ટ હાઉસ પહોંચ્યા હતા, જ્યાં તેમનું પરંપરાગત માઓરી પદ્ધતિથી 'પોવહિરી' સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ખાસ સ્વાગત ન્યૂઝીલેન્ડના સમૃદ્ધ આદિવાસી વારસા અને સાંસ્કૃતિક મૂલ્યોને દર્શાવે છે.

વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગેની માહિતી શેર કરતા જણાવ્યું કે, પીએમ મોદીનું ગવર્નમેન્ટ હાઉસમાં ઉષ્માભર્યું સત્તાવાર સ્વાગત કરાયું છે.

આ ઔપચારિક સ્વાગત બાદ, પીએમ મોદી અને ન્યૂઝીલેન્ડના સમકક્ષ વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં બંને દેશો વચ્ચે મુક્ત વ્યાપાર કરાર પર હસ્તાક્ષર થયા બાદ આ મુલાકાત યોજાઈ રહી છે, જેનાથી વેપાર અને દ્વિપક્ષીય સંબંધોને વધુ વેગ મળવાની અપેક્ષા છે. આ અગાઉ માર્ચ ૨૦૨૫માં પીએમ લક્સનની ભારત મુલાકાત વખતે બંને નેતાઓ નવી દિલ્હીમાં મળ્યા હતા.પીએમ મોદી શુક્રવારે ઓકલેન્ડ પહોંચ્યા હતા, જ્યાં એરપોર્ટ પર પીએમ લક્સને તેમને ગળે લગાડીને આવકાર્યા હતા. વડાપ્રધાને આ મુલાકાતને 'ઐતિહાસિક' ગણાવી છે, કારણ કે છેલ્લા ચાર દાયકામાં કોઈ ભારતીય વડાપ્રધાનની ન્યૂઝીલેન્ડની આ પ્રથમ મુલાકાત છે.પીએમ મોદી આજે દિવસ દરમિયાન ન્યૂઝીલેન્ડની જાણીતી વ્યાપારી હસ્તીઓ અને રમતગમતના સ્ટાર્સ સાથે મુલાકાત અને ચર્ચા કરવાના છે. આ

અનુસંધાન પાના નં.૪ પર

## સુરતમાં ખાડીપૂરના કાયમી ઉકેલ માટે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને સી.આર. પાટીલની અધ્યક્ષતામાં બેઠકનો ધમધમાટ



ગાંધીનગર : સુરતઃ શહેરમાં તાજેતરમાં આવેલા ખાડીપૂર બાદ સર્જાયેલી સ્થિતિને પગલે તંત્ર અને શાસકો એક્શન મોડમાં આવ્યા છે. ખાડીપૂરના કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે બેઠકોનો દોર યથાવત રાખવામાં આવ્યો છે. આ અંતર્ગત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય મહત્ત્વની બેઠક યોજાઈ ગઈ હતી.આ સમીક્ષા બેઠકમાં સુરત શહેરના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ વહીવટી અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન પૂરની સ્થિતિ પર કાબૂ મેળવવા અને ભવિષ્યમાં આવી સ્થિતિ ફરી ન સર્જાય તે માટે વિવિધ સુચનો

અનુસંધાન પાના નં.૪ પર

## દેશના આર્થિક તંત્રને ખોખલું કરતી આંતરરાષ્ટ્રીય કક્ષાની સાયબર ગેંગનો ગુજરાતમાં પર્દાફાશ

### ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ હેઠળ સાયબર ક્રાઇમના ૧૧૬ કરોડના મેગા કૌભાંડનો પર્દાફાશ, ૭ આરોપીઓ જેલભેગા




ગાંધીનગર :ટેકનોલોજીના દુરુપયોગ દ્વારા દેશના આર્થિક તંત્રને ખોખલું કરતી આંતરરાષ્ટ્રીય કક્ષાની સાયબર ગેંગને પકડી પાડવામાં સુરત શહેર સાયબર ક્રાઈમ સેલને બહુ મોટી અને ઐતિહાસિક સફળતા મળી છે. કેન્દ્રીય સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર નોંધાયેલી સેંકડો ફરિયાદોના ડેટા એનાલિસિસના આધારે, સુરત પોલીસે સ્ટેટ સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ સાથે મળીને 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' લોન્ચ કર્યું હતું.આ ઓપરેશન હેઠળ પોલીસે સુરતના હબ ગણાતા મોટા વરાછા અને જહાંગીરપુરા વિસ્તારમાં કાર્યરત શંકાસ્પદ કોલ સેન્ટરો અને

અનુસંધાન પાના નં.૪ પર

## પરમાણુ અંગે ઈરાનની નવી ચાલથી અમેરિકા-ઈઝરાયલ ટેન્શનમાં, સેટેલાઈટ તસવીરોમાં પોલ ખુલી

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : એક તરફ અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ મુદ્દે ફરીથી વાતચીત શરૂ થવાના સંકેતો મળી રહ્યા છે, તો બીજી તરફ ઈરાને પડદા પાછળ પોતાની સૈન્ય તાકાત વધારવાની નવી ચાલ શરૂ કરી દીધી છે. આ આખા ઘટનાક્રમે અમેરિકા અને ઈઝરાયલ બંને દેશોની ચિંતામાં મોટો વધારો કર્યો છે.એક મીડિયા રિપોર્ટમાં સામે આવેલી સેટેલાઈટ તસવીરો પરથી ખુલાસો થયો છે કે, ઈરાનના કેટલાક અત્યંત સંવેદનશીલ પરમાણુ મથકો અને મિસાઈલ ઠેકાણાઓ પર અચાનક નવી હલચલ વધી ગઈ છે. આ તસવીરો સ્પષ્ટપણે એવો ઈશારો કરે છે કે તાજેતરમાં અમેરિકન અને ઈઝરાયલી હુમલામાં ઈરાનની જે સૈન્ય સંપત્તિને નુકસાન પહોંચ્યું હતું, તેને ફરીથી બેઠી કરવા અને આ ગુપ્ત ઠેકાણાઓનું પુનઃનિર્માણ કરવા માટે ઈરાન અત્યારે પૂરેપૂરું જોર લગાવી રહ્યું છે.

આ આખી ઘટના વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે એક મોટું નિવેદન આપતા જણાવ્યું હતું કે, ઈરાને અમેરિકા સાથે વાતચીત ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે અને વોશિંગ્ટન પણ તેના માટે તૈયાર છે. જોકે, ટ્રમ્પે અત્યંત કડક શબ્દોમાં એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે બંને

અનુસંધાન પાના નં.૪ પર

## અમિત શાહ આવતીકાલથી ગુજરાતના બે દિવસના પ્રવાસે

**અમદાવાદમાં નવ નિર્મિત સરકારી આવાસોનું કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરાશે**



ગાંધીનગર : કેન્દ્રના ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ આવતીકાલથી બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી અમિતભાઈ બે દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં વિવિધ વિકાસ કામોના લોકાપ 'ણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિકાસ કામોની ભેંટ

અનુસંધાન પાના નં.૪ પર

## બહામાસમાં ભયાનક વિમાન દુર્ઘટના : પ્લેન ક્રેશમાં ૧૦ લોકોના મોત : આખો દેશ શોકમાં!

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : બહામાસના ટાપુઓ અત્યારે એક ઊંડા સન્નાટા અને શોકમાં ડૂબેલા છે. જ્યાં એક તરફ દેશ પોતાની આઝાદીની ૫૩મી વર્ષગાંઠની ઉજવણી કરવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યાં શુક્રવારે થયેલા એક ભયાનક વિમાન દુર્ઘટનાએ આ ખુશીના માહોલને માતમમાં ફેરવી દીધો છે.નોર્થ એન્ડ્રોસની નજીક સમુદ્રમાં થયેલા એક નાના



**૧૦ લોકોનો જીવ લેનાર પ્લેન ક્રેશ બાદ એક્શનમાં તંત્ર, તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉડાન સેવા સ્થગિત**

પ્લેન ક્રેશમાં સવાર તમામ ૧૦ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનાએ માત્ર પરિવારોને જ નથી તોડ્યા, પરંતુ બહામાસની ઉડ્ડયન સુરક્ષા પર પણ અનેક ગંભીર સવાલો ઉભા કર્યા છે.

શુક્રવારનો દિવસ બહામાસ

અનુસંધાન પાના નં.૪ પર



## અપૂરતા વરસાદથી મોંઘવારી વધશે અને ખેડૂતોની આવક ઘટશે

**S&P એ ભારત માટે મોટી ચેતવણી જારી કરી : નબળુ ચોમાસું ભારતીય ગ્રામીણ અર્થતંત્ર માટે ખતરો ઉભો કરી રહ્યું છેઃ અપૂરતો વરસાદ અને ખેતી ખર્ચમાં વધારો ખેડૂતોની આવક ઘટાડશે, બજાર માંગ ધીમી કરશે અને સંભવિત રીતે મોંઘવારી વધારશે**

નવી દિલ્હી : આ વર્ષે નબળો ચોમાસું ભારતના ગ્રામીણ અર્થતંત્ર માટે મોટો ખતરો ઉભો કરી શકે છે. રેટિંગ એજન્સી S&P ગ્લોબલ રેટિંગ્સના એક નવા અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે અપૂરતો વરસાદ આગામી મહિનાઓમાં ખેડૂતોની આવક ઘટાડી શકે છે, ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો કરી શકે છે અને ગ્રામીણ માંગ ધીમી કરી શકે છે.જો આ સિઝનમાં વરસાદ સામાન્ય કરતા ઓછો રહેશે, તો તે ખેતી તેમજ ખાતર, જંતુનાશકો, ટ્રેક્ટર, ટુ-વ્હીલર અને નાની લોન પૂરી પાડતી કંપનીઓ પર ગંભીર અસર કરશે. આજે પણ, ભારતની લગભગ અડધી ખેતીલાયક જમીન સિચાઈ માટે સંપૂર્ણપણે વરસાદ પર નિર્ભર છે, અને ચોમાસું દેશના કુલ વાર્ષિક વરસાદના ૭૦% પૂરા પાડે છે.રિપોર્ટ મુજબ, ભારતીય ગ્રામીણ અર્થતંત્ર હાલમાં બેવડી મુશ્કેલીનો સામનો કરી રહ્યું છે શુષ્ક ચોમાસુ, અને વૈશ્વિક તણાવને કારણે કૃષિ ઈનપુટ્સ (જેમ કે ખાતર અને બીજ) ના વધતા ખર્ચ.S&P ગ્લોબલ રેટિંગ્સે જણાવ્યું હતું કે અપૂરતો વરસાદ પાકના ઉત્પાદનમાં ઘટાડો કરી શકે છે, જેની સીધી અસર ખેડૂતોની આવક પર પડશે. આ ઘટેલી આવક ગામડાઓમાં ટ્રેક્ટર, મોટરસાયકલ અને દૈનિક જરૂરિયાતોના વેચાણમાં ઘટાડો તરફ દોરી જશે.ઘટાડાના ઉત્પાદનને કારણે અનાજ અને શાકભાજીના ભાવમાં વધારો થઈ શકે છે, જેનાથી દેશમાં ફુગાવાના દબાણમાં વધુ વધારો થશે.એજન્સીએ ચેતવણી પણ આપી હતી કે જો દુષ્કાળ ચાલુ રહેશે, તો સરકારે ગ્રામીણ રાહત યોજનાઓ પર વધુ ખર્ચ કરવો પડશે, જેનાથી જાહેર તિજોરી પર વધુ ભાર પડશે.

દેશના ઘણા ભાગોમાં વિલંબિત વરસાદથી પાક વાવણી પર અસર પડી છે. માહિતી અનુસાર, આ વર્ષે જૂનમાં સરેરાશ કરતા ૩૯.૮% ઓછો વરસાદ પડ્યો હતો. જોકે, જુલાઈની શરૂઆતમાં ૫. કિનારા પર ભારે વરસાદને કારણે એકંદર ખાધ ૧૫.૨% થઈ ગઈ છે, પરંતુ હવામાનશાષીઓ કહે છે કે જો દુષ્કાળ ચાલુ રહે તો આ અંતર ફરી વધી શકે છે.અહેવાલમાં

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ વાવેતર સામે ૨૧.૭૪ ટકા વિસ્તારમાં વાવેતર થયું

**રાજ્યમાં સૌથી વધુ મગફળી અને કપાસના પાકનું વાવેતર**

ગાંધીનગર : રાજ્યમાં વરસાદ રહેતા સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં જ્યાં પણ વાવણી લાયક વરસાદ થયો છે ત્યાં ખેડૂતોએ વાવેતર શરૂ કર્યું છે. રાજ્યમાં અત્યાર સુધી માં ૨૧.૭૪ ટકા વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર થયું છે જેમાં સૌથી વધુ કપાસ પાકોનું વાવેતર થયું છે તેમજ મગફળીનું પણ મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. રાજ્યમાં આ વર્ષે વરસાદ મોડો શરૂ થયો છે જોકે રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ થતાં અને વાવણી લાયક વરસાદ થતાં રાજ્યમાં ખેડૂતોએ વાવેતર શરૂ કર્યું હતું. રાજ્યમાં આ વર્ષે વરસાદ મોડો આવતા રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ વાવેતર સામે અત્યાર સુધીમાં માત્ર ૨૧.૭૪ ટકા વિસ્તારમાં વાવેતર થયું છે. રાજ્યમાં મગફળીના સરેરાશ વાવેતર સામે અત્યાર સુધીમાં ૬,૨૮,૮૮૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે એટલે કે ૩૨.૮૩ ટકા વિસ્તારમાં મગફળીનું વાવેતર થયું છે જોકે હજુ પણ કેટલાક વિસ્તારોમાં વાવેતર ચાલુ હોય મગફળીનું વાવેતર આ વખતે વધે તેવી શક્યતા છે. રાજ્યમાં તેલીબિયા પાકોમાં સોયાબીન સહિતના પાકોમાં પણ વાવેતર ઓછું થયું છે.આ ઉપરાંત આ વખતે રાજ્યમાં કપાસનું પણ સરેરાશ વાવેતર સામે અત્યાર સુધીમાં ૩૯.૧ ટકા વિસ્તારમાં વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૯,૩૧,૯૨૬ હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર થયેલું છે. રાજ્યમાં વખતે વરસાદ મોડો શરૂ થતા કઠોળ પાકોમાં અત્યાર સુધીમાં સરેરાશ વાવેતર સામે માત્ર ૩.૭૨ ટકા વિસ્તારમાં જ વાવેતર થયું છે.રાજ્યમાં વાવણી લાયક વરસાદ થતાં તેમજ રાજ્ય સરકાર દ્વારા પણ સિંચાઈ માટે પાણી પૂરું પાડવા માટે કરેલા આગોતરા આયોજનના કારણે રાજ્યમાં હજુ પણ આગામી દિવસોમાં વાવેતર વધે તેવી શક્યતા છે.

## તિકડમ !

– દેવેન વ્યાસ




**તમે વર્ગમાં વિદ્યાર્થીઓની હાજરી લો છો તેમ મારે પણ ઘરમાં તમારી હાજરીની નોંધ લેવી પડે ને ?**

## સોના - ચાંદીના ભાવે ફરી પકડી તેજીની રફતાર

નવી દીલ્હી : ભારતીય સ્થાનિક બજાર (ડોમેસ્ટિક માર્કેટ) માં કિંમતી ધાતુઓ એટલે કે સોના અને ચાંદીના ભાવમાં ફરી એકવાર જોરદાર તેજીનો ચમકારો જોવા મળ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી સોના-ચાંદીના ભાવમાં સતત ચાલી રહેલો ઘટાડાનો સિલસિલો શુક્રવારે સત્તાવાર રીતે અટકી ગયો છે અને કિંમતો ફરીથી આકાશે પહોંચી ગઈ છે. વૈશ્વિક સ્તરે અમેરિકી ડૉલરમાં આવેલી નબળાઈ અને આ સપ્તાહની શરૂઆતમાં ભાવ નીચા સ્તરે પહોંચ્યા બાદ સ્થાનિક રોકાણકારો દ્વારા કરવામાં આવેલી નવી ખરીદીને કારણે બજારના સેન્ટિમેન્ટમાં આ મોટો બદલાવ જોવા મળ્યો છે. શુક્રવારે ૧૦ જુલાઈના રોજ રાજધાની દિલ્હીના હાજર બજારમાં ૯૯.૯ ટકા શુદ્ધતાવાળા સોનાના ભાવમાં ૪૦૦ રૂપિયાનો સીધો વધારો નોંધાયો હતો. આ વધારા સાથે હવે સોનાની કિંમત ૧,૪૮,૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે પહોંચી ગઈ છે.

## હાઈડ્રોજન ટ્રેન લોન્ચ : પીએમ મોદીના જીંદ પ્રવાસને લઈને સરકારની તૈયારી

જીંદ (હરિયાણા) : વડાપ્રધાન મોદી ૧૭ જુલાઈએ જીંદથી દેશની પહેલી હાઈડ્રોજન ટ્રેનને લીલીઝંડી દેખાડશે. તેમની મુલાકાતને લઈને હરિયાણા સરકારે વહીવટી અને સ્વાસ્થ્ય સ્તર પર તૈયારી શરૂ કરી દીધી છે. વડાપ્રધાનના આગમનને લઈને રાજ્ય સરકાર પુરી રીતે સક્રીય છે. હરિયાણાના મુખ્ય સચિવે શુક્રવારે બે આઈએએસ અને ચાર એચસીએસ અધિકારીઓને જીંદમાં તૈનાત કર્યા છે. વડાપ્રધાનના પ્રવાસ પર જીંદમાં એક જનસભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદી ૧૭ જુલાઈએ દેશની પહેલી હાઈડ્રોજન ટ્રેનને લીલીઝંડી દેખાડશે. હરિયાણા વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર ડો.કૃષ્ણા લાલ મિ--ાએ કહ્યું હતું કે પીએમ મોદીના કરકમળોથી દેશની પહેલી હાઈડ્રોજન ટ્રેનનું સંચાલન શરૂ થવું માત્ર હરિયાણા જ નહીં, બલકે પુરા દેશ માટે ઐતિહાસિક સિદ્ધિ હશે. રેલવે બોર્ડ તરફથી ઉતર રેલવેને ૮ જુલાઈએ જાહેર એક અધિકૃત સંદેશ મુજબ હાઈડ્રોજન ટ્રેન નંબર ૭૪૦૧૦ પોતાના નિયમિત સમય દરમિયાન સવારે ૭.૪૦ વાગ્યે જીંદ રેલવે સ્ટેશનથી રવાના થશે અને સવારે ૯.૪૦ વાગ્યે સોનીપત પ હોંચશે.

## ..તો ઇરાન પર બૉંબ ઝીંકીને તેને નકશા પરથી મિટાવી દેજો : ટ્રમ્પનો આદેશ

**અમેરિકન પ્રમુખે જાહેર કર્યું કે, તેમના પર હુમલો કે હત્યા થઇ તો ઇરાનને ભૂંસી નાખવાનો આદેશ આપી દેવાયો છે**

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને લઈને એક અત્યંત ચોંકાવનારો અને મોટો દાવો કર્યો છે. એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે જણાવ્યું છે કે હું લાંબા સમયથી ઈરાનના નિશાના પર છું. જો ઈરાન દ્વારા મારી હત્યા કરવામાં આવશે.

તો મેં ઈરાન પર બોમ્બ ફેંકીને તેને નકશામાંથી મિટાવી દેવાના અને એક એવો અભૂતપૂર્વ જવાબી હુમલો કરવાના નિર્દેશ અગાઉથી જ આપી રાખ્યા છે જે ઈરાને ક્યારેય જોયો નહીં હોય.આ વિવાદ વચ્ચે ઈઝરાયલની ગુપ્તચર એજન્સીઓએ અમેરિકાને એક અત્યંત ગંભીર ઈનપુટ આપ્યો છે. આ ઈન્ટેલિજન્સ અહેવાલ મુજબ, ઈરાન કથિત રીતે ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા કરવા માટે એક નવા કાવતરા પર કામ કરી રહ્યું છે.

આ માહિતી સામે આવ્યા બાદ ટ્રમ્પે જાહેરમાં સ્વીકાર્યું હતું કે તેઓ ઈરાનની 'કિલ લિસ્ટ' માં સૌથી ઉપર છે. જોકે, અમેરિકાની ગુપ્તચર એજન્સીઓએ હજુ સુધી ઈઝરાયલના આ દાવાની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી નથી. અમેરિકન એજન્સીઓ હાલ એવા તમામ શંકાસ્પદ લોકો પર નજર રાખી રહી છે જેઓ વર્તમાન કે પૂર્વ અમેરિકન અધિકારીઓ પર હુમલો કરવાની ફિરાકમાં છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
નિજ જેઠ વદ-૧૨, તા.૧૧ જૂલાઇ, શનિવાર

## ચાંદીપુરાથી ચેતજો :કચ્છના આરોગ્ય વિભાગે શું કરવું જોઈએ?



રાજયમાં હાલના સમયે આરાગ્ય તંત્ર માટે પડકાર સર્જી રહેલા ચાંદીપુરા વાયરસ શું છે અને તેના લક્ષણો કયા છે? ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે સેન્ડ ફ્લાય (રેતીની માખી) અથવા ઈતરડી કરડવાથી ફેલાય છે. આ વાયરસ મોટે ભાગે ૯ મહિનાથી લઈને ૧૪ વર્ષ સુધીના બાળકોને પોતાની ઝપેટમાં લે છે અને તેનો મૃત્યુદર ઘણો ઊંચો છે.અચાનક ખૂબ જ ઊંચો તાવ આવવો. વાયરસ સીધો મગજ પર હુમલો કરતો હોવાથી બાળક અર્ધબેભાન અવસ્થામાં સરી પડે છે અથવા તેને ખેંચ (આંચકી) આવે છે. ઉલટી અને ઝાડા. તીવ્ર ઉલટી થવી અને માથામાં અસહ્ય દુખાવો થવો. બાળક અતિશય ચીડચીડું થઈ જાય અથવા સુસ્ત પડી જાય.

રોગ વકરવા પાછળના મુખ્ય કારણોની વાત કરીએ તો વરસાદી માહોલમાં ગંદકી, ભેજવાળું વાતાવરણ અને કાચા મકાનોની તિરાડોમાં સેન્ડ ફ્લાય (રેતીની માખી) ખૂબ જ ઝડપથી પ્રજનન કરે છે. આ માખીઓ માટીના ભેજવાળા કાચા મકાનો કે પશુઓના તબેલાની આસપાસ વધુ જોવા મળે છે.લક્ષણો દેખાયા બાદ જો સ્થાનિક કક્ષાએ તુરંત યોગ્ય સારવાર ન મળે, તો વાયરસ મગજને નુકસાન પહોંચાડે છે અને કલાકોમાં જ બાળકની સ્થિતિ નાજુક બની જાય છે. આ રોગની કોઈ ચોક્કસ રસી ઉપલબ્ધ નથી, તેથી બચાવ એ જ શ્રેષ્ઠ ઈલાજ છે બાળકોને આખી બાયના કપડાં પહેરાવો, જેથી માખી કે મચ્છર કરડવાનો ભય ન રહે. રાત્રે સૂતી વખતે મચ્છરદાનીનો અચૂક ઉપયોગ કરો. ઘરની આસપાસ ક્યાંય ગંદકી કે પાણી જમા ન થવા દો.. જો બાળકને સામાન્ય તાવ પણ આવે, તો ડોક્ટરની સલાહ વગર જાતે દવાઓ આપવાનું ટાળો અને તુરંત નજીકના સરકારી દવાખાને લઈ જાઓ.

કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ વિશાળ છે અને અહીં ગ્રામ્ય તેમજ વાગડ-બન્ની જેવા અંતરિયાળ વિસ્તારો મોટા પાયે આવેલા છે. આ રોગને કચ્છમાં પ્રવેશતો અટકાવવા માટે જિલ્લા આરોગ્ય વિભાગે કડક પગલાં તાત્કાલિક લેવા જોઈએઃ સેન્ડ ફ્લાય (રેતીની માખી)ને નાબૂદ કરવા માટે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો, કાચા મકાનોની દિવાલોની તિરાડો અને પશુઓના ગમાણ આસપાસ 'મેલથિયોન' પાવડરનું ડસ્ટિંગ યુદ્ધના ધોરણે શરૂ કરવું જોઈએ. આશા વર્કર અને હેલ્થ વર્કર્સની ટીમો દ્વારા ગામડે-ગામડે ફરીને કોઈ બાળક બીમાર છે કે નહીં તેનો દૈનિક સર્વે કરવો જરૂરી છે. તાલુકા કક્ષાના સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર તમામ જરૂરી ઈમરજન્સી દવાઓ અને આઈસોલેશન વોર્ડની સુવિધા અત્યારથી જ સજ્જ રાખવી જોઈએ, જેથી દર્દીને ભુજ સુધી દોડાવવો ન પડે. પત્રિકાઓ, સોશિયલ મીડિયા અને ગામડાઓમાં લાઉડસ્પીકર દ્વારા ચાંદીપુરા વાયરસના લક્ષણો વિશે લોકજાગૃતિ ફેલાવવી જોઈએ. અંતમાં એટલું જ...“સરકાર સક્રિય હોવાના દાવા કરે તે આવકાર્ય છે, પરંતુ માસૂમ બાળકોના જીવ બચાવવા માટે વહીવટી તંત્રનું અત્યંત સતર્ક અને પરિણામલક્ષી હોવું જરૂરી છે. લોહીના આંસુએ રડતા પરિવારોની ચીખો શાંત કરવી હશે, તો આરોગ્ય વિભાગે ઓફિસો છોડીને મેદાનમાં ઉતરવું જ પડશે. પ્રજા પણ જાગૃત બને અને તંત્ર પણ સજ્જ બને, તો જ ચાંદીપુરા જેવા રાક્ષસી વાયરસને આપણે પરાસ્ત કરી શકીશું

# કચ્છમાં વિલંબિત વરસાદ વચ્ચે પણ ૧.૦૧ લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર

**કપાસ અને મગફળી ખેડૂતોની પ્રથમ પસંદગી બન્યા : વરસાદ ખેંચાતા જિલ્લાભરના ધરતીપુત્રોમાં ચિંતાનો માહોલ**

ભુજ - કચ્છઉદય : ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં ચોમાસુ વરસાદ ખેંચાઈ જવાના કારણે ખરીફ પાકની વાવણીમાં ભારે વિલંબ જોવા મળી રહ્યો છે. જિલ્લાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ સુધી વાવણી લાયક પ્રથમ સારો વરસાદ થયો નથી, જેના કારણે ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે. સિંચાઈના મર્યાદિત સાધનો અને કુવા-બોરના પાણીના ભરોસે ખેડૂતોએ જેમ-તેમ કરીને વાવણી કાર્ય શરૂ કર્યું છે. આ કપરી પરિસ્થિતિ વચ્ચે પણ જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા ૧૦મી જુલાઈ સુધીના જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડા અનુસાર, સમગ્ર કચ્છ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧,૦૧,૨૩૮ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર સંપન્ન થઈ ચૂક્યું છે.

જિલ્લામાં થયેલા આ વાવેતરમાં સૌથી મોટો હિસ્સો રોકડીયા પાક ગણાતા કપાસનો રહ્યો છે. ખેડૂતોએ પ્રતિકૂળ હવામાન છતાં કપાસ પર સૌથી વધુ ભરોસો મૂક્યો છે, જેના કારણે જિલ્લામાં ૫૫,૩૪૭ હેક્ટરમાં કપાસનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે. કપાસ બાદ કચ્છના ખેડૂતોની બીજી મુખ્ય પસંદગી મગફળીનો પાક રહી છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં થઈને કુલ ૩૩,૮૪૧ હેક્ટર જમીનમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સિવાય અન્ય પાકોની વાત કરીએ તો જિલ્લામાં ૧,૦૨૦ હેક્ટરમાં બાજરી, ૬૮૭ હેક્ટરમાં જુવાર, ૫ હેક્ટરમાં મકાઈ, ૧૦ હેક્ટરમાં તુવેર તેમજ ૫૧૪ હેક્ટરમાં મગનું વાવેતર થયું છે. તે જ પ્રમાણે ૨ હેક્ટરમાં અન્ય કઠોળ, ૧૨૨ હેક્ટરમાં તલ, ૨,૨૩૧ હેક્ટરમાં એરંડા, ૧૩૬ હેક્ટરમાં ગુવારબીજ, ૨,૪૧૫ હેક્ટરમાં શાકભાજી અને ૪,૯૦૮ હેક્ટર વિસ્તારમાં પશુઓ માટેના ઘાસચારાનું વાવેતર કરવામાં આવ્યું છે.

તાલુકાવાર વાવેતરની સ્થિતિ પર નજર કરીએ તો માંડવી તાલુકો સમગ્ર જિલ્લામાં મોખરે રહ્યો છે, જ્યાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૨,૮૫૫ હેક્ટરમાં વાવણી થઈ ચૂકી છે. માંડવી તાલુકામાં ૧૧,૫૪૧ હેક્ટરમાં મગફળી અને ૧૧,૨૫૧ હેક્ટરમાં કપાસનું વાવેતર નોંધાયું છે. વાવેતરની દ્રષ્ટિએ રાપર તાલુકો બીજા ક્રમે છે, જ્યાં ૧૭,૩૦૫ હેક્ટરમાં વાવણી થઈ છે. રાપરમાં આ વર્ષે ૧,૦૦૦ હેક્ટરમાં બાજરી અને ૪૨૦ હેક્ટરમાં મગનું વાવેતર જોવા મળ્યું છે. આ ઉપરાંત અબડાસા તાલુકામાં ૧૪,૨૪૬ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકો વવાયા છે, જેમાં ૧૩,૧૫૦ હેક્ટર સાથે માત્ર કપાસનું જ ભારે વાવેતર થયું છે. ભુજ તાલુકામાં ૧૪,૧૪૧ હેક્ટર, નખત્રાણા તાલુકામાં ૧૦,૪૯૬ હેક્ટર, ભચાઉ તાલુકામાં ૯,૪૫૦ હેક્ટર અને અંજાર તાલુકામાં ૮,૫૪૯ હેક્ટરમાં વાવેતર કાર્ય પૂર્ણ થયું છે. જિલ્લામાં સૌથી ઓછું વાવેતર ઔદ્યોગિક વિસ્તાર ધરાવતા ગાંધીધામ તાલુકામાં માત્ર ૧૬૧ હેક્ટર અને સરહદી લાખપત તાલુકામાં ૪૫૧ હેક્ટર નોંધાયું છે. જ્યારે મુંદ્રા તાલુકામાં ૩,૫૮૪ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે. આમ, વરસાદની અછત વચ્ચે પણ ખેડૂતોએ સાહસ કરીને વાવેતર તો કર્યું છે, પરંતુ હવે જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં થાય તો આ વાવેતર નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે, જેથી સમગ્ર કચ્છનો ખેડૂત વર્ગ હવે આકાશ તરફ મીટ માંડીને મેઘરાજાના આગમનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છે.

## પોક્સો કેસમાં નાસતા ફરતા આરોપીને પુણેથી ઝડપી પાડતી માંડવી પોલીસ



ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છના માંડવી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા પોક્સો અને એટ્રોસિટી સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને મહારાષ્ટ્રના પુણે ખાતેથી પકડ વોરંટના આધારે ઝડપી પાડવામાં સફળતા મળી છે. મુંદરા વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક ગૌતમ વિવેકાનંદનના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું હતું. આ કેસની વિગત મુજબ, પશ્ચિમ કચ્છ ભુજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આઈપીસી કલમ ૩૭૬(૨)(એન), પોક્સો એક્ટ, એટ્રોસિટી એક્ટ તેમજ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે ખાસ પોક્સો કોર્ટ ભુજ ખાતે પોક્સો કેસથી કાનૂની કાર્યવાહી ચાલુમાં છે. આ કેસના ટ્રાયલ દરમિયાન મૂળ મહારાષ્ટ્રના પુણે જિલ્લાના ઈન્દાપુર તાલુકાના કાલઠન-૧ ગામનો વતની ૨૨ વર્ષીય આરોપી જીયાદ ઉર્ફે સમીર લતીફ શેખ અદાલતમાં હાજર ન રહીને નાસતો ફરતો હતો. આથી કોર્ટ દ્વારા તેની સામે બિનજામીનપાત્ર પકડ વોરંટ જારી કરવામાં આવ્યું હતું. આ વોરંટની બજવણી કરવા માટે માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ સી.વાય. બારોટ, હેડ કો. ભાવિક ભરતભાઈ કોઠારી અને મહેન્દ્ર દેવાભાઈ રાવળની એક ટીમની રચના કરવામાં આવી હતી. આ પોલીસ ટીમ આરોપીના વતન મહારાષ્ટ્રના પુણે ખાતે પહોંચી હતી અને ત્યાં ખાનગી રાહે તપાસ તેમજ ટેકનિકલ સોર્સિસની મદદ મેળવીને આરોપી જીયાદ ઉર્ફે સમીર લતીફ શેખને દબોચી લીધો હતો. માંડવી પોલીસે સરાહનીય કામગીરી કરીને કાયદાના સકંજામાંથી ભાગતા ફરતા ગંભીર ગુનાના આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

## જીયાપરમાં ધાક ધમકી મુદ્દે ફોજદારી

ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના જીયાપર ગામે નારાયણ નગરમાં ધાક ધમકી મુદ્દે નખત્રાણા પોલીસમાં ફોજદારી નોંધાવાઈ હતી. ફરીયાદી પ્રતીક દિપકભાઈ ગરવાના જણાવ્યા મુજબ આરોપી મંગવાણાના કિશોર ઉર્ફે શની મેઘજીભાઈ મહેશ્વરીએ ફરીયાદી અને સાહેદોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર બોલાચાલી કરી હતી. જે મામલે ગુનો દાખલ કરાયો હતો.

## પાંચોટીયા અને બાંભડાઈના દરિયા કિનારેથી મળેલા ૧૦ લાખના ચરસ બાબતે ગુનો નોંધાયો

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના પાંચોટીયા અને બાંભડાઈ ગામના દરિયા કિનારેથી એક વર્ષ અગાઉ ચરસના પેકેટ મળી આવ્યા હતા. દરિયા કિનારે ચરસના પેકેટ તણાઈને આવ્યા હતા. ચાર કિલો વજનના ચરસના પેકેટ તે સમયે કબજે કરવામાં આવ્યા હતા. હવે આ ૧૦.૧૯ લાખના ડ્રગ્સ બાબતે અજાણ્યા ઈસમો સામે માંડવી પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## પડાણાની ગ્લો ઈન્ડિયા નાઈસલૂક કંપનીમાંથી શંકાસ્પદ સીપીયુ તેલના જથ્થા સાથે એક ઝડપાયો

**૩૨૫ લીટર શંકાસ્પદ સીપીયુ તેલ સાથે રૂ.૧૯,૫૦૦નો મુદ્દામાલ કબજે, રમેશકુમાર અરોળા સામે કાર્યવાહી**




ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલા અભિયાન અંતર્ગત ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર અને નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. ગોજીયાના સુચનાથી સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે પડાણા ગામની સીમમાં આવેલી ગ્લો ઈન્ડિયા નાઈસલૂક પ્રા. લિ. કંપનીના એક રૂમમાં ગેરકાયદેસર રીતે શંકાસ્પદ સીપીયુ તેલનો જથ્થો સંગ્રહ કરી રાખવામાં આવ્યો છે.

બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી તપાસ કરતાં રમેશકુમાર અશોકકુમાર અરોળા (ઉ.વ.૩૬)ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેની કબ્જાની ઓરડીમાંથી કુલ ૩૨૫ લીટર શંકાસ્પદ સીપીયુ તેલ મળી આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી ૩૫ લીટરના ૭ કેરબા (૨૪૫ લીટર) તેમજ ૨૦ લીટરના ૪ કેરબા (૮૦ લીટર) સહિત કુલ રૂ.૧૯,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી સામે બી.એન.એસ.એસ. કલમ ૧૦૬ અને ૩૫(૨)(ઇ) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર કાર્યવાહી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. ગોજીયા, પો.સબ ઈન્સ્પેક્ટર એલ.એન. વાઢીયા તથા ગાંધીધામ બી-ડિવિઝન પોલીસના સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## ગાંધીધામ જવાહરનગરમાં જુગાર પર એ-ડિવિઝન પોલીસનો દરોડો

**રૂ. ૩૪,૬૦૦ના મુદ્દામાલ સાથે ત્રણ જુગારીઓ ઝડપાયા**




ગાંધીધામ : પૂર્વ કચ્છમાં જુગાર અને પ્રોહિબિશન જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલા અભિયાન અંતર્ગત ગાંધીધામ “એ” ડિવિઝન પોલીસે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા નાયબ પોલીસઅધિક્ષકમુકેશચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. રાઠોડના સુચનાથી સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ખાનગી બાતમીના આધારે જવાહરનગર વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી જુગાર રમતા શીવાભાઈ ભીખાભાઈ વાઘેલા (ઉ.વ.૫૬), રામભાઈ બાબુભાઈ અખીયાણી (ઉ.વ.૩૪) અને દેવાભાઈ બાબુભાઈ અખીયાણી (ઉ.વ.૨૬)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૩૪,૬૦૦ની રોકડ રકમ તથા જુગાર રમવા માટે વપરાતા ગંજીપાનાં પત્તાં કબજે કર્યા હતા. આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ ગાંધીધામ “એ” ડિવિઝન પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

**નામ બદલાવેલ છે**

હું શિરીન એઝાજ થેબા રહે.પીર વારી શેરી માંજોઠી મદ્રેસા પાછળ ભુજ-કચ્છ હું સીરીનબેન સાલેમામદ થેબા તરીકે ઓળખાતો હતો પરંતુ હવેથી હું શિરીન એઝાજ થેબા તરીકે ઓળખાઇશ.

## આદિપુરમાં તોલાણી હોસ્ટેલ નજીકથી ૧૬ વર્ષની સગીરાનું અપહરણ

આદિપુર : આદિપુરમાં તોલાણી બોય્ઝ હોસ્ટેલ અને તોલાણી કોમર્સ કોલેજની બાજુમાંથી ૧૬ વર્ષ અને ૭ માસની સગીરાનું અપહરણ થયું હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે.હોસ્ટેલમાં રસોઈકામ કરતા મૂળ રાજસ્થાનના હડમાનારામ ઉર્ફે હરિશ લોહારે આદિપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમની સગીર દીકરી રીંકુ (નામ બદલેલ છે) ને અર્જુનસિંહ (રહે. સુરા, જી. સાંચોર, રાજસ્થાન) નામનો શખ્સ લલચાવી ફોસલાવીને અપહરણ કરી ક્યાંક લઈ ગયો છે. પોલીસે ફરિયાદના આધારે બીએનએસ કલમ ૧૩૭(૨) અને ૮૭ હેઠળ ગુનો નોંધી સગીરાને મુક્ત કરાવવા અને આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ભચાઉમાં એક્ટિવા ચલાવતો શખ્સ ઝડપાયો

ભચાઉ : ભચાઉ પોલીસે પ્રોહિબિશન અને ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત માનસરોવર ત્રણ રસ્તા પાસેથી એક નશાખોર વાહન ચાલકને દબોચી લીધો છે. ભચાઉ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ માળીએ બાતમીના આધારે સરકારી દવાખાના પાછળ રબારી વાસમાં રહેતા ભાવેશભાઈ ધનજીભાઈ રાજપૂત (ઉ.વ. ૪૦) ને માનસરોવર ત્રણ રસ્તા પાસે રોક્યો હતો. તપાસ દરમિયાન ભાવેશભાઈ કોઈપણ પાસ-પરમિટ વગર કેફી પીણું (દારૂ) પીધેલી હાલતમાં કિંમત રૂ. ૧૦,૦૦૦ ની હોન્ડા એક્ટિવા નં. GJ-12-EF-2336 ચલાવતા રંગેહાથ પકડાઈ ગયા હતા. પોલીસે વાહન જપ્ત કરી આરોપી વિરુદ્ધ મોટર વ્હીકલ એક્ટ ૧૮ સેલ તથા પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧) બી મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૧૫૫/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૭/૦૭/૨૦૨૬
જન્મ રજી.નં.૧૫૫/૨૦૨૬
શ્રી ખત્રી અબ્દુલસતાર અયુબ હાસમ
રહે.સ્કુલ વાડી શેરી, અજરખપુર, તા.ભુજ-કચ્છ. તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી ભરૂડીયા, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા
**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**
જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના બહેન નામે ખેરૂનિશાબેન અયુબ ખત્રી નો જન્મ તા.૦૧-૦૧-૧૯૭૭ ના રોજ ગામ ભરૂડીયા તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે.તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪ઃ૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૧૫૬/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૭/૦૭/૨૦૨૬
જન્મ રજી.નં.૧૫૬/૨૦૨૬
શ્રી ખત્રી અબ્દુલસતાર અયુબ હાસમ
રહે.સ્કુલ વાડી શેરી, અજરખપુર, તા.ભુજ-કચ્છ. તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી ભરૂડીયા, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા
**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**
[illegible]

**એચ.બી. વાઘેલા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** જન્મ નોંધણી અરજી રજિ નં. ૨૫૯/૨૦૨૬
શ્રી ભચુભાઈ ભોજાભાઈ વૈદ્ય,
રહે. બાદરગઢ, તા.રાપર-કચ્છ. ...................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, બાદરગઢ, તા. રાપર-કચ્છ. ...................... સામાવાળા
**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ભચુભાઈ ભોજાભાઈ વૈદ્ય, રહે, બાદરગઢ,તા.રાપર વાળાએ તા.૧૮/૦૫/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ [illegible]

**એચ.બી. વાઘેલા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** મરણ નોંધણી અરજી રજિ નં.૯૬/૨૦૨૬
શ્રી મેપાભાઈ મેઘાભાઈ ચાવડા,
રે. કુંભારીયા, તા.રાપર-કચ્છ ...................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, કુંભારીયા, તા. રાપર-કચ્છ ...................... સામાવાળા
**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી મેપાભાઈ મેઘાભાઈ ચાવડા,રે.કુંભારીયા, વાળાએ તા.૨૯/૦૫/૨૦૨૬.વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પીતા મેઘા નાચા ચાવડા નુ અવસાન મોજેઃકુંભારીયા, તા. રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૧/૧૯૯૭ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજેઃકુંભારીયા, તા.રાપર-કચ્છના વર્ષઃ-૧૯૯૭.ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગચેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૯૬/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
(એચ.બી. વાઘેલા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
અને મામલતદાર, રાપર-કચ્છ
તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬

**એચ.બી. વાઘેલા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** મરણ નોંધણી અરજી રજિ નં.૯૭/૨૦૨૬
શ્રી મેપાભાઈ મેઘાભાઈ ચાવડા,
રે. કુંભારીયા, તા.રાપર-કચ્છ ...................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, કુંભારીયા, તા. રાપર-કચ્છ ...................... સામાવાળા
**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**
[illegible]

**એચ.બી. વાઘેલા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** જન્મ નોંધણી અરજી રજિ નં.૨૫૪/૨૦૨૬
શ્રી શંકરભાઈ પોપટભાઈ દરજી,
રહે. ભુટકીયા, તા.રાપર-કચ્છ. ...................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, ભુટકીયા, તા. રાપર-કચ્છ. ...................... સામાવાળા
**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી શંકરભાઈ પોપટભાઈ દરજી, રહે.ભુટકીયા, તા.રાપર વાળાએ તા.૧૪/૦૫/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી રિધ્ધીબેન શંકરભાઈ દરજી નો જન્મ મોજેઃ ભુટકીયા, તા. રાપર-કચ્છ મુકામે તા.૨૭/૦૭/૨૦૦૨ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ ભુટકીયા,તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૦૨ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૨૫૪/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
(એચ.બી. વાઘેલા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર, રાપર-કચ્છ
તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬

**બી. વી. ચાવડા, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અંજારની કોર્ટમાં**
**જાહેર નોટીસ**
[illegible]

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
**જાહેર નોટીસ**
[illegible]
આજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
**જાહેર નોટીસ**
[illegible]
તા. ૦૭/૦૭/૨૦૨૬
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**એચ.બી. વાઘેલા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ
**જાહેર નોટીસ**
[illegible]
(એચ.બી. વાઘેલા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
અને મામલતદાર, રાપર-કચ્છ
તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬

**::: અસલ દસ્તાવેજ ખોવાઈ ગયા બાબતે જાહેર નોટીસ :::**

આથી સર્વે લાગતા વળગતાઓને જણાવવાનુ કે, હું ગંગલાણી દિપક અશોકભાઈ, ઉ.વ.42, રહે. પ્લોટ નંબર 28, વોર્ડ નં. 11/A, શ્રી ઝુલેલાલ કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી.ગાંધીધામ-કચ્છ. મો નં. 99791 28256 વાળા આથી જાહેર કરુ છું કે મારી માલીકી અને પ્રત્યક્ષ કબ્જા ભોગવટાની મિલ્કત પ્લોટ નંબર 28, વોર્ડ નં.11/A, શ્રી ઝુલેલાલ કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી.ગાંધીધામ-કચ્છ નો અસલ દસ્તાવેજ નં.રજી.નં. 1743, AT PAGES 43 TO 50 Vol. No. 475, Book No.1 Dated 12-06-1995, અમો થી કયાંક ખોવાઈ ગચેલ છે. જેને શોધખોળ મારી રીતે કરવા છતા મળી મને આવેલ નથી જે અસલ દસ્તાવેજ કોઈને મળી આવે તો દિવસ -7 મા કોઈને મળેલ હોય તો અમોને સરનામે સોપી જવા વિનંતી કરવામા આવે છે.

મુઃ ગાંધીધામ-કચ્છ.
તાઃ ૧૦/૦૭/૨૦૨૬
ગંગલાણી દિપક અશોકભાઈ ની સહી
(જાહેર કરનાર)

Pravinkumar A. Ravani Advocate
Office: Office No.108/FF, Plot No.80, Sector-8,
Nilesh Park Building, Gandhidham-Kachchh.
Pin No. 370201. Mob 97266 85174.

**::: જાહેર નોટીસ :::**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, કચ્છ જીલ્લા ના મુંદરા તાલુકાના શેખડીયા ગામની સિમ વિસ્તારમાં આવેલ ખેતીનું ઠામ-૧ જેના રે.સર્વે.નં. ૨૬ (જુના સર્વે નં. ૮/પૈકી ૧) તે ક્ષેત્રફળ હેકટર ૩-૩૦-૪૯ આરે આકારે રૂા. ૧૧.૯૦ પૈસા ખાતા નં.૧૩૩ વાળો ઠામ (૧) વિષ્ણુબા ડો.ઓ વખતસિંહ જાડેજા વા.ઓ હરિસિંહ રાઠોડ રહે. લાલા બાપા વાડી ની બાજુમાં, મણીનગર, નખત્રાણા-કચ્છ તથા (૨) જીવરાજ ધનજી સોમજીયાણી રહે. વિરાણી મોટી, નખત્રાણા, ગુજરાત-૩૭૦૬૬૫ વાળાઓ ના નામે હાલે રેવન્યુ રેકર્ડમાં સંયુકત નામે નોંધાયેલ છે તથા સદરહુ ઠામનો કબજો ભોગવટો તથા માલીકી પણું તેમનું છે તેવું કહે છે અને તે આધારે તેમની પાસેથી અમારા અસીલે સદરહુ મિલ્કત અઘાટ હક્કે ખરીદ કરવા સોદો કરેલ છે તો જો સદર મિલ્કતમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે અન્ય કોઈનો પણ કોઈપણ જાતનો વર, વાંધો કે તકરાર હોય તો તે દિન-૦૭ માં અમારી ઓફીસમાં લેખિત પુરાવા સાથે રજુ કરવા અન્યથા આ મિલ્કતમાં તે વ્યકિતઓએ પોતાનો હક્ક જતો કરેલ છે તે માની અમારા અસીલ સદરહુ મિલ્કતનો પાકો રજીસ્ટર દસ્તાવેજ બનાવી લેશે ત્યારબાદ આવેલ વાંધા કે તકરારો ધ્યાનમાં લેવામાં આવશે નહી જે સદરહું મિલ્કતને કે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

મુંદરા-કચ્છ. તા. ૦૯/૦૭/૨૦૨૬.
કાનીચા એસ. સેડા
તે ખરીદનારના એડવોકેટ
અમારી મારફતે :-
કાનીચા એસ. સેડા, આર.એસ.સેડા, એડવોકેટસ,
ધ લીગલ ઓફીસ, બીજા માળે, આદર્શ ટાવર કોમ્પલેક્ષ,
મુંદરા-કચ્છ-૩૭૦૪૨૧, મો. ૯૬૮૭૫ ૬૬૧૬૩, ૮૨૦૦૨ ૩૯૭૪૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

## કચ્છમાં પાકિસ્તાનના સૂકા પવનોને કારણે વરસાદ ખેંચાયો

# વરુણદેવને રીઝવવા કચ્છના સરહદી ગામોમાં સામૂહિક હવન કરવા વિવિધ સંસ્થાઓને ખુલ્લુ આહવાન



**વિજ્ઞાન ભલે એમ કહેતું હોય કે હવનના ધુમાડાથી વાદળો બંધાતા નથી કે પવનની દિશા બદલાતી નથી, પરંતુ વર્ષો પહેલા પણ જ્યારે કચ્છ પર આવી આકાશી કટોકટી આવતી ત્યારે ગામડે-ગામડે વરુણ યજ્ઞો થતા જ હતા. સામૂહિક પ્રાર્થના અને શ્રદ્ધાની તાકાત વાતાવરણમાં અદભુત પોઝિટિવિટી (હકારાત્મકતા) લાવે છે, જે લોકમાનસમાં હિંમત અને એકતા વધારે છે. જો સરહદી ગામોમાં મોટાપાયે આયોજન થાય તો કુદરત પણ પીગળે અને વાદળો નીચે આવીને વરસે તેવી લોકવાયકા છે**

**હવે જોવાનું એ રહે છે કે આ આહવાન ઝીલીને કચ્છના સરહદી ગામો ક્યારે યજ્ઞના ધુમાડાથી ગુંજી ઉઠે છે!**

**અહી યાદ અપાવવું ઘટે કે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ભુજના હમીરસર તળાવમાં વરૂણદેવ-ઈન્દ્રદેવને રિઝવતા આવા હવનના ભગીરથ સફળ આયોજનો અગાઉ કર્યા જ છે**

**દેશભરમાં મેઘો મુશળધાર વરસી રહ્યો છે, પણ કચ્છ હજુય છે કોરૂધાક્કડ : દેશના તદન કોર રહી ગયેલા ૧૦ તાલુકાઓમાંથી પાંચ તાલુકા કચ્છના હોવાનો અવી ચૂક્યો છે સર્વે : કચ્છ પર વરસાદ મુદ્દે સંકટનાં વાદળો ઘેરાયા છે, ત્યારે ફરીથી કચ્છની એકસુત્રતા-સંપ અને શકિત તથા આત્મનિર્ભરતા દેખાડવાનો આવી ગયો છે સમય : ગુજરાતમાં સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં જળબંબાકાર છે પરંતુ કચ્છ સહિતના અમુક ક્ષેત્રો છે કોરાકટ : અષાઢી બીજ આવી પહોંચી છતા વરસાદ ન વરસતા દર્શાય છે ઉચ્ચાટ : કચ્છમાં સામાન્ય રીતે જુનમાં બેથી ચાર ઈંચ અને જુલાઈ સુધીમાં તો સિઝનનો ૨૫ ટકા વરસાદ ખાબકી જતો હોય છે, જયારે કે હજુ સુધી ચાલુ વરસે મોંઘા મીનો કચ્છ કરી રહ્યો છે ચાતક નજરે ઈંતજાર : પાકીસ્તાન તરફથી સુંકો ભેજવીહોણા પવન કચ્છ તરફ ફંટાય છે અને થોડા ગણા ભેજરૂપ વાદળોને પણ વિખેરઈ જાય છે, કચ્છમાં વાદળો બને, તેમાં ભેજનુ પુરતુ પ્રમાણ સર્જાય તે માટે ઈન્દ્રદેવને રિઝવતા હવન-યજ્ઞ યોજવા સમયની માંગ**

**અરબ સાગરના ભેજવાળા વાદળોને રોકતા પશ્ચિમના ગરમ પવનો: આકાશી આફત સામે હવે લોકશ્રદ્ધા અને સામૂહિક પ્રાર્થનાનો સહારો લેવો સમયની માંગ : સરહદી ગામે ગામ સામુહીક હવન યોજાય તો પાક તરફથી આવતા સુકા પવનને કચ્છ તરફ આવતા ન માત્ર ઓછા કરી શકાય બલ્કે, વાદળોમા ભેજનું પ્રમાણ વધે તો તેને વરસવાની પણ સ્થિતીમાં લાવી શકાય**

ગાંધીધામઃ ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં ચોમાસાની નહિવત શક્યતાઓ વચ્ચે માત્ર છાંટા પડવાની વકી વર્તાઈ રહી છે, ત્યારે ધરતીપુત્રો અને કચ્છી જનતામાં ચિંતાના વાદળો ઘેરાયા છે. તાજેતરની અખબારી યાદી મુજબ, કચ્છમાં વરસાદ ન થવા પાછળ પાકિસ્તાન અને ઈરાનના રણ તરફથી આવતા સૂકા અને ગરમ પવનો મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે. હાલમાં અરબ સાગરમાંથી ભેજવાળા પવનો આવવાને બદલે, પશ્ચિમ સરહદેથી આવતા આ ગરમ પવનો સમુદ્રના ભેજવાળા વાદળોને આગળ વધતા અટકાવી રહ્યા છે, જેના કારણે વાદળો ભેગા થઈ શકતા નથી અને વરસાદ ખેંચાઈ રહ્યો છે. આ ભૌગોલિક પરિસ્થિતિ વચ્ચે, હવે કચ્છની સંસ્કૃતિ અને વર્ષો જૂની પરંપરા મુજબ વરુણદેવને રીઝવવા માટે સરહદી ગામોમાં મોટાપાયે સામૂહિક હવન અને યજ્ઞો યોજવા માટે કચ્છની વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ આગળ આવે તે સમયની માંગ બની રહી છે. વૈજ્ઞાનિક કારણની પણ તર્કસંગત વાત કરીએ તો પાકીસ્તાન તરફથી આવતા રણના સુકા પવનો વિલન બની રહ્યા છે. હવામાનના નિષ્ણાતોના મતે, પશ્ચિમ સરહદ પરથી ફૂંકાતા સૂકા પવનોની ગતિ એટલી તીવ્ર છે કે તે આકાશમાં રહેલા ભેજને વિખેરી નાખે છે. વિજ્ઞાન ભલે એમ કહેતું હોય કે હવનના ધુમાડાથી વાદળો બંધાતા નથી કે પવનની દિશા બદલાતી નથી, પરંતુ વર્ષો પહેલા પણ જ્યારે કચ્છ પર આવી આકાશી કટોકટી આવતી ત્યારે ગામડે-ગામડે વરુણ યજ્ઞો થતા જ હતા. સામૂહિક પ્રાર્થના અને શ્રદ્ધાની તાકાત વાતાવરણમાં અદભુત પોઝિટિવિટી (હકારાત્મકતા) લાવે છે, જે લોકમાનસમાં હિંમત અને એકતા વધારે છે. જો સરહદી ગામોમાં મોટાપાયે આયોજન થાય તો કુદરત પણ પીગળે અને વાદળો નીચે આવીને વરસે તેવી લોકવાયકા છે.

### આ આખાય કચ્છના હિતનો સવાલ છે, માટે મહિલામંડળો, યુવાતો, વીડીલો સહિતનાઓ સામુહીક પુજા-હવનમાં જોડાય

ગાંધીધામ : આ કોઈ એક વ્યક્તિનો નહીં પણ આખા કચ્છના હિતનો સવાલ છે. તેથી મહિલા મંડળો, યુવાનો, વડીલો અને ખાસ કરીને ખેડૂતોને આ સામૂહિક પૂજામાં જોડવા. હવનની પૂર્ણાહુતિ બાદ મહાપ્રસાદનું વિતરણ કરવું અને સાથે મળીને ગામની પાણી-ઘાસચારાની પરિસ્થિતિ અંગે ચર્ચા સભા પણ યોજવી.“““કચ્છ પરથી દુષ્કાળના ડાકલા વાગતા અટકે અને વરુણદેવ મહેરબાન થાય તે માટે હવે સમગ્ર વાતાવરણને ભક્તિમય અને સકારાત્મક બનાવવાનો સમય આવી ગયો છે. હવે જોવાનું એ રહે છે કે આ આહવાન ઝીલીને કચ્છના સરહદી ગામો ક્યારે યજ્ઞના ધુમાડાથી ગુંજી ઉઠે છે!

### જિલ્લાની સામાજિક, ધાર્મિક સંસ્થાઓ, નવયુવક મંડળો અને ખેડૂત સંગઠનોને અપીલ

ગાંધીધામ : કચ્છની સામાજિક સંસ્થાઓ, નવયુવક મંડળો અને ખેડૂત સંગઠનોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતપોતાના વિસ્તારોમાં અને ખાસ કરીને પાકિસ્તાન સરહદે આવેલા ગામોમાં સામૂહિક હવનનું આયોજન કરે. આ લોકહિતના કાર્ય માટે સંસ્થાઓએ આગળ આવીને ગ્રામજનોને જોડવા જોઈએ.“““હવનના આયોજન માટે આ ૩ બાબતો ખાસ ધ્યાનમાં રાખવા સૂચનઃ **૧. સ્થળની પસંદગીઃ** હવનનું આયોજન ગામના ચોકમાં, શીતળા માતાના પ્રખ્યાત મંદિરે અથવા તો પાકિસ્તાન સરહદ તરફ મુખ રાખીને કોઈ ખુલ્લી જગ્યાએ કરવું વધુ હિતાવહ રહેશે, જ્યાં તમામ ગ્રામજનો સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે સરસ રીતે બેસી શકે.**૨. શુદ્ધ સામગ્રી અને મંત્રોચ્ચારઃ** હવનમાં પવિત્ર ગૌમૂત્ર, ગાયના છાણા (કંડા), શુદ્ધ હવન સામગ્રી, ગાયનું ઘી અને તુલસીના પાનનો જ ઉપયોગ કરવો. **સ્થાનિક પંડિતો કે ભૂદેવોની હાજરીમાં વરુણ સૂક્ત અને મેઘ સૂક્તના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે આહુતિ આપવી.**

## ભુજની જીવાદોરી સમાન સિટી બસ સેવા પુનઃ શરૂ કરવા માંગ

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં સિટી બસ સેવા ફરીથી શરૂ થવાના એંધાણ મળતાં જ નગરજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ લાંબો સમય વીતી જવા છતાં આ બાબતનો હજુ સુધી કોઈ અમલ ન થતાં ભુજવાસીઓ ભારે અગવડતા ભોગવી રહ્યા છે. ભુજ નગરપાલિકાની દરખાસ્ત અન્વયે સરકાર દ્વારા ૬ કરોડ રૂપિયાનું માતબર અનુદાન ફાળવવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત ૨૨ જેટલી સીએનજી અને ઈલેક્ટ્રિક બસોને કુલ છ જેટલા રૂટ પર દોડાવવાનું સુવ્યવસ્થિત આયોજન ગોઠવવામાં આવ્યું હતું. ભુજ શહેરની સિટી બસ સેવાનો ઈતિહાસ ઉતાર-ચઢાવવાળો રહ્યો છે અને સ્થાનિકો તેના સાક્ષી છે. ભૂતકાળમાં પૂરતા સ્ટાફના અભાવે ક્યારેક ડ્રાઈવરને જ કંડક્ટર બનવું પડતું હતું, ત્યારે ‘બે પૈડાં’ પર ચાલતી આ ‘રામભરોસે સિટી બસ‘ એક આધુનિક અજાયબી જેવી ભાસતી હતી. વર્ષો પહેલાં ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા કંડક્ટર વિનાની ‘જનવિશ્વાસ‘ નામે બસ સેવા શરૂ કરવામાં આવી હતી, જેમાં ટિકિટ અને તેના દરની વિગતો દર્શાવેલી રહેતી અને મુસાફરો પાસે રાખેલા ડબ્બામાં જાતે હિસાબ કરીને પૈસા નાખતા હતા. ભુજમાં સિટી બસ માત્ર ચાલતી જ નહીં, પરંતુ ઘડિયાળના ટકોરે સમય મેળવી લેતી અને અત્યંત સમયસર તથા નિયમિત ચાલતી હતી. જૂની બસોના બોર્ડ પર માત્ર ‘સિટી બસ‘ લખેલું રહેતું, જ્યારે નવી બસો પર પણ ‘સિટી બસ‘ લખીને જ તેની સ્વયં ઓળખ આપવામાં આવતી હતી.

નગરજનો માટે આ સિટી બસ સેવા ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થઈ હતી એ હકીકત છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષથી આ બસના પૈડાં થંભી ગયા છે. આ સેવાઓ ફરીથી ધમધમતી થાય તેવી લોકલાગણી અને માંગ પ્રબળ બની છે. હાલના સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત વધતા રિક્ષાભાડું પણ આસમાને પહોંચ્યું છે, જેના પર કોઈ સરકારી નિયંત્રણ નથી. આ આર્થિક બોજ દ્રષ્ટિએ પણ મધ્યમ અને ગરીબ વર્ગ માટે સિટી બસ અત્યંત જરૂરી સેવા બની જાય છે. ભુજમાં સિટી બસ પુનઃ ચાલુ કરવા માટે એસ.ટી. રૂટની બસોમાં ડ્રાઈવર અને કંડક્ટરની ફરજ બજાવતા કર્મચારીઓનો ઉપયોગ કરી શકાય, કારણ કે ભુજ સિટીમાં તો ઓછું અંતર કાપવાનું હોય છે, જેથી આવો પ્રયોગ સરળતાથી થઈ શકે તેમ છે. બસ સ્ટેશનથી ઉપડતી વખતે તો સમૂહમાં જ ટિકિટો આપી શકાય, પરંતુ વચ્ચે આવતા સ્ટોપ્સ માટે કંડક્ટરની જરૂરિયાત રહે છે. જોકે અનિવાર્ય સંજોગોમાં ઘણીવાર ભુજમાં અગાઉ પણ કંડક્ટર વિના સિટી બસ દોડી જ છે. ખર્ચમાં કરકસરના ભાગરૂપે જો આ બાબતનું સત્તાવાર અમલીકરણ કરવામાં આવે તો આર્થિક કટોકટીમાં તંત્ર અને જનતા બંનેને મોટી રાહત મળી શકે છે. આ ઉપરાંત, એસ.ટી. નિગમ જે રીતે માસિક પાસ પંદર દિવસના ભાડામાં આપે છે, તેવું જ આયોજન સિટી બસ માટે પણ કરી શકાય છે. ભુજની સિટી બસ વરિષ્ઠ નાગરિકોને રાહત પાસ આપતી હતી, જેમાં આવકની કોઈ મર્યાદા નહોતી અને ફક્ત વરિષ્ઠ વય એ જ એકમાત્ર શરત હતી. આમ છતાં વરિષ્ઠ નાગરિકોએ દર વર્ષે પાસ રીન્યુ કરાવવો પડતો, જે નિયમ તદ્દન હાસ્યાસ્પદ હતો કારણ કે વ્યક્તિની ઉંમર તો વરિષ્ઠ જ રહેવાની છે. હવે નવી શરૂ થનારી સેવામાં આ ભૂલનું પુનરાવર્તન ન થવું જોઈએ તેવી લોકમાંગ છે. વિશેષમાં, માસિક પાસ ઉપરાંત એક દિવસીય ‘ગમે ત્યાં ફરો’ જેવી પ્રવાસી પાસ રાહત યોજનાઓ જો શરૂ કરવામાં આવે તો છેવટે સામાન્ય જનતાનું સિટી બસ તરફ આકર્ષણ વધશે. હાલમાં રેકોર્ડબ્રેક મોંઘવારીએ જનતાની કમર ભાંગી નાખી છે અને તેમાંય વધેલું રિક્ષાભાડું પડ્યા પર પાટુ સમાન સાબિત થઈ રહ્યું છે. સિટી બસના રૂટ બાબતે પણ તંત્ર દ્વારા નવેસરથી વિચારણા થવી જોઈએ અને ભુજના દૂરના વિસ્તારોને વિશેષ સુવિધા મળવી જોઈએ. ભુજની જીવાદોરી સમાન સિટી બસ પુનઃ કાર્યરત થાય એ પ્રબળ લોકમાગણી છે. હાલના સમયમાં કચ્છમાં પ્રવાસન ઉદ્યોગ ખૂબ જ વિકસ્યો છે અને દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ કચ્છની મુલાકાતે આવે છે, ત્યારે ભુજ આવતા પ્રવાસીઓને ભુજમાં આવેલા વિવિધ દર્શનીય સ્થળોની સહેલગાહ કરાવવા માટે ખાસ ‘ભુજ દર્શન’ રૂટ શરૂ કરવો જોઈએ.



### ::: જાહેર સમન્સ :::

**મહે. શ્રી બીજા.અધિક સિનિયર સીવીલ જજ સાહેબની કોર્ટ, ગાંધીધામ-કચ્છ.**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,**
**મારફતે નાયબ ઈજનેરશ્રી, સબ ડીવીઝન, ગાંધીધામ પેટા વિભાગ,**
**ગાંધીધામ, તા.ગાંધીધામ-કચ્છ** ................વાદી
**વિરૂધ્ધ**
**નીચે મુજબનાં નામ વાળા.....** .......... પ્રતિવાદી

**બાબતઃ- લેણી રકમ વસૂલ કરવા બાબત**
**વાદી તરફે વિ.વ.શ્રી જી.વી.પરીચાણી**

આથી જણાવવાનું કે, ઉપરોકત વાદી કંપનીએ અત્રેની કોર્ટમાં નીચે જણાવેલ પ્રતિવાદીઓના નામ જણાવેલ રકમ વ્યાજ તથા ખર્ચ સહિત વસૂલ મેળવવા દીવાની દાવા કરેલ હોઈ તે દાવામાં તેની સામે જણાવેલ તારીખના રોજ સવારના ૧૦:૩૦ કલાકે જવાબ આપવા જાતે અથવા તમારા વકીલ મારફતે તત્રેની કોર્ટમાં હાજર થવા જણાવવામાં આવે છે.

જો તે પ્રતિવાદીઓ/પક્ષકારો હાજર થવામાં કસુર કરશે તો સદર પ્રતિવાદીઓ વિરૂધ્ધ તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી હુકમ કરવામાં આવશે.

| રે.દી.દા. નંબર | પ્રતિવાદીનું નામ | સરનામું | રકમ | તારીખ |
|---|---|---|---|---|
| ૫૦૦/૨૦૨૪ | શર્મા રાજુભાઈ રામ ભરોસે | રહે. રેલવે ઝુપડપટી ૧૦ પાસે કાર રિપેરીંગ ગાંધીધામ-કચ્છ. | ૮,૪૪,૩૨૭.૧૭/- | ૦૩/૦૮/૨૦૨૬ |
| ૫૦૨/૨૦૨૪ | અમીત શંકર ગઢવી | રહે, રાકેશ ઓટોગેરેજ, મકાન નં. ૧૨૯ની બાજુમાં, રેલ્વે ઝુપડપટ્ટી, ભારતનર, તા. ગાંધીધામ-કચ્છ. | ૧,૭૫,૧૪૪.૭૬/- | ૦૩/૦૮/૨૦૨૬ |
| ૫૨૮/૨૦૨૪ | વિજય લક્ષ્મણ રોશીયા | રહે. દુકાન નં.૨૩૬, ઓપ નારીયનીયા હનુમાન મંદીરની સામે ઓસ્લો રોડ, તા. ગાંધીધામ | ૯૨,૦૫૫.૧૬/- | ૦૩/૦૮/૨૦૨૬ |
| ૫૦૯/૨૦૨૪ | કનૈયાલાલ કેવલરામ નકવાલ | ડીપી ૨૯, પોલ ૦૨, ખોડીયાર નગર ઝુપડપટ્ટી તા.ગાંધીધામ કચ્છ. | ૧,૯૩,૨૦૬.૫૯/- | ૦૩/૦૮/૨૦૨૬ |
| ૫૨૩/૨૦૨૪ | શરફરાઝ મામદ મેમણ | રહે.કાકા ટી હાઉસ રામદેવપીર મંદીરની બાજુમાં,નવી સુંદરપુરી ગાંધીધામ-કચ્છ. | ૬૦,૫૬૫.૮૯/- | ૦૩/૦૮/૨૦૨૬ |
| ૪૦/૨૦૧૬ | મોહનલાલ ફેમિલી ટ્રસ્ટ | રહે. દુકાન નં. ૧૫, ૧૫-એ, પ્લોટ નં ૫૪, સેક્ટર-૯, તા. ગાંધીધામ-કચ્છ. | ૫૮૭૪.૫૯/- | ૧૪/૦૭/૨૦૨૬ |

**આજરોજ તારીખ ૦૮/૦૭/૨૦૨૬ ના મારી સહી અને સિકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર
**(એ. એચ. એડલીયા)**
આસીસ્ટન્ટ
બીજા સિની. સિવિલ કોર્ટ,
ગાંધીધામ-કચ્છ

કમ્પેર કરનાર
**(કે. આર. પરમાર)**
આસીસ્ટન્ટ
બીજા સિની. સિવિલ કોર્ટ,
ગાંધીધામ-કચ્છ

કોર્ટનો સિક્કો

આદેશથી
**(એમ. એચ. ગોહિલ)**
રજીસ્ટ્રાર,
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ,
ગાધીધામ-કચ્છ.

NEWS PAPER


## ગાંધીધામ મહાનગરપાલિકાના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રીનો ઐતિહાસિક નિર્ણય

ગાંધીધામ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીધામ સહિત રાજ્યની નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓ ના સર્વાંગી વિકાસ માટે એક ઐતિહાસિક નિર્ણય કર્યો છે, જેના અંતર્ગત ગાંધીધામ મહાનગરપાલિકાને કેન્દ્રમાં રાખીને આગામી પાંચ વર્ષ સુધી નાગરિક સુખાકારીના વિવિધ પ્રોજેક્ટ્સ માટે જરૂરી સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે. અગાઉ “અ” વર્ગની નગરપાલિકામાંથી નવી મહાનગરપાલિકા બનેલી ગાંધીધામના ટ્રાન્ઝિશન ફેઈઝ અને તેની હદમાં ઉમેરાયેલા મોટા વિસ્તારને ધ્યાનમાં રાખીને, જિલ્લા કક્ષાએ જ જમીન ફાળવણીની પ્રક્રિયાને અત્યંત સરળ બનાવવાનો અભિગમ અપનાવાયો છે જેથી શહેરી વિકાસના કામોને નવી ગતિ આપી શકાય. આ મહત્વપૂર્ણ નિર્ણયના ભાગરૂપે ગાંધીધામ શહેરી વિસ્તારમાં નગર સેવા સદનનું કચેરી મકાન, ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ ગટર ડ્રેનેજ, પંપિંગ સ્ટેશન, પાણી પુરવઠાના કામો, સૉલિડ કે લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ, વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વૉટર ડ્રેનેજની કામગીરી, બાલવાડી (આંગણવાડી) તેમજ ટાઉન હૉલ, કોમ્યુનિટી હૉલ અને કન્વેન્શન સેન્ટર જેવા ૧૧ જેટલા આવશ્યક જાહેર પ્રોજેક્ટ્સ ઝડપથી ઊભા કરી શકાશે. મુખ્યમંત્રીના આ દુરોગામી નિર્ણયને પરિણામે ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારમાં બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝ અને જાહેર બાગ-બગીચાઓનું ત્વરિત નિર્માણ થતાં સ્થાનિક નાગરિકોને ઝડપી તથા ગુણવત્તાસભર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

## ભુજમાં હરતા-ફરતા છાશ કેન્દ્રનું સમાપન : અનેકવિધ લોકોએ લાભ લીધો

ભુજ - કચ્છઉદય : માનવજ્યોત સંસ્થા ભુજ અને રામદેવ સેવાશ્રમ પાલારા દ્વારા ભરતભાઈ દલાલ, ગોવિંદભાઈ ભુડીયા, અમૃતબેન ભુડીયાના સહયોગથી હરતું-ફરત છાશ કેન્દ્રનું સમાપન કરાયું છે.સંસ્થાનાં અધ્યક્ષ પ્રબોધ મુનવરે જણાવ્યું હતુ કે, ઉનાળાની કાળઝાળ ગરમીમાં જરૂરતમંદ લોકો તથા શ્રમજીવી વર્ગને દરરોજ નમક-જીરા-બરફવાળી સ્વાદિષ્ટ ઠંડી છાશ પીવડાવવામાં આવી હતી. દરરોજ ૩૦૦ લીટર છાશ હરતા-ફરતા વાહનથી શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં પહોંચી હતી, જેથી જરૂરતમંદોની આંતરડી ઠરી હતી. જરૂરતમંદ લોકો તેમજ મજૂરી કામ કરતા શ્રમિક ભાઈ-બહેનોને પીવા ઠંડી અને તાજગીભરી છાસ વિતરણ કરવામાં આવી હતી. પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, અરવિંદ ઠક્કર, આનંદ રાયસોની, ગોવિંદ પાટીદાર, કનૈયાલાલ અબોટી, નીતિન ઠક્કર, ભુપેન્દ્ર બાબરીયા, રફીક બાવા, ભરતભાઈ વી. સોનીએ જુદા-જુદા વિસ્તારોમાં વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.



### ભુજમાં બે મહિનામાં બે લાખ રૂપિયાની છાસ વિતરણ કરાઇ

ભુજ - કચ્છઉદય : મુંબઈ તથા મદ્રાસના એક જ દાતા પરિવારના સહયોગથી તા. ૨૯-૪-૨૦૨૬ થી ૨૦-૬-૨૦૨૬ દરમિયાન ભુજના ગણેશ ઈન્ડસ્ટ્રીઝ તથા વર્ધમાનનગર વિસ્તારમાં દરરોજ અંદાજે ૨૭૦ થી ૩૦૦ પરિવારોને વિનામૂલ્યે છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આશરે બે મહિનાના આ સેવાકાર્ય દરમિયાન અંદાજિત રૂ. ૨ લાખની છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યની વ્યવસ્થામાં પી.સી. શાહ, રાજેશ સી. શાહ, લખમણભાઈ જોગી, મુકેશભાઈ ચાવડા, ભાવેશભાઈ બોરીચા તથા સોનલબેન બોરીચાએ સેવાભાવથી મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી હતી. ઉલ્લેખનીય છે કે, આ દાતા પરિવાર છેલ્લા ૮ વર્ષથી સતત દર વર્ષે ઉનાળાની ઋતુમાં આ સેવાકીય કાર્યનો લાભ સમાજને અર્પણ કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહેલ છે.

## ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં ભારતીય સમુદાયને સંબોધતા પીએમ મોદીઃ 'આપણી પાસે અવસરોનો સમુદ્ર છે, સફળતાનો પૂરો ભરોસો



ઓકલેન્ડઃ ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં આવેલા પ્રખ્યાત સ્પાર્ક એરીના ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવાસી ભારતીય સમુદાયને સંબોધિત કર્યા હતા. પીએમ મોદીએ પોતાના સંબોધનની શરૂઆત 'નમસ્તે' કહીને કરી હતી અને ભારતીયોને જણાવ્યું હતું કે, ૪૦ વર્ષના લાંબા સમયગાળા બાદ ભારતના કોઈ વડાપ્રધાન પહેલીવાર અહીં આવ્યા છે. તેમણે ઉત્સાહપૂર્વક ઉમેર્યું કે, "હું જાણું છું કે આપણે ચોક્કસ સફળ થઈશું, કારણ કે આપણી પાસે અવસરોનો આખો સમુદ્ર છે. મને આ યાત્રાની સફળતા પર પૂરેપૂરો ભરોસો છે."

## સુપ્રીમ કોર્ટે સતત પેન્ડીંગ કેસોને લઈને નારાજગી બતાવી, એ કેસની ટ્રાયલમાં ઝડપ લાવવા આપ્યા નિર્દેશ

### કેસની ધીમી ગતિ પર બોલી SC, આ મામલે ગોકળગાય પણ સવાલ ઉઠાવે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ૨૦૧૫થી પેન્ડીંગ સિવિલ કેસની સુનાવણીમાં વિલંબ પર સખત નારાજગી વ્યક્ત કરી છે. કહ્યું હતું- ટ્રાયલ જે ગતિએ આગળ વધી રહી છે, તેની સામે તો ગોકળ ગાય પણ સવાલ ઉઠાવી શકે છે. અદાલતે આ ટિપ્પણી એ કેસની સુનાવણી દરમિયાન કરી, જેમાં ૨૦૨૬ સુધી પણ વાદીના પુરાવા પુરા નથી થઈ શકયા.જસ્ટીસ અજય કરોલ અને જસ્ટીસ એન.કોટિશ્વર સિંહની બેન્ચે દિલ્હી હાઈકોર્ટના ફેબ્રુઆરી ૨૦૨૫ના આદેશને પડકારતી ખાનગી કંપનીની અપીલને ઉપરોક્ત ટિપ્પણી કરીને ફગાવી દીધી હતી. સાથે-સાથે પેન્ડીંગ કોમર્શિયલ કેસનો જલદી નિકાલ લાવવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટે પેન્ડીંગ કોમર્શિયલ કેસમાં વધારાના દસ્તાવેજ રેકોર્ડ પર લેવા અને સાક્ષીને બીજીવાર બોલાવીને ઉલટ તપાસ કરાવવાની કંપનીની માંગને ઠુકરાવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું- આ કેસ વર્ષ ૨૦૧૫માં દાખલ થયો હતો. ૨૦૨૬ સુધી પણ વાદીના પુરાવા ચાલી રહ્યા છે.બેન્ચે કંપનીની એ દલીલને પણ ન સ્વીકારી કે જે વધારાના દસ્તાવેજને રેકોર્ડ પર લાવવાની માંગ કરવામાં આવી છે, તેની પ્રાસંગીતા પર વિચાર કરવામાં આવે. કોર્ટે કહ્યું હતું કે આ દસ્તાવેજ કંપની પાસે કેસ દાખલ કરતી વખતે જ મોજૂદ હતા અને બાદમાં વધારાના પુરાવા રજુ કરવા દરમિયાન પણ તેને રજુ કરી શકાતા હતા.

## મુંબઈની થાણા નગરીમાં પ્રવચનકાર પન્યાસ પૂર્ણરક્ષિત મ.સા.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ





ભચાઉ- કચ્છ ઉદય : વાગડ વિશાળ ઓશવાળ જૈન સંઘ થાણા, મામા-ભાણે જ આરાધના ભવનમાં જીવન શણગાર ચાતુર્માસ ૧૫ જુલાઈથી પ્રારંભ થવાનું છે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ચાતુર્માસ પ્રવેશમાં અનેક મહાનુભાવો મુંબઈના વિવિધ સંઘોમાંથી પધારશે. આ ચાતુર્માસમાં પૂ.શ્રીના દૈનિક પ્રવચનો તેમજ રવિવારીય શિબિર તથા અનેક ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે. સંઘમાં સામૂહિક તપમાં વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાશે. થાણા નગરે કલાપૂર્ણસૂરિ મામા-ભાણેજ આરાધના ભવનના નિર્માણ પછી વાગડ વિશાળ ઓશવાળ સમાજમાં ધર્મની વિશેષ જાગૃતિ આવી છે. ચાતુર્માસ પ્રવેશ દિવસે પન્યાસ પૂર્ણરક્ષિત મ.સા. સંપાદિત 'સ્તૂતિ શો સમ' પુસ્તકનો ઉદ્ઘાટન કરશે.

## નવી સુંદરપુરીમાં ગાડી ધીમે ચલાવવાનું કહેતા યુવક પર છરી વડે હુમલોઃ માથામાં ૧૫ ટાંકા આવ્યા

ગાંધીધામઃ ગાંધીધમના નવી સુંદરપુરી વિસ્તારમાં ગાડી સ્પીડમાં ચલાવવા બાબતે ઠપકો આપવાની સામાન્ય બાબતમાં એક યુવક પર છરી વડે જીવલેણ હુમલો કરાયો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને માથાના ભાગે ૧૫ જેટલા ટાંકા આવ્યા છે. બનાવની વિગત મુજબ, નવી સુંદરપુરીના રાયમા ચોક પાસે ફરિયાદી સલીમભાઈ અબ્બાસભાઈ હાલેપોત્રાના મામા હાસમભાઈએ આરોપી ચીચો કોલીને જાહેરમાં સ્પીડમાં ગાડી ચલાવવા બાબતે ઠપકો આપ્યો હતો. આ વાતનું મનદુઃખ રાખી આરોપી ચીચો કોલી અને તેની સાથેના રજબ નામના શખ્સે હાસમભાઈને મુંઢ માર મારવાનું શરૂ કર્યું હતું. મામાને બચાવવા માટે જ્યારે ભાણેજ સલીમભાઈ વચ્ચે પડ્યા, ત્યારે આરોપી રજબે છરી કાઢીને ચીચો કોલીને આપી દીધી હતી. ચીચો કોલીએ ઉશ્કેરાઈને છરીના આડેધડ ઘા ઝીંકતા સલીમભાઈને માથાના ડાબા ભાગે ગંભીર ઈજા થઇ હતી. આ દરમિયાન પાછળથી આવેલી રાજુબેન નામની મહિલાએ પણ જાહેરમાં ગાળો ભાંડી ગુનામાં મદદગારી કરી હતી.શરૂઆતમાં આ મામલે બંને પક્ષો વચ્ચે સમાધાનની વાતચીત ચાલતી હોવાથી ફરિયાદ મોડી થઇ હતી. પરંતુ સમાધાન ન થતાં આખરે ગાંધીધામ 'એ' ડીવીઝન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. મયુરગીરી ગૌસ્વામી અને પી.એસ.આઈ. જે.ડી. પરમારને સોંપી છે.

## સ્વતંત્રતા દિવસની ઉજવણી વચ્ચે બહામાસમાં ભયાનક પ્લેન ક્રેશ, ૧૦ લોકોના મોત, અનેક ઘાયલ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેરેબિયન ટાપુ સમૂહ દેશ બહામાસમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. દેશ જ્યારે પોતાની આઝાદીની ઉજવણીમાં ડૂબેલો હતો, ત્યારે જ સર્જાયેલા એક પ્લેન ક્રેશમાં તેમાં સવાર તમામ ૧૦ લોકોના મોત નીપજ્યા હતા. આ મોટી દુર્ઘટના બાદ બહામાસ સરકારે 'ફ્લેમિંગો એર'ની તમામ ફ્લાઈટ્સ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકી દીધો છે.

મળતી માહિતી મુજબ, આ અકસ્માત શુક્રવારે (૧૦મી જુલાઈ) બહામાસની રાજધાની નાસાઉના પશ્ચિમ ભાગમાં આવેલા ઉત્તર એન્ડ્રોસ નજીક સર્જાયો હતો. બહામાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન ઓથોરિટીના જણાવ્યાનુસાર, સેસ્ના ૪૦૨ - જે બહામાસમાં જ રજિસ્ટર્ડ હતું. આ વિમાને રાજધાની નાસાઉના 'લિન્ડેન પિંડલિંગ આંતરરાષ્ટ્રીય વિમાનમથક' પરથી ઉડાન ભરી હતી અને તે સાન એન્ડ્રોસ જઈ રહ્યું હતું. જ્યારે વિમાન પોતાના ગંતવ્ય સ્થાને પહોંચે તે પહેલા જ તે ક્રેશ થઈ ગયું હતું.

બહામાસના પ્રધાનમંત્રી ફિલિપ બ્રેવ ડેવિસે શરૂઆતમાં માહિતી આપી હતી કે અકસ્માતમાં એક વ્યક્તિનો જીવ બચી ગયો છે.

## ટ્રમ્પના પુત્રએ ક્રિપ્ટોમાં ૫,૭૦૦ કરોડથી વધુની રકમ ગુમાવી

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ટ્રમ્પના પુત્ર એરિક ટ્રમ્પે ક્રિપ્ટોમાં ૬૦ કરોડ ડોલર એટલે કે ૫,૭૦૦ કરોડથી વધુની રકમ ગુમાવી છે. એરિક ટ્રમ્પે ગયાવ ર્ષે અમેરિકન બિટકોઈન કોર્પ નામની ખોલેલી કંપની મુશ્કેલીમાં મૂકાઈ ગઈ છે. ચાલુ વર્ષે બિટકોઈન એટલે કે ક્રિપ્ટોકરન્સીમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. તેના પગલે કંપનીનો શેર પણ તેના ટોચ પરથી ૯૫ ટકા જેટલો નોંધપાત્ર ઘટયો છે.બ્લૂમબર્ગના જણાવ્યા મુજબ ડિજિટલ કરન્સીના મૂલ્યમાં ઘટાડો થતાં બધી ક્રિપ્ટોકરન્સી પટકાઈ છે. ગયા વર્ષે એરિક ટ્રમ્પે સાતમી જુલાઈના રોજ બીટીસી ૮,૦૦૦ની સપાટી વટાવી ગયુ હતુ તેની જાહેરાત કરી હતી. આજે તેનું સ્તર ક્યાં છે તેની જાણ કરતાં પણ તે ખચકાય છે. ટ્રમ્પના ઉત્સાહ છતાં અમેરિકન બિટકોઇને આ વર્ષે પ્રથમ ક્વાર્ટરમાં ૧૦ કરોડ ડોલરનું મૂલ્ય ગુમાવ્યું છે.આના પગલે એરિક ટ્રમ્પની માલિકીની કંપનીના શેરનો ભાવ પણ પ્રતિ શેર ૧૪૦ ડોલરની ટોચથી ઘટીને છ ડોલર પર આવી ગયો છે. તેના કારણે ટ્રમ્પના પુત્ર એરિકને મોટો ફટકો પડયો છે. જો કે એકબાજુએ ટ્રમ્પે ક્રિપ્ટોકરન્સીમાંથી જ ૧.૪ અબજ ડોલરની આવક રળી હોવાનું તેના જાહેર કરવામાં આવેલા નાણાકીય દસ્તાવેજોમાં જણાવાયું છે.

## પહેલા પાનાથી...

### ભારત - ન્યૂઝીલેન્ડ

ઉપરાંત, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના મજબૂત લોક-સંબંધોને વધુ દ્રઢ કરવા માટે તેઓ ત્યાં વસતા વિશાળ ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે.

### સુરતમાં ખાડીપૂરના

અને અભિપ્રાયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ખાસ કરીને ખાડી કિનારે અને આસપાસના વિસ્તારોમાં થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવા તેમજ ખાડીપૂરની સમસ્યાનો કાયમી નિકાલ લાવવા માટે નક્કર આયોજન હાથ ધરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

### દેશના આર્થિક

ઓફિસો પર એકસાથે ત્રાટકીને ૭ રીઢા સાયબર ઠગોને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસની આ રેઈડમાં કૌભાંડમાં વપરાતા ૧૩ અત્યાધુનિક મોબાઈલ ફોન, અસંખ્ય સિમકાર્ડ, બેંક પાસબુક અને ડેબિટ કાર્ડનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.ધરપકડ કરાયેલા આરોપીઓની આકરી પૂછપરછમાં જે વિગતો બહાર આવી છે તેનાથી ખુદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. આ ગેંગ સામાન્ય લોકોને સોશિયલ મીડિયા લિંક્સ, ટેલિગ્રામ ચેનલો અને નકલી એપ્લિકેશનો દ્વારા ઘેરબેઠા ઓનલાઈન ટ્રેડિંગ, ક્રિપ્ટોકરન્સી ઈન્વેસ્ટમેન્ટ અને ઊંચા વળતર વાળી યુપીઆઈ ટાસ્ક ગેમ્સની લાલચ આપતી હતી. લોકો એકવાર વિશ્વાસ કરીને નાણાં ટ્રાન્સફર કરે એટલે તે રકમ ગેંગ દ્વારા અલગ-અલગ બેંકોમાં ખોલવામાં આવેલા ૧૮ શેલ (બોગસ/મ્યુલ) એકાઉન્ટ્સમાં ડાયવર્ટ કરી દેવામાં આવતી હતી. આ ૧૮ ખાતાઓનો ઉપયોગ કરીને ગેંગે ટૂંકા ગાળામાં ૧૧૬ કરોડથી વધુના શંકાસ્પદ નાણાકીય ટ્રાન્ઝેક્શનો કર્યા હતા. દેશના ૨૧ અલગ-અલગ રાજ્યોની પોલીસે આ ગેંગ વિરુદ્ધ અગાઉથી જ ૧૪૫ જેટલા સાયબર ગુનાઓ નોંધી રાખ્યા હતા, જે તમામનો ભેદ હવે સુરત પોલીસે ઉકેલી નાખ્યો છે.

સુરત સાયબર સેલની તપાસમાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે ભારતના નાગરિકો પાસેથી લૂંટેલા આ કરોડો રૂપિયા ભારતમાં રાખવાને બદલે ખૂબ જ શાતિરતાથી વિદેશ મોકલી દેવાતા હતા. આરોપીઓ શેલ એકાઉન્ટમાંથી પૈસા ઉપાડીને સ્થાનિક આંગડિયા નેટવર્કનો ઉપયોગ કરતા હતા અને આંગડિયા મારફતે આ નાણાં દુબઈ ખાતે બેઠેલા આ રેકેટના મુખ્ય સૂત્રધારોને કમિશન કાપીને હવાલા રૂટથી ટ્રાન્સફર કરી દેતા હતા. આ કૌભાંડમાં દુબઈ સ્થિત કયા મોટા ગજાના માફિયાઓ સામેલ છે અને કઈ-કઈ આંગડિયા પેઢીઓએ આ દેશદ્રોહ સમાન કૃત્યમાં મદદ કરી છે, તે દિશામાં સુરત પોલીસે ઈડી અને અન્ય કેન્દ્રીય તપાસ એજન્સીઓ સાથે સંકલન સાધીને ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

### પરમાણુ અંગે

દેશો વચ્ચે થયેલો યુદ્ધવિરામ હવે સત્તાવાર રીતે પૂરો થઈ ગયો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'ઈરાને અમને વાતચીત આગળ વધારવા માટે કહ્યું છે અને અમે તેના માટે સહમતી આપી દીધી છે, પરંતુ અમે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે સીઝફાયર હવે ખતમ થઈ ચૂક્યું છે.' આ સ્થિતિ દર્શાવે છે કે એક તરફ શાંતિની વાતો ચાલી રહી છે, તો બીજી તરફ બંને પક્ષે ભારે તણાવ પણ યથાવત છે.

વિઝ્યુઅલ રિસર્ચ અનુસાર, જૂન મહિનાના અંતમાં અને જુલાઈની શરૂઆતમાં લેવામાં આવેલી સેટેલાઈટ તસવીરોમાં ઈરાનના અનેક પ્રતિબંધિત અને સંવેદનશીલ વિસ્તારોમાં મોટી ગતિવિધિઓ નોંધાઈ છે. સૌથી વધુ હલચલ 'પારચિન સૈન્ય સંકુલ'ના 'તાલેઘાન-૨' વિસ્તારમાં જોવા મળી છે. સંરક્ષણ ક્ષેત્રના એક્સપર્ટ્સનું માનવું છે કે ભૂતકાળમાં આ જગ્યાનો ઉપયોગ પરમાણુ હથિયારો સાથે જોડાયેલી સામગ્રી રાખવા માટે થતો હતો. ૨૨ જૂન અને ૭ જુલાઈની તસવીરોની સરખામણી કરતાં માલૂમ પડ્યું છે કે, અમેરિકન અને ઈઝરાયલી હુમલામાં આ સંકુલના જે હિસ્સાને ભારે નુકસાન થયું હતું, ત્યાં ઈરાને અચાનક જ સમારકામ અને પુનઃનિર્માણનું કામ ખૂબ જ ઝડપથી શરૂ કરી દીધું છે.આ અહેવાલમાં 'પિકએક્સ માઉન્ટેન'નો પણ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને ઈરાનનું સંભવિત અંડરગ્રાઉન્ડ પરમાણુ ઠેકાણું માનવામાં આવે છે. ૨૧ જૂનની સેટેલાઈટ તસવીરોમાં આ પહાડી વિસ્તારમાં આવેલી ગુપ્ત સુરંગોની અંદર અને બહાર અનેક વાહનોની અવરજવર થતી હોવાનું સામે આવ્યું છે. આ નવીનતમ તસવીરો સામે આવ્યા બાદ હવે વૈશ્વિક સ્તરે એવી અટકળો તેજ થઈ ગઈ છે કે ઈરાન કોઈપણ ભોગે પોતાના અંડરગ્રાઉન્ડ પરમાણુ મથકોને ફરીથી સક્રિય અને મજબૂત કરવાની કોશિશમાં લાગી ગયું છે, જે આગામી સમયમાં મધ્ય-પૂર્વમાં મોટા યુદ્ધના સંકેત આપી રહ્યું છે.

### અમિત શાહ

આપશે. ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહેલા કેન્દ્રીય ગૃહ અને સહકારીતામંત્રી અમિતભાઈ શાહ આવતીકાલે રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા સરકારી અધિકારીઓને કર્મચારીઓ માટે અમદાવાદમાં નવ નિર્મિત આધુનિક સુવિધાથી સજ્જ ૧૮૮ આવાસો (૪ ટાવરો) નું ઈ લોકાર્પણ કરશે.આ ઉપરાંત અમદાવાદમાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ ઉપરાંત ૧૩મી જુલાઈએ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ ગાંધીનગર જિલ્લાના દેહગામ એપીએમસી ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

### બહામાસમાં ભયાનક

માટે ગૌરવનો દિવસ હતો, પરંતુ સાંજ પડતા સુધીમાં આ દિવસ ઈતિહાસનું સૌથી કાળું પાનું બની ગયું. બહામાસના વડાપ્રધાન ફિલિપ બ્રેવ ડેવિસે ખૂબ જ ભારે હૈયે આ દુર્ઘટનાની પુષ્ટિ કરી હતી.

### અપૂરતા વરસાદથી

એમ પણ કહેવામાં આવ્યું છે કે ઓછા વરસાદને કારણે, દેશમાં જળવિદ્યુત ઉત્પાદન ૧૦ થી ૧૫% ઘટી શકે છે.આ ૫ રિસ્થિતિને ઉકેલવા માટે, કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિહ ચૌહાણે ઓછા વરસાદવાળા વિસ્તારોના ખેડૂતોને એવા પાક વાવવાની સલાહ આપી છે જે ટૂંકા સમયમાં પાકે અને ઓછા ૫ ાણીની જરૂર પડે, જેમ કે મકાઈ, બાજરી અને મગ.

## વર્ષાઋતુમાં રોગચાળો અટકાવવા ગાંધીધામ મનપા સજ્જ



### મેયર દિવ્યાબેન નાથાણીની અધ્યક્ષતામાં મેલેરિયા વિભાગની બેઠક યોજાઈ : દવા છંટકાવ, ફોગિંગ અને ડોર-ટુ-ડોર સર્વે માટે સૂચના

ગાંધીધામ : વર્ષાઋતુ દરમિયાન ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા મચ્છરજન્ય રોગોનું પ્રમાણ વધે નહીં તે માટે ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દિવ્યાબેન જે. નાથાણીની અધ્યક્ષતામાં તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ મેલેરિયા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વિશેષ બેઠક યોજાઈ હતી.બેઠકમાં વરસાદી પાણી ભરાતાં સ્થળોએ મેલેરિયા ઓઈલ તથા જરૂરી દવાઓનો છંટકાવ કરવા, ડોર-ટુ-ડોર સર્વે હાથ ધરી પાણી ભરેલાં પાત્રોમાં એબેટ દવા નાખવા અને નાગરિકોને પાણીનાં પાત્રો ઢાંકીને રાખવા અંગે જાગૃત કરવા સૂચના આપવામાં આવી હતી.ડેન્ગ્યુ કે મેલેરિયાનો કેસ નોંધાય તેવા વિસ્તારોમાં તાત્કાલિક ડોર-ટુ-ડોર ફોગિંગ અને દવા છંટકાવની કામગીરી હાથ ધરવા તેમજ આરોગ્ય વિભાગ સાથે સતત સંકલન જાળવી વર્ષાઋતુ દરમિયાન રોગચાળો ફેલાતો અટકાવવા અસરકારક કાર્યવાહી કરવા પણ જણાવાયું હતું. આ અંગેની માહિતી ગાંધીધામ મહાનગરપાલિકાની અખબારી યાદીમાં આપવામાં આવી છે.

## ભારતીય નૌકાદળની તાકાતમાં ધરખમ વધારોઃ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે 'આઈએનએસ મહેન્દ્રગીરી'નું કર્યું લોન્ચિંગ

મુંબઈ : ભારતીય નૌકાદળ (ઇન્ડિયન નેવી)ની દરિયાઈ તાકાતમાં મોટો વધારો થયો છે. દેશના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નૌકાદળના આધુનિક યુદ્ધજહાજ 'આઈએનએસ મહેન્દ્રગીરી' નું વિધિવત લોન્ચિંગ કર્યું છે. આ નવું યુદ્ધજહાજ પ્રોજેક્ટ ૧૭એ હેઠળ બનાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે,






પ્રોજેક્ટ ૧૭એ અંતર્ગત તૈયાર કરવામાં આવેલું આ સાતમું સ્ટીલ્થ ફ્રીગેટ (રાડારની નજરમાં ન આવે તેવું અદ્યતન યુદ્ધજહાજ) છે, જે ભારતીય નૌકાદળની સંરક્ષણ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે.

## છત્તીસગઢથી અપહરણ થયેલી ૧૨ વર્ષીય કિશોરી ગાંધીધામમાં મળી



**એ-ડિવિઝન પોલીસે પરિવારને સોંપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું**

ગાંધીધામ : પૂર્વ કચ્છની ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે સંવેદનશીલતા અને ઝડપી કાર્યવાહી દાખવી છત્તીસગઢ રાજયમાંથી અપહરણનો ભોગ બનેલી ૧૨ વર્ષીય કિશોરીને સુરક્ષિત રીતે શોધી કાઢી તેના વાલી-વારસાને સોંપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પોલીસ હેલ્પલાઈન ૧૧૨ પર મળેલી જાણના આધારે એક સગીર બાળકીને ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ સ્ટેશન લાવવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એમ. જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસે બાળકીની ઓળખ અને તેના પરિવારની શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બાળકી છત્તીસગઢ રાજ્યના બિલાસપુર જિલ્લાના સિરગીટ્ટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં ભોગ બનનાર હોવાનું બહાર આવ્યું હતું. બાળકીની ઓળખ હર્ષા વિજય શર્મા (ઉ.વ. ૧૨), રહે. અટલ આવાસ, દેવરીખુર્દ, બિલાસપુર (છત્તીસગઢ) તરીકે થઈ હતી. ત્યારબાદ ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે છત્તીસગઢ પોલીસનો સંપર્ક કરી જરૂરી સમન્વય સાધ્યો અને બાળકીના વાલી-વારસાને ગાંધીધામ બોલાવી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ કિશોરીને તેમના હવાલે સુરક્ષિત રીતે સોંપી હતી. આ સમગ્ર કામગીરી પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર અને નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. રાઠોડ તથા ગાંધીધામ એ-ડિવિઝન પોલીસની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

## ચીને લોંચ થયેલું રોકેટ અવકાશમાંથી પાછું રિકવર કરીને ઈતિહાસ રચ્યો

(એજન્સી દ્વારા)

બેઈજિંગ : ચીને સ્પેસ ટેકનોલોજીમાં એક નવો કીર્તિમાન રચ્યો છે. લોંગ માર્ચ-૧૦એ રોકેટ પહેલા સ્ટેજમાં સમુદ્રમાં નેટ રિકવર થયું છે. તેનો અર્થ એ કે રોકેટ લોંચ થયા પછી આખેઆખું રોકેટ ફરીથી મેળવી શકાયું છે. તેના કારણે ભવિષ્યમાં લોંચિંગનો ખર્ચ ઘટાડી શકાશે. રોકેટ સંપૂર્ણ રીતે રિકવર થયું હોય એવું દુનિયામાં પહેલી વખત બન્યું છે.

રિયુઝેબલ રોકેટનો અર્થ એવો થાય કે મોંઘા બૂસ્ટરને દરેક વખતે બનાવવાને બદલે તેને ફરીથી ઉપયોગમાં લઈ શકાય. તેનાથી વારંવાર બૂસ્ટર રોકેટ બનાવવાની જરૂર પડતી નથી ને વળી લોંચની કોસ્ટ પણ ઓછી થઈ જાય છે. આવું દુનિયામાં અત્યાર સુધી એકેય રોકેટની બાબતમાં બન્યું નથી, પરંતુ ચીને લોંગ માર્ચ-૧૦એ નામનું રોકેટ ફરીથી રિકવર કરીને ઈતિહાસ રચ્યો છે. સ્પેસ ટેકનોલોજીની વાત આવશે ત્યારે હવે આ રોકેટનો પણ ઉલ્લેખ થશે.

## ચેટજીપીટીનું ત્રણ મોડલ સાથેનું નવું પાવરફૂલ વર્ઝન ૫.૬ લોન્ચ, હવે મળશે વધુ સચોટ જવાબ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઓપનએઆઈએ ચેટજીપીટીનું નવું એઆઈ મોડલ જીપીટી-૫.૬ લોન્ચ કર્યું છે. આ વખતે કંપનીએ માત્ર એક મોડલ નહીં પરંતુ, જીપીટી ૫.૬ જૅન, જીપીટી-૫.૬ ટેરા અને જીપીટી- ૫.૬ લુના એમ ત્રણ અલગ અલગ મોડલ લોન્ચ કર્યા છે. દરેક મોડલ અલગ પ્રકારના કામ અને અલગ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે.

ઓપનએઆઈનું કહેવું છે કે, આ નવા મોડલ્સ પહેલા કરતા સારી રીતે વિચારી શકે છે. તે વધુ સચોટ જવાબ આપે છે.આ સાથે જ કોડિંગ, રિસર્ચ, ડેટા એનાલિસિસ તેમજ એઆઈ એજન્ટ્સના કામોમાં વધુ અસરકારક છે. જીપીટી ૫.૬ જૅન તેનું સૌથી પાવરફૂલ મોડલ છે. તે મુશ્કેલ કોડિંગ, સાયન્ટિફિક રિસર્ચ, કાઉન્ટિંગ અને લાંબા સમય સુધી વિચારવાની જરૂર હોય તેવા પ્રશ્નો માટે તૈયાર કરવામાં આવ્યું છે.

જ્યારે, જીપીટી ૫.૬ ટેરાને રોજિંદા ઓફિસના કામ, બિઝનેસ અને ડેવલપર્સ માટે બનાવવામાં આવ્યું છે. તેની ખાસિયત છે કે, તે સારી કામગીરી અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવે છે. જીપીટી ૫.૬ લુના સૌથી ઓછા ખર્ચે કામ કરતું મોડલ છે. એઆઈ ઉપયોગ કરતી કંપનીઓ માટે તે વધુ અસરકારક છે. જીપીટી ૫.૬માં હવે, મેક્સ રિઝનિંગ મોડ આપવામાં આવ્યો છે. જેમાં, એઆઈ મુશ્કેલ પ્રશ્નોનો જવાબ આપતા પહેલા વધુ સમય લઈને વિચારશે.

## દર મહિને પુરવઠા તંત્રની અનિયમિતતા : જુલાઇમાં હજુ સુધી દુકાનદારોને રેશનિંગનું અનાજ મળ્યું નથી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : રાજ્યમાં પાત્રતા ધરાવતા રેશન કાર્ડ ધારકોને અનાજ આપવા માટે પુરવઠા તંત્ર અત્યાધુનિક આયોજન કરી રહ્યું છે તે હજુ સુચારુ રીતે ગોઠવાયું નથી. બીજી તરફ દુકાનદારો દ્વારા પરંપરાગત રીતે કાર્ડધારકોને અનાજ આપવામાં આવે છે તેમાં પણ સમયસર અનાજનો પુરવઠો પૂરો પાડવામાં સતત અનિયમિતતા દાખવી રહ્યું છે. જુલાઇ મહિનાની ૧૦ તારીખ સુધી અમદાવાદ શહેરની મોટાભાગની રેશનિંગની દુકાનોમાં હજુ અનાજનો પુરવઠો પહોંચ્યો નથી. જેના કારણે ગ્રાહકો અનાજ લેવા ધક્કા ખાઇ રહ્યા છે તો દુકાનદારો પણ ગ્રાહકોના રોષનો ભોગ બની રહ્યા છે. એકતરફ રેશનિંગના અનાજ માટે પુરવઠા વિભાગ એટીએમ અને ક્યુઆર કોડથી પેમેન્ટ જેવી અત્યાધુનિક સુવિધા ઉભી કરી રહ્યો છે પરંતુ હજુ દુકાનોમાં પણ પૂરતો અને નિયમિત અનાજ પહોંચાડવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. પુરવઠા તંત્રએ દુકાનદારો પાસેથી જૂનની ૧૬મી તારીખે જ અનાજ માટે ઓનલાઈન એડવાન્સમાં રૂપિયા લઈ લીધા હતા પરંતુ હજુ અનાજ પહોંચાડી શકાયું નથી. દુકાનદારોને જુલાઇમાં તુવેર દાળની પરમીટ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી નથી તેથી ચાલુ માસે ગ્રાહકોને તુવેર દાળનો પુરવઠો મળે તેવી સંભાવના નહિવત્ બની છે. રેશનિંગના દુકાનદારોને અનાજના પુરવઠાની જેમ કમિશન પણ નિયમિત મળવામાં તંત્ર સતત અનિયમિત છે. તંત્ર દુકાનદારોને કડકાઇ દાખવીને એડવાન્સમાં આગામી મહિનાના રેશનિંગના અનાજ માટેના રૂપિયા ભરાવે છે પરંતુ ૨૦ હજારનું કમિશન સમયસર આપી શકતું નહીં હોવાની ફરિયાદો પણ ઊઠવા પામી છે.

## ગુજરાતમાં વસ્તી કરતાં ફોનની સંખ્યા વધીઃ ૫ વર્ષ પછી ટેલી-ડેન્સિટી ૧૦૦ ટકાને પાર

અમદાવાદઃ સ્માર્ટ ફોન આજે લોકોના જીવનનો જરૂરી હિસ્સો બની ગયો છે. ઘણા લોકો વિવિધ કારણોસર એકથી વધારે ફોન રાખે છે. અમુક લોકો એક જ ફોનમાં બે સિમ પણ રાખે છે. આ દરમિયાન સામે આવેલી વિગત પ્રમાણે, રાજ્યમાં હવે લોકોની વસ્તી કરતાં ફોન કનેકશનની સંખ્યામાં વધી ગઈ છે.ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના તાજેતરના સબસ્ક્રિપ્શન રિપોર્ટ અનુસાર, ટેલિકોમ ઓપરેટરોએ મે મહિનામાં ૪.૦૬ લાખ નવા ગ્રાહકો ઉમેર્યા હતા, જેના કારણે રાજ્યની ટેલી-ડેન્સિટી લગભગ પાંચ વર્ષમાં પ્રથમ વખત ૧૦૦ ટકાના આંકડાને પાર કરી ગઈ હતી. આ નવા ઉમેરા સાથે ગુજરાતનો કુલ ટેલિકોમ સબ્સ્ક્રાઈબર બેઝ ૭.૨ કરોડે પહોંચી ગયો છે, જેનાથી જુલાઈ ૨૦૨૧ પછી પ્રથમ વખત ટેલી-ડેન્સિટી ૧૦૦થી ઉપર ગઈ હતી. ટેલી-ડેન્સિટી એટલે કે દર ૧૦૦ લોકો દીઠ ટેલિફોન કનેક્શનની સંખ્યા. ૧૦૦ થી ઉપરનો આંકડો રાજ્યમાં સક્રિય ફોન કનેક્શન્સ રાજ્યની અંદાજિત વસ્તી કરતાં વધુ હોવાનું દર્શાવે છે. આનું મુખ્ય કારણ એ છે કે ઘણા લોકો હવે કામ, વ્યવસાય, ડેટા અથવા વ્યક્તિગત ઉપયોગ માટે એક કરતાં વધુ સિમ કાર્ડનો ઉપયોગ કરે છે.

::: જોઈએ છે ગાંધીધામ માટે :::
પ્યુન (પટ્ટાવાળો)
ઓફીસના સંપૂર્ણ રૂટીન કામકાજ માટે
કલાર્ક
ગુજરાતી તથા અંગ્રેજીમાં પત્રવ્યવહાર તેમજ દેશીનામુ (હિસાબ) કરી શકે તેવી વ્યક્તિ સંપર્ક કરે
સંપર્ક સમય :- સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે
Mo.90990 79342

# સાંસદ કાર્નિવલ કચ્છની ઐતિહાસિક પરંપરાઓને પુનઃ જીવંત કરવાનો પ્રયાસ : વિનોદ ચાવડા



**ભુજમાં અષાઢી બીજે યોજાશે ભવ્ય સાંસદ કચ્છ કાર્નિવલ : સંસ્કૃતિ અને કલાના અનોખા સંગમમાં વિજેતા કૃતિઓને અપાશે આકર્ષક ઈનામો : કચ્છી નવા વર્ષની પરંપરાઓને નવી પેઢી સાથે જોડવા માટે સાંસદ વિનોદભાઈ ચાવડાની પ્રેરણાદાયી પહેલ : ભુજમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારો સમક્ષ કાર્નિવલની વિગતો જાહેર કરાઈ**

ભુજ - કચ્છઉદય : અષાઢી બીજ એટલે કે કચ્છી નવા વર્ષના પાવન અવસરે કચ્છની આગવી કલા અને સમૃદ્ધ સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા માટે ભુજ ખાતે આગામી ૧૬ જુલાઈના રોજ દ્વિતીય 'સાંસદ કચ્છ કાર્નિવલ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ભુજના મિરજાપર હાઈવે પર આવેલી હોટલ લા'કાસા ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં કચ્છના સંસદ સભ્ય વિનોદભાઈ ચાવડાએ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રો સમક્ષ આ સાંસ્કૃતિક મહોત્સવની વિગતવાર માહિતી પ્રસ્તુત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કાર્નિવલનો મુખ્ય ઉદ્દેશ્ય કચ્છની સદીઓ જૂની પરંપરાઓ અને ઈતિહાસથી નવી પેઢીને અવગત કરાવવાનો તથા તેને જીવંત રાખવાનો છે.

પત્રકાર પરિષદને સંબોધતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ અષાઢી બીજનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે સમગ્ર દેશમાં આ દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળે છે, પરંતુ કચ્છ માટે આ દિવસ અતિ વિશેષ છે કારણ કે તે કચ્છી માડુઓનું નવું વર્ષ છે. આ દિવસનો ઈતિહાસ રાજવી જામ રાયધણજીના વિજય, વીર લાખા ફુલાણીના આગમન અને પ્રકૃતિના ખીલવા સાથે જોડાયેલો છે. આ ઉપરાંત દરિયાની સફરે ગયેલા સાગરખેડૂતો પણ આ દિવસે પોતાના ઘરે પરત ફરે છે, જેના કારણે ઘરોમાં ખુશીનો માહોલ છવાઈ જાય છે. ખેડૂતો માટે પણ આ વાવણીનો પવિત્ર દિવસ ગણાય છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે ઝારાના ડુંગર અને માંડવીના દરિયાકિનારે અષાઢી બીજની ભવ્ય ઉજવણી કરીને આ દિવસને એક નવી ઓળખ આપી હતી. ભૂતકાળમાં રાજાશાહીના સમયમાં આ દિવસે નવું પંચાંગ બનતું, નવા સિક્કા બહાર પડતા અને હમીરસર તળાવના કાંઠે ૧૭ તોપોની સલામી અપાતી હતી. આ તમામ પરંપરાઓ વચ્ચે જે સમયાંતરે અંતરાલ આવ્યો હતો, તેને આ કાર્નિવલના માધ્યમથી પુનઃ જીવંત કરવાનો પ્રયાસ છે.

આ વર્ષે યોજાનારા દ્વિતીય સાંસદ કચ્છ કાર્નિવલમાં લોકજાગૃતિ અને ઉત્સાહ વધારવા માટે અદભુત સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. કાર્નિવલમાં ભાગ લેનારી કૃતિઓ પૈકી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર કૃતિને રૂપિયા ૫૧,૦૦૦, દ્વિતીય સ્થાન માટે રૂપિયા ૪૧,૦૦૦ તેમજ પાંચમા સ્થાન સુધી ક્રમશઃ રૂપિયા ૩૧,૦૦૦, રૂપિયા ૨૧,૦૦૦ અને રૂપિયા ૧૧,૦૦૦ના આકર્ષક પુરસ્કારો આપવામાં આવશે. આ સાથે જ પ્રત્યેક ભાગ લેનારી કૃતિને પ્રોત્સાહન રૂપે રૂપિયા ૫,૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવશે જેથી કલાકારોને નાની-મોટી વ્યવસ્થાઓ કરવામાં સરળતા રહે. નિયમ અનુસાર એક કૃતિની અંદર ઓછામાં ઓછા ૨૫ લોકો હોવા જરૂરી છે અને આ વર્ષે અત્યાર સુધીમાં ૬૦થી વધારે અદભુત કૃતિઓની નોંધણી થઈ ચૂકી છે, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક કલાકારો જોડાશે.

કાર્નિવલના રૂટ અને વ્યવસ્થા અંગે વિગતો આપતા સાંસદે જણાવ્યું હતું કે આ ભવ્ય સાંસ્કૃતિક રેલીનો પ્રારંભ ભુજના ઐતિહાસિક મહાદેવ ગેટથી થશે. ત્યાંથી આગળ વધીને આ કાર્નિવલ વિજયરાજ લાયબ્રેરી થઈને હમીરસર લેક પાસે પહોંચશે, જ્યાં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા સમક્ષ તમામ કૃતિઓનું મુખ્ય સાંસ્કૃતિક પ્રદર્શન અને પરફોર્મન્સ યોજાશે. આ મહોત્સવનું સમાપન રાજેન્દ્ર પાર્કના ગેટ પાસેથી થશે. ગત વર્ષે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા પ્રથમ કાર્નિવલમાં ભારે વરસાદ હોવા છતાં ૭૦ હજારથી વધુ લોકો ઉમટી પડ્યા હતા, જે કચ્છની જનતાનો કલા પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. સાંસદ વિનોદભાઈ ચાવડાએ મીડિયાના માધ્યમથી તમામ કચ્છી ભાઈ-બહેનોને આ ગૌરવવંતા સાંસ્કૃતિક મહોત્સવમાં મોટી સંખ્યામાં જોડાઈને કચ્છી નવા વર્ષની ભવ્ય ઉજવણી કરવા માટે હાર્દિક અપીલ કરી છે.

આ પત્રકાર પરિષદમાં જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખડોર, શહેર ભાજપ પ્રમુખ મિતભાઈ ઠક્કર, રીતેનભાઈ ગોર, કમલભાઈ ગઢવી, નરેશભાઈ મહેશ્વરી, વિરમભાઈ આહીર, જયંતભાઈ ઠક્કર, મયુરસિંહ જાડેજા, અનવરભાઈ નોડે, કિશોરભાઈ નટ, રમેશભાઈ વગેરે હાજર રહ્યા હતા.

**સંસદ સહિતના મહાનુભાવોએ કર્યું સ્થળ નિરીક્ષણ**



આગામી ૧૬ જુલાઈના ભુજના હમીરસર તળાવના કાંઠે સાંસદ કચ્છ કાર્નિવલનું આયોજન કરાયું છે. આજે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા સહિત આગેવાનોએ ભુજમાં ચાલી રહેલી કાર્નિવલની તૈયારીઓની સમીક્ષા કરી હતી અને જરૂરી સૂચનો આપ્યા હતા. આ પ્રસંગે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા સાથે જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખડોર, શહેર ભાજપ પ્રમુખ મિતભાઈ ઠક્કર, રીતેનભાઈ ગોર, કમલભાઈ ગઢવી, નરેશભાઈ મહેશ્વરી, વિરમભાઈ આહીર, જયંતભાઈ ઠક્કર, મયુરસિંહ જાડેજા, અનવરભાઈ નોડે, કિશોરભાઈ નટ, રમેશભાઈ વગેરે હાજર રહ્યા હતા.

# કચ્છ જિલ્લા નિવૃત્ત તલાટી મંત્રી-સર્કલ ઈન્સ્પેક્ટર મંડળની સર્વાનુમતે રચના કરાઈ

**પ્રમુખ તરીકે પ્રવિણભાઈ લીંબાચીયા અને મહામંત્રી તરીકે શાન્તીલાલ વાઘાણીની વરણી કરાઈ**



પ્રમુખ | મહા મંત્રી | ખજાનજી

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લા નિવૃત્ત તલાટી મંત્રી/સર્કલ ઈન્સ્પેક્ટર મંડળની સર્વાનુમતે રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્ય નિવૃત્ત તલાટી મંત્રી/સર્કલ ઈન્સ્પેક્ટર મંડળના મહામંત્રી એચ. જે. જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

મંડળના પ્રમુખ તરીકે પ્રવિણભાઈ જી. લીંબાચીયા (અંજાર), મહામંત્રી તરીકે શાન્તીલાલ ડી. વાઘાણી (અંજાર), ખજાનચી તરીકે કનુભા જે. જાડેજા (મુન્દ્રા), સલાહકાર તરીકે રાજેન્દ્રસિંહ વી. જાડેજા (મુન્દ્રા), જયસુખભાઈ એચ. ઠક્કર (ભુજ) અને શંકરભાઈ સી. માણેક (અબડાસા)ની વરણી કરવામાં આવી હતી.

સભ્યો તરીકે અનવરભાઈ કે. ભટ્ટી (ભુજ), કિશોરભાઈ જે. દરજી (માંડવી), ઓસમાણગની એસ. મેમણ (માંડવી), કરમશીભાઈ ટી. સુરાણી (ભચાઉ), જગદીશભાઈ વી. ભોજાણી (ભચાઉ), અનોપસિંહ આર. જાડેજા (રાપર), પી. સી. એવારીયા (રાપર), અરવિંદભાઈ જોષી (નખત્રાણા), એસ. આર. પરમાર (નખત્રાણા), શીવુભા વેલુભા જાડેજા (લખપત), એસ. બી. લંધા (લખપત) તથા મહેન્દ્રસિંહ એસ. જાડેજા (અબડાસા)ની નિયુક્તિ કરવામાં આવી હતી. આ સાથે કચ્છ જિલ્લાના તમામ તાલુકાના પ્રતિનિધિઓને મંડળમાં સ્થાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય મંડળના મહામંત્રી એચ. જે. જોષીએ કચ્છ જિલ્લા મંડળ રાજ્ય મંડળ સાથે જોડાતા આનંદ વ્યક્ત કર્યો હતો તેમજ ભાવિ કામગીરીમાં સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. મંડળના પ્રમુખ પ્રવિણભાઈ લીંબાચીયા અને મહામંત્રી શાન્તીલાલ ડી. વાઘાણીએ રાજ્ય મંડળની આગામી કારોબારી બેઠક કચ્છ જિલ્લામાં યોજવા આમંત્રણ પાઠવ્યું હતું. મંડળની પ્રથમ રચનાની સમગ્ર કાર્યવાહીનું સંચાલન શાન્તીલાલ ડી. વાઘાણીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા તમામ સભ્યોએ સહયોગ આપ્યો હતો, જ્યારે આભારવિધિ નંદુભાઈ જોષીએ વ્યક્ત કરી હતી.

# ગાંધીધામમાં ગંજીપાનાનો જુગાર રમતા શખ્સો ઝડપાયા

ગાંધીધામ : ગાંધીધામ 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ નીતીનભાઈ દુદાભાઈ વરચંદ (બ.નં. ૧૪૦૫) એ બાતમીના આધારે પાબુદાદા મંદિર નજીક ખુલ્લી જગ્યામાં રેઈડ પાડી હતી. આ રેઈડ દરમિયાન જાહેરમાં ગંજીપાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમતા આરોપીઓ (૧) શીવાભાઈ ભીખાભાઈ વાઘેલા, (૨) રામભાઈ બાબુભાઈ અખીયાણી, અને (૩) દેવાભાઈ બાબુભાઈ અખીયાણી ને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ. ૩૪,૬૦૦ તથા ગંજીપાના જપ્ત કર્યા છે. આ મામલે જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. સંજયદાન મનુદાન ગઢવી અને યુ.એચ.સી. પ્રવીણભાઈ રામતીરથભાઈ પાસી ચલાવી રહ્યા છે.

આરોપીઓનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ નથી.

# સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં કચ્છના દીપ થાનકીએ એસ્પાયરિંગ શૂટર તરીકે મેળવી સિદ્ધિ



ગાંધીધામ - કચ્છઉદય : અમદાવાદ ખાતે તારીખ ૭ થી ૯ જુલાઈ દરમિયાન યોજાયેલી ૬૨મી ગુજરાત રાજ્ય શૂટિંગ ચેમ્પિયનશિપ (એનઆર) ૨૦૨૬ માં કચ્છના દીપ થાનકીએ શાનદાર પ્રદર્શન કરીને ગૌરવપૂર્ણ સિદ્ધિ હાસલ કરી છે. યશદેવ સ્પોર્ટ્સ એન્ડ શૂટિંગ એસોસિએશન તરફથી કચ્છનું પ્રતિનિધિત્વ કરતાં અને ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસિએશન તેમજ નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સભ્ય એવા દીપ થાનકીએ ૫૦ મીટર રાઈફલ પ્રોન (એનઆર) પુરુષ વર્ગમાં ૫૫૦ નો સ્કોર મેળવી જરૂરી લઘુત્તમ ક્વોલિફાઈંગ સ્કોરને પાર કર્યો છે. આ ઉત્કૃષ્ટ દેખાવ સાથે તેમણે આ સ્પર્ધામાં એસ્પાયરિંગ શૂટર (ઉભરતા નિશાનેબાજ) તરીકેની વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.આ પ્રશંસનીય પ્રદર્શનના આધારે દીપે વેસ્ટ ઝોનલ શૂટિંગ ચેમ્પિયનશિપ, પ્રી-નેશનલ ચેમ્પિયનશિપ અને ઓલ ઈન્ડિયા જી. વી. માવલંકર શૂટિંગ ચેમ્પિયનશિપ જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધાઓ માટે પણ સફળતાપૂર્વક ક્વોલિફાય કર્યું છે. આ સિદ્ધિની વિશેષતા એ છે કે તેમણે પોતાના વ્યવસાયની જવાબદારીઓ સંભાળવાની સાથે-સાથે પીએચ.ડી. નો અભ્યાસ અને સંશોધન કાર્ય ચાલુ રાખીને આ અદ્ભુત સફળતા મેળવી છે. તેમની આ અડગ મહેનત, શિસ્ત અને સમર્પણને બિરદાવીને આગામી રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં તેઓ વધુ ઊંચા સ્કોર અને પદકો મેળવે તેવ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# દરશડી ગામે બે દાયકા બાદ જૈનમુનિઓનો ઐતિહાસિક ચાતુર્માસ પ્રવેશ

**ચાતુર્માસ પધરામણાને આવકારવા ભક્તો આતુર**




ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના દરશડી ગામે આગામી ૨૦ જુલાઈના સવારે ૯:૧૫ કલાકે બે દાયકા બાદ જૈન મુનિઓના ચાતુર્માસ પ્રવેશનો ભવ્ય કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. જૈન ધર્મના ઈતિહાસમાં વર્ષ ૧૯૮૪માં પૂજ્ય ગુરુવર્ય ધીરજલાલજી સ્વામી (કાણા-૨)નું દરશડીમાં ચાતુર્માસ યોજાયું હતું. ત્યારબાદ, વર્ષ ૨૦૦૫માં વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા પૂજ્ય નરેશમુનિ આનંદનું ચાતુર્માસ અહીં સંપન્ન થયું હતું. હવે બે દાયકાના લાંબા વહાણા બાદ ફરી એકવાર દરશડી ગામને ચાતુર્માસનો આ પાવન યોગ પ્રાપ્ત થયો છે. કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના પ.પૂ. ધીરજલાલજી સ્વામીના શિષ્ય પ.પૂ. નરેશમુનિજી તથા તેમના સુશિષ્ય પ.પૂ. ઓજસમુનિજી મંગલ (કાણા-૨) આ વર્ષે દરશડી ગામે ચાતુર્માસ કરશે. તેઓ ભુલાણી ફાર્મ (દેવપર-મઉં, કચ્છ)થી વિહાર કરીને ૨૦ જુલાઈના દરશડી ગામે મંગલ પ્રવેશ કરશે. આ ભવ્ય કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ધર્મસમન્વય અને સંતસમન્વયથી માનવ સમન્વય સાધવાનો છે. આ ચાતુર્માસ પધરામણાને આવકારવા માટે દરશડી ગામના તમામ ધર્મો, સંપ્રદાયો અને જ્ઞાતિજનો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. અગાઉ પણ પૂજ્ય નરેશમુનિજીના વ્યાખ્યાનો અને ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લઈને દરશડી ગામના સમાજને ધર્મનિષ્ઠા પ્રત્યે નવી કેડી પ્રાપ્ત થઈ હતી, જે આ વખતે પણ સૌ માટે પ્રેરણારૂપ બની રહેશે. આ ઐતિહાસિક પળોના સાક્ષી બનવા માટે શ્રી દરશડી ગામ સમસ્ત ગ્રામજનો દ્વારા દરશડી તથા આસપાસના તમામ ગામોના સર્વ સમાજના ભાઈ-બહેનોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કચ્છ જિલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનો પ્રારંભ









**હજારો કેસોના સુખદ સમાધાનની પ્રબળ સંભાવના**






ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આજે તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું ભવ્ય આયોજન થઈ રહ્યું છે અને સવારથી જ અદાલતોમાં પક્ષકારો તેમજ વકીલોની ભારે ચહલપહલ જોવા મળી રહી છે.

નાલ્સા ન્યુ દિલ્હી અને ગુજરાત હાઈકોર્ટ લીગલ સર્વિસ ઓથોરિટીના નેજા હેઠળ તેમજ ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી ભુજના ચેરમેન મહિડા દિલીપ પી.ના માર્ગદર્શન અને કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી બી. એમ. પ્રજાપતિની આગેવાની હેઠળ આ વર્ષની આ બીજી મેગા નેશનલ લોક અદાલત કાર્યરત છે. આજે યોજાયેલી આ લોક અદાલતમાં લગ્ન વિષયક તકરારો, ચેક રીટર્નના કેસો, સિવિલ વિવાદો સહિતના તમામ પ્રકારના સમાધાન પાત્ર કેસો હાથ ધરીને પક્ષકારો વચ્ચે સુખદ નિકાલ લાવવાના સઘન પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે.

ખાસ કરીને આ અદાલતમાં પ્રી-લીટીગેશનના કેસો એટલે કે જે કેસો હજુ સુધી કોર્ટના ચોપડે ચડ્યા નથી પરંતુ ભવિષ્યમાં કાનૂની વિવાદ બનવાની સંભાવના ધરાવે છે, તેવા અસંખ્ય કેસો પણ કન્સિલેશન પ્રક્રિયા દ્વારા અત્યારે મુકાઈ રહ્યા છે. કેસ સત્તાવાર રીતે રજીસ્ટર થાય તે પહેલાં જ તેનો કાયમી ઉકેલ આવી જાય તે માટેનું એક વિશેષ અને પ્રશંસનીય આયોજન આજે જોવા મળી રહ્યું છે.

અંદાજે ૧૧ હજાર જેટલા કેસો આ લોક અદાલતમાં રેફર થવાની ધારણા વચ્ચે આજે સવારથી જ લોકો, પક્ષકારો અને વકીલો તરફથી ખૂબ જ ઉત્સાહજનક અને હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે, જેનાથી આજે રેકોર્ડબ્રેક સંખ્યામાં કેસોનો સુખદ અંત આવે તેવી પૂરેપૂરી સંભાવનાઓ સેવાઈ રહી છે.

ભુજ ઉપરાંત મહાનગર ગાંધીધામ સહિત કચ્છના તમામ તાલુકા મથકો પર આવેલ અદાલતોમાં આજે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું છે.

## છેલ્લા પાનાનું ચાલુ..

**એસએમસીનો સપાટો**

પ્રીમિયમ બિયર (કિંમત ૨૯,૨૬,૫૩૯)નો સમાવેશ થાય છે. આમ, કુલ ૨૫,૮૫૮ નંગ બિયર ટીન જપ્ત કરાયા છે, જેની કુલ કિંમત ૫૯,૭૩,૧૯૮ થાય છે. દારૂના જથ્થા ઉપરાંત, પોલીસે ૩૦ લાખની કિંમતનો ટાટા કંપનીનો ટ્રક, રોકડા ૧૬,૫૦૦ અને એક મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો છે. આ સમગ્ર કાર્યવાહીમાં કુલ ૮૯,૯૫,૧૯૮નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી છે અને આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય સાગરીતો તથા મુખ્ય બુટલેગરો સહિત કુલ ૮ લોકો સામે કડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સ્થાનીકે માલ મંગાવનારા, વેચનારા સહિતનાઓ સામે કાર્યવાહી થાય તો જ આ નેટવર્કને તોડી શકાશે.

**પશ્ચિમ કચ્છના**

નીતિના કારણે ખનીજ ચોરોને જાણે કાયદાનો કોઈ ડર જ ન રહ્યો હોય તેમ મોકળું મેદાન મળી ગયું છે. અધિકારીઓ કચેરીઓમાં બેસીને માત્ર કાગળ પરની કામગીરી બતાવે છે, જ્યારે વાસ્તવિક ધરાતલ પર પરિસ્થિતિ દિન-પ્રતિદિન વધુ વણસી રહી છે. અબડાસાના આ વિસ્તારોમાંથી ચોરી છૂપીથી કાઢવામાં આવતું કીમતી બેન્ટોનાઈટ ખનીજ કોઈ પાસ કે પરમિટ વગર મોટા મોટા ડમ્પરો અને ટ્રકો મારફતે અન્ય જિલ્લાઓમાં અને રાજ્ય બહાર પણ મોકલવામાં આવી રહ્યું છે. સ્થાનિક લોકો અને તટસ્થ વિશ્લેષકોનું માનવું છે કે જો રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ અથવા કોઈ સ્વતંત્ર એજન્સી દ્વારા આ સમગ્ર વિસ્તારમાં સઘન અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, તો આ ખનીજ ચોરી પાછળ ચાલતું કરોડો રૂપિયાનું બહુ મોટું કૌભાંડ અને તેના આકાઓ ઉજાગર થઈ શકે તેમ છે. આ કાળા કારોબારમાં સ્થાનિક સ્તરેથી લઈને ઉચ્ચ કક્ષા સુધીના ભ્રષ્ટ તત્વોની સંડોવણી હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે, જેને ડામવા માટે હવે ગાંધીનગર કક્ષાએથી સીધા અને કડક પગલાં લેવાય તે સમયની તાતી જરૂરિયાત છે.

**કચ્છના હાઇવે બન્યા**

ટ્રાન્સપોર્ટ કંપનીઓ દ્વારા ડ્રાઈવરો પાસેથી લાંબી પાળીમાં કામ લેવાતું હોવાથી તેઓ થાકની સ્થિતિમાં વાહન ચલાવે છે. ઓવરલોડિંગના કારણે બ્રેકિંગ સિસ્ટમ પણ નિષ્ફળ સાબિત થાય છે. રાત્રે રસ્તા પર ઉભેલા ટ્રકો પાછળ રિફ્લેક્ટર કે પાર્કિંગ લાઈટ ન હોવાને કારણે પાછળથી આવતા વાહનો સીધા અથડાઈ જાય છે. દવાખાનામાં કોઈનું મોત થાય તો તબીબની, શાળામાં કોઈ ઘટના બને તો સંચાલક કે શિક્ષકની, બાંધકામ સાઈટ પર બનાવ બને તો ઈજનેર કે ઠેકેદારની, એસટી બસમાં ઘટના બને તો ડ્રાઈવર - કંડકટરની જવાબદારી ફીટ થતી હોય તો માર્ગ અકસ્માતમાં મોત થવા પાછળ જે તે વિસ્તારના પોલીસના બીટ જમાદાર, આરટીઓના ઈન્સ્પેક્ટર, રસ્તા બનાવનાર એજન્સી અને મંજુરી આપનારા ઈજનેરની સાથે માર્ગ અને મકાન વિભાગના અધિકારી સામે કેમ પગલાં લેવાતા નથી. ? આવી મુહીમ શરૂ થશે તો જ અકસ્માતો અટકશે. કચ્છના રસ્તાઓ પર રોજ થતી મોતની આ ઘટનાઓને હવે માત્ર 'અકસ્માત' કહીને ભૂલી શકાય તેમ નથી. આ માનવસર્જિત કટોકટી છે. જ્યાં સુધી તંત્રની જવાબદારી નક્કી નહીં થાય, કાયદાનો કડક અમલ નહીં થાય અને નાગરિકો સ્વયં શિસ્ત નહીં અપનાવે, ત્યાં સુધી કચ્છના હાઈવે પર નિર્દોષ જિંદગીઓ હોમાતી જ રહેશે.

**રોડ સેફ્ટીની બેઠકો**

દર મહિને ભુજની કલેકટર કચેરીમાં કલેકટરના અધ્યક્ષ સ્થાને નેશનલ હાઈવે ઓથોરિટી, જીએસઆરડીસી, આરટીઓ, પોલીસ, માર્ગ અને મકાન વિભાગ, એસટી, આરોગ્ય સહિતના વિભાગોની હાજરીમાં રોડ સેફ્ટીની બેઠકો યોજાય છે. પણ આ બેઠકો માત્ર ચા - પાણી પીવા માટે યોજાતી હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે રાજયમાં સૌથી વધુ અકસ્માતો કચ્છમાં થતા હોવા છતાં સમયસરના પગલા લેવામાં આવ્યા નથી. ગ્રાઉન્ડ લેવલે કામગીરી થતી નથી. માત્ર કાગળ પર કામગીરી થયાનું ચિત્ર અને બીલ રજુ કરી દેવાતા આખરે લોકોને ભોગવવાનો વારો આવી રહ્યો છે. ખરેખર અકસ્માત અટકાવવા માટે તમામ બ્લેક સ્પોટનું તાત્કાલિક સુધારણું, હાઈવે પર સ્પીડ કેમેરા સિસ્ટમ લાગુ કરવી, ભારે વાહનો માટે અલગ લેન વ્યવસ્થા, હેલ્મેટ અને સીટબેલ્ટ નિયમોનું કડક પાલન, ટોલ પ્લાઝા પર ફરજિયાત ક્રેન અને એમ્બ્યુલન્સ, શાળાઓ અને કોલેજોમાં માર્ગ સલામતીનો અભ્યાસક્રમ, અકસ્માત બાદ ગોલ્ડન અવરમાં સારવારની સુનિશ્ચિતતા જરૂરી છે.

## આડેસર ભંગેરા ગામના પાટિયા પાસેથી ગેરકાયદેસર બંદુક સાથે એક શખ્સની અટકાયત

રાપર : આડેસર પોલીસ સ્ટેશનના આર્મ પોલીસ હેડ કોન્સ્ટેબલ ભારૂભાઈ ભુરાભાઈ વ્યાસ (બકલ નંબર-૨૨) પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન આડેસરથી રાપર જતા રોડ પર ભંગેરા ગામના પાટિયા પાસેથી આરોપી ચેતન કારાભાઈ કોલી (ઉ.વ. ૨૩, ધંધો-ખેતી, રહે. આડેસર) ને પાસ-પરવાના વગરની ગેરકાયદેસર હાથબનાવટની સિંગલ નાળવાળી બંદુક (કિં.રૂ. ૫,૦૦૦) સાથે ઝડપી પાડ્યો હતો. આરોપીએ કચ્છ-ભુજ જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરતા આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસની વધુ તપાસ એ.એસ.આઈ. રણધીરસિંહ હરીસિંહ ઝાલા અને પોલીસ ઈન્સપેક્ટર જે. બી. આચાર્ય કરી રહ્યા છે.

## અંજાર-જરૂ રેલ્વે ફાટક નજીક યુવકનું રહસ્યમય સંજોગોમાં મોત

ગાંધીધામ : અંજાર વિજયનગરમાં રહેતા ભચુભાઈ ભુરાભાઈ કોલી એ અંજાર પોલીસ મથકે જાહેર કર્યું છે કે, તેમનો ૩૦ વર્ષીય દીકરો કિશન ભચુ કોલી રાત્રે મોટરસાયકલ લઈને નીકળ્યો હતો, ત્યારબાદ અંજાર-જરૂ રોડ પર જરૂ ફાટકથી આગળ રોડ પર તેની લાશ મરણ ગયેલ હાલતમાં મળી આવી હતી અને બાઈક પણ બાજુમાં પડી હતી. સરકારી હોસ્પિટલના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ રહસ્યમય મોતના બનાવ અંગે યોગ્ય કારણ શોધવા માટે અંજાર પોલીસે અકસ્માત મોત (બીએનએસએસ કલમ ૧૯૪) હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પો.હેડ.કો. બલભદ્રસિંહ એમ. જાડેજા અને સા. પો.સબ.ઈન્સ (પી.એસ.આઈ.) સી.એસ.ગઢવી ને સોંપી છે.

## માનગઢ ગામે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૪ શખ્સો રૂ. ૧૮,૨૦૦ ના મુદ્દામાલ સાથે પકડાયા

રાપર : ગાગોદર પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ બળવંતભાઈ ડો.ઈ રાણા (બ.નં. ૩૩૩૧) એ ગઢ (માનગઢ) ગામે ખુલ્લી જગ્યામાં રેઈડ પાડી ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા આરોપીઓ (૧) જેરામ મેરાભાઈ કોલી, (૨) દયાલ પોપટભાઈ કોલી, (૩) અનિલ ભાણાભાઈ કોલી, અને (૪) રણશી તમાસીભાઈ કોલી ને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારના પટમાંથી રોકડા રૂપિયા અને રૂ. ૮,૦૦૦ ની કિંમતના ૨ નંગ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૮,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસની વધુ તપાસ પો.કો. ગીરીશભાઈ જયંતિલાલ અને એ.એસ.આઈ. રમણભાઈ શામજીભાઈ ચલાવી રહ્યા છે.

# અંજારમાં કેફી પ્રવાહી પી બાઇક ચલાવતો શખ્સ વીડી પાસે ઝડપાયો

**દારૂ પીધેલી હાલતમાં સ્પ્લેન્ડર બાઈક ચલાવતા આદિપુરના શખ્સ સામે કાર્યવાહી**

અંજાર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. અરજણભાઈ કરશનભાઈ ગઢવી (બ.નં. ૪૦૨) એ વિડી વિસ્તારમાં ચેકિંગ દરમિયાન આરોપી સંદિપ જેઠાલાલ બરોટ (ઉ.વ. ૨૫, ધંધો-ફ્લાવર, રહે. રાધાનગર, અંજાર) ને વગર પાસ-પરમીટે કેફી પ્રવાહી પીધેલી હાલતમાં જાહેરમાં પોતાની હીરો હોન્ડા મોટરસાયકલ (નંબરઃ GJ-12-DN-2387) ચલાવતા પકડી પાડ્યો હતો. આ અંગે એમ.વી.એક્ટ કલમ ૧૮૫ અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પો.હેડ.કો. બલભદ્રસિંહ એમ. જાડેજા અને એ.એસ.આઈ. ભરતભાઈ વાલાભાઈ પઢાર ચલાવી રહ્યા છે.

અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ હરૂભા ઝાલા (બ.નં. ૧૧૨૨) એ વીડી ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે વીડી ગામ ખાતેથી આરોપી રામ કલ્યાણભાઈ ગઢવી (ઉ.વ. ૩૪, રહે. મણીનગર, આદિપુર-કચ્છ) ને કેફી પીણું પીધેલી હાલતમાં ગેરકાયદેસર રીતે પોતાની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ (નંબરઃ GJ-12-AQ-1857) ચલાવતા ઝડપી પાડ્યો હતો. આ મામલે એમ.વી.એક્ટ અને પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ પો.હેડ.કો. બલભદ્રસિંહ એમ. જાડેજા અને પો.હેડ.કો. રાજેન્દ્રસિંહ હરૂભા ઝાલા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## અજરના નાગલપર મોટી ગામમાંથી ૨૫ વર્ષીય યુવતી અચાનક ગુમ

ગાંધીધામ : નાગલપર મોટી ગામની આકાર કોલોનીમાં રહેતા લતિક હુસેન હાટી એ અંજાર પોલીસ સ્ટેશનમાં ગુમનોંધ કરાવી છે કે તેમની ૨૫ વર્ષીય દીકરી સાના લતીફ મિયાણા અંજાર ખાતે સામાન લેવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ પરત ફરી નથી. ૫.૨ ફૂટ ઊંચાઈ, પાતળો બાંધો અને બાંધણીવાળો પંજાબી ડ્રેસ પહેરેલી સાના સગા-સંબંધીઓમાં શોધવા છતાં ન મળી આવતા આખરે ગુમનોંધ દાખલ કરવામાં આવી છે. આ મામલે આગળની શોધખોળ અને તપાસ એ.એસ.આઈ. જયેશભાઈ ખેંગરભાઈ પરમાર અને એ.એસ.આઈ. પ્રહલાદસિંહ મેદુંભા ચુડાસમા કરી રહ્યા છે.

## જવાહરનગર પુલ પાસે રોંગ સાઇડમાં બાઇક હંકારતો શખ્સ પોલીસ પકડમાં

ગાંધીધામ : જાહેર માર્ગો પર સ્ટંટબાજી અને રોંગ સાઈડમાં વાહન ચલાવી અન્ય લોકોના જીવ જોખમમાં મૂકતા તત્વો સામે પૂર્વ કચ્છ પોલીસે લાલ આંખ કરી છે. ભચાઉથી ગાંધીધામ તરફ જતા નેશનલ હાઈવે પર જવાહરનગર પુલ પાસે ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસની ટીમે પેટ્રોલીંગ દરમિયાન એક બાઈક સવારને ઝડપી પાડ્યો હતો. પોલીસ કોન્સ્ટેબલ જયેશભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી શિવલાલ કેશારામ જાટ (ઉ.વ. ૨૩, રહે. મૂળ બાડમેર, રાજસ્થાન) પોતાની મોટરસાયકલ નંબર GJ-12-CH-7532 લઈને હાઈવે પર ભયજનક રીતે રોંગ સાઈડમાં ચલાવી રહ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી બીએનએસ કલમ ૨૮૧ તથા એમ.વી. એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# ભચાઉના કંથકોટ ગામની ગૌશાળામાં ઘાસચારાની ભારે અછત

## વાગડ વિકાસ સંઘ દ્વારા તાકીદે સરકારી સહાયની માંગ કરાઈ



ભચાઉ - કચ્છઉદય :ભચાઉ તાલુકાના કંથકોટ ગામની સીમમાં વાગડ વિકાસ સંઘ સંચાલિત રામ કૃષ્ણ મહાવિર ગૌશાળામાં પશુઓ માટે સુકા ઘાસચારાની ગંભીર કટોકટી સર્જાઈ છે. ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાને કારણે ઊભી થયેલી વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંસ્થાના મંત્રી મહેશ એન. શાહ દ્વારા ભચાઉના પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરીને તાકીદે સરકારી સહાય અને સબસિડી ફાળવવાની માંગ કરવામાં આવી છે.ગૌશાળામાં હાલની સ્થિતિએ રસ્તે રઝળતા, બિનવારસી અને નધણીયાતા પશુઓ આશ્રય લઈ રહ્યા છે, જેમાં આશરે ૧૪૦૦ જેટલા આખલાઓ અને ૫૫૦ જેટલી ગાયો તેમજ વાછરડાંઓ મળી કુલ ૧૯૦૦ જેટલા ગૌવંશનો નિભાવ કરવામાં આવી રહ્યો છે. આ તમામ પશુઓની સારસંભાળ અને સુખદ લાલન-પાલન સંસ્થા દ્વારા પ્રેમપૂર્વક કરવામાં આવે છે. પરંતુ પૂરતા વરસાદના અભાવે ઘાસચારો મેળવવો મુશ્કેલ બન્યો છે. ગૌશાળાના જણાવ્યા અનુસાર હાલમાં એક પશુ દીઠ દૈનિક ૧૦ કિલો સુકા ઘાસની જરૂરિયાત રહે છે, જે મુજબ સમગ્ર ગૌવંશ માટે રોજનું આશરે ૧૯,૦૦૦ કિલો ઘાસ જરૂરી છે. આથી સંસ્થાએ વહીવટી તંત્ર પાસે વરસાદ ન આવે ત્યાં સુધી આગામી ૧૦ દિવસ સુધી ચાલે તેટલો તાત્કાલિક ઘાસચારો પૂરો પાડવા અથવા પશુ દીઠ દૈનિક ધોરણે ૧૦ કિલો લેખે ઘાસની ફાળવણી કરવા વિનંતી કરી છે.

# શ્રી કચ્છ મચ્છોયા માધ્યમિક શાળા આદિપુરની વિદ્યાર્થિનીઓનું રમતોત્સવમાં તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ટ પરિણામ



ગાંધીધામ : સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત , ગાંધીનગર દ્વારા આયોજિત શાળાકીય રમતોત્સવમાં શ્રી કચ્છ મચ્છોયા આહિર સમાજ સંચાલિત માધ્યમિક શાળાની દીકરીઓ રમતગમત સ્પર્ધામાં તાલુકાકક્ષાએ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કર્યું.

U-૧૯ કબડ્ડી અને ખોખોમાં પ્રથમ સ્થાન,U-૧૪ ખોખોમાં દ્વિતીય સ્થાન અને એથ્લેટિક્સ સ્પર્ધામાં વિવિધ કેટેગરી માં કુલ ૨૧ વિદ્યાર્થિની ઓ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ટીમને માર્ગદર્શન શાળાના સ્પોર્ટ્સ શિક્ષક નીતાબેન પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. દીકરીઓના પ્રશંસનીય કાર્ય બદલ વિજેતા ટીમને શાળાના પ્રમુખ કિરણભાઈ ખટારીયા, મંત્રી ઘેલાભાઈ વરચંદ, આચાર્ય આકાશીબેન પટેલ અને સમગ્ર સ્ટાફગણ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ગાંધીધામની સરદાર વલ્લભભાઈ પટેલ સ્કૂલ ખાતે આર્ટ ઓફ લિવિંગ દ્વારા મેધા યોગ કાર્યક્રમ યોજાયો




ગાંધીધામ : ગાંધીધામ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ સ્કૂલ ખાતે ૧૩ વર્ષથી વધુ ઉંમરના વિદ્યાર્થીઓ માટે આર્ટ ઓફ લિવિંગ દ્વારા મેધા યોગ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં એકાગ્રતા, આત્મવિશ્વાસ, માનસિક શાંતિ, યાદશક્તિ, સર્જનાત્મકતા તથા અભ્યાસ પ્રત્યે વધુ રસ વિકસે અને તેઓ તણાવમુક્ત તથા આનંદમય જીવન જીવી શકે તે હતો.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને આર્ટ ઓફ લિવિંગની પ્રસિદ્ધ સુદર્શન ક્રિયા, વિવિધ પ્રકારના પ્રાણાયામ, ધ્યાન (મેડિટેશન), યોગ તેમજ આનંદદાયક પ્રવૃત્તિઓનો અનુભવ કરાવવામાં આવ્યો હતો. સાથે જ દૈનિક જીવનમાં સરળતાથી કરી શકાય તેવી શ્વાસની પદ્ધતિઓ અને પ્રાણાયામ શીખવવામાં આવ્યા, જે વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન વધુ એકાગ્રતા, શાંતિ અને સકારાત્મકતા જાળવવામાં મદદરૂપ બને છે.આ પ્રસંગે આર્ટ ઓફ લિવિંગના ઈન્ટ્યુશન પ્રોસેસ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. ટ્રેનર હેતવી ભદ્રા દ્વારા ઈન્ટ્યુશન પ્રોસેસનું જીવંત (લાઈવ) ડેમો રજૂ કરવામાં આવ્યું હતું. ઈન્ટ્યુશન પ્રોસેસ બાળકોમાં રહેલી આંતરિક ક્ષમતા, સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, એકાગ્રતા અને હકારાત્મક વિચારોના વિકાસ માટે રચાયેલ વિશિષ્ટ કાર્યક્રમ છે. આજના ડિજિટલ યુગમાં વધતા સ્ક્રીન ટાઈમ વચ્ચે બાળકોમાં રચનાત્મકતા, આંતરિક જાગૃતિ અને જીવનમૂલ્યોનો વિકાસ થાય તે માટે આવા કાર્યક્રમો અત્યંત ઉપયોગી બની રહ્યા છે.આ સમગ્ર કાર્યક્રમને સ્કૂલના પ્રિન્સિપલ શ્રી અશોકભાઈ બલસારા તેમજ તમામ શિક્ષકગણનો ઉત્સાહભર્યો સહયોગ મળ્યો હતો. કાર્યક્રમનું માર્ગદર્શન નરેન્દ્ર કચ્છી, અક્ષય કચ્છી અને પૂજા કચ્છી દ્વારા આપવામાં આવ્યું હતું. ધોરણ ૯માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ જીવનમાં એક નવી અને સકારાત્મક શરૂઆત સમાન બન્યો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમનો લાભ લીધો. પ્રિન્સિપાલ શ્રી અશોકભાઈ બલસારાએ જણાવ્યું હતું કે, ૨૧ જૂન – આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમ દરમિયાન લેવાયેલા સંકલ્પ મુજબ શાળામાં દરરોજ ઓછામાં ઓછા પાંચ મિનિટ વિદ્યાર્થીઓને ધ્યાન કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શરૂ કરાયેલું આ પગલું ખૂબ જ પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે.અંતમાં પ્રિન્સિપાલ શ્રી અશોકભાઈ બલસારાએ પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિ શંકરજી, આર્ટ ઓફ લિવિંગ સંસ્થા તથા કાર્યક્રમના તમામ શિક્ષકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 1 | | | 9 | 7 | 4 | | | 2 |
| 4 | 8 | | 1 | | 3 | | 5 | 7 |
| | | 4 | | 3 | | 7 | | |
| 6 | 2 | | | | | | 1 | 5 |
| | | 1 | | 9 | | 2 | | |
| 5 | 9 | | 3 | | 8 | | 7 | 1 |
| 2 | | | 7 | 1 | 5 | | | 8 |
| | | | | | | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 5 | 8 | 7 | 6 | 1 | 2 |
| 5 | 7 | 6 | 1 | 3 | 2 | 4 | 8 | 9 |
| 2 | 1 | 8 | 6 | 4 | 9 | 7 | 5 | 3 |
| 1 | 8 | 4 | 2 | 9 | 3 | 5 | 6 | 7 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 8 | 2 | 1 |
| 7 | 5 | 2 | 8 | 1 | 6 | 9 | 3 | 4 |
| 4 | 2 | 7 | 3 | 6 | 8 | 1 | 9 | 5 |
| 6 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 7 | 8 |
| 8 | 9 | 5 | 7 | 2 | 1 | 3 | 4 | 6 |

# અવસાન નોંધ

**અંજાર** : હાલે અમદાવાદ મારૂ કંસારા સોની જ્ઞાતિ પ્રવીણાબેન રમેશભાઈ પરમાર (ઉ.વ. ૭૬) તે કાશીબેન મથુરદાસ પરમારના પુત્રવધૂ, સ્વ. કંકુબેન દામજીભાઈ પોમલ (નથુભાઈ)ના પુત્રી, સ્વ. ગોદાવરીબેન લક્ષ્મણદાસ બુદ્ધ, સ્વ. પ્રભાબેન ભાઈલાલ પરમાર, સ્વ. હીરાલાલભાઈ, સ્વ. ભૂપેન્દ્રભાઈ, મહેન્દ્રભાઈ, સતીશભાઈ, દિલિપભાઈના બહેન, સ્વ. વિજયાબેન, ગં.સ્વ. સરોજબેન, મીનાબેન, કોકિલાબેન, સ્વ. ગીતાબેનના નણંદ, દર્શન, મિતાલીના માતા, વિહાનના દાદી, રૂપલના સાસુ, સ્વ. બિપિનભાઈ બુદ્ધ, મોહનભાઈ તથા જ્યોતિના માસી, અમિત, નીરજ (નીતુ), બિરજુ, નિરૂપ, સિમિત, નીરવ, અનિષા, દેવીના, ફોરમ, મીરા, નિરાલીના ફઈ તા. ૭-૭-૨૦૨૬ના અમદાવાદ ખાતે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા પિયર પક્ષની તા. ૧૧-૭-૨૦૨૬ના સાંજે ૫થી ૬ મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજવાડી, ગંગા નાકા, અંજાર ખાતે.

**ભુજ** : અમીનાબાઈ (ઉર્ફે હગુબાઈ) (ઉ.વ. ૭૨) તે મ. અનવરખાન પઠાણના પત્ની, મ. કાસમ પઠાણ, મ. જુસબ પઠાણના ભાભી, પઠાણ હબીબખાન, પઠાણ મોહસીનખાન, પઠાણ મુસ્તાકખાન (મસિરા કલેક્શન)ના માતા, ટાંક મોહમ્મદ શરીફ, સુમરા મોહમ્મદ સિદ્દીકના સાસુ, મ. અનસ, ફઝલ, સાહિબ, ઈરફાન, સુલ્તાન, રિઝવાનના દાદી, ટાંક સોહિલ, ટાંક સરફરાજ, શહીદના નાની, ઉમરભાઈ સમાના માસી તા. ૯-૭ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૨-૭ના રવિવારે સવારે ૧૦થી ૧૧ ભાઈઓ માટે અલહુદા મસ્જિદ, સંજોગનગર ખાતે અને બહેનો માટે નિવાસસ્થાન રાહુલનગરમાં.

**માંડવી** : હાલે મુંબઈ (થાણા) કચ્છી બ્રહ્મક્ષત્રિય મનસુખલાલ પ્રભુદાસ દાંધડા (ખન્ના) (ઉ.વ. ૮૧) તે સ્વ. પાર્વતીબેન પ્રભુદાસ દાંધડાના પુત્ર, રસીલાબેનના પતિ, મટુબેન જેઠાલાલ ટાટારિયાના જમાઈ, રવિલાલ, ચંદ્રકાંત, પ્રદીપ, કિરીટ, સ્વ. મંજુલાબેન મોહનલાલ, લીલાવંતીબેન રતિલાલ, સુશીલાબેન શાંતિલાલ, મેનાબેન ગિરીશ, વનિતાબેન પ્રફુલ્લ, ભારતીબેન (ટકુ) નરેશના ભાઈ, અરૂણા, નયના, લીના, ક્રિષ્નાના જેઠ, રીટા, સ્વ. જુલી, પ્રીતિ, નયન, ડોલીના પિતા, રાજેશ, દિલીપ, વિજય, નીનાના સસરા, સૃષ્ટિ, તેજસ, રીતિશ, નંદિની, જિગર, મોક્ષ, પાર્થ, વીરના નાના, ગરિમા, મિરલના દાદા તા. ૬-૭ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૭ના શનિવાર સાંજે ૪:૩૦થી ૫ માણેક હોલ, રંગચુલી, માંડવી ખાતે.

**માંડવી** : ખારવા નવીન ચાંપશી રાઠોડ (ઉ.વ. ૬૪) તે સ્વ. રાધાબેન તથા સ્વ. ચાંપશી કેશવજી રાઠોડના પુત્ર, શારદાબેનના પતિ, કપિલ, નિમિતના પિતા, જાનવીબેનના સસરા, યુવિનના દાદા, ઝવેરબેન, સાવિત્રીબેન, સ્વ. હરિલાલ, સ્વ. રમેશભાઈ, કમલાબેનના ભાઈ, કસ્તૂરબેન, ભારતીબેનના દિયર, ભાનુબેન તથા કાનજીભાઈ લીલાધર ધાયાણીના જમાઈ, સ્વ. કમલેશ, નીલેશ, પરમેશ્વરના બનેવી, હિરેન, હેતલ, સ્વ. વિમલ, રોશની, ભવ્યતાના કાકા તા. ૯-૭ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા ભાઈઓ તથા બહેનો સાથે તા. ૧૧-૭ના સાંજે ૫થી ૬ રામેશ્વર વાડી, માંડવી ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય

કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

**અવસાન નોંધ** માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.

સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ

**શિરવા (તા. માંડવી)** : શીરૂ આદમ ઈબ્રાહિમ (ઉ.વ. ૫૪) તે મ. હાજી કાસમના ભાઈ, ઈબ્રાહિમ, સોહિલના પિતા, હાજી જુસબ, મામદ મુસાના ભાઈ, મામદ આમદ (મેરાઉ)ના સાળા, અબ્દુલ જકરિયાના કાકા તા. ૧૦-૭ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૨-૭ના રવિવારે સવારે ૧૧થી ૧૨ મુસ્લિમ સમાજવાડી, શિરવા ખાતે.

**વાડાપદ્ધર (તા. અબડાસા)** : રઘુવીરસિંહ વેલુભા જાડેજા (ઉ.વ. ૭૭) તે જગતસિંહ (અમદાવાદ)ના પિતા, સ્વ.ટપુભા, સ્વ.માધુભા, સ્વ.ભગવતસિંહ, રાહુભા, સ્વ. કનુભા, લાખુભાનાં નાના ભાઈ, સ્વ. ભરતસિંહ, કિરીટસિંહ, સ્વ. વનરાજસિંહ, સ્વ. જયવીરસિંહ, મોહનસિંહ, દિલીપસિંહ, સ્વ.જદુવીરસિંહ, સ્વ. નરેન્દ્રસિંહ, સ્વ. સજુભા, પ્રવિણસિંહ, સુરેન્દ્રસિંહ, કુલદીપસિંહના કાકા. નરવીરસિંહ, જયેન્દ્રસિંહ, ગજેન્દ્રસિંહ, ભગીરથસિંહ (કેનેડા), જયદીપસિંહ (ભુજ), વિશ્વરાજસિંહ, ઈશ્વરસિંહ (પીએસઆઈ), મયુરસિંહ, જયપાલસિંહ (સરપંચ), કુલદીપસિંહ, સંદીપસિંહ, પાર્થરાજસિંહ, કરણસિંહ, અજયસિંહ, રવિન્દ્રસિંહના દાદા તા. ૯-૭-૨૦૨૬ના અવસાન પામ્યસાછે. બેસણું જૂના બંગલે, વાડાપદ્ધર ખાતે.

**મોટી સુડધ્રો (તા. અબડાસા)** : ચવાણ આમદ નૂરમોહમદ (ઉ.વ. ૬૬) તે રમઝાન (ગોવાળ), કાસમ (ભિટારા)ના ભાઈ, ઈશાક, સિધિક, ફકીર મોહમદના પિતા, ભટી અબદ્રેમાન ઈબ્રાહિમ (માંડવી)ના બનેવી, ભટી મોહમદ ઈબ્રાહિમ, મ. ઉમર ઈબ્રાહિમના બનેવી, ચવાણ ઈસ્માઈલ ઈભલા, કાતિયાર જુમા મોહમદના સાળા તા. ૧૦-૭ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૨-૭ના રવિવારે સવારે ૧૦:૩૦ વાગ્યે જામા મસ્જિદ કંપાઉન્ડ ખાતે.

# ગાંધીધામ ખાતે ચાતુર્માસ પ્રવેશ યોજાશે

## કચ્છ વાગડ જૈન સમાજ ઉપસ્થીત રહેશે



ગાંધીધામ-કચ્છઉદય : જ્યારે વર્ષાઋતુ આવી ગઈ છે ત્યારે જૈન સાધુ ભગવંતોના પરમ પૂજ્ય સાધ્વીજીઓના સાધ્વીજીઓના પવિત્ર ચાતુર્માસ પ્રવેશના કાર્યક્રમ પણ જાહેર થઈ રહ્યા છે. પરમ પૂજ્ય પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.સા. પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિ દર્શન સૂરીશ્વરજી મ.સા. આદી ઠાણા-૫ વયોવૃદ્ધ પ.પૂ. સાધ્વી શ્રી ચિત્રગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા -૧૩ પ.પૂ. સાધ્વી શ્રી ભક્તિપૂર્ણા શ્રીજી મ.સા. આદી ઠાણા -૩ શ્રમણ શ્રમણી વૃંદનો સ્વર્ણિમ ચાતુર્માસ પ્રવેશ કાર્યક્રમ ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર (પ્લોટ નં. ૩૬૨/ વોર્ડ ૧૨ બી, ઝુલેલાલ મંદિર પાસે, ) મધ્યે બારમી જુલાઈ રવિવારે ઉજવાશે ચાતુર્માસ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપતાં શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિ સંઘ ગાંધીધામ દ્વારા જણાવાયુ છે કે સવારે ૮:૦૦ વાગે જૈન મહાજન વાડીમાં સકળ શ્રી સંઘની નવકારશી યોજાશે, સવારે ૮:૩૦ વાગે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયથી પરમ પૂજ્ય ગુરુદેવનુ સામૈયું કરવાનો કાર્યક્રમ પ્રારંભ તથા ઝુલેલાલ મંદિર હોલ મધ્યે માંગલિક પ્રવચન આદિ પ્રવેશ કાર્યક્રમ યોજાશે.સવારે ૧૨:૦૦ વાગે શ્રી આયંબિલ ભવનમાં - ચિંતામણી ચોકમાં સામુહિક આયંબિલ તપ યોજાશે. સવારે ૧૨:૩૦ વાગે શ્રી સ્વામિ વાત્સલ્ય જમણ - જૈન મહાજન વાડીમાં યોજાશે બહારગામથી પધારેલા મહેમાનો માટે ત્રણેય ટાઈમની સ્વામિભક્તિનુ પણ આયોજન કરવામાં આવ્યું છે.આ સમગ્ર કાર્યક્રમની વધુ વિગતો માટે સર્વશ્રી મુલચંદભાઈ વોરા મોબાઈલ નંબર ૯૮૨૫૨૪૧૫૬૧,જીતેન્દ્ર છેડા મોબાઈલ નંબર : ૯૪૨૬૯૫૬૨૧૨ તથા હરેશભાઈ : મોબાઈલ નંબર ૮૧૪૧૨૩૨૫૧૬ પર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે

# ગાંધીધામના કાર્ગો ઝૂંપડા પાસે છરી સાથે ફરતો શખ્સ પકડાયો

ગાંધીધામ : ગાંધીધામ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ હિરેનકુમાર માવજીભાઈ મહેશ્વરી એ બાપાસીતારામનગર કાર્ગો ઝૂંપડા પાસે સર્વિસ રોડ પરથી આરોપી લક્ષમણ ક્રિષ્ન ચૌધરી (ઉ.વ. ૩૯, રહે. કાર્ગો યાદવનગર ઝૂંપડા, ગાંધીધામ) ને પોતાની ભેટમાં રૂ. ૫૦ ની સ્ટીલની છરી રાખી ફરતા પકડી પાડ્યો હતો. આરોપીએ જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યો હોઈ, તેની સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ યુ.એચ.સી. કુષ્ણસિંહ એન. વાઘેલા અને એ.એસ.આઈ. કિશોરસિંહ એન. જાડેજા એ હાથ ધરી છે.બીજીતરફ કોન્સ્ટેબલ નીતીનકુમાર દુદાભાઈ વરચંદ (બ.નં. ૧૪૦૫) એ જૂની સુંદરપુરી પાણીના ટાંકા પાસે રોડ પરથી આરોપી શિવકુમાર ઉમાશંકર ભગત (ઉ.વ. ૪૨, રહે. જૂની સુંદરપુરી ધોબીઘાટ, ગાંધીધામ) ને પોતાના કબ્જામાં કવર સહિતની છરી (કિં.રૂ. ૫૦) રાખી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરતા ઝડપી પાડ્યો હતો.

# રોટરી ક્લબ ઓફ ગાંધીધામ ટ્રસ્ટની નવી કારોબારીની વરણી



ગાંધીધામ - કચ્છઉદય : રોટરી ભવન, ગાંધીધામ સ્થિત રોટરી કોન્ફરન્સ હોલ ખાતે તા. ૯ જુલાઈના યોજાયેલી રોટરી ક્લબ ઓફ ગાંધીધામ ટ્રસ્ટની બેઠકમાં ટ્રસ્ટની નવી કારોબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. નવી કારોબારીમાં પ્રમુખ તરીકે બાબુભાઈ હુંબલ, ઉપપ્રમુખ અશ્વિનભાઈ જૈન, મંત્રી તરીકે રાજારામ રાઠી, ખજાનચી તરીકે નંદલાલ ગોયલ તથા સંયુક્ત મંત્રી તરીકે રોટેરિયન રવિન મડૈયારની નિમણૂક કરવામાં આવી છે. નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવતા સભ્યોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવી ટીમ રોટરીના સ્વથી ઉપર સેવાના આદર્શને વધુ સશક્ત બનાવશે અને ગાંધીધામ વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, સામાજિક કલ્યાણ તથા માનવસેવાના વિવિધ પ્રકલ્પોને વધુ ગતિ અને વ્યાપ આપશે. બેઠકના અંતે તમામ નવનિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને તેમના સફળ, પ્રેરણાદાયી તથા સેવાભાવી કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

# કચ્છ કચ્છનોંધ

**કચ્છી નવાવર્ષ પ્રસંગે નિબંધ સ્પર્ધા**

● ભુજના હાટકેશ અંબિકા મહિલા મંડળ દ્વારા કચ્છી નવા વર્ષ પ્રસંગે અષાઢી બીજ વિષે ૧૫૦ શબ્દોમાં સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં નિબંધ સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં ભાગ લેનારે જયશ્રીબેન હાથી અથવા સંસ્કૃત પાઠશાળા ખાતે સાંજના ૬:૩૦થી ૭:૩૦ દરમિયાન નોંધાવી જવા સંસ્થાની યાદીમાં જણાવ્યું છે.

**ગાંધી નેત્રાલય દ્વારા નિઃશુલ્ક નેત્ર યજ્ઞ**

●તારીખ ૧૬/૦૭/૨૦૨૬ ગુરુવાર અષાઢી બીજ ના પવિત્ર દિવસે આંખોની તમામ તકલીફો ની તપાસ નિઃશુલ્ક કરવા માં આવશે સ્થળ: ૧. ગંગા નાકા , પૂર્ણા નર્સિંગ હોમ ની નીચે, બાલાજી મેડિકલ ની બાજુ માં, ગાંધી નેત્રાલય, અંજાર ૨. પ્લોટ ૫૨, સેક્ટર ૧, લાયન્સ ક્લબ ની પાછળ,ગાંધી નેત્રાલય, ગાંધીધામ સમય: સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮ ડૉ. અન્વય ગાંધી સ્જી(આંખના સર્જન), ડૉ. સ્મૃતિ ગાંધી સ્જી (આંખના સર્જન)

**કચ્છી નવાવર્ષે સ્નેહ મિલન**

● નવા વર્ષ નિમિત્તે ભુજમાં સંસ્કૃત, હિન્દી ગીતાજી કેન્દ્ર તેમજ હાટકેશ્વર મંડળ અને અંબિકા મહિલા મંડળ દ્વારા પાઠશાળા ખાતે તા.૧૫-૭ના અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ છે જેમાં સર્વ હોદ્દેદારો, સભ્યો, કાર્યકરો એ સાંજના સાત વાગે ઉપસ્થિત રહેવું તેવું જયશ્રીબેન હાથીની યાદીમાં જણાવ્યું છે.

# ભુજના કથિત સેવાભાવીનું નવું તૂત : વિદેશી બોગસ ડિગ્રી લાવી 'ડોક્ટર' બન્યો

**કચ્છ યુનિ.ના ડીનના હસ્તે સન્માન લેતો ફોટો વાયરલ કરી મોટો ખેલ પાડ્યો : સેવાના નામે દાન ઉઘરાવતા શખ્સે હવે સોશિયલ મીડિયામાં 'પીએચડી'નો સ્વાંગ રચ્યો : શિક્ષણ જગતમાં ખળભળાટ : લોકોની ''આસ્થા'' સાથે પરેશની અવરચંડાઈ.... કહેવત છે... તે સાબીત થઈ રહી છે....**

ભુજ : ભુજમાં રહેતા અને અગાઉ સેવાના નામે લોકો પાસેથી દાન ઉઘરાવતા એક શખ્સનું નવું કૌભાંડ સામે આવ્યું છે. આ શખ્સે અમેરિકાની એક શંકાસ્પદ યુનિવર્સિટીની બોગસ ડીગ્રી મેળવીને પોતે પીએચડી કર્યું હોવાનો અને 'ડોક્ટર' બની ગયો હોવાનો આભાસ ઊભો કર્યો છે. એટલું જ નહીં, લોકોમાં આ ડીગ્રી સાચી છે તેવો ભ્રમ ઊભો કરવા તેણે કચ્છ યુનિવર્સિટીના એક વિભાગના ડીનનો પણ ચતુરાઈપૂર્વક ઉપયોગ કર્યો હોવાનું સપાટી પર આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ વ્યક્તિ અગાઉ માંડવી પંથકમાં આવેલી એક હોસ્પિટલ સાથે જોડાયેલો હતો. ત્યાં તે પોતે બહુ મોટી સેવાકીય પ્રવૃત્તિઓ કરતો હોવાનો દેખાવ કરતો હતો. સમાજના અલગ-અલગ દાતાઓ પાસેથી સેવાના નામે ફંડ ઉઘરાવીને તેણે પોતાનો જ સ્વાર્થ સાધ્યો હોવાની ચર્ચાઓ છે. દાનના નામે લોકોની લાગણીઓ સાથે રમત રમનારા આ શખ્સે હવે સમાજમાં પોતાનો રૂઆબ વધારવા નવો કીમિયો અજમાવ્યો છે. હાલમાં આ શખ્સે સોશિયલ મીડિયા પર એક વિદેશી યુનિવર્સિટીના નામવાળું સર્ટિફિકેટ વાયરલ કર્યું છે. વાસ્તવમાં આ સર્ટિફિકેટમાં સ્પષ્ટપણે 'ઓનરિસ કોઝા' એટલે કે માત્ર 'માનદ સન્માન' લખેલું છે. આવી ડિગ્રીઓ મોટેભાગે અમુક રકમ ચૂકવીને મેળવવામાં આવતી હોય છે, જેની શૈક્ષણિક જગતમાં કોઈ જ કિંમત હોતી નથી. આમ છતાં, આ કથિત સેવાભાવી શખ્સ પોતે અસલી પીએચડી કર્યું હોય તેવો વટ મારીને પોતાના નામના આગળ 'ડોક્ટર' લગાવી રહ્યો છે. આ કૌભાંડમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આ શખ્સે પોતાની આ કહેવાતી ડિગ્રીને વજનદાર સાબિત કરવા માટે કચ્છ યુનિવર્સિટીના એક વિભાગના ડીનનો ઉપયોગ કર્યો છે. આ કથિત 'ડોક્ટર'એ સોશિયલ મીડિયા પર એક ફોટો વાયરલ કર્યો છે, જેમાં કચ્છ યુનિવર્સિટીના જવાબદાર ડીન તેને આ ડિગ્રી એનાયત કરતા નજરે પડે છે. આ ઘટનાથી શિક્ષણ જગતમાં ભારે આશ્ચર્ય સર્જાયું છે અને અનેક સવાલો ઊભા થયા છે કે, શું યુનિવર્સિટીના ડીન આ વિદેશી બોગસ ડિગ્રીની વાસ્તવિકતા અને 'માનદ સન્માન' ના કાયદાકીય પાસાઓથી અજાણ હતા ? કે પછી શેહશરમમાં આવીને તેમણે આ લેભાગુ શખ્સના તરકટમાં સાથ આપ્યો ? સમાજના જાગૃત નાગરિકોમાં એવી ચર્ચા ઊઠી છે કે, અગાઉ સેવાના નામે લોકોનું આર્થિક શોષણ કરનાર આ તત્વ હવે બોગસ ડિગ્રીઓ અને સ્થાનિક શિક્ષણવિદોના ખભાનો ઉપયોગ કરીને પોતાની નવી દુકાન ચલાવવા નીકળ્યો છે. લોકોએ આવા બનાવટી ડોક્ટરો અને સસ્તી પ્રસિદ્ધિ મેળવવા હવાતિયાં મારતા કથિત સેવાભાવીથી સાવચેત રહેવાની સખત જરૂર છે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન બેરાજાના ભાનુમતી ખીમજી ફતેચંદ વીરા (ઉં. વ. ૯૪) તા ૮-૭ના અવસાન પામેલ છે. ગંગાબાઈ ફતેચંદ દેરાજ વીરાના પુત્રવધૂ. પુનડીના ગોમીબાઈ ઠાકરશી સંગોઈના પુત્રી. સ્વ. ખીમજીભાઈના પત્ની. હરખચંદ, રમેશ, ભારતી, સરોજ, પુષ્પાના માતા. પુનડીના મોરારજી, હીરજી, રવિલાલ, ખેતબાઈ કરમશી, નાની તુંબડીના કસ્તુરબેન છગનલાલના બેન. પ્રાર્થના : યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા. ૪.

બારોઈના ધીરજલાલ પ્રેમજી કેનીયા (ઉં. વ. ૭૯) તા. ૯-૭ના અવસાન પામેલ છે. મણીબેન પ્રેમજીના પુત્ર. ભારતીના પતિ. પારસ, સિમિતાના પિતા. પ્રફુલ, જયવંતી, અમૃત, રશ્મીના ભાઈ. હિરબાઈ ગાંગજીના જમાઈ. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રા. શ્રી લખમશી નપ્પુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા (ઈ) ટા . ૪ થી ૫:૩૦.

દેવપુરના વેલબાઈ મંજુલા ગોસર (ઉં. વ. ૮૪) અવસાન પામેલ છે. કુંવરબાઈ / લક્ષ્મીબેન ગાંગજી માવજીના પુત્રવધૂ. ઠાકરશીના પત્ની. કોટડા રોહા ધનબાઈ તલકશી મુરજીના દોહીત્રવધુ, ગીતા, ઉર્વશી પૂર્ણીમા, ભારતી, પ્રિતી, જખેશ, કલ્પેશના માતી. ડેમીબાઈ નેણશીના પુત્રી, હીરજી, મોથારા કસ્તુર પ્રવિણના બેન. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રાર્થનાસ્થળ શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ ૧ લે માળે - (દાદર વે) સમય ૪થી ૫.૩૦.

# રત્નકણિકા

**લગ્ન એ પવિત્ર આત્માઓનું બંધન છે.- પ. પૂ. શ્રી રામશર્માજી**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. મોહરમ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, નિજ જ્યેષ્ઠ વદ-૧૨ યોગીની એકાદશી (ભાગવત-વૈષ્ણવ) તા.૧૧ જુલાઈ ૨૦૨૬, શનિવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૨૫, કૃતિકા નક્ષત્ર, ગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૧૩, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ બપોરે ૧૧:૦૩ ક. થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : મિલન-મુલાકાતમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.

**વૃષભ** : ધાર્યા કાર્યમાં વિઘ્ન ઉદ્ભવે. મુસાફરી ટાળવી હિતાવહ.

**મિથુન** : રોકાયેલા નાણાં છૂટા થાય. કૌટુંબિક મતભેદ દૂર થાય.

**કર્ક** : તબિયત નરમ-ગરમ રહે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.

**સિંહ** : અગત્યની મુલાકાતથી લાભ થાય. મનમાં પ્રફુલિતતા રહે.

**કન્યા** : અણધાર્યો લાભ થાય. કાર્યબોજ હળવો બને.

**તુલા** : ગુંચવાયેલા પ્રશ્નોનો ઉકેલ આવે. મહેનત પછી કાર્યમાં સફળતા મળે.

**વૃશ્ચિક** : સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય. ગૃહવિવાદ.

**ધન** : અંગત મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ વિતે.

**મકર** : પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. ભાગ્ય ફળે.

**કુંભ** : નાણાંભીડ દૂર થાય. અટકેલા કાર્યો આગળ ધપે.

**મીન** : આકસ્મીક લાભ મળે. યશ, માન, કીર્તિમાં વધારો થાય.

# ચલણી નોટોની ઠગાઈમાં ભુજના શખ્સ સહિત ત્રણ આરોપી દબોચાયા

**વીજાપુરમાં નવી ચલણી નોટોના બદલામાં બે ગણી કિંમતની નોટો આપવાની લાલચ આપીને ૧૧ લાખની કરાઈ હતી છેતરપિંડી : ૪ લાખની રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત**



ભુજ - કચ્છઉદય : ભુજના નામચીન ચિટરો પર કાર્યવાહી કરવામાં સ્થાનીક પોલીસ નબળી પુરવાર થઈ છે, જેના કારણે આ ચિટરો હવે પોતાનો વ્યાપ વધારી રહ્યા છે. તેવામાં ઉત્તર ગુજરાતના વીજાપુરમાં એક કા ડબલના નામે ઠગાઈ કરવામાં આવી હતી. જેમાં ભુજના શખ્સની સંડોવણી સામે આવી હતી. નવી ચલણી નોટોના બદલામાં બે ગણી નોટો આપવાની લાલચ આપી ૧૧ લાખની છેતરપિંડી આચરનાર ત્રણ આરોપીઓને વિજાપુર પોલીસે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ આરોપીઓએ ફરિયાદી અને તેમના સાથીદારોને ભારતીય ચલણની નવી ફ્રેશ નોટોના બદલામાં બે ગણી કિંમતની થોડી ફાટેલી તેમજ ક્રોસ કટિંગવાળી અલગ-અલગ દરની ચલણી નોટો આપવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ફરિયાદીને નવા સંઘપુર ગામે બોલાવી તેમની પાસેથી રૂ.૧૧ લાખ મેળવી લઈ છેતરપિંડી આચરી હતી. આ અંગે વિજાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના શૈલેષસિંહ રંગુસિંહ મગનસિંહ રાઠોડ, મહેસાણાના વીજાપુરના રવિન્દ્રસિંહ સોમસિંહ જાલમસિંહ રાઠોડ અને ભુજના વસાયા ઉર્ફે વસીમ લતીફ પઠાણને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૪ લાખની રોકડ, રૂ. ૩,૨૩,૦૫૦ની કિંમતનો સોનાનો દોરો, રૂ.૧.૫૦ લાખની કિંમતની આઈ-૧૦ ગાડી (રજી.નં. જી.જે.-૦૮-સીજી-૨૯૨૨), રૂ.૨.૫૦ લાખની કિંમતની બલેનો ગાડી (રજી.નં. જીજે-૧૬-સીબી-૦૪૯૨) તેમજ રૂ. ૧ લાખની કિંમતના ૩ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે કરીને કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામમાં કોથળામાં પુરી ગટરમાં ફેંકી દેવાયેલ લાશની ઘટનામાં હત્યાની ફરીયાદ



ગાંધીધામ : ગાંધીધામના શાંતિલાલ ગોડાઉન વિસ્તારમાં આવેલ એસ.કે. ગોડાઉન સામે પાણી ભરાયેલી ગટરના નાળામાંથી એક ૨૬ વર્ષીય યુવકની ક્રૂરતાપૂર્વક હત્યા કરાયેલી લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જી.આઈ.ડી.સી. ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા પ્રકાશ પરષોત્તમભાઈ દેવીપૂજક (ઉ.વ. ૨૬) નામના યુવકને કોઈ અજાણ્યા ઈસમોએ કોઈપણ કારણોસર મોતને ઘાટ ઉતારી દીધો હતો. પુરાવાનો નાશ કરવા અને ઓળખ છુપાવવા માટે હત્યારાઓએ મૃતકના બંને પગ બાંધી, લાશને પ્લાસ્ટિકના મોટા કોથળામાં ભરીને ગટરના નાળામાં ફેંકી દીધી હતી.

આ ઘટના ગત તા. ૦૨/૦૭/૨૦૨૬ થી ૦૪/૦૭/૨૦૨૬ દરમિયાન બની હોવાનું અનુમાન છે. મૃતકના ભાઈ અશોક દેવીપૂજકે અંતિમવિધિની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) (હત્યા) અને ૫૪ મુજબ ફરિયાદ નોંધાવી છે. પી.આઈ. એસ.વી. ગોજીયા અને નાયબ પોલીસ અધીક્ષક એમ.પી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસે હત્યારાઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દરિયાઈ સુરક્ષા મજબૂત કરવા નારાયણ સરોવર ખાતે ફીશરમેન અવેરનેશ કાર્યક્રમ યોજાયો



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના સરહદી નારાયણ સરોવર ગામ ખાતે ગુજરાત પોલીસના મરીન સેક્ટર દ્વારા દરિયાઈ સુરક્ષાની તકેદારી અને જનસંપર્ક વધારવાના હેતુથી એક વિશેષ માછીમાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા અને દરિયાઈ સુરક્ષાના અધિક પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયાની સૂચના તેમજ મરીન સેક્ટર કમાન્ડર એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક બી.કે. ઝાલા, પી.આઈ. આર.ડી. ઝાલા, નારાયણ સરોવરના પી.આઈ. જે.બી. કુણીયા અને મરીન કમાન્ડોની ટીમ દ્વારા આ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે કાંઠા વિસ્તારના માછીમારો દરિયાઈ સુરક્ષામાં 'ફ્રન્ટલાઈન સર્વેલન્સ' તરીકે અત્યંત મહત્વની ભૂમિકા ભજવી શકે છે. માછીમારી કરતી વખતે દરિયામાં કોઈ અજાણી કે શંકાસ્પદ બોટ, સ્મગલિંગની પ્રવૃત્તિઓ, ડ્રગ્સના પેકેટ, બિનવારસી બેગ, ડ્રોન અથવા તો કોઈ શંકાસ્પદ શખ્સોની હિલચાલ નજરે ચડે, તો માછીમારોએ તુરંત જ સુરક્ષા એજન્સીઓને જાણ કરવી જોઈએ. આ તકેદારીના કારણે કોઈપણ ગેરકાનૂની પ્રવૃત્તિ મોટું સ્વરૂપ લે તે પહેલાં જ તેને શરૂઆતથી ડામી શકાય છે.

આ ઉપરાંત, ફિશરીઝ વિભાગના દીપુભા ગોહિલ અને નારાયણ સરોવર માછીમાર સંગઠનના પ્રમુખ અશરફ ભાડલા દ્વારા માછીમારોને કાયદાકીય અને સુરક્ષા વ્યવસ્થા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં મર્ચન્ટ શિપિંગ એક્ટ અને મત્સ્યઉદ્યોગ કાયદો અંતર્ગત બોટ રજિસ્ટ્રેશન તેમજ લાયસન્સ પ્રક્રિયા, ઓનલાઈન ટોકન મેનેજમેન્ટ સિસ્ટમ હેઠળ બોટની હિલચાલ, બોટ ટ્રેકિંગ માટે ટ્રાન્સપોન્ડર્સનો ઉપયોગ, ફિશરીઝ ગાર્ડ તેમજ માછીમારી દરમિયાન રાખવાની થતી અન્ય સુરક્ષા અને સાવચેતીની આવશ્યક બાબતો વિશે માછીમારોને માર્ગદર્શન પૂરું પાડીને અવગત કરવામાં આવ્યા હતા.

# મેઘપર કુંભારડી રોડ પર અકસ્માતઃ અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મોત

**સોશિયલ મીડિયા વીડિયોથી ખુલાસો**

અંજાર : અંજારના મેઘપર કુંભારડી રોડ પર આદિત્યનગર સોસાયટીથી કામધેનુ ગૌશાળા વચ્ચે બનેલા એક હિટ એન્ડ રનની ઘટનામાં આધેડનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.બનાવની વિગત એવી છે કે અંતરજાળના મૂળ વતની નારણ જેસંગભાઈ મ્યાત્રા નામના આધેડ રસ્તા પરથી પગપાળા પસાર થઈ રહ્યા હતા, ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમને જોરદાર ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને વાહન લઈ નાસી છૂટ્યો હતો. ગંભીર ઈજાઓ પામેલા નારણભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઘટના સમયે હાજર રહેલા એક પ્રત્યક્ષદર્શી મયુરભાઈ બારોટે પોતાના મોબાઈલમાં આ અકસ્માતનો વીડિયો ઉતાર્યો હતો. જે વીડિયો મૃતકના પુત્રી કાજલબેન મ્યાત્રાને બતાવતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. અંજાર પોલીસે આ મામલે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ બીએનએસ કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. જયેશભાઈ પરમાર ચલાવી રહ્યા છે.

# કચ્છમાં મિની વાવાઝોડા જેવા વેગીલા પવન સાથે ધૂળની ડમરીઓ ઊડી

**અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો :હવામાન વિભાગ દ્વારા હજુ બે-ત્રણ દિવસ પવનનું જોર રહેવાની સંભાવનાઃ વરસાદ ખેંચાતા ધરતીપુત્રો ચિંતાતુર**

ભુજ - કચ્છઉદય : સમગ્ર કચ્છ જિલ્લામાં પ્રચંડ વેગ સાથે ફૂંકાયેલા પવનના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પવનની ગતિમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના લીધે ગ્રામ્ય તેમજ સરહદી પંથકોમાં વાતાવરણ ધૂંધળું બની ગયું છે. આજે વહેલી સવારથી જ સતત ફૂંકાતા વેગીલા પવનના કારણે ધૂળની ડમરીઓ ઉડી હતી. ગઈકાલ સવારથી જ વીસથી પચીસ કિલોમીટરની ઝડપે શરૂ થયેલા વાયરાએ બપોરના સમયે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. કેટલાક સ્થળોએ પવનની ગતિ ત્રીસથી ચાલીસ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી જતાં આકાશમાંથી ધૂળનો વરસાદ થઈ રહ્યો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ધૂળિયા વાતાવરણ અને તીવ્ર પવનના કારણે માર્ગો પરથી પસાર થતા વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ આકસ્મિક બદલાયેલા હવામાનની સીધી અસર જિલ્લાના વીજ માળખા પર પડી છે. પવનના જોરના કારણે અનેક વિસ્તારોમાં વીજ ફીડરોમાં ટેકનિકલ ખામીઓ સર્જાઈ હતી, જેના લીધે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વારંવાર વીજળી ગુલ થવાની સમસ્યાઓ સામે આવી છે.

બીજી તરફ, ચોમાસાની સિઝન હોવા છતાં પૂરતો વરસાદ ન પડવાના કારણે ખેડૂતો પહેલેથી જ ચિંતિત હતા, તેમાં વળી આ તેજ પવનના કારણે ખેતીના કામોમાં અવરોધ ઊભો થતાં ધરતીપુત્રોની ચિંતા બમણી થઈ ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક અઠવાડિયા સુધી જિલ્લામાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી, માત્ર અમુક સ્થળોએ સામાન્ય છાંટાછૂટી થઈ શકે છે. જો કે, હજુ આગામી બેથી ત્રણ દિવસ સુધી પવનનું આ પ્રચંડ જોર યથાવત રહેવાની સંભાવના છે. આ દિવસો દરમિયાન જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૫થી ૩૬ અને લઘુતમ તાપમાન ૨૮થી ૨૯ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું.

# દયાપરમાં અગાઉના ઝઘડાના મનદુઃખે હુમલો કરાયો

ભુજ - કચ્છઉદય : લખપત તાલુકાના દયાપર ગામે રામભાની ગ્રીસની દુકાન પાસે અગાઉના ઝઘડાના મનદુઃખે હુમલો કરવામાં આવ્યો હતો. ફરીયાદી વિજયરાજજી હઠુજી જાડેજાના જણાવ્યા મુજબ મુધાન ગામના દાનુભા અગરાજી જાડેજા, રાણાજી અગરાજી જાડેજા, સરૂપાજી અગરાજી જાડેજા, સ્વરૂપાજી સોનાજી જાડેજાએ ફરીયાદીને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં લાકડી વડે માર મારી ફ્રેકચર સહીતની ઈજાઓ પહોંચાડી હતી. જે મામલે દયાપર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# માંડવી હાઈવે પર લકઝરી બસની ટક્કરે બાઈક સવારનું મોત






ભુજ - કચ્છઉદય : ભુજ - માંડવી હાઈવે રોડ હાલમાં ચર્ચામાં છે. અહીં અકસ્માત નિવારવા માટે તંત્ર દ્વારા ખત્રી તળાવ પાસે રબ્બર બેરીયર લગાવવામાં આવ્યા છે. જો કે સ્મૃતિવન સામે અકસ્માત થતા બાઈક સવારનું મોત થયું હતું.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ માંડવી હાઈવે પર બે જણા બાઈક પર જતા હતા ત્યારે સામેથી આવતી લકઝરી બસના ચાલકે ટક્કર મારતા બાઈક પર સવાર બન્ને જણા ફંગોળાયા હતા, જેમાં ગંભીર ઈજાઓ થવાના કારણે ૨૪ વર્ષિય સુલેમાન હબીબ બંભા નામના યુવાનનું મોત થયું હોવાનું જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીમાંથી જાણવા મળ્યું હતું.

# ઓસ્લો બ્રીજ પર હિટ એન્ડ રનઃ લક્ઝરી બસની ટક્કરે ઝારખંડના યુવકે જીવ ગુમાવ્યો

ગાંધીધામઃ ગાંધીધામના ઓસ્લો બ્રીજ પર પૂરપાટ ઝડપે દોડતી બસે એક યુવકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

મૂળ ઝારખંડના હજારીબાગ જિલ્લાના અને હાલ અહીં રહેતા મનોજ દ્વારિકા ભોઈયાએ ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેના જીજાજી દિલીપ રામ ઓસ્લો બ્રીજ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન લક્ઝરી બસ નંબર GJ-39-T-6814 ના ચાલકે પોતાના કબજાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી દિલીપભાઈને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે બસ ચાલક વિરુદ્ધ બીએનએસ કલમ ૧૦૬(૧), ૨૮૧ અને એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામમાં કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો, ત્રણ આરોપી પોલીસ સકંજામાં




ગાંધીધામ : પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સફળ કાર્યવાહી કરીને ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન રૂ.૩,૩૬,૫૬૨ના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી માટે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યા છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પીઆઈ જે.એમ. વાળાની આગેવાનીમાં એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે રાજવીરસિંહ રાઠોડ ગ્રે રંગની સ્વિફ્ટ કાર (GJ-12-DG-5050)માં વિદેશી દારૂનો જથ્થો લઈને ગાંધીધામ તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વાહનને રોકી તપાસ કરતાં કારમાંથી વિવિધ બ્રાન્ડની કુલ ૯૦ બોટલ વિદેશી દારૂ, સ્વિફ્ટ કાર, બે મોબાઈલ ફોન અને ત્રણ ટ્રોલી બેગ સહિત કુલ રૂ.૩,૩૬,૫૬૨નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે રાજવીરસિંહ યાદવસિંહ રાઠોડ (હાલ ગાંધીધામ), ખેતસિંહ પ્રેમસિંહ દેવડા (જેસલમેર, રાજસ્થાન) અને રાવલગર સનણગર ગોસ્વામી (બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરી છે. સમગ્ર કાર્યવાહી પીઆઈ જે.એમ. વાળા, પીએસઆઈ ડી.જી. પટેલ તથા એલસીબી સ્ટાફે પાર પાડી હતી.

# પશ્ચિમ કચ્છમાં પીજીવીસીએલનો સપાટોઃ ૫ દિવસમાં ૨૪૨.૩૬ લાખની વીજચોરી ઝડપાઈ

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ ભુજ વર્તુળ કચેરી હેઠળ આવતી જુદી જુદી પેટા વિભાગીય કચેરીઓના વિવિધ વિસ્તારોમાં પીજીવીસીએલ દ્વારા વ્યાપક વીજચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

તા. ૬ થી ૧૦ જુલાઈ દરમ્યાન ભુજ, માંડવી, મુંદ્રા, રવાપર, ભુજોડી, કુકમા, ખાવડા, નલિયા અને ભુજ ગ્રામ્ય સહિતના વિસ્તારોમાં આ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ ૫ દિવસીય ઝુંબેશમાં કુલ ૨૮ વીજચેકીંગ ટીમો જોડાઈ હતી, જેમણે જુદા જુદા વિસ્તારોમાં સઘન તપાસ કરીને કુલ ૨૫૮૫ વીજ જોડાણોનું ચેકીંગ કર્યું હતું. આ કામગીરી દરમિયાન કુલ ૨૨૭ વીજ જોડાણોમાં ગંભીર ગેરરીતિઓ આચરવામાં આવતી હોવાનું માલૂમ પડ્યું હતું. પીજીવીસીએલની ટીમોએ આ તમામ કનેક્શનો ઝડપી પાડીને કુલ ૨૪૨.૩૬ લાખ રૂપિયાના ગેરરીતિના આકરા દંડનીય બિલો ફટકાર્યા છે. કંપનીની આ આકરા પગલાંની કાર્યવાહીથી વીજચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.


**સ્કુલ બસ વેચવાની છે**

**(શ્રી અર્જુન વિદ્યાલય)**

સારી કંડીશનમાં ૪૫ સીટર બસ વેચવાની છે.

મોડેલ TATA Star Bus LP 40/36 BSVI

બસ નં. GJ-12-AU-4513

વી.કે. હુંબલ : મો. ૯૮૨૫૨૨૮૪૨૨

ભીમાસર (ચ) તા. અંજાર (કચ્છ)



**GMDC** Gujarat Mineral Development Corporation Ltd. (A Government of Gujarat Enterprise) FUELING THE GROWTH

**Tender Notice**

GMDC Lignite Project, Mata Na Madh invites sealed item rate tender for Tender no-CV/01/2026-27 "Supply of 2 Nos of prefab cabins (Bunk house) at Lignite Project Mata No Madh.
Date of issue of tender: 13/07/2026 To 04/08/2026 up to 17.00 hours
Last Date for submission of Tender :05/08/2026 up to 17.00 hours
Tender Fee: 590.00 (Including GST)
I.C. General Manager (Project), Lignite Project Mata No Madh,
A1 Po: Ravapar, Ta: Nakhtrana, Dist: Kachchh, Pin :370625

(નામાનિ/કચ્છ/૪૧૮/૨૦૨૬-૨૭)



**પશ્ચિમ રેલવે – રાજકોટ મંડળ**

**સ્ટેશન સુધારણા કાર્યનું બાકી રહેલું કામ**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/2026-2027/19 (EL) તારીખ 09.07.2026; કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001; **વેબસાઇટ:** "www.ireps.gov.in" **(1) ટેન્ડર નં.: DRM/RJT/EL/2026-2027/19; (I) કામનું નામ:** રાજકોટ મંડળ: દ્વારકા – અમૃત સ્ટેશન યોજના હેઠળ સ્ટેશન સુધારણા કાર્યનું બાકી રહેલું કામ. **(ii) અંદાજિત ખર્ચ:** ₹ 2,00,37,899.50/-; **(iii) ઈએમડી રકમ:** ₹ 4,00,800/-; **ઓનલાઇન અરજી ભરવાની છેલ્લી તારીખ અને સમય:** તારીખ 31.07.2026, 15:00 કલાકે. RJT – 076

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન**

**હાલના જૂના સ્ટીલ રિવેટેડ ગર્ડરોનું રીગર્ડરિંગ**

**ઈ-ટેન્ડર સૂચના નં.: 02 of 2026-27 તારીખ: 09.07.2026; ઈ-ટેન્ડર નં.: DYCE-BR-ADI-03-2026-27; કામનું નામ:** અમદાવાદ મંડળ: સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ), અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ગેરતપુર – અમદાવાદ સ્ટેશન વચ્ચે આવેલ બ્રિજ નં. 711 (અપ અને ડાઉન) ના હાલના જૂના સ્ટીલ રિવેટેડ ગર્ડરોને નવા કોમ્પોઝિટ ગર્ડરોથી બદલવાનું (રીગર્ડરિંગ) તેમજ હાલના સબ-સ્ટ્રક્ચરને જેકેટિંગ દ્વારા મજબૂત બનાવવાનું કામ.; **અંદાજિત એનઆઈટી કિંમત:** ₹ 6,32,45,431.22; **બિડ સુરક્ષા રકમ / ઈએમડી:** ₹ 12,64,900.00; **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 04.08.2026, 15:00 કલાકે; **કાર્યાલયનું સરનામું:** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ), અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર કચેરી સંકુલ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત – 382345. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ:** www.ireps.gov.in ADI – 099

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**ભુજ નગરપાલિકા**

**જાહેર સુચના**

જુની શાક માર્કેટ, ભુજ અંદર ઘણા સમયથી બાકડાઓ ખાલી પડેલ છે. માર્કેટ અંદર બાકડા ધારકોએ દિન-૨ માં માલિકના આધારો ભુજ નગરપાલિકા કચેરીએ રજુ કરવા સુચના આપવા આવે છે. અન્યથા બાકડાનો કબજો મેળવી ધંધો કરવા માંગતા રજીસ્ટર થયેલ અન્ય ફેરીયાઓને બાકડા ફાળવવામાં આવશે જેની નોધ લેવી.

આધારો રજુ કરવાનું સ્થળઃ રૂમ ન.૨૦૭, એન.યુ.એલ.એમ શાખા, ભુજ નગરપાલિકા

મુખ્ય અધિકારી

(નામાનિ/કચ્છ/૪૧૬/૨૦૨૬-૨૭) ભુજ નગરપાલિકા



**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| બાલેશ છતે લાલ દુબે શ્રી બિપિલ કુમાર છોટેલાલ દુબે ૨૦૦૦૨૧૫૦૦૦૧૩૬૫ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જમીન વિસ્તાર ૬૨.૫૮ ચો.મી. જેટલો માપવા લાયક રો હાઉસ, મહેસૂલ સર્વે નં. ૬૮, પ્લોટ નં. ૧૪૯–૧૫૦ પૈકી સબ પ્લોટ નં. ૧૪૯–૧૫૦/સી, સુંદરધામ પાર્ક, જૈન નગર પાસે, શહેરઃ બારોઈ, તાલુકોઃ મુન્દ્રા, જિલ્લોઃ કચ્છ. ગુજરાત સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ સબ પ્લોટ નં. ૧૪૯–૧૫૦/ડી, પૂર્વઃ પ્લોટ નં. ૧૫૧, પશ્ચિમઃ ૬.૦૦ મીટર આંતરિક રસ્તો, દક્ષિણઃ સબ પ્લોટ નં. ૧૪૯–૧૫૦/બી | ઓક્ટોબર ૩૧, ૨૦૨૫ | જુલાઈ ૦૯, ૨૦૨૬ | રૂ. ૩,૭૭,૯૪૫.૫૧ (ઓક્ટોબર ૧૦, ૨૦૨૫ ના રોજ) |

સ્થળઃ મુન્દ્રા
તારીખઃ જુલાઈ ૧૧, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ


## ::: જાહેર સમન્સ :::

**નામદાર શ્રી પાંચમા અધિક સિનિયર સિવિલ જજ સાહેબ ની કોર્ટમાં, ગાંધીધામ (કચ્છ)**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ ....................વાદી**

**વાદીના વકીલશ્રી શ્રી એચ. એન. આસનાની**

આથી જણાવવાનું કે, ઉપરોકત વાદીએ અત્રેની કોર્ટમાં નીચે જણાવેલ પ્રતિવાદીના નામ સામે જણાવેલ રકમ વ્યાજ તથા ખર્ચ સહિત મેળવવા દિવાની દાવો કરેલો હોઈ તે દાવામાં તેની સામે જણાવેલ તારીખના રોજ ૧૦:૩૦ કલાકે જવાબ આપવા જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવા જણાવવામાં આવે છે. જો તે રીતે પક્ષકારો/પ્રતિવાદીઓ હાજર થવામાં કસુર કરશે તો સદર પ્રતિવાદીઓ વિરુદ્ધ, તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી યોગ્ય હુકમ કરવામાં આવશે.

| અનુ-ક્રમ | રે.દાવા નંબર | પ્રતિવાદીનું નામ અને સરનામુ | ગામ/તાલુકો | રકમ | તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૭૩/૨૦૨૩ | શ્રી હરખચંદ પી. ગાલા, રહે : પ્લોટ નં. ૯૬, સેકટર નં. ૧, ગ્રાઉન્ડ ફલોર-ડી, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૩૬,૫૨૮.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૨. | ૨૨૧/૨૦૨૩ | શ્રી પ્રવિણભાઈ જેઠાભાઈ ગઢવી, રહેઃ કૈલાશનગર ઝુપડપટ્ટી વિસ્તાર, બીજી લાઇન, નવી જેલની પાછળ, ગામ : ગળપાદર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૨૫,૮૩૮.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૩. | ૨૩૦/૨૦૨૩ | ઝાલા મનીષાબેન રઘુવિર, રહે : કૈલાશનગર ઝુપડપટ્ટી, ગામ : ગળપાદર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૬,૫૯૫.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૪. | ૫૯૬/૨૦૨૪ | વીણીબેન નરશીભાઈ રાગ, રહેઃ ક્રિષ્ના સોસાયટી, જેલની પાછળ, ગામ : ગળપાદર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૩,૯૦૮.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૫. | ૬૦૩/૨૦૨૪ | ભીલ ગિરધરભાઈ હરચંદભાઈ, રહેઃ મહેશ્વરી નગર, ક્રિષ્ના ઝુપડપટ્ટી, ગામ : ગળપાદર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૭,૭૯૩.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૬. | ૧૨૮/૨૦૨૫ | ગોસ્વામી હિતેષ રઘુનાથ, રહે : કૈલાશનગર ઝુપડપટ્ટી, ગામ : ગળપાદર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૧,૪૨૮.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૭. | ૧૬૪/૨૦૨૫ | લુકમન ખમીશા હિંગોરજા, રહે : ઘર નં. ૬૫, ગામ : વરસાણા, | અંજાર-કચ્છ. | રૂા. ૨૫,૪૦૭.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૮. | ૨૭૬/૨૦૨૫ | સોતા મુસા હાસમ, રહેઃ ખારીરોહર, ગામ : ખારીરોહર | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૨,૪૪૪.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૯. | ૩૦૪/૨૦૨૫ | નિરવ મેમ્બર એસોસીએશન આદિપુર, રહેઃ વોર્ડ નં. ૭/બી, પ્લોટ નં. ૧૫૭, ફલેટ નં. ૧, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૯,૪૫૬.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૧૦. | ૩૧૧/૨૦૨૫ | ૧. કાન્તાબેન, રહેઃ પ્લોટ નં. ૯, સેકટર નં. ૭, ૨. પરેશ કાનજી, રહેઃ પ્લોટ નં. ૯, સેકટર નં. ૭, | ગાંધીધામ-કચ્છ. ગાંધીધામ-કચ્છ. | રૂા. ૮,૪૫૯.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૧૧. | ૩૧૮/૨૦૨૫ | ભર્ચા રતનભાઈ ધનજી, રહેઃ ડીપી-૧, પોલ-૧૭, સુંદરપુરી, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૭,૮૨૦.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૧૨. | ૩૨૫/૨૦૨૫ | દેવીસિંહ ગોવિંદસિંહ રાજપુત, રહે : પ્લોટ નં. ૭ ની સામે, સેકટર નં. ૭, વાવાઝોડા સેડ નં. ૧૧ ની બાજુમાં, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૬,૩૮૪.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ૧૩. | ૮૨૯/૨૦૨૫ | જાડેજા જીગરસિંહ હકુમતસિંહ, રહેઃ ફલેટ નં. ૧૧, પ્લોટ નં. ૪૦૨, વોર્ડ નં. ૩/બી, | આદિપુર-કચ્છ. | રૂા. ૨૩,૨૧૧.૦૦ | ૧૨/૦૮/૨૦૨૬ |

**આજ તારીખ ૧૦, માહે જુલાઈ, ૨૦૨૬ નાં રોજ મારી સહી સિકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર
**(સી. એચ. જોષી)**
આસીસ્ટન્ટ
પાંચમા અધિક સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાંધીધામ-કચ્છ

મુકાબિલ કરનાર
**(ટી. એમ. ભટ્ટ)**
સુપ્રિટેન્ડેટ
પાંચમા અધિક સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાંધીધામ-કચ્છ

કોર્ટનો સિક્કો

આદેશથી
**(એમ. એચ. ગોહિલ)**
રજીસ્ટ્રાર,
પ્રિન્સિપાલ સિનિયરસિવિલ જજની કોર્ટ, ગાધીધામ-કચ્છ.

# પર્શિયાથી કચ્છ આવેલી ‘રોગાન કળા’ લુપ્ત થવાને આરે

# માધાપરના કારીગર આશિષ કંસારાને માનદ ડોક્ટરેટની પદવી એનાયત

ભુજ - કચ્છઉદય : છેક પર્શિયા (ઈરાન) અને તેની આસપાસના દેશોમાં આજથી આશરે ૩૦૦ વર્ષ પહેલાં પ્રચલિત થયેલી અને સમૃદ્ધ વારસો ધરાવતી ‘રોગાન કળા’ માટે કચ્છ અને ગુજરાત સમગ્ર વિશ્વમાં વિશિષ્ટ ઓળખ ધરાવે છે. જો કે, સમયના બદલાતા પ્રવાહ અને આર્થિક પડકારોને કારણે આ અદભુત અને પ્રાચીન હસ્તકળા હવે લુપ્ત થવાને આરે પહોંચી ગઈ છે. સામાન્ય રીતે મુસ્લિમ કારીગરોનું આધિપત્ય ધરાવતી આ અટપટી ચિત્રકળાના સંવર્ધનમાં એક વિશિષ્ટ આશ્ચર્ય એ છે કે, સમગ્ર વિશ્વમાં અત્યારે માત્ર એક જ હિન્દુ પરિવાર આ કળાની માવજત કરી રહ્યો છે. ભુજ નજીકના માધાપર ગામે રહેતો સોની પરિવાર આ રોગાન કળાના સહારે પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે.

ભુજ તાલુકાના માધાપરના વતની અને આ પ્રાચીન કળાના સત્તાવાર જી.આઈ. અધિકૃત વપરાશકર્તા એવા આશિષ શાંતિલાલ કંસારા લાંબા સમયથી રોગન આર્ટના સંરક્ષણ અને સંવર્ધન માટે નિષ્ઠાપૂર્વક કાર્યરત છે. તેમની આ અનન્ય સેવાઓને બિરદાવતા, તાજેતરમાં ૭ જુલાઈના રોજ આયોજિત સમારોહમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને કુલાધિપતિ આનંદીબેન પટેલના હસ્તે તેમને લખનૌની ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામ ટેકનિકલ યુનિવર્સિટીના ૨૪મા પદવીદાન સમારોહમાં માનદ ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે. ભારતીય પ્રાચીન હસ્તકળા અને તેના અસલ કારીગરોને વૈશ્વિક સ્તરે ગૌરવ અપાવતી આ એક ખૂબ જ મોટી અને ઐતિહાસિક સિદ્ધિ છે.

ડૉ. આશિષ કંસારાએ આ લુપ્ત થતી કળાને માત્ર પોતાના સુધી મર્યાદિત ન રાખતા, તેને જીવંત રાખવાની સાથે-સાથે સ્થાનિક મહિલાઓને તેની સઘન તાલીમ આપીને રોજગારી પૂરી પાડી છે. કળાના માધ્યમથી મહિલાઓને આત્મનિર્ભર બનાવીને તેમણે સમાજના ઉત્થાનમાં બહુમૂલ્ય યોગદાન






આપ્યું છે.

ઈતિહાસ પર નજર કરીએ તો, રોગાન કળા પર્શિયાથી પેશાવર અને સિંધ થઈને કચ્છના નખત્રાણા તાલુકાના નિરોણા ગામ સુધી પહોંચી હતી. ત્યારબાદ તેનો વ્યાપ છેક અમદાવાદ અને ઉત્તર ગુજરાત સુધી વિસ્તર્યો હતો. એક જમાનામાં રોગાન કળાની મદદથી તૈયાર કરાયેલાં ચણિયા-ચોળી અરેબિયા ઉપરાંત ગુજરાતમાં લગ્ન પ્રસંગે દુલ્હન માટેનો વિશેષ શણગાર બનતાં હતાં. ખાસ કરીને ગુજરાતના ભરવાડ અને રબારી સમાજમાં રોગાન કળાની છાપવાળા વસ્ત્રોનું વિશેષ મહત્વ હતું. પૂર્વે ડીસા, પાલનપુર, પાટણ, અમદાવાદ, સુરેન્દ્રનગર અને ભાભરની બજારોમાં રોગાન કળાના કાચા માલ-સામાનની ખાસ દુકાનો ધમધમતી હતી, જેમાંથી મોટાભાગની દુકાનો હવે ઈતિહાસ બની ગઈ છે. હાલમાં માત્ર અમદાવાદ, વિરમગામ અને મહેસાણા ખાતે જ તેનો કાચો માલ જેમ કે જુદા જુદા રંગના પથ્થરો, એરંડિયાનું તેલ, માટીના કલર અને સુતરાઉ કાપડ માંડ મળી રહે છે. આ કળાથી તૈયાર થયેલાં વસ્ત્રો કોઈ મોલ કે દુકાનોમાં વેચાતા નથી, પરંતુ રસિકોએ સીધો કારીગરોનો સંપર્ક કરીને ઓર્ડર મુજબ જ તૈયાર કરાવવા પડે છે.

અગાઉના સમયમાં લાકડાના બ્લોકથી કાપડ પર ડિઝાઈનની ભાત પડાતી હતી, પરંતુ હવે કુશળ કારીગરો માત્ર એક તીક્ષ્ણ સળી કે પીંછીનો ઉપયોગ કરી સુતરાઉ કાપડ પર આબેહૂબ ભાત પાડે છે. ડૉ. આશિષ કંસારાએ જણાવ્યું કે, રોગાન કળામાં મુખ્યત્વે પીળો, કેસરી, લીલો, બ્લુ અને સફેદ જેવા પ્રાકૃતિક રંગોનો જ ઉપયોગ થાય છે. આ કળાની પ્રક્રિયા અત્યંત જટિલ છે, જેમાં એરંડિયાના તેલને સતત છથી સાત કલાક સુધી ઉકાળીને એકદમ ઘટ્ટ બનાવવામાં આવે છે. ત્યારબાદ તેમાં ચોક પાઉડર, માટીના કુદરતી રંગો ઉમેરી, પાણીની મદદથી ઠારીને રંગીન પેસ્ટ તૈયાર કરાય છે. આ રંગને હથેળી પર લઈ, પીંછી કે સળી વડે કાપડને અડક્યા વિના હવામાં જ તાર ખેંચીને અદભુત ડિઝાઈનો કંડારવામાં આવે છે.

### જીયે તો જીયે કૈસે : ડચકાં ખાતી કળા પર જીવન નિર્વાહ કરવો મુશ્કેલ : આશિષ કંસારા

રોગાન કળાનું વૈશ્વિક મહત્વ એ બાબત પરથી સમજી શકાય છે કે, આશરે એક દાયકા પહેલાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાને કચ્છના નિરોણા ગામના ખ્યાતનામ કલાકાર ગફૂરભાઈ ખત્રી દ્વારા નિર્મિત રોગાન કળાનું સુંદર વોલપીસ ભેટમાં આપ્યું હતું. આજે પણ જર્મની, અમેરિકા અને ફ્રાન્સ જેવા દેશોના પર્યટકો જ્યારે કચ્છ આવે છે ત્યારે આ કળાના મુખ્ય મથક ગણાતા નિરોણા ગામની અચૂક મુલાકાત લઈ વિવિધ નમૂનાઓ ખરીદે છે.આમ છતાં, વર્તમાન સમયમાં આ મોંઘી અને મહેનત માંગી લેતી કળાના સહારે જીવન નિર્વાહ ચલાવવો કારીગરો માટે અત્યંત મુશ્કેલ બની રહ્યો છે. આશિષ કંસારાના જણાવ્યા મુજબ, સરકાર તરફથી કોઈ મોટું આર્થિક પ્રોત્સાહન કે બજાર વ્યવસ્થા મળતી નથી. આ કળાને જીવંત રાખવા તેઓ નવી પેઢી સામે તેનું લાઈવ નિર્દેશન કરે છે અને રસ ધરાવતા લોકોને તદ્દન નિઃશુલ્ક તાલીમ આપે છે. લુપ્ત થઈ રહેલા આ અમૂલ્ય વારસાને કાયમી મરણતોલ ફટકામાંથી બચાવવા માટે હવે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ સંગઠિત થઈને આગળ આવવું અનિવાર્ય બન્યું છે.

# ભુજના ભૂતનાથ મહાદેવ મંદિરે સામૂહિક સત્યનારાયણ કથાનું આયોજન કરાયું





ભુજ - કચ્છઉદય : ભુજમાં ખારી નદી કિનારે આવેલા પવિત્ર ભૂતનાથ મહાદેવ મંદિર મધ્યે ભૂતનાથ મહિલા સત્સંગ મંડળ દ્વારા શુક્રવારે સાંજે ૪ કલાકે સામૂહિક સત્યનારાયણ કથાનું ભક્તિસભર આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા પાંચ વર્ષથી સફળતાપૂર્વક ધાર્મિક પ્રવૃત્તિઓ ચલાવતા આ મંડળ દ્વારા ચાલુ વર્ષે સતત છઠ્ઠા વર્ષે આ સામૂહિક કથાનું સુંદર આયોજન થયું હતું, જેમાં અંદાજે ૫૦ થી ૬૦ જેટલી બહેનો શ્રદ્ધાપૂર્વક જોડાઈ હતી. મંડળના મુખ્ય આયોજક રીનાબેન માણેકે જણાવ્યું હતું કે લોકોમાં ધાર્મિક અને ભક્તિભાવ કાયમ જળવાઈ રહે તેમજ સમાજના લોકો એકબીજા સાથે સુમેળભર્યા વાતાવરણમાં જોડાયેલા રહે તેવા ઉમદા હેતુથી આ ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રીનાબેને કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળની તમામ બહેનો સહિત ભૂતનાથ મંદિરના ટ્રસ્ટી મંડળ અને સભ્યો દ્વારા મળેલા સાથ-સહકાર બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ધાર્મિક માહોલમાં સંપન્ન થયેલી આ કથામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# ભુજના વોર્ડ નંબર ૮માં પાણીની ગંભીર કટોકટી : સ્થાનિકોમાં રોષ



ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના વોર્ડ નંબર ૮ માં આવેલા ગણેશનગર અને સચ્ચિયાર મા કોલોની વિસ્તારના રહેવાસીઓ લાંબા સમયથી પીવાના પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક મહિલાઓના જણાવ્યા અનુસાર, તેઓ છેલ્લા અગિયાર વર્ષથી આ વિસ્તારમાં રહે છે પરંતુ હજુ સુધી તેમને પાણી, ગટર કે પાકા રોડ જેવી પ્રાથમિક સુવિધાઓ મળી નથી. નગરપાલિકામાં વારંવાર રજૂઆતો કરવા અને પાણીના પૈસા ભરવા છતાં પણ વહીવટી તંત્ર દ્વારા કોઈ યોગ્ય ઉકેલ લાવવામાં આવતો નથી, જેથી સ્થાનિકોએ મોંઘા ભાવના ટેક્રો મંગાવવાની ફરજ પડે છે.

આ બાબતે આમ આદમી પાર્ટીના ભુજ શહેર પ્રમુખ દિલીપ ગઢવીએ પણ સ્થાનિકોના સમર્થનમાં નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, માત્ર બસો મીટરના અંતરે આવેલા અન્ય વિસ્તારોમાં નિયમિત પાણી મળે છે જ્યારે સામાન્ય જનતા વસતી હોય તેવા આ વિસ્તારોને સુવિધાઓથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. સ્થાનિકો જ્યારે પણ નગરપાલિકામાં રજૂઆત કરવા જાય છે ત્યારે માત્ર આશ્વાસન આપીને અરજીઓ લઈ લેવામાં આવે છે પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર કોઈ નક્કર કામગીરી થતી નથી. લાંબા સમયથી ચાલતી આ સમસ્યાને કારણે સમગ્ર વિસ્તારના લોકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વોર્ડ નંબર ૮ ના રહેવાસીઓ દ્વારા નગરપાલિકા કચેરીએ ઉગ્ર રજૂઆતો કરી સમસ્યાના તત્કાલિક સમાધાન માટે ભારપૂર્વક માંગ કરાઈ હતી.

# રંગવાલા ઉર્ફે તોરલ ગાર્ડનનો આખરે ભુજ નગરપાલિકાએ કબ્જો લીધો



ભુજ - કચ્છઉદય : છેલ્લા ૩ વર્ષથી ચાલતી પ્રક્રિયા બાદ મુન્દ્રા રિલોકેશન સાઈટ પર આવેલ તોરલ ગાર્ડન કે જે ખરેખર દાતા પરિવારના નામે છે તે પ્રેમલતા કાકુભાઈ રંગવાલા ગાર્ડનનું નામાભિધાન ૨૦૦૬માં ભાડાએ સંયુક્ત રીતે રોટરી તોરલ ચેરિટેબલ ટ્રસ્ટ સાથે રહીને કર્યું હતું ત્યારથી જ મુખ્ય ગેટ પર એજ નામની તકતી લાગી હતી. કોઈ રોટેરીયન દ્વારા કે અન્ય રીતે રોટરી ચેરિટેબલ ટ્રસ્ટના કારણે તોરલ ગાર્ડ નામ પ્રચલિત થયેલ છે. જે હવે ભાડાએ સાઈટના લોકોએ રદ કરવું જોઈએ. ભુજ નગરપાલિકાએ કબજો સંભાળ્યો છે તો હવે ‘રંગવાલા’ ગાર્ડન તરીકે જ ખ્યાતિ પામે. દાતા પરિવારના ફળે એ ઈચ્છવા યોગ્ય છે. તા.૨-૭-૨૬ના નગરપાલિકાએ કબ્જો સંભાળ્યો છે, પરંતુ હજુ પણ લાંબી પ્રક્રિયા બાકી છે. પ્લાન એસ્ટીમેટ, કારોબારીની મંજુરી, ગ્રાન્ટ ફાળવણી, જનરલ બોર્ડની બહાલી, ટેકનિકલ સેક્શન, ગાંધીનગરથી નાણાંકીય મંજૂરી, છેવટે તમામ મંજૂરીઓ સાથે આયોજન મંડળ નગરપાલિકાને દસ્તાવેજો સોંપશે. ત્યારબાદ ફરી ટેન્ડરીંગ થશે અને નગરપાલિકાની આખરી મંજૂરી પૂરી થયા બાદ ગ્રાઉન્ડ લેવલે કમાકાજ શરૂ થશે. દોઢેક વર્ષ લાગશે જ. વચ્ચે વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતા નડશે. નવી ટીમની મજબૂત ઈચ્છાશક્તિ હશે તો ઝડપથી આ કાર્યવાહી પાર પડશે તેવું અહીના લોકો ઈચ્છી રહ્યા છે.

# યુવાઓમાં કૌશલ્ય વર્ધન એ જ આત્મનિર્ભરતાની સાચી ચાવી

## શારદા સ્કિલ હાઉસ દ્વારા વિવિધલક્ષી કોર્સના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો

ભુજ - કચ્છઉદય : શારદા સંસ્કૃતિ ટ્રસ્ટ સંચાલિત શારદા સ્કિલ હાઉસ દ્વારા તાજેતરમાં વિવિધ કૌશલ્યવર્ધન તાલીમી કોર્સ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓ માટે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત કોર્સ ઓન કમ્પ્યુટર કન્સેપ્ટ (સીસીસી), મડ વર્ક, મહેંદી આર્ટ તેમજ નર્સિંગ આસિસ્ટન્ટ જેવા રોજગારલક્ષી કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. આ પ્રસંગે માધાપર કન્યા પ્રાથમિક શાળાના આચાર્ય નેહાબેન મહેતા, દશરથભાઈ બોખાણી, યશભાઈ જોશી, ઈલાબેન ગોસ્વામી, આરતીબેન ગઢવીના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નેહાબેન મહેતાએ તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, આ પ્રમાણપત્ર એ તમારા પરિશ્રમ અને શિસ્તની સફળતાનું પરિણામ છે. દશરથભાઈ બોખાણીએ જણાવ્યું હતું કે, આપણી પરંપરાગત ગુરુકુળ શિક્ષણ પ્રણાલી હંમેશાં કૌશલ્ય વર્ધનને સાથે રાખીને જ ચાલી છે. હવે સરકારની નવી શિક્ષણ નીતિમાં પણ સ્કીલ ડેવલપમેન્ટને વિશેષ મહત્વ અપાયું છે, જેના કારણે વર્તમાન સમયમાં માત્ર ડિગ્રી પૂરતી નથી, પરંતુ તેની સાથે વિવિધલક્ષી સ્કીલ્સ હોવી ખૂબ જ જરૂરી બની ગઈ છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સેન્ટરના તાલીમાર્થીઓ ભૂમિ મહેશ્વરી, પાયલ મહેશ્વરી, રેશમા સાડ અને પ્રિયા મહેશ્વરીએ વ્યવસ્થા સંભાળી હતી.




### કૌશલ્યથી સપનાઓને મળી પાંખો : નિશા વરચંદ

ઉખડમોરા ગામની દીકરી નિશા વરચંદ બારમું ધોરણ પૂર્ણ કર્યા બાદ પાંચ વર્ષથી ઘરે જ બેસી રહી હતી. આગળ શું કરવું એ દિશા નિશ્ચિત થતી નહોતી. એવામાં તેને શારદા સ્કિલ હાઉસ દ્વારા ચાલતા નર્સિંગ આસિસ્ટન્ટના તાલીમ વિશે જાણ થતાં એડમિશન લીધું હતું, જે એના જીવનનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. તેની તાલીમ પૂર્ણ થાય તે પહેલાં નોકરી મળી ગઈ. આજે નિશામાં આત્મવિશ્વાસનો સંચાર થયો છે અને તે જણાવે છે કે, નર્સિંગ હવે મારું સપનું બની ગયું છે. હું પોતે કમાઈને નર્સિંગ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરીશ.

# લાયજા-બાયઠ રોડ તથા બાયઠ-દેઢિયા રોડ પરના બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ

## ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર ખારી નદી ઉપર આવેલા જુના બ્રિજ ઉપર પણ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ

માંડવી - કચ્છઉદય : રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૪૧ માંડવી - નલિયા - નારાયણ સરોવર રોડના લાયજા-બાયઠ રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૬૬/૫૦૦ (માયનોર બ્રીજ) તથા બાયઠ-દેઢિયા રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૭૦/૪૦૦ (મેજર બ્રીજ) પરથી ભારે - અતિભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે, જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટી પાર્થ કોટડીયા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવાયું છે કે, તા.૩૦/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૪૧ માંડવી - નલિયા - નારાયણ સરોવર રોડના લાયજા-બાયઠ રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૬૬/૫૦૦ (માયનોર બ્રીજ) તથા બાયઠ-દેઢિયા રોડ પર આવેલ સ્ટ્રકચર ૧૭૦/૪૦૦ (મેજર બ્રીજ) પરથી ભારે - અતિભારે વાહનો અવર-જવર કરી શકશે નહી. જ્યારે વૈકલ્પિક માર્ગ તરીકે લાયજા મોટા ચોકડી - બાડા - બાયઠ - દેઢિયા રસ્તા પરથી ભારે - અતિભારે વાહનો અવર-જવર કરી શકશે. કોઠારાથી માંડવી વાયા મોથાળા-ગઢશીશા રસ્તા પરથી ભારે - અતિભારે વાહનો અવર-જવર કરી શકશે. આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

બીજી તરફ કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામ-કચ્છના વંચાણ-૧ તથા ૨ વાળા પત્રની વિગતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૯૨૭સી ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર કિ.મી.૫૦/૧૨૫ (રાપર થી બાલાસર વચ્ચે) ખારી નદી ઉપર આવેલ જુના મેજર બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે, જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડીયા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) અન્વયે ફરમાવાયું છે કે, તા.૩૦/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૯૨૭સી ચિત્રોડ-રાપર-બાલાસર રોડ પર કિ.મી.૫૦/૧૨૫ (રાપર થી બાલાસર વચ્ચે) ખારી નદી ઉપર આવેલ જુના મેજર બ્રિજ પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે નહી. જ્યારે વૈકલ્પિક માર્ગ તરીકે રાપર - કલ્યાણપર - સેલારી - ફતેહગઢ - મૌવાણા - બાલાસર રસ્તા પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે.

# ચોમાસાની ઋતુ દરમિયાન નદી, નાળા, નહેર અને ચેકડેમ ખાતે નહાવા જવા, કપડા ધોવા કે માછલી પકડવા માટે પ્રવેશ પર પ્રતિબંધ

ભુજ - કચ્છઉદય : રાજ્યના વિવિધ ભાગોમાં દરિયા કિનારે તથા પાણીના ભારે વહેણ ધરાવતા કોઝ-વે, નદી, નહેર, જળાશયો તેમજ પાણીના ધોધમાં ન્હાવા જવાથી ઘણા લોકોના તણાઈ - ડૂબી જવાથી મૃત્યુ થવાના કિસ્સાઓ અવાર-નવાર બનતા હોય છે જે અંગે સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા આવા ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ - પ્રવાસીઓ ન્હાવા માટે ન જાય તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સુચના આપવામાં આવેલ છે તે ધ્યાને લઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડીયા દ્વારા જાહેરનામું જારી કરાયું છે, જે અંતર્ગત સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ નદી, નાળા, નહેર, ચેકડેમ તથા તેનો નીચાણ વાળી વિસ્તાર, જગ્યાથી કોઝ-વે તથા નાના મોટા ધોધ જેવા પાણીનું ભારે વહેણ ધરાવતાં ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ - પ્રવાસીઓએ નહાવા જવા, કપડા ધોવા કે માછલી પકડવા માટે પ્રવેશ કરવું નહી તેમજ તે માટે મદદગારી કરવી નહી. સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ દરિયા કિનારાએ ભરતીના સમયે તથા ચોમામાની ઋતુ દરમિયાન ઊંચા મોજા ઉછળતા હોવાથી કોઈપણ વ્યક્તિ - પ્રવાસીઓએ નાહવા જવા દરિયાના પાણીમાં પ્રવેશ કરવું નહી તેમજ દરિયા કિનારે જોખમી રીતે ઉભા રહેવું નહી. સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ કોઝ-વે ઉપર પાણીનું વહેણ ચાલુ હોય ત્યારે કોઈ વ્યક્તિએ જાતે અથવા વાહન સાથે કોઝ-વે ઉપરથી પસાર થવું નહીં. ઉપરના તમામ ભયજનક સ્થળોએ જોખમી રીતે ઉભા રહી મોબાઈલ - કેમેરામાં ફોટા - સેલ્ફી લેવા નહીં. આ જાહેરનામું તા.૫/૯ સુધી અમલમાં રહેશે.

# કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ માટે ટાઉનહોલનું ભાડું ઘટાડો

## કચ્છના કલાકારો માટે ભુજના ટાઉનહોલ અને ઓપન એર થિયેટરના પ્રશ્નો અંગે 'સપ્તરંગ' સંસ્થા દ્વારા નગરપાલિકાને આવેદનપત્ર અપાયું : વર્ષોથી પડતર પ્રશ્નો અંગે માત્ર આશ્વાસન મળતા કલાકારોમાં રોષ : ભાડું ઘટાડવા અને સુવિધાઓ સુધારવા કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીને રૂબરૂ રજૂઆત કરાઈ

ભુજ - કચ્છઉદય : ભુજના અવેતન અને સ્થાનીય કલાકારોને પોતાની કલા પ્રદર્શિત કરવા માટે શહેરમાં માત્ર એકમાત્ર ટાઉનહોલની સુવિધા ઉપલબ્ધ છે, પરંતુ આ ટાઉનહોલમાં હાલ ઘણી અસુવિધાઓ વ્યાપેલી છે. આ ઉપરાંત અત્રેનું ઓપન એર થિયેટર પણ વર્ષોથી બિસ્માર હાલતમાં પડ્યું છે. કલાકારોના આ પડતર પ્રશ્નો લાંબા સમયથી વણઉકેલાયેલા હોવાથી ભુજની જાણીતી કલા સંસ્થા 'સપ્તરંગ' દ્વારા ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીને રૂબરૂ મળીને એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સંસ્થાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, સપ્તરંગ સંસ્થા છેલ્લા ઘણા વર્ષોથી આ તમામ પ્રશ્નોની રજૂઆત જે તે સમયે કરતી આવી છે, પરંતુ તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો જ આપવામાં આવે છે અને આજ દિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

આ આવેદનપત્રમાં કલાકારોની વિવિધ મુશ્કેલીઓ અને માંગણીઓ વિગતવાર રજૂ કરવામાં આવી છે. સંસ્થાએ મુખ્ય પ્રશ્ન તરીકે ટાઉનહોલના અસહ્ય ભાડાનો મુદ્દો ઉઠાવ્યો છે. કોઈ પણ જાતના આર્થિક ઉપાર્જન વગર માત્ર કલા અને સંસ્કૃતિના મનોરંજન માટે કાર્યક્રમો કરતી સપ્તરંગ જેવી સંસ્થાઓ માટે ટાઉનહોલનું ભાડું અંદાજે રૂપિયા ૧,૧૦,૦૦૦ જેટલું વસૂલવામાં આવે છે જે ખૂબ જ અયોગ્ય છે. અગાઉ કલાકારોની માંગણીને ધ્યાને રાખી વર્ષ ૨૦૨૨માં આ ભાડું ઘટાડીને રૂપિયા ૩૧,૧૦૦ કરવામાં આવ્યું હતું અને નગરપાલિકાના તત્કાલીન પદાધિકારીઓએ બાકીનું ભાડું માફ કરવાની ખાતરી આપી હતી, તેમ છતાં કલાકારોને પ્રોત્સાહન આપવાના બદલે ગેરકાયદેસર



રીતે ફરીથી રૂપિયા ૧૦,૦૦૦ જેટલું ભાડું વસૂલીને કલાકારો સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. આથી સંસ્થાએ માંગ કરી છે કે કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ માટે ટાઉનહોલનું ભાડું અગાઉની જેમ જ માત્ર રૂપિયા ૫,૦૦૦ રાખવામાં આવે અને શાળાઓના કાર્યક્રમો માટે પણ અન્ય સંસ્થાઓની જેમ જ ભાડું વસૂલવામાં આવે.

ભાડા ઉપરાંત ટાઉનહોલની આંતરિક અસુવિધાઓ અંગે પણ આવેદનમાં ગંભીર ધ્યાન દોરવામાં આવ્યું છે. ટાઉનહોલના સીનિયર સિટિઝન પ્રેક્ષકો માટે વી.આઈ.પી. ગેટ પાસે વ્હીલચેર તથા તેને ચલાવવા માટે રેમ્પની સુવિધા ઉપલબ્ધ કરાવવી અત્યંત જરૂરી છે જેથી મોટી ઉંમરના લોકો સરળતાથી અવરજવર કરી શકે. આ સાથે જ હોલની અંદર સ્ટેજની સામે જરૂરી લાઈટિંગની વ્યવસ્થા ન હોવાથી નાટક અને અન્ય કાર્યક્રમો રજૂ કરવામાં ભારે મુશ્કેલી પડે છે, માટે સ્ટેજની સામે પ્રેક્ષક ગૃહમાં કાયમી માસ્ટર લાઈટ અને ફોકસ લાઈટની વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય છે. નાટકના કલાકારો માટે સ્ટેજ પાછળ બે ગ્રીન રૂમ આવેલા છે પરંતુ ત્યાં એસી, માસ્ટર આરીસો અને કલાકારો માટે ટોયલેટ-બાથરૂમની પૂરતી સુવિધા નથી જેના કારણે સ્ત્રી અને પુરુષ કલાકારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ટાઉનહોલના પ્રેક્ષક ગૃહમાં સોફા અને સીટો પણ બિસ્માર હાલતમાં છે તેમજ હોલની અંદર યોગ્ય સાઉન્ડ સિસ્ટમ ન હોવાથી કલાકારોને બહારથી સાઉન્ડ સિસ્ટમ ભાડે લાવવી પડે છે, જેથી આ તમામ સુવિધાઓ ત્વરિત ધોરણે સુધારવા માંગ કરાઈ છે. ટાઉનહોલના પેસેજમાં અવારનવાર પાણી ભરાઈ જવાની સમસ્યા રહે છે જેના કારણે શોર્ટ સર્કિટ થવાનો કે કોઈ ભયાનક અકસ્માત થવાનો ભય રહે છે, વળી થિયેટરના પેસેજમાં પીવાના શુદ્ધ પાણીની કોઈ વ્યવસ્થા નથી જે કલાકારો અને પ્રેક્ષકો માટે ચિંતાનો વિષય છે.

ભુજના ઓપન એર થિયેટરની દુર્દશા અંગે કલાકારોએ ભારે દુઃખ વ્યક્ત કર્યું છે. હાલ આ થિયેટર તદ્દન જર્જરિત અને ખંઢેર હાલતમાં ફેરવાઈ ગયું છે જે કલા જગત માટે શરમજનક બાબત છે. આ અગાઉ સાંસદ વિનોદભાઈ ચાવડાએ ઓપન એર થિયેટરની મુલાકાત લીધી હતી અને તેની બાજુમાં જ ૨૦૦ થી ૩૦૦ પ્રેક્ષકો બેસી શકે તેવું એક નાનું ઓડિટોરિયમ બનાવવાની જાહેરાત કરી હતી, પરંતુ આ કામગીરી હજુ સુધી માત્ર કાગળ પર જ સીમિત રહી છે અને પ્રત્યક્ષ રીતે કોઈ કાર્ય શરૂ થયું નથી. ભુજની કલા અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવા માટે નગરપાલિકા પ્રશાસન આ પડતર પ્રશ્નોની અવગણના ન કરે અને આ બાબતોનો તાત્કાલિક ધોરણે સકારાત્મક ઉકેલ લાવે તેવી કલા જગત વતી અપીલ કરવામાં આવી છે.

કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીને આવેદનપત્ર આપતી વખતે સપ્તરંગ સંસ્થાના પ્રમુખ ઝવેરીલાલ સોનેજી, ઉપપ્રમુખ જગદીશ ભટ્ટ, સંકલન મંત્રી બિપિન દવે, તેમજ રસિકભાઈ મકવાણા, ભગીરથભાઈ ધોળકિયા, ભરતભાઈ સોની અને રશ્મિકાંત કતીરા સહિતના અગ્રણીઓ જોડાયા હતા. રજૂઆત દરમિયાન કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીએ કલાકારોના પ્રશ્નો પ્રત્યે ખૂબ જ હકારાત્મક વલણ દર્શાવ્યું હતું અને ટૂંક સમયમાં જ આ તમામ સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

# યોગ દ્વારા વજન નિયંત્રણ: સ્વસ્થ અને સુદ્રઢ શરીરની ચાવી

ભુજ - કચ્છઉદય : આધુનિક યુગમાં બદલાતી જીવનશૈલી, બેઠાડુ જીવન અને જંક ફૂડના અતિરેકને કારણે 'મેદસ્વિતા'એ એક ગંભીર વૈશ્વિક સમસ્યા બની રહી છે. મેદસ્વિતા માત્ર શરીરનો દેખાવ જ નથી બગાડતી, પરંતુ તે ડાયાબિટીસ, હૃદયરોગ અને હાઈ બ્લડ પ્રેશર જેવા અનેક રોગોનું મૂળ પણ છે. આ પરિસ્થિતિમાં દવાઓ વિના, કુદરતી અને કાયમી રીતે વજન નિયંત્રિત કરવા માટે 'યોગ' એ સવર્શ્રેષ્ઠ અને વૈજ્ઞાનિક ઉપાય સાબિત થયો છે.

યોગના નિયમિત અભ્યાસથી શરીરનું મેટાબોલિઝમ (ચયાપચયની ક્રિયા) સુધરે છે અને વધારાની કેલરી ઝડપથી બર્ન થાય છે. મેદસ્વિતાને માત આપવા માટે નીચે દર્શાવેલા આસનો અને પ્રાણાયામ અત્યંત ગુણકારી નીવડે છે. સૂર્ય નમસ્કાર એ ૧૨ શક્તિશાળી આસનોનો સમૂહ હોવાથી તેને એક સર્વાંગી કસરત માનવામાં આવે છે, જે આખા શરીરને સ્ટ્રેચિંગ અને કાર્ડિયો વ્યાયામ પૂરો પાડે છે. જો રોજ સવારે ખાલી પેટે નિયમિત રીતે ૧૦થી ૧૨ સેટ સૂર્ય નમસ્કાર કરવામાં આવે, તો તેનાથી આખા શરીરની ચરબી ખૂબ જ ઝડપથી ઓગળે છે અને સ્નાયુઓ સુદ્રઢ બને છે. ઉપરાંત, કપાલભાતિ પ્રાણાયામ એ પેટ અને કમરની આસપાસ જમા થયેલી જીદ્દી ચરબીને દૂર કરવા માટે એક રામબાણ ઈલાજ છે, કારણ કે તીવ્ર શ્વાસોચ્છવાસના સ્ટ્રોક્સથી પાચનતંત્ર મજબૂત થાય છે અને પેટના અવયવો કાર્યક્ષમ બનતા વજન ઘટાડવામાં સીધી મદદ મળે છે. તેની સાથે ત્રિકોણાસન કે, જેમાં શરીરનો આકાર ત્રિકોણ જેવો બને છે, શરીરની બંને બાજુઓ અને કમરના ભાગે જમા થયેલી ચરબી દૂર કરે છે અને કરોડરજ્જુ પણ લચીલી બને છે. પશ્ચિમોત્તાનાસનથી પેટના સ્નાયુઓ પર સારો એવો દબાવ આવે છે, જે પાચનક્રિયા તેજ કરીને પેટ પરના મેદને નિયંત્રિત કરવામાં અકસીર સાબિત થાય છે. આ ઉપરાંત, ભુજંગાસન કરવાથી પેટના ભાગને સરસ ખેંચાણ મળવાને કારણે ત્યાંની ચરબી ઘટે છે, પીઠના સ્નાયુઓ મજબૂત થાય છે અને થાઈરોઈડ ગ્રંથિ ઉત્તેજિત થતાં ચયાપચય (મેટાબોલિઝમ) સુધરે છે જે વજન નિયંત્રણમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે.

હંમેશા સવારે ખાલી પેટે અથવા જમ્યાના ૪ કલાક પછી જ યોગ કરવા જોઈએ. નિયમિતતા એ જ ઉત્તમ પરિણામની ચાવી છે, તેથી અઠવાડિયામાં ઓછામાં ઓછા ૫ દિવસ ૩૦ થી ૪૫ મિનિટ યોગાભ્યાસ અનિવાર્ય છે. આ સાથે શરીરના સંતુલન માટે આહાર પર નિયંત્રણ રાખીને, સાત્વિક અને ફાઈબરયુક્ત ઘરનો ખોરાક લેવો હિતાવહ છે. ભારતીય સંસ્કૃતિના અમૂલ્ય વારસા સમાન યોગને વૈશ્વિક મંચ સુધી લઈ જવાનો મુખ્ય શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાય છે. વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૬૯મા સત્રમાં પોતાના ઐતિહાસિક સંબોધન દરમિયાન વડાપ્રધાનશ્રીએ સમગ્ર વિશ્વને યોગનું મહત્વ સમજાવી ૨૧ જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો , જેના કારણે ૨૧ જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આપણા રસોડામાં જ તમામ ઔષધિઓ છે. રોજ સવારે ૧ કલાક યોગ-વ્યાયામ અને સાંજે ૧૫ મિનિટ ધ્યાન કરવાથી દિવસભર સંપૂર્ણ તાજગી રહે છે. બાળપણથી જ યોગ કરવાથી બાળકોમાં મેદસ્વિતા ઘટે છે, એકાગ્રતા વધે છે અને સ્ક્રીન ટાઈમ ઓછો થાય છે.

# અમદાવાદ - મુંબઈ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટના ૧,૬૦૦ મેટ્રિક ટન વજનના પ્રીકાસ્ટ આરસીસી પોર્ટલ બીમનું માત્ર ૩ કલાકમાં સફળ પ્રક્ષેપણ

અમદાવાદ - મુંબઈ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી ખાતે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળના સાબરમતી વિસ્તારમાં કાર્યરત મુખ્ય રેલવે લાઇન ઉપર અત્યંત જટિલ અને ઉચ્ચ સ્તરની એન્જિનિરીંગ કાર્યને સફળતાપૂર્વક પાર પાડતાં, ૧,૬૦૦ મેટ્રિક ટન વજનના વિશાળ પ્રીકાસ્ટ આર.સી.સી. પોર્ટલ બીમનું માત્ર ૩ કલાકના નિર્ધારિત ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન સફળતાપૂર્વક પ્રક્ષેપણ (લૉન્ચિંગ) કરવામાં આવ્યું હતું.

આ સિદ્ધિ ભારતીય રેલવેના માળખાકીય વિકાસમાં તકનીકી શ્રેષ્ઠતા, ચોકસાઈ ભર્યું આયોજન અને સુરક્ષિત અમલીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. સાબરમતી ખાતે કાર્યરત મુખ્ય રેલવે લાઇન



ઉપર ૩૪.૫ મીટર - ૫.૫ મીટર, ૪.૫ મીટર કદના અને ૧,૬૦૦ મેટ્રિક ટન વજન ધરાવતા વિશાળ પ્રીકાસ્ટ પોર્ટલ બીમનું માત્ર ૩ કલાકના મર્યાદિત ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન સફળતાપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું. આ ભારે કામગીરીને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે ૨,૨૦૦ ટન ક્ષમતા ધરાવતી અત્યાધુનિક ક્રોલર ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો. સમગ્ર કામગીરી અત્યંત સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવી. કામગીરી દરમિયાન એક પણ અકસ્માત નોંધાયો નહીં અને સૌથી મહત્વની વાત એ રહી કે મુસાફર ટ્રેનોની નિયમિત અવરજવરમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ આવ્યો નહીં. કામગીરી પૂર્ણ થતાં જ રેલવે ટ્રેક અને ઓવરહેડ ઈક્વિપમેન્ટને નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ સુરક્ષા અને ચોક્કસ એલાઈનમેન્ટ સાથે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા.

વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, "આ ઉપલબ્ધિ રેલવેના એન્જિનિરીંગ કૌશલ્ય અને સલામતીના ઉચ્ચ ધોરણો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનું જીવંત ઉદાહરણ છે. કાર્યરત રેલવે લાઈન ઉપર આટલા ભારે વજનના પોર્ટલ બીમને કોઈપણ પ્રકારના વિક્ષેપ વિના સ્થાપિત કરવું એક મોટો પડકાર હતો, જેને અમારી ટીમે અસાધારણ આયોજન, સુમેળ અને ચોકસાઈ સાથે સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. સીમાચિહ્નરૂપ સિદ્ધિ ભારતીય રેલવેની તકનીકી કુશળતા અને કામગીરીની શ્રેષ્ઠતાને ઉજાગર કરે છે તેમજ ભવિષ્યમાં હાથ ધરાનારી મોટી માળખાકીય વિકાસ યોજનાઓ માટે એક નવો માપદંડ સ્થાપિત કરે છે.

# ભુજમાં આમ આદમી પાર્ટી દ્વારા દેશલસર તળાવની દુર્દશા અંગે ચીફ ઓફિસરને કરાઈ રજૂઆત

ભુજ - કચ્છઉદય : ભુજના ઐતિહાસિક અને રાજશાહી સમયના વારસા સમાન દેશલસર તળાવની હાલત આજે અત્યંત દયનીય બની ગઈ છે. આ તળાવમાં ગટરનું ગંદુ પાણી છોડવામાં આવી રહ્યું છે તેમજ કચરો પણ ઠાલવવામાં આવતો હોવાથી તળાવનું અસ્તિત્વ અને પર્યાવરણ ગંભીર જોખમમાં મુકાયા છે. આ ગંભીર સમસ્યા અંગે ભુજ નગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા પૂરતું ધ્યાન આપવામાં ન આવતા આમ આદમી પાર્ટી (આપ) પશ્ચિમ કચ્છ જિલ્લા દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

આમ આદમી પાર્ટીના



વિધાનસભા સંગઠન મંત્રી ખલીફા મોહમદ હુસેનએ જણાવ્યું હતું કે, દેશલસર તળાવમાં આવતા તમામ પાણીના આવક-જાવકના નાળા હાલ બંધ હાલતમાં છે, જ્યારે ગટરનું ગંદુ પાણી સતત તળાવમાં છોડાઈ રહ્યું છે. આ ઉપરાંત તેમણે પ્રિ-મોન્સૂન કામગીરી સામે પણ સવાલો ઉઠાવ્યા હતા કે ભુજના અલગ-અલગ વિસ્તારોમાંથી આવતા પાણીના નાળાઓમાં કચરો ભરાયેલો પડ્યો છે. તંત્ર દ્વારા માત્ર હાઈવે પર દેખાતા બે-ત્રણ નાળાઓની સફાઈ કરી, ફોટો શૂટ કરાવીને સંતોષ માની લેવામાં આવે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ માત્ર ફોટો શૂટ પૂરતી જ કામગીરી કરી રહ્યા છે અને વાસ્તવિકતામાં પ્રિ-મોન્સૂન કામગીરી શૂન્ય છે. વધુમાં તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે ભુજની જીવાદોરી સમાન મુખ્ય હમીરસર તળાવમાં પણ ગટરનું પાણી આવવાનું શરૂ થઈ ગયું છે, જે ભવિષ્યમાં દેશલસર તળાવ જેવી જ ગંભીર સ્થિતિ સર્જી શકે છે.

આપના હોદ્દેદારો જ્યારે આ બાબતે રજૂઆત કરવા નગરપાલિકાએ પહોંચ્યા ત્યારે ચીફ ઓફિસર મીટિંગમાં વ્યસ્ત હોવાના કારણે દોઢ કલાક સુધી રાહ જોવા છતાં રજૂઆત સાંભળવા માટે સમય આપ્યો ન હતો. તંત્રના કોઈ પણ અધિકારી કે પ્રમુખ પાસે પ્રજાની વાત સાંભળવાનો સમય ન હોવાથી પક્ષના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આપ દ્વારા માગણી કરવામાં આવી છે કે દેશલસર તળાવ માટે તાત્કાલિક જરૂરી બજેટ ફાળવીને તેની સંપૂર્ણ સફાઈ કરવામાં આવે, ગટરનું ગંદુ પાણી બંધ કરવામાં આવે અને બંધ નાળાઓને ફરી કાર્યરત કરાય. જો વહેલી તકે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ભુજવાસીઓ મજબૂરીવશ જનસહયોગ અને ભિક્ષા એકત્ર કરીને પોતાના ઐતિહાસિક દેશલસર તળાવની સફાઈ કરવાનો સંકલ્પ કરશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ રજૂઆત વેળાએ આમ આદમી પાર્ટી પશ્ચિમ કચ્છના કાર્યકર્તાઓ સાથે જોડાયા હતા.

# ટ્રક ખરીદીના બાકી નાણાંના ચેક પરત ફરતાં આરોપીને એક વર્ષની કેદ

ભુજ - કચ્છઉદય : નાણાકીય વ્યવહારોમાં ચેકના વિશ્વાસ અને કાયદાકીય માન્યતાને મજબૂત બનાવતા એક મહત્વપૂર્ણ ચુકાદામાં ભુજની અદાલતે ચેક બાઉન્સના કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા ફટકારી છે. સાથે જ ચેકની રકમ પર નવ ટકા વ્યાજ સહિત કુલ રૂ. ૩.૦૧ લાખથી વધુની રકમ ફરિયાદીને વળતરરૂપે ચૂકવવાનો હુકમ પણ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભુજના રહેવાસી દિનેશ ચત્રભુજ ઠક્કર પાસેથી માળિયા-મોરબીના ટ્રાન્સપોર્ટર હનીફ રાયબ મોવરે ટ્રકની ખરીદી કરી હતી. બંને પક્ષો વચ્ચે ટ્રકની કિંમત રૂ. ૬,૮૪,૭૮૬ નક્કી કરવામાં આવી હતી. જેમાંથી રૂ. ૫ લાખની રકમ આરોપીએ રોકડમાં ચૂકવી હતી, જ્યારે બાકીની રૂ. ૧,૮૪,૭૮૬ની ચુકવણી માટે બે ચેક આપ્યા હતા. ફરિયાદી દ્વારા બેંકમાં ચેક રજૂ કરવામાં આવતા બંને ચેક અપર્યાપ્ત રકમના કારણે પરત ફર્યા હતા. ત્યારબાદ કાયદેસરની નોટિસ અને પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ભુજની અદાલતમાં ચેક પરત ફરવાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કેસ દરમિયાન રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા અને સાક્ષીઓના આધારે અદાલતે આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

ભુજના બીજા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલા ચુકાદામાં આરોપી હનીફ રાયબ મોવરને એક વર્ષની સાદી કેદની સજા ફટકારવામાં આવી છે. ઉપરાંત ચેકની રકમ પર નવ ટકા વ્યાજ સાથે કુલ રૂ. ૩,૦૧,૨૦૦ ફરિયાદીને વળતર પેટે ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે. જો આ રકમની ચુકવણી કરવામાં નહીં આવે તો આરોપીને વધારાના છ માસની કેદ ભોગવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે. ચેક બાઉન્સના વધતા કેસોની વચ્ચે અદાલતનો આ નિર્ણય નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા અને જવાબદારી જાળવવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. કેસમાં ફરિયાદી તરફથી એડવોકેટ અવનીશ જે. ઠક્કર અને એડવોકેટ સલીમ એસ. ચાકીએ દલીલો કરી હતી.

# કચ્છમાં ઓછા વરસાદની સ્થિતિ વચ્ચે ખરીફ વાવેતરનું વૈજ્ઞાનિક આયોજન કરવા ખેડૂતોને અપીલ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાની ખેતીનો મુખ્ય આધાર ચોમાસાના વરસાદ પર નિર્ભર હોવાથી કુલ ખેતી વિસ્તારના અંદાજે ૭૫ થી ૮૦ ટકા વિસ્તાર બિનપિયત એટલે કે વરસાદ આધારિત છે, જ્યારે માત્ર ૨૦ થી ૨૫ ટકા વિસ્તાર જ પિયત હેઠળ ઉપલબ્ધ છે. જિલ્લામાં સરેરાશ વાર્ષિક વરસાદ આશરે ૩૪૦ થી ૩૮૦ મિલીમીટર જેટલો જ થાય છે. તેમાં પણ વરસાદની અનિયમિતતા અને અસમાન વિતરણને કારણે દર વર્ષે સ્થાનિક ખેતી સમક્ષ મોટા પડકારો ઉભા થાય છે. ભચાઉ સ્થિત વિભાગીય સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, કચ્છની આબોહવા અર્ધ-શુષ્ક અને ગરમ-શુષ્ક પ્રકારની હોવાથી હવે ઓછા પાણીમાં વધુ ઉત્પાદન આપતા અને દુષ્કાળ સહન કરી શકે તેવા પાકોનું આયોજન કરવું એ સમયની મુખ્ય જરૂરિયાત બની ગઈ છે. વરસાદની શરૂઆત થયા બાદ જો લાંબો વિરામ આવે તો ખેડૂતોએ ગભરાવાની જરૂર નથી, પરંતુ વૈજ્ઞાનિક ખેતી વ્યવસ્થાપન અપનાવીને પાકના નુકસાનને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય તેમ છે.

કૃષિ નિષ્ણાતો દ્વારા ખેડૂતોને સૌપ્રથમ જમીનની ભેજનું સંરક્ષણ કરવા માટે વિશેષ અનુરોધ કરવામાં આવ્યો છે. વરસાદ પડ્યા પછી સમયસર નીંદામણ નિયંત્રણ કરવું, હળવી આંતરખેડ કરવી, પાકના અવશેષોનો ઉપયોગ કરીને મલ્ચિંગ એટલે કે આચ્છાદન કરવું, ખેતરના પાળા મજબૂત બનાવવા તેમજ

## અર્ધ-શુષ્ક આબોહવામાં પાણીની બચત સાથે વધુ ઉત્પાદન મેળવવા કૃષિ વૈજ્ઞાનિકોએ આપ્યું માર્ગદર્શન

વરસાદી પાણીનો સંગ્રહ કરવા જેવી પદ્ધતિઓ અપનાવવાથી જમીનમાં રહેલો ભેજ લાંબા સમય સુધી જળવાઈ રહે છે. આ ઉપરાંત ખેતર તલાવડી, ફાર્મ પોન્ડ, ચેકડેમ અને પાણી સંચયના અન્ય ઉપાયોથી પાણીનું સંરક્ષણ કરીને આગામી સુકા સમયગાળામાં પાકને જીવનદાયી સિંચાઈ પૂરી પાડી શકાય છે. કચ્છની વર્તમાન પરિસ્થિતિમાં ટપક સિંચાઈ પદ્ધતિ પાણી બચાવવાનો સૌથી અસરકારક વિકલ્પ સાબિત થઈ શકે તેમ છે. આ પદ્ધતિ દ્વારા ૩૦ થી ૫૦ ટકા સુધી પાણીની બચત થવાની સાથે પાકના ઉત્પાદનમાં પણ વધારો કરી શકાય છે. ખાસ કરીને પાકમાં જ્યારે ફૂલ આવવાની અને દાણા ભરાવાની અવસ્થા હોય ત્યારે આપવામાં આવતી એક સમયસરની સિંચાઈ પણ પાક ઉત્પાદન બચાવવામાં ખૂબ મહત્વપૂર્ણ સાબિત થાય છે.

જો ચાલુ વર્ષે વરસાદ મોડો પડે અથવા પૂરતો ન થાય તો ખેડૂતોએ લાંબા ગાળાના પાકોને બદલે ટૂંકા ગાળાના, ઓછા પાણીમાં ઉગતા અને દુષ્કાળ સહનશીલ પાકોની પસંદગી કરવી જોઈએ. કચ્છની આબોહવા માટે બાજરી, રજકા બાજરી, જુવાર, ગુવાર, તલ, મગ, મઠ, તુવેર, એરંડો અને ઘાસચારાના પાકો સૌથી વધુ અનુકૂળ માનવામાં આવે છે. આ પાકોની અવધિ ૬૦ દિવસથી લઈને ૧૮૦ દિવસ સુધીની હોય છે અને તેમને ૨૦૦ થી ૬૦૦ મિલીમીટર સુધીના વરસાદની જરૂરિયાત રહે છે. ખેડૂતોને વિવિધ પાકો માટે સરકાર દ્વારા પ્રમાણિત અને ભલામણ કરાયેલ બિયારણોનો જ ઉપયોગ કરવા સલાહ અપાઈ છે. જેમાં બાજરી માટે જીએચબી-૫૩૮, જીએચબી-૧૧૨૯, બાયોફોર્ટીફાઈડ જીએચબી -૧૩૦૫ અને જીએચબી-૧૨૯૪ જેવી જાતો તેમજ ઘાસચારા માટે જીએફબી-૪, જીએફબી-૫ અને સ્થાનિક મહુડો બાજરો ઉત્તમ છે. જુવાર માટે જીજે-૪૪, જીજે-૪૫ અને જીએફએસ-૬ તથા ગુવાર માટે જીજી-૧ અને જીજી-૩ યોગ્ય છે. તલ માટે જીટી-૩ અને જીટી-૭ જ્યારે મગ માટે જીએમ-૪, જીએમ-૬ અને જીએમ-૯ ભલામણ કરાયેલ છે. મઠ માટે જીએમઓ-૨, તુવેર માટે જીટી-૧૦૭, જીટી-૧૦૮ અને જીટી-૧૧૦, એરંડા માટે જીસી-૪, જીસીએચ-૭ અને જીસીએચ-૮ તેમજ બિનપિયત કપાસ માટે જીએડીસી-૩ અને જીએડીસી-૪ જેવી જાતો કચ્છની પરિસ્થિતિ માટે એકદમ સાનુકૂળ ગણાય છે.

વૈજ્ઞાનિકોના મતે અનિશ્ચિત વરસાદની સ્થિતિમાં આંતરપાક અને મિશ્ર પાક પદ્ધતિ એ ખેડૂતો માટે જોખમ ઘટાડવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે. બાજરી સાથે ગુવાર, એરંડા સાથે મગ અથવા જુવાર સાથે કઠોળ પાકો વાવવાની પદ્ધતિ અપનાવવાથી જો કોઈ એક પાકને નુકસાન થાય તો પણ બીજા પાકમાંથી આવક મેળવી શકાય છે. વળી, કઠોળના પાકો જમીનમાં નાઈટ્રોજનનું સ્થિરીકરણ કરીને જમીનની ફળદ્રુપતા પણ જાળવી રાખે છે. આ સાથે જ ખેડૂતોને પાક ઉત્પાદનની સાથે બાગાયતી અને પશુપાલન આધારિત સંકલિત ખેતી પદ્ધતિ અપનાવવા પણ ભલામણ કરાઈ છે. કચ્છની ધરતી પર ખારેક, દાડમ, બોર, સીતાફળ અને ડ્રેગન ફ્રૂટ જેવા ફળબાગાયતની સાથે ઘાસચારો અને પશુપાલનને ખેતી સાથે સાંકળવાથી ખેડૂતોની આવકમાં સ્થિરતા આવે છે અને વરસાદની અનિશ્ચિતતાની નકારાત્મક અસરો ઓછી થાય છે. ખેડૂતોએ બિનપિયત તેમજ એકાદ પિયતની સગવડ હોય ત્યારે તુવેર, એરંડા કે અડદ જેવા પાકો પસંદ કરવા જોઈએ અને બિનપિયત સાથે ઓછું રોકાણ કરવું હોય તો તલ, મગ, મઠ, બાજરી કે કારીગડા જેવા પાકો ઉત્તમ રહેશે. જો વરસાદ વધુ મોડો પડે તો તુવેર, એરંડા કે દેશી કપાસની વાવણી કરવી હિતાવહ છે. ભચાઉ વિભાગીય સંશોધન કેન્દ્ર દ્વારા તમામ ખેડૂતોને ભારતીય હવામાન વિભાગની આગાહી, કૃષિ યુનિવર્સિટીની ભલામણો અને સ્થાનિક કૃષિ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ જ સમયસર યોગ્ય નિર્ણયો લેવા અનુરોધ કરાયો છે.

# ફિફા વર્લ્ડકપ : બેલ્જિયમને હરાવી સ્પેન સેમિફાઈનલમાં





## સ્પેન ૧૬ વર્ષ બાદ અંતિમ ચારમાં પહોંચ્યું : સેમીફાઇનલમાં ફ્રાન્સ સાથે ટકરાશે

(એજન્સી દ્વારા) બોસ્ટન : ફિફા વિશ્વ કપ ૨૦૨૬ હવે તેના અંતિમ અને નિર્ણાયક તબક્કામાં પ્રવેશ કરી ચૂક્યો છે. શુક્રવારે રમાયેલા ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં સ્પેને બેલ્જિયમને ૨-૧ થી હરાવીને સેમીફાઈનલની ટિકિટ મેળવી લીધી છે, જ્યાં હવે તેનો સામનો મજબૂત ફ્રાન્સની ટીમ સામે થશે. લોસ એન્જલસ સ્ટેડિયમ ખાતે રમાયેલો આ મુકાબલો અત્યંત રોમાંચક રહ્યો હતો. મેચની ૩૦મી મિનિટે સ્પેન તરફથી ફેબિયન ઈઝે પ્રથમ ગોલ કરીને ટીમને લીડ અપાવી હતી, પરંતુ ૪૧મી મિનિટે બેલ્જિયમના ચાર્લ્સ ડી કેટેલેરે ગોલ ફટકારીને સ્કોર ૧-૧ ની બરાબરી પર લાવી દીધો હતો.

મેચ જ્યારે એક્સ્ટ્રા ટાઇમ તરફ વધી રહ્યો હતો, ત્યારે જ ૮૮મી મિનિટે મિકેલ મેરિનોએ નિર્ણાયક ગોલ કરીને સ્પેનને શાનદાર જીત અપાવી હતી. અત્રે નોંધનીય છે કે, બેલ્જિયમના મુખ્ય ગોલકીપર થિબાઉટ કોર્ટુઆ ૭૧મી મિનિટે ઈજાગ્રસ્ત થઈને બહાર જતાં તેમની જગ્યાએ આવેલા સેન લામેન્સ બોલ પર નિયંત્રણ રાખી શક્યા ન હતા અને મેરિનોએ તેનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. આ જીત સાથે સ્પેને સતત ૩૬મી મેચ અજેય રહીને પૂર્ણ કરી છે અને ૧૬ વર્ષ બાદ અંતિમ ચારમાં પ્રવેશ કર્યો.

સ્પેનના યુવા સ્ટાર ખેલાડી લામિન યમાલને તેના શાનદાર પ્રદર્શન માટે 'સુપીરિયર પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરવામાં આવ્યો હતો, જેણે સતત બેલ્જિયમના ડિફેન્સ પર દબાણ જાળવી રાખ્યું હતું. સ્પેનના મુખ્ય કોચ લુઈસ ડે લા ફુએન્ટેએ જીત બાદ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ તેમની ટીમનાં અદભુત જુસ્સાનું પરિણામ છે અને તેઓ સેમીફાઈનલમાં ફ્રાન્સને હરાવવા માટે પૂરી મહેનત કરશે. મેચના હીરો મિકેલ મેરિનોએ પણ જણાવ્યું કે, વિશ્વકપ જીતવાથી તેઓ હવે માત્ર બે મેચ જ દૂર છે અને ફ્રાન્સ સામેનો આગામી મુકાબલો ઘણો રોમાંચક રહેશે.

બીજી તરફ, શનિવારે ક્વાર્ટર ફાઈનલના બાકી બચેલાં છેલ્લાં બે મુકાબલા રમાશે. જેમાં પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડનો સામનો ટૂર્નામેન્ટની સૌથી મોટી સરપ્રાઈઝ ટીમ નોર્વે સામે થશે, જ્યારે બીજા મેચમાં ગત ચેમ્પિયન આર્જેન્ટિના અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે સેમીફાઈનલમાં પહોંચવા માટે જોરદાર જંગ જામશે.



## બ્રાઝિલને બહાર કરનાર નોર્વે સામે ઇંગ્લેન્ડનો મોટો પડકાર

ભારતીય સમયાનુસાર ૧૨ જુલાઈએ મોડી રાત્રે ૦૨:૩૦ વાગ્યે નોર્વે અને ઈંગ્લેન્ડ વચ્ચે ક્વાર્ટર ફાઈનલ જંગ ખેલાશે. આ મેચમાં ઈંગ્લેન્ડને જીતનું પ્રબળ દાવેદાર માનવામાં આવે છે, પરંતુ નોર્વે આ ટૂર્નામેન્ટની સૌથી મોટી 'ડાર્ક હોર્સ' સાબિત થઈ છે, જેણે રાઉન્ડ ઓફ ૧૬ માં ૫ વખતની ચેમ્પિયન બ્રાઝિલને બહાર કરીને સનસનાટી મચાવી દીધી હતી. નોર્વે પાસે એર્લિંગ હાલેન્ડ જેવા ફોર્મમાં ચાલી રહેલા સ્ટ્રાઈકર છે, તો બીજી તરફ ઈંગ્લેન્ડના હેરી કેન અને જૂડ બેલિંગહામ



પર ટીમની જીતનો મોટો દારોમદાર રહેશે. બંને ટીમો વિશ્વકપના ઈતિહાસમાં પ્રથમ વખત આમને-સામને ટકરાશે. હેડ-ટુ-હેડ રેકોર્ડમાં ઈંગ્લેન્ડનો પક્ષ ભારે છે, જેણે કુલ ૧૨ માંથી ૭ આંતરરાષ્ટ્રીય મેચો જીત્યાં છે.

## સ્પેનના લમીન યમાલે તોડ્યો ૯૬ વર્ષ જુનો વર્લ્ડ રેકોર્ડ

લોસ એન્જલસ : લોસ એન્જિલ્સમાં રમાયેલી ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની ક્વાર્ટર ફાઈનલ મેચમાં બેલ્જિયમ સામે મેદાનમાં ઉતરીને સ્પેનના યુવા ખેલાડી લમીન યમાલે એક નવો વર્લ્ડ રેકોર્ડ પોતાનાં નામે કરી લીધો છે. ટૂર્નામેન્ટમાં પોતાની છઠ્ઠી મેચ રમી રહેલાં યમાલ હવે વર્લ્ડ કપના ઈતિહાસમાં ૧૮ વર્ષ કે તેથી ઓછી ઉંમરમાં સૌથી વધુ મેચ રમનારા વિશ્વનાં પ્રથમ ખેલાડી બની ગયાં છે. આ પહેલાં ગ્રુપ સ્ટેજમાં પણ તેમણે સાઉદી અરેબિયા સામે ગોલ કરીને નવો ઈતિહાસ રચ્યો હતો. તેઓ મહાન ફૂટબોલર પેલે (૧૯૫૮) પછી વિશ્વ કપની મેચમાં ગોલ કરનારા બીજા સૌથી યુવા ખેલાડી પણ છે. આ મેચમાં સ્પેન તરફથી ફેબિયાન ઈઝે ૩૦મી મિનિટે ગોલ કર્યો હતો, જ્યારે બેલ્જિયમના ચાર્લ્સ ડી કેટેલેરેએ ૪૧મી મિનિટે ગોલ કરીને મેચ બરાબરી પર લાવી દીધી હતી. મેચના અંતિમ સમયમાં મિકેલ મેરિનોએ ૮૮મી મિનિટે શાનદાર ગોલ કરીને સ્પેનને ૨-૧થી રોમાંચક જીત અપાવી હતી, જેના કારણે સ્પેનની ટીમે ટૂર્નામેન્ટની સેમીફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. આ ટૂર્નામેન્ટમાં પ્રથમ વખત એવું બન્યું છે જ્યારે સ્પેનની ટીમે કોઈ ગોલ ખાધો હોય.

## લિયોનેલ મેસીની આર્જેન્ટિના સામે સ્વિટ્ઝર્લેન્ડનો મુકાબલો

રવિવારનો બીજો ક્વાર્ટર ફાઈનલ મુકાબલો ભારતીય સમય મુજબ ૧૨ જુલાઈએ સવારે ૦૬:૩૦ વાગ્યે આર્જેન્ટિના અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે રમાશે. આ મેચમાં લિયોનેલ મેસીની આર્જેન્ટિનાની ટીમને જીત માટે સૌથી મજબૂત માનવામાં આવી રહી છે. ઈતિહાસ પર નજર કરીએ તો સ્વિટ્ઝર્લેન્ડ ક્યારેય આર્જેન્ટિનાને હરાવી શક્યું નથી. બંને વચ્ચે રમાયેલા ૭ આંતરરાષ્ટ્રીય મેચોમાંથી



૫ આર્જેન્ટિના જીત્યું છે અને ૨ ડ્રો રહ્યાં છે. આ પહેલાં વિશ્વકપના ઈતિહાસમાં ૨૦૧૪ ના પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં આર્જેન્ટિનાએ એક્સ્ટ્રા ટાઈમમાં સ્વિટ્ઝર્લેન્ડને ૧-૦ થી હરાવ્યું હતું.

## ઈંગ્લેન્ડના ખેલાડીઓ માટે હવે દારૂ પીવો મુશ્કેલ, ઈસીબીએ બનાવ્યા નવા નિયમો

(એજન્સી દ્વારા) લંડન : ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ખેલાડીઓ ઘણીવાર પોતાની રમત કરતાં મેદાનની બહારના વિવાદો માટે હેડલાઈન્સમાં રહે છે. તાજેતરમાં બેન સ્ટોક્સ દારૂના નશામાં બોલાચાલીમાં સામેલ હતો, જેના કારણે તેને એક મેચમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તે ટીમમાં પાછો ફર્યો, ટીમનો કેપ્ટન બન્યો, પરંતુ આખરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી. સ્ટોક્સ જેવી ઘટનાઓને રોકવા માટે **ECB** એ તેના ખેલાડીઓ માટે છ કડક નિયમો સ્થાપિત કર્યા છે. જે ઈંગ્લેન્ડના ખેલાડીઓ તેનું પાલન કરવામાં નિષ્ફળ જશે તેમને કાર્યવાહીનો સામનો કરવો પડશે. નવા નિયમ મુજબ મેચના એક દિવસ પહેલાથી મેચ પૂરી થયાના એક દિવસ બાદ સુધી દારૂ નહીં પીવો. મેચ અને શ્રેણી દરમિયાન જાહેર સ્થળોએ




પરવાનગી વિના દારૂ પીવા પર પ્રતિબંધ. સ્થાનિક શ્રેણી અને વિદેશી પ્રવાસ દરમિયાન રાત્રિના ૧૨ વાગ્યા પછી કોઈ બહાર ફરી નહીં શકે. ખેલાડીઓ રાત્રે ૧૦ વાગ્યા પછી ટીમ મેનેજમેન્ટને જાણ કર્યા વિના બહાર રહી શકશે નહીં. કોઈ પણ ખેલાડી જાહેરમાં ક્યાંય પણ નશામાં ન દેખાવો જોઈએ. સોશિયલ મીડિયા પર દારૂ સંબંધિત કંઈપણ પોસ્ટ કરવી નહીં.

## હિટમેન અને સ્કાઈની મહેનત પર ફરશે પાણી? વધુ એક હાર અને માથા પરથી છીનવાઈ જશે સવર્શ્રેષ્ઠ ટીમનો ખિતાબ !

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝમાં ભારતીય ટીમની મુશ્કેલીઓ ખતમ થતા જોવાથી નથી. પહેલા ટીમે સિરીઝ ગુમાવી છે અને હવે આઈસીસી ટી૨૦ આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં ભારતનું નંબર-૧નું સ્થાન પણ જોખમમાં છે. બ્રિસ્ટલમાં રમાયેલી ચોથી ટી૨૦ મેચમાં ઈંગ્લેન્ડે ભારતને ૯ વિકેટે હરાવ્યું હતું. પાંચ મેચની સિરીઝમાં ઈંગ્લેન્ડને ૩-૦ની લીડ મળી છે. હવે ઈંગ્લેન્ડ આજે ૧૧ જુલાઈએ સાઉથહેમ્પ્ટનમાં રમાનારી અંતિમ મેચ જીતવાનું પ્રયત્ન કરશે. જો ઈંગ્લેન્ડ આ મેચ જીતશે તો તે ભારતને પાછળ છોડી દુનિયાની નંબર-૧ ટી૨૦ ટીમ બની જશે. એટલે કે સિરીઝની છેલ્લી મેચ હવે માત્ર ભારત માટે માન અને સન્માન નહીં પરંતુ નંબર-૧ સ્થાન બચાવવાની લડાઈ પણ છે. ભારતીય ટીમ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે. ટી૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ




ભારતને પ્રથમ આયર્લેન્ડ સામેની બે મેચની સિરીઝમાં ૦-૨થી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ઈંગ્લેન્ડમાં સિરીઝ જીતવાની આશા હતી. પરંતુ ઈંગ્લેન્ડમાં પણ સ્થિતિ બદલાઈ નહીં. ઈંગ્લેન્ડે પાંચ મેચની સિરીઝમાં ત્રણ મેચ જીતીને સિરીઝ પોતાના નામે કરી છે. એક મેચ વરસાદને કારણે રદ થઈ હતી. બ્રિસ્ટલમાં ભારતે પ્રથમ બેટિંગ કરી હતી. ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૫૮ રન બનાવ્યા હતા. કેપ્ટન શ્રેયસ અય્યરે ૪૯ બોલમાં ૮૦ રનની શાનદાર ઈનિંગ રમી હતી. તે નોટઆઉટ રહ્યો હતો. પરંતુ અન્ય ખેલાડીઓએ તેને સાથ આપી નહોતી. ૧૫૯ રનનું ટાર્ગેટ ઈંગ્લેન્ડ માટે સરળ સાબિત થયું. શરૂઆતમાં એક વિકેટ ગુમાવ્યા બાદ કેપ્ટન હેરી બ્રૂક અને ફિલ સોલ્ટ ભારતીય બોલરો સામે સારા રમ્યા. બીજી વિકેટ માટે ૧૪૬ રનની પાર્ટનરશીપ કરી હતી. બ્રૂકે ૭૯ અને સોલ્ટ ૫૯ રન બનાવી નોટઆઉટ રહ્યા. ઈંગ્લેન્ડે ૩૭ બોલ બાકી રાખીને મેચ જીતી લીધી હતી. સિરીઝ જીત્યા બાદ પણ ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકનું લક્ષ્ય હજુ પૂર્ણ થયું નથી. હવે તેનું ધ્યાન દુનિયાની નંબર-૧ ટી૨૦ ટીમ બનવા પર છે. બ્રૂકે કહ્યું, "ભારતને ૪-૦થી હરાવીને શ્રેણી જીતવી ખૂબ જ ખાસ રહેશે. દુનિયાની નંબર-૧ ટીમ બનવું વધુ ખાસ હશે. એ જ અમારું મુખ્ય લક્ષ્ય છે.

## આજથી વેસ્ટ ઈન્ડિઝ - ન્યુઝીલેન્ડ વચ્ચે વન-ડે સિરીઝનો પ્રારંભ



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આજે મધરાતે ૧૨ વાગ્યાથી આગામી ૨૨ જુલાઈ વચ્ચે યજમાન વેસ્ટ ઈન્ડીઝ અને ન્યુ ઝીલૅન્ડ વચ્ચે પાંચ વન-ડે મૅચની સિરીઝ રમાશે. બન્ને ટીમો વચ્ચે ૧૯૭૫થી ૨૦૨૫ વચ્ચે ૭૧ વન-ડે મૅચ રમાઈ છે. એમાંથી ન્યુ ઝીલૅન્ડ ૩૩ મૅચ અને વેસ્ટ ઈન્ડીઝ ૩૧ મૅચ જીત્યું છે. ૭ મૅચ નો-રિઝલ્ટ રહી છે. ૧૯૮૪થી બન્ને દેશો વચ્ચે ૧૩ વન-ડે સિરીઝ રમાઈ છે. ન્યુ ઝીલૅન્ડ ૬ સિરીઝ અને વેસ્ટ ઈન્ડીઝ ૬ સિરીઝ જીત્યું છે, જ્યારે ૨૦૧૩-'૧૪માં એક સિરીઝ ડ્રૉ રહી હતી. ત્યાર બાદની ત્રણેય સિરીઝ ન્યુ ઝીલૅન્ડે જીતી છે. આ હરીફ સામે વેસ્ટ ઈન્ડીઝે છેલ્લે ૨૦૧૨માં વન-ડે સિરીઝ જીતી હતી. ૧૯ વર્ષના વિટેલ લૉઝને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પહેલી વખત કેરિબિયન ટીમમાં સામેલ થવાની તક મળી છે. આ રિસ્ટ સ્પિનરે હજી સુધી સિનિયર લેવલે કોઈ ફર્સ્ટ ક્લાસ મૅચ, લિસ્ટ-એ મૅચ કે ૨૦ મૅચ રમી નથી. હાલમાં રમાયેલા અન્ડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૬માં તેણે વેસ્ટ ઈન્ડીઝ માટે પાંચ મૅચમાં ૧૦ વિકેટ લીધી હતી.

## આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં કરશે મોટા ફેરફાર, હવે દરેક જીતેલી મેચ માટે નહીં મળે પોઈન્ટ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની શરૂઆતથી ટેસ્ટ ક્રિકેટ રોમાંચક બન્યું છે, પરંતુ તેની પોઈન્ટ સિસ્ટમે ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. ડબલ્યુટીસી પોઈન્ટ ટેબલમાં, ઓછી મેચ રમનારી ટીમોને ઘણીવાર ફાયદો થાય છે, જ્યારે વધુ મેચ રમનારી ટીમોને ઘણીવાર નુકસાન થાય છે. જોકે, આઈસીસીએ હવે આ મુદ્દા પર વિચાર કર્યો છે અને પોઈન્ટ સિસ્ટમ બદલવા માટે કામ કરી રહી છે. આઈસીસીની બેઠકમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જે હવે




ટેસ્ટ શ્રેણી જીતના આધારે પોઈન્ટ નક્કી કરશે. આનો અર્થ એ થયો કે ટીમના પોઈન્ટ ટેસ્ટ શ્રેણી જીતના આધારે નક્કી કરવામાં આવશે. મેચ જીતવા કે હારવાથી કોઈ ફરક પડતો નથી. પોઈન્ટ ફક્ત શ્રેણી જીતના આધારે બદલાશે. ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા જેવી ટીમો ટૂંકી શ્રેણી રમે છે, જેના પરિણામે ઓછી હાર થાય છે, અને તેમના પોઈન્ટ ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને ભારત સહિત પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમતી ટીમો કરતા સારા છે.

આઈસીસીની વાર્ષિક સામાન્ય સભા બુધવારે યોજાવાની છે, અને આ બેઠકમાં ડબલ્યુટીસીને ૧૨ ટીમોની ટુર્નામેન્ટમાં વિસ્તારવાની શક્યતા પર ચર્ચા કરવામાં આવશે. ૨૦૨૭-૨૯ માં ડબલ્યુટીસી ને ૧૨ ટીમોની ટુર્નામેન્ટમાં વિસ્તારવાનો પ્રસ્તાવ છે, જેમાં આયર્લેન્ડ, ઝિમ્બાબ્વે અને અફઘાનિસ્તાન જેવી ટીમોનો સમાવેશ કરવાનો વિચાર છે.

## દક્ષિણ આફ્રિકાના સ્ટાર બેટ્સમેન રાયન રિકલ્ટનનો આજે જન્મદિવસ

(એજન્સી દ્વારા)

મુંબઈ : દક્ષિણ આફ્રિકાના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન અને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં મુંબઈ ઈન્ડિયન્સ વતી રમી રહેલા રાયન ડેવિડ રિકલ્ટન આજે (૧૧ જુલાઈ) પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યા છે. ૧૧ જુલાઈ, ૧૯૯૬ના રોજ જોહાનિસબર્ગમાં જન્મેલા રિકલ્ટન આજે વિશ્વ ક્રિકેટના પ્રતિભાશાળી ડાબોડી ઓપનિંગ બેટ્સમેનોમાં સ્થાન ધરાવે છે. રાયન રિકલ્ટને ઘરેલુ ક્રિકેટમાં લાયન્સ અને એસએ૨૦ લીગમાં એમઆઈ કેપ ટાઉન માટે સતત શાનદાર પ્રદર્શન કરીને પોતાની ઓળખ બનાવી હતી. તેના પ્રદર્શનના આધારે તેમને દક્ષિણ આફ્રિકાની રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું અને વર્ષ ૨૦૨૨માં ટેસ્ટ ક્રિકેટમાં



આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ તેણે વન-ડે અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ પોતાની પ્રતિભા સાબિત કરી છે. આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમવાની તક મળ્યા બાદ રિકલ્ટને પોતાની આક્રમક બેટિંગ અને વિશ્વસનીય વિકેટકીપિંગથી ચાહકોને પ્રભાવિત કર્યા છે.

## આઈપીએલ સ્ટાર્સ ચમકશે : ડિસેમ્બરમાં રમાશે ભારત 'એ' અને નેપાળ વચ્ચે ટી૨૦ સીરીઝ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમ આ વર્ષે ડિસેમ્બરમાં નેપાળનો પ્રવાસ કરશે. ક્રિકેટ એસોસિએશન ઓફ નેપાળ દ્વારા સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવવામાં આવ્યું છે કે, 'ઈન્ડિયા એ' ટીમ આ વર્ષે ડિસેમ્બરમાં ૩ મેચોની ટી૨૦ સીરીઝ માટે નેપાળના પ્રવાસે આવશે. સીએએન દ્વારા આ આગામી સીરીઝનું સંપૂર્ણ શેડ્યૂલ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે, જે ૯ ડિસેમ્બરથી ૧૩ ડિસેમ્બર દરમિયાન રમાશે.

ક્રિકેટ એસોસિએશન ઓફ નેપાળના પ્રેસિડેન્ટ ચતુર બહાદુર ચંદ, સચિવ પારસ ખડકા અને બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયા વચ્ચે યોજાયેલી એક મહત્વની બેઠક બાદ આ દ્વિપક્ષીય સીરીઝ પર આખરી મહોર મારવામાં આવી છે. બંને ટીમો વચ્ચે કુલ ત્રણ ટી૨૦ મેચ રમાશે. આ તમામ

### ભારત 'એ' વિરુદ્ધ નેપાળ ટી૨૦ સીરીઝનું સંપૂર્ણ શેડ્યૂલ

- ૦૯ ડિસેમ્બર - પહેલી ટી૨૦ મેચ
- ૧૧ ડિસેમ્બર - બીજી ટી૨૦ મેચ
- ૧૩ ડિસેમ્બર - ત્રીજી ટી૨૦ મેચ

મેચોનું આયોજન કીર્તિપુર સ્થિત ત્રિભુવન યુનિવર્સિટીના ટીયુ ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર કરવામાં આવશે.

નેપાળની ટીમ માટે આ સીરીઝ એક બહુ મોટી અને સુવર્ણ તક સાબિત થશે. તેનું મુખ્ય કારણ એ છે કે આ પ્રવાસે જનારી 'ઈન્ડિયા એ' ટીમમાં આઈપીએલના મોટા સ્ટાર્સ અને ભારતની સીનિયર ક્રિકેટ ટીમનો હિસ્સો રહી ચૂકેલા કેટલાક દિગ્ગજ ખેલાડીઓ પણ સામેલ થશે. નેપાળની ક્રિકેટ ટીમે છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે શાનદાર પ્રદર્શન કરીને બતાવ્યું છે.

નેપાળની ટીમ છેલ્લા બંને ટી૨૦ વર્લ્ડ કપમાં ક્વોલિફાય કરીને આવી હતી. ૨૦૨૪ ના વર્લ્ડ કપમાં નેપાળની ટીમ એક પણ મેચ જીતી શકી ન હતી, પરંતુ ૨૦૨૬ ના વર્લ્ડ કપમાં તેમણે પોતાના પ્રદર્શનમાં જબરદસ્ત સુધારો કર્યો હતો અને સ્કોટલેન્ડને કારમી હાર આપી હતી. એટલું જ નહીં, આ વર્લ્ડ કપમાં નેપાળની ટીમે ઈંગ્લેન્ડને પણ લગભગ હરાવી જ દીધું હતું, પરંતુ અંતમાં તેને માત્ર ૪ રનથી નજીવી હારનો સામનો કરવો પડ્યો હતો.

## પેરિસ ફેશન વીકમાં મનીષ મલ્હોત્રાનું ડેબ્યુ



(એજન્સી દ્વારા) મુંબઈ : ભારતના જાણીતા ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ પેરિસ ફેશન વીકમાં ડેબ્યુ કર્યું છે. આ ડેબ્યુ શો દરમિયાન તેણે 'મા' નામનું કલેક્શન રજુ કર્યું, જે તેની સ્વર્ગસ્થ માતા સુદર્શન મલ્હોત્રાને સમર્પિત ભાવુક શ્રદ્ધાંજલિ છે. આ શોમાં તેણે પોતાનાં નવા હાઈ જ્વેલરી કલેક્શનને પણ લોંચ કર્યું. મનીષ મલ્હોત્રાએ આ કલેક્શન વિશે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેની માતાના નિધન બાદ તેમની યાદો જ આ કલેક્શનની પ્રેરણા બની. તેણે કહ્યું કે તેમની માતાએ બાળપણથી જ સિનેમા અને કાપડ પ્રત્યેના તેના રસને પ્રોત્સાહન આપ્યું હતું અને આ જ લાગણીઓને તેણે આધુનિક કુટ્યોર ક્રિએશનમાં લાવવાનો પ્રયાસ કર્યો છે. 'મા' કલેક્શનમાં ભારતીય હસ્તકળા અને આધુનિક ડિઝાઈનનો સુંદર સમન્વય જોવા મળ્યો. ઑક્સબ્લડ અને શેમ્પેન જેવા સમૃદ્ધ રંગો, શિલ્પ જેવી આકૃતિઓ, વિશાળ વોલ્યુમ, આધુનિક અંદાજમાં રજૂ કરાયેલી સાડીઓ તથા મોતી, ઝરદોઝી, રેશમ અને સિક્વિન જેવી પરંપરાગત ભારતીય કઢાઈની અનેક ટેક્નિક્સે કલેક્શનને ખાસ બનાવ્યું હતું.

## 'શ્રી રામભૂમિ'માંથી અનુપમ ખેરનો ફર્સ્ટ લુક જાહેર

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલીવૂડ અભિનેતા અનુપમ ખેરે પોતાની આગામી ફિલ્મ 'શ્રી રામભૂમિ'માંથી પોતાનો ફર્સ્ટ લુક સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. સાથે જ તેમણે ખુલાસો કર્યો છે કે આ ફિલ્મમાં તેઓ વિશ્વ હિંદુ પરિષદના દિવંગત નેતા 'અશોક સિંઘલ'નું પાત્ર ભજવી રહ્યા છે. તેમની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. અયોધ્યામાં ફિલ્મ 'શ્રી રામભૂમિ'નું શૂટિંગ ચાલી રહ્યું છે. લાંબા સમયથી ચર્ચામાં રહેલા પોતાના પાત્ર અંગે અનુપમ ખેરે હવે સત્તાવાર માહિતી આપી છે. તેમણે આ ભૂમિકાને પોતાના ફિલ્મી કારકિર્દીના સૌથી મહત્વપૂર્ણ પાત્રોમાંથી એક ગણાવી છે.

અનુપમ ખેરે પોતાના એક્સ એકાઉન્ટ પર ફિલ્મના સેટ પરથી કેટલીક તસવીરો શેર કરી છે. તસવીરોમાં તેઓ સફેદ કુર્તા-પાયજામા, ગળામાં પરંપરાગત અંગોચો, કપાળ પર લાલ-સફેદ



તિલક અને ચશ્મા સાથે જોવા મળે છે. તેમનો લુક અશોક સિંઘલના વ્યક્તિત્વને અનુરૂપ તૈયાર કરવામાં આવ્યો છે. પોસ્ટ સાથે અનુપમ ખેરે જણાવ્યું કે તેઓ ફિલ્મમાં અશોક સિંઘલનું પાત્ર ભજવી રહ્યા છે. તેમણે કહ્યું કે તેમના લુકની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગી હતી, તેથી તેમણે પોતે જ ચાહકોને પોતાના પાત્ર વિશે જાણ કરવાનો નિર્ણય લીધો.

અનુપમ ખેરે પોતાની પોસ્ટમાં લખ્યું કે, "મારા પાત્રની કેટલીક તસવીરો મીડિયા અને સોશિયલ મીડિયા પર સામે આવી ગઈ છે. તેથી મેં વિચાર્યું કે હું પોતે જ તમને જણાવું કે ફિલ્મમાં હું કઈ ભૂમિકામાં જોવા મળવાનો છું." તેમણે આગળ લખ્યું કે, "હું 'શ્રી રામભૂમિ'માં શ્રી અશોક સિંઘલજીનું પાત્ર ભજવી રહ્યો છું. તેમણે શ્રીરામ જન્મભૂમિ આંદોલનને પોતાની અડગ નિષ્ઠા, સમર્પણ અને દૃઢ સંકલ્પથી નવી દિશા આપી હતી. તેઓ માત્ર એક નેતા નહોતા, પરંતુ ભગવાન શ્રીરામના અતિશય ભક્ત અને સેવક હતા."

## 'પુષ્પા' પછી રશ્મિકાનો નવો ધમાકો

(એજન્સી દ્વારા)

મુંબઈ: નેશનલ ક્રશ રશ્મિકા મંદાના હવે તેની આગામી ફિલ્મ 'મિસા'માં રોમેન્ટિક અંદાજ છોડીને જબરદસ્ત એક્શન અવતારમાં નજર આવશે. રશ્મિકા મંદાના તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સાથે સાથે બોલીવુડમાં પણ છવાઈ ચુકી છે. રશ્મિકાએ પોતાના ચાર્મ અને અભિનયના જાદુથી ફિલ્મજગતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. રશ્મિકાએ પોતાના કરિયરના ૧૦ વર્ષમાં સફળતાનાં શિખરો સર કરી લીધા છે, પરંતુ હજી પણ રશ્મિકાની અંદરનો કલાકાર સંપૂર્ણપણે સંતુષ્ટ થયો નથી. આ વાત તેની આગામી ફિલ્મ 'મિસા'ના શૂટિંગ સીન્સની તસવીરો જોયા બાદ કહી શકાય




છે. પોતાની કરિયરમાં એક રોમેન્ટિક ગર્લના પાત્ર ભજવતી રશ્મિકા અત્યાર સુધી અડધા ડઝનથી વધારે સુપરહિટ ફિલ્મો આપી ચુકી છે. જેમાં 'પુષ્પા' અને 'પુષ્પા ૨' જેવી ફિલ્મો પણ સામેલ છે. જેની કમાણીએ પણ એક રેકોર્ડ સર્જ્યો છે. હવે રોમાન્સથી હટકે જઈને રશ્મિકા એક્શન મોડમાં છે અને પોતાની આવનારી ફિલ્મ 'મિસા'ના એક્શન સીન્સ ફિલ્માવી રહી છે. જેની અમુક તસવીરો સોશિયલ મીડિયામાં જોવા મળી હતી. રશ્મિકા અંડર વૉટર ફાઈટવાળા સીન શૂટ કરી રહી છે.

## કચ્છને મોટી રાહત : સામખિયાળી કોરિડોર અને મોરબી-સામખિયાળી હાઈવેના કામોની સમીક્ષા

# સામખિયાળી કોરિડોરના કામોમાં ઝડપ આવશે, નીતિન ગડકરી સમક્ષ સીએમનો અનુરોધ

### મોરબી-સામખિયાળી સેક્શનની પ્રગતિની સમીક્ષા : નેશનલ હાઈવેના પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવા સૂચના





ભુજ - કચ્છઉદય : કચ્છ માટે મહત્વના પાલનપુર-સામખિયાળી કોરિડોર અને મોરબી-સામખિયાળી નેશનલ હાઈવેના કામોને લઈને શુક્રવારે ગાંધીનગરમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વચ્ચે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં કચ્છને સીધી અસર કરતા માર્ગ પ્રોજેક્ટોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુર-સામખિયાળી કોરિડોરનું કામ ઝડપથી પૂર્ણ થાય તે માટે કેન્દ્રીય મંત્રી સમક્ષ ખાસ અનુરોધ કર્યો હતો. ઉપરાંત મોરબી-સામખિયાળી માર્ગના સામખિયાળી-માળિયા સેક્શન સહિત રાજ્યના વિવિધ નેશનલ હાઈવે પ્રોજેક્ટની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે રાજ્યમાં ચાલી રહેલા નેશનલ હાઈવેના પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવા જરૂરી સંકલન કરવામાં આવશે. તેમણે રાજ્ય સરકારને સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ નવા માર્ગ પ્રોજેક્ટ માટે વહેલી તકે દરખાસ્તો મોકલવા પણ અનુરોધ કર્યો હતો.

બેઠકમાં માર્ગોના ડીપીઆર તૈયાર થતી વખતે જમીન સંપાદનની પ્રક્રિયા સરળ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા અપનાવવામાં આવેલા મોડલની ગડકરીએ પ્રશંસા કરી હતી. તેમણે રોડ વિસ્તરણ દરમિયાન આવતા વૃક્ષોને કાપવાના બદલે ટ્રાન્સપ્લાન્ટ કરીને પર્યાવરણનું સંરક્ષણ કરવાની પણ સૂચના આપી હતી. બેઠકમાં પાલનપુર-સામખિયાળી કોરિડોર, મોરબી-સામખિયાળી માર્ગ ઉપરાંત રાજકોટ-ગોંડલ-જેતપુર, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે, અમદાવાદ-ગોધરા-ઈન્દોર રોડ, જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે અને અમદાવાદ-શામળાજી સિક્સ લેન સહિતના વિવિધ પ્રોજેક્ટોની સમીક્ષા કરવામાં આવી હતી.

# રણુજ - કટોસણ રોડ રેલખંડ પર ૧૨૦ કિમી પ્રતિ કલાકની સ્પીડ ટ્રાયલ




### જનતાને રેલવે ટ્રેકથી સુરક્ષિત અંતર જાળવવાની અપીલ

અમદાવાદ - કચ્છઉદય : પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ રેલવે અવસંરચના વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. મંડળ હેઠળના ૬૩ કિમી લાંબા કટોસણ રોડ - રણુજ રેલખંડ પર રેલવે સંરક્ષા આયુક્ત દ્વારા સંરક્ષા નિરીક્ષણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આ નિરીક્ષણ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની દિશામાં એક નિર્ણાયક પગલું છે.

નિરીક્ષણ અંતર્ગત તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ રેલખંડ પર ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે એન્જિનની સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે. આ દરમિયાન રેલવે પ્રશાસન સ્થાનિક નાગરિકોને ખાસ અપીલ કરે છે કે તેઓ રેલવે ટ્રેકની નજીક ન જાય, કોઈપણ સંજોગોમાં રેલવે લાઈન પાર કરવાનો પ્રયાસ ન કરે તેમજ બાળકો અને પશુઓને રેલવે પાટા પરથી સુરક્ષિત અંતરે રાખે. સ્પીડ ટ્રાયલ દરમિયાન થતી કોઈપણ બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ વિકસાવવામાં આવેલ કટોસણ રોડ - બેચરાજી - રણુજ (૬૩ કિમી) રેલ પ્રોજેક્ટ દેશના રેલવે અવસંરચના વિકાસ, ઔદ્યોગિક પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થયો છે. આ યોજના રેલ મંત્રાલય અને બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડના સંયુક્ત સાહસ હેઠળ વિકસાવવામાં આવી છે,આ પરિયોજનાની સૌથી વિશેષ બાબત એ છે કે તેના દ્વારા ભારતની પ્રથમ ઓટોમોબાઈલ ઉત્પાદન એકમ માટે ઈન-પ્લાન્ટ રેલવે સાઈડિંગ વિકસાવવામાં આવી છે, જેના કારણે ફર્સ્ટ અને લાસ્ટ માઈલ સુધી અવિરત રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થઈ છે. પરિણામે ઓટોમોબાઈલ પરિવહન વધુ ઝડપી, સુરક્ષિત અને ખર્ચ અસરકારક બન્યું છે.કટોસણ રોડ–બેચરાજી–રણુજ (૬૩ કિમી) ગેજ પરિવર્તન યોજનાને વર્ષ ૨૦૧૭માં મંજૂરી આપવામાં આવી હતી. અંદાજે રૂ. ૧૦૦૦ કરોડના ખર્ચે રેલવે અને જી-આરઆઈડીઈના સંયુક્ત સાહસ હેઠળ આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યો છે. આ રેલખંડ પર કુલ ૧૪ રેલવે સ્ટેશનો વિકસાવવામાં આવ્યા છે. ઉપરાંત ૯ મોટા પુલ, ૧૦૦ નાના પુલ, ૪૭ રોડ અન્ડર બ્રિજ તથા ૧૬ વળાંકો (કર્વ)નો સમાવેશ થાય છે. કટોસણ રોડ–રણુજ રેલખંડનું મુખ્ય સ્ટેશન બેચરાજી ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે, જેને વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજી મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવ્યું છે. બહુચર માતાજીનું મંદિર ગુજરાતના અગ્રણી શક્તિપીઠોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની સુવિધા અને મંદિરના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તત્કાલીન મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડ બરોડા રેલવેનું વિસ્તરણ બેચરાજી સુધી કરાવ્યું હતું. લાંબા સમય સુધી બેચરાજી વિસ્તાર રેલ સંપર્કથી વંચિત રહ્યો હતો, જેના કારણે શ્રદ્ધાળુઓ, સ્થાનિક નાગરિકો અને ઔદ્યોગિક એકમોને મુખ્યત્વે માર્ગ પરિવહન પર નિર્ભર રહેવું પડતું હતું. ધાર્મિક પર્યટન, ઔદ્યોગિક વિકાસ અને વધુ સારી પરિવહન સુવિધાની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ આ વિસ્તારને આધુનિક રેલ નેટવર્ક સાથે જોડવાની યોજના સાકાર થશે.

ત્રણ દિવસીય નિરીક્ષણ દરમિયાન પ્રથમ દિવસે કટોસણ રોડથી બેચરાજી, બીજા દિવસે બેચરાજીથી ચાણસ્મા અને ત્રીજા દિવસે ચાણસ્માથી રણુજ સુધીના રેલખંડનું વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવશે. નિરીક્ષણ પૂર્ણ થયા બાદ રેલવે સંરક્ષા આયુક્ત દ્વારા જરૂરી સુધારા અને ખામીઓ અંગે સૂચનો આપવામાં આવશે. તમામ જરૂરી કામગીરી પૂર્ણ થયા બાદ તથા સંરક્ષા મંજૂરી પ્રાપ્ત થતાં આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. રેલવેનો પ્રયાસ છે કે તમામ ઔપચારિકતાઓ વહેલી તકે પૂર્ણ કરીને આ રેલખંડ પર મુસાફર ટ્રેનોનું સંચાલન શક્ય તેટલું વહેલું શરૂ કરવામાં આવે. આ રેલખંડ શરૂ થતાં મહેસાણા અને પાટણ જિલ્લાના મુખ્ય કેન્દ્રો જેવા કે બેચરાજી, ખાંભેલ અને ચાણસ્મા વધુ સારી રેલ કનેક્ટિવિટી સાથે જોડાશે. પરિણામે સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને વેપારીઓને સસ્તી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી ઉપલબ્ધ બનશે. સાથે જ વિશ્વવિખ્યાત બહુચર માતાજીના મંદિરે આવતા લાખો શ્રદ્ધાળુઓની યાત્રા વધુ સરળ બનશે. રેલ પ્રોજેક્ટ વિસ્તારની કૃષિ, લઘુ ઉદ્યોગો, વેપાર અને સ્થાનિક અર્થવ્યવસ્થાને નવી ગતિ આપશે. તેના દ્વારા રોજગારની નવી તકો ઊભી થશે, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને વેગ મળશે તેમજ પર્યાવરણ-અનુકૂળ, ટકાઉ અને ઝડપી રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે. વધુ સારી પરિવહન સુવિધાથી દૈનિક મુસાફરો, પ્રવાસન અને વેપારિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે તેમજ પ્રાદેશિક આર્થિક એકીકરણ ને નવી મજબૂતી મળશે.

# બેચરાજીના ધારાસભ્ય સુખાજી ઠાકોરે ડીઆરએમ અને સીઆરએસ સાથે બેઠક કરી

### બેઠકમાં ખારા પાણીની સમસ્યાના ઝડપી ઉકેલની ખાતરી આપી : નાગરિકોએ ખુશી વ્યક્ત કરી, બહુચરાજી સુધી રેલ સંપર્ક માટે પ્રધાનમંત્રી અને રેલ મંત્રીનો આભાર વ્યક્ત કર્યો




અમદાવાદ - કચ્છઉદય : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ અંતર્ગત કટોસણ રોડ–રાણુજ રેલખંડ પર રેલવે સંરક્ષા આયુક્ત (સીઆરએસ) ઈ. શ્રીનિવાસ દ્વારા કરવામાં આવી રહેલા સંરક્ષા નિરીક્ષણ દરમિયાન બહુચરાજીના ધારાસભ્ય સુખાજી સોમાજી ઠાકોરે મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ વેદ પ્રકાશ સાથે મુલાકાત કરી હતી.

સુરક્ષા નિરીક્ષણના બીજા દિવસે બહુચરાજી રેલવે સ્ટેશન પર ધારાસભ્ય સુખાજી સોમાજી ઠાકોરે રેલવે સુરક્ષા આયુક્ત (સીઆરએસ) શ્રી ઈ. શ્રીનિવાસ અને મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશ સાથે સ્થાનિક જનપ્રતિનિધિઓ તથા નાગરિકોની ઉપસ્થિતિમાં ચર્ચા કરી હતી. આ દરમિયાન, વિસ્તારના રહેવાસીઓએ કટોસણ રોડ–રાણુજ રેલખંડ પર મુસાફર રેલ સેવાઓ શરૂ કરવાની દિશામાં થઈ રહેલી પ્રગતિ અંગે ખુશી વ્યક્ત કરી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

સ્થાનિક નાગરિકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે રેલવે સંરક્ષા આયુક્તની મંજૂરી મળ્યા બાદ આ રેલખંડ પર મુસાફર રેલ સેવાઓ શરૂ થવાથી દેશભરમાંથી આવતા શ્રદ્ધાળુઓને મા બહુચરાજી મંદિર સુધી વધુ સરળ, સુરક્ષિત અને સુવિધાજનક રેલ સંપર્ક ઉપલબ્ધ થશે. તેમજ આ વિસ્તારના વેપાર, પ્રવાસન અને સ્થાનિક અર્થતંત્રને પણ નવી ગતિ મળશે. ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે પણ આ પરિયોજનાને વિસ્તારના વિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાવી પશ્ચિમ રેલવે દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી.

મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશ દ્વારા બહુચરાજી રેલવે સ્ટેશન તથા રેલવે કોલોનીનું નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન ધારાસભ્ય સુખાજી સોમાજી ઠાકોરે સ્ટેશન અને રેલવે કોલોનીમાં ખારા પાણીની સમસ્યા તરફ ધ્યાન દોર્યું. તેમણે જણાવ્યું કે આ સમસ્યાના કારણે રેલ મુસાફરો, રેલવે કર્મચારીઓ તથા તેમના લેતા આશ્વાસન આપ્યું કે તેના ઉકેલ માટે સ્થાનિક નગરપાલિકા તથા સંબંધિત વિભાગો સાથે સમન્વય સ્થાપિત કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને વધુ સારી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી એ મંડળ પ્રશાસનની પ્રાથમિકતા છે તથા સમસ્યાના ઝડપી અને પરિવારજનોને દૈનિક ઉપયોગમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ધારાસભ્ય શ્રી ઠાકોરે સ્થાનિક નગરપાલિકા સાથે સમન્વય સ્થાપિત કરી સમસ્યાના ઝડપી ઉકેલ માટે જરૂરી પગલાં લેવા અનુરોધ કર્યો.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે આ સમસ્યાને ગંભીરતાથી ધ્યાનમાં અસરકારક નિરાકરણ માટે તમામ સંભવિત પ્રયાસો કરવામાં આવશે. નિરીક્ષણ દરમિયાન વેદ પ્રકાશે રેલવે કોલોનીમાં ઉપલબ્ધ વિવિધ સુવિધાઓની પણ સમીક્ષા કરી. ત્યારબાદ રેલવે કોલોની પરિસરમાં રેલવે સંરક્ષા આયુક્ત શ્રી ઈ. શ્રીનિવાસ અને મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### 'ઓપરેશન ગંગાજળ' હેઠળ મોટી કાર્યવાહી

# મુખ્ય વિદ્યુત નિરીક્ષક એ.બી. ચૌધરીને ફરજમુક્ત કરી સમય પહેલાં નિવૃત્ત કરાયા

સરકારના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન 'ઓપરેશન ગંગાજળ' હેઠળ વધુ એક મોટા અધિકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે મુખ્ય વિદ્યુત નિરીક્ષક (ચીફ ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર) એ.બી. ચૌધરીને જાહેર હિતમાં તાત્કાલિક અસરથી સમય પહેલાં નિવૃત્ત કરવાની જાહેરાત કરી છે.

સરકાર દ્વારા ૧૦ જુલાઈના બહાર પાડવામાં આવેલી સત્તાવાર સૂચના મુજબ ગુજરાત સિવિલ સર્વિસિસ (પેન્શન) નિયમો હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચૌધરીને ત્રણ મહિનાના પગાર અને ભથ્થા જેટલી રકમ ચૂકવીને સેવા પરથી દૂર કરવામાં આવ્યા છે.


એ.બી. ચૌધરી વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ૧ જૂનના ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન તેમની કારમાંથી રૂપિયા ૫.૫૧ લાખની રોકડ રકમ મળી આવી હતી, જ્યારે તેમના નિવાસસ્થાન પરથી આશરે રૂપિયા ૧.૭૬ કરોડની રોકડ અને અન્ય સંપત્તિના પુરાવા મળી આવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ કેસ બાદ સરકારે તેમને સસ્પેન્ડ કર્યા હતા અને વડોદરામાં ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટરની કચેરી ખાતે તેમનું હેડક્વાર્ટર નક્કી કરવામાં આવ્યું હતું. હવે માત્ર એક મહિનાથી થોડા વધુ સમયમાં જ રાજ્ય સરકારે તેમને ફરજ પરથી હટાવી દીધા છે.

રાજ્ય સરકારના વર્તુળોમાં આ કાર્યવાહી 'ઓપરેશન ગંગાજળ' અંતર્ગત ભ્રષ્ટાચાર સામેનો કડક સંદેશ માનવામાં આવી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કેસમાં ચૌધરીની સંપત્તિની પણ તપાસ ચાલી રહી છે અને ગેરકાયદેસર રીતે મેળવાયેલી મિલકતો સામે કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. રૂપાણી સરકાર દરમિયાન ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના તત્કાલીન એમડી કનૈયાલાલ દેત્રોજા સામે થયેલી કાર્યવાહી બાદ રાજ્યના સુપર ક્લાસ-વન અધિકારી સામેની આ સૌથી મોટી કાર્યવાહી માનવામાં આવી રહી છે. ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીઓ હવે કેસના નાણાકીય પાસાઓ અને સંપત્તિના સ્રોતોની વધુ ઊંડી તપાસ કરી રહી છે.

# અંજાર આરટીઓ દ્વારા પસંદગીના નંબર માટેની સિરિઝનું રી-ઓક્શન કરાશે

અંજાર - કચ્છઉદય : પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અંજાર-કચ્છની અખબારી યાદી મુજબ ફોર વ્હીલર એલએમવી કાર, થ્રી વ્હીલર અને ટ્રાન્સપોર્ટ વાહનોમાં અગાઉની બાકી રહેલા ગોલ્ડન, સિલ્વર નંબરોનું રી-ઓક્શન શરૂ કરવામાં આવનારું છે. ઓનલાઈન અરજી ૧૭/૭ના સાંજે ૪ કલાકે શરૂ થશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૯/૭ના સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ-ઓક્શનની શરૂઆત તારીખ ૧૯/૭ના સાંજે ૪ કલાક સુધી તથા ઈ-ઓક્શન તારીખ ૨૧/૭ના સાંજે ૪ કલાક સુધી કરવામાં આવશે. સુવર્ણ-ગોલ્ડન નંબર ફીના રૂ.૪૦૦૦૦, રજત-સીલ્વર નંબર ફીના રૂ.૧૫૦૦૦ રહેશે. જ્યારે અન્ય નંબરમાં ૮૦૦૦ ફી રહેશે.

# દેશલપર–હાજીપીર ૩૨ કિમી ડબલ સીસી રોડનું કામ પૂર્ણતાના આરે


### દિવાળી સુધીમાં માર્ગ સંપૂર્ણ ખુલ્લો થવાની આશા : રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામતા પ્રગતિ પથ પર ૨૦ ઓગસ્ટ સુધી ભારે વાહનો માટે પ્રતિબંધ યથાવત : જનપ્રતિનિધિઓ અને વહીવટી તંત્રના સઘન પ્રયાસોથી ૮૦ ટકા કામગીરી પૂર્ણ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના સરહદી વિસ્તારની જીવાદોરી સમાન અને લાંબા સમયથી પ્રતીક્ષિત એવો દેશલપરથી હાજીપીર સુધીનો ૩૨ કિલોમીટર લાંબો ડબલ સિમેન્ટ કૉંક્રીટ (સીસી) રોડ હવે પૂર્ણતાના આરે પહોંચ્યો છે. આશરે રૂપિયા ૧૦૦ કરોડના તોતિંગ ખર્ચે આકાર લઈ રહેલો આ માર્ગ સમગ્ર પંથકના વિકાસ અને આર્થિક સમૃદ્ધિ માટે નવો સૂર્યોદય લાવશે. હાલની સ્થિતિએ આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટનું ૮૦ ટકા જેટલું કામ સફળતાપૂર્વક પૂરું કરી લેવામાં આવ્યું છે અને બાકીનો હિસ્સો પણ યુદ્ધના ધોરણે આગળ વધી રહ્યો છે. વહીવટી આયોજન મુજબ, આગામી દિવાળીના તહેવારો સુધીમાં આ આખો માર્ગ સામાન્ય જનતા અને વાહનચાલકો માટે સંપૂર્ણપણે ખુલ્લો મૂકી દેવામાં આવે તેવી પ્રબળ સંભાવનાઓ જોવા મળી રહી છે.

પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિની વાત કરીએ તો, દેશલપરથી ઢોરો ગામ સુધીનો અંદાજે ૧૬ કિલોમીટરનો રસ્તો ડબલ પટ્ટી સાથે સંપૂર્ણ તૈયાર થઈ ગયો છે. જ્યારે નારા ફાટકથી હાજીપીર સુધીના બાકીના અંતર પર સિંગલ પટ્ટા, મેટલિંગ અને ફિનિશિંગ સહિતની આખરી તબક્કાની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. નિર્માણ કાર્ય સુરક્ષિત અને ગુણવત્તાસભર રીતે નિર્ધારિત સમયમાં પૂરું થઈ શકે તે માટે જિલ્લા કલેક્ટર દ્વારા આ માર્ગ પર આગામી ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ લંબાવવામાં આવ્યો છે. આ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સમગ્ર રૂટ પર પોલીસનો લોખંડી બંદોબસ્ત તૈનાત કરાયો છે. તંત્ર દ્વારા વાહનચાલકો અને ટ્રેલર માલિકોને આ કામગીરીમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. સ્થાનિકોમાં એવી પણ ગણતરી સેવાઈ રહી છે કે જો ૨૦ ઓગસ્ટ બાદ નવું જાહેરનામું બહાર ન પડે, તો દેશલપરથી ઢોરો ગામ સુધીનો તૈયાર થયેલો ૧૬ કિલોમીટરનો માર્ગ ભારે વાહનો માટે કાર્યરત કરી શકાય તેમ છે.

વર્ષો જૂની લોકમાગણી અને અવિરત રજૂઆતો બાદ સાકાર થઈ રહેલા આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે સ્થાનિક સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય પી. એમ. જાડેજા તથા ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા સતત સક્રિય પ્રયાસો કરવામાં આવ્યા છે. તેની સાથે જ વિસ્તારની ગ્રામ પંચાયતો, સરપંચો, સામાજિક સંગઠનો અને વહીવટી તંત્રના કાર્યપાલક ઈજનેર કે. બી. નાઈ તેમજ નાયબ કાર્યપાલક ઈજનેર સી. વી. બોરાડની ટીમે રાત-દિવસ એક કરીને આ યોજનાને સાકાર રૂપ આપ્યું છે. નિર્માણ કરનારી એજન્સીએ પણ આધુનિક ટેકનોલોજી અને કુશળ માનવબળના જોરે પ્રતિકૂળ હવામાનમાં પણ કરારના સમય કરતાં વહેલું કામ પૂરું કરવાની દિશામાં પ્રશંસનીય કામગીરી કરી છે.

આ આધુનિક ડબલ સીસી રોડ આગામી દિવાળી સુધીમાં વિધિવત શરૂ થતાં જ હાજીપીર બાબાના દર્શનાર્થે આવતા દેશ-વિદેશના હજારો શ્રદ્ધાળુઓ, સ્થાનિક ખેડૂતો, માલધારીઓ, પ્રવાસીઓ તેમજ મીઠાના ઉદ્યોગ સાથે જોડાયેલા વાહનચાલકોને અત્યંત સલામત, ઝડપી અને સુવિધાજનક પરિવહનનો લાભ મળશે. આ રસ્તાના કારણે સરહદી વિસ્તારમાં વેપાર-રોજગાર અને પ્રવાસનની નવી તકો ખુલશે, જે સમગ્ર કચ્છના આર્થિક વિકાસને નવી ગતિ આપશે. વહીવટી તંત્ર અને લોકપ્રતિનિધિઓની આ ભગીરથ કામગીરી બદલ આ પંથકના અગ્રણીઓ ઉમેશભાઈ આચાર્ય અને જી. કે. મુતવા સહિતના અગ્રણીઓએ આભારની લાગણી વ્યક્ત કરી છે.

# બન્નીની કુંઢી નસલની ભેંસ અધધ... ૮.૫૦ લાખમાં વેચાઈ



## તલ ગામના પશુપાલકની 'કુંજ' નામની ભેંસ અમદાવાદના પશુપાલકે ખરીદી

ભુજ - કચ્છઉદય : બન્ની નસલની ભેંસના વખાણ ખુદ વડાપ્રધાન મોદી કરી ચુકયા છે. દેશ વિદેશમાં થતાં પશુ મેળાઓમાં પણ બન્ની ભેંસનો દબદબો હોય છે, ત્યારે બન્ની નસલની ભેંસ ૮.૫૦ લાખમાં ખરીદાઈ છે. ચાર ટાયર વાળી ગાડી સસ્તી આવે પણ ભેંસ તેના કરતાં મોંઘી હોય છે.

નખત્રાણા તાલુકાના તલ ગામના પશુપાલક જત અભ્દ્રીમભાઈની માલિકીની અસલ જૂની બન્ની નસલની ભેંસ 'કુંજ' નો રૂપિયા ૮,૫૦,૦૦૦માં સોદો થયો છે. આ ભેંસને અમદાવાદના કઠવાલાના પશુપાલક લાલભાઈ દેસાઈએ ખરીદીને પોતાના તબેલાની શોભા વધારી છે. નખત્રાણા પંથક અને બન્ની વિસ્તાર માત્ર તેના વિશિષ્ટ ઘાસચારો કે ભૌગોલિક પરિસ્થિતિ માટે જ નહીં, પરંતુ અહીંના પશુપાલકો દ્વારા સાચવવામાં આવતી શુદ્ધ નસલો માટે પણ જાણીતો છે. રાત્રિના સમયે દૂર સુધી ઘાસ ચરવા જવાની અદભુત ક્ષમતા અને વિપરીત હવામાનમાં પણ ઉચ્ચ દૂધ ઉત્પાદન ક્ષમતા ધરાવતી બન્ની ભેંસની માગ હંમેશા ઊંચી રહે છે. પશુપાલક જત અભ્દ્રીમ ભાઈ દ્વારા ઉછેરવામાં આવેલી 'કુંજ' ભેંસ તેના મજબૂત શારીરિક બાંધા, શિંગડાની અસલ ગોળાઈ અને શુદ્ધ જૂની નસલના લક્ષણોના કારણે આખા પંથકમાં લોકપ્રિય હતી. અમદાવાદના કઠવાલા ગામના પશુપાલક લાલભાઈ દેસાઈ પશુઓની પરખ રાખવામાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેઓએ આ જૂની નસલની ગુણવત્તા પારખીને પશુપાલનના ઈતિહાસમાં નોંધપાત્ર કહી શકાય તેવી રૂ. ૮.૫૦ લાખની કિંમત ચૂકવી 'કુંજ' ને પોતાના પશુધનમાં સામેલ કરી છે.

# કચ્છના મેન્ગ્રોવ જંગલો પાછા ફરી રહ્યા છે પણ દરિયાનું વધતું જળ જોખમ

**નાસાના નવા અભ્યાસ મુજબ કોરીક્રીક, કંડલા ક્રીક અને મુંદરા વિસ્તારોમાં સરકારી વૃક્ષારોપણ અને સંરક્ષણના કારણે મેન્ગ્રોવનું કવર નોંધપાત્ર રીતે વધ્યું : પોર્ટ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું દબાણ તથા નદીઓમાંથી મીઠા પાણીના પ્રવાહમાં ઘટાડો પણ કચ્છના મેન્ગ્રોવ માટે પડકારરૂપ**

ભુજ - કચ્છઉદય : નાસાના નવા અભ્યાસ મુજબ સેટેલાઈટ ઈમેજ દર્શાવે છે કે વિશ્વભરમાં મેન્ગ્રોવ જંગલોની રિકવરી થઈ રહી છે અને આમાંકચ્છનો ફાળો સૌથી મોટો છે. કચ્છમાં ભારતના કુલ મેન્ગ્રોવ કવરના લગભગ ૪૦ થી ૪૫ ટકા હિસ્સો છે. કોરીક્રીક, કંડલા ક્રીક અને મુંદ્રા આસપાસના વિસ્તારોમાં છેલ્લા બે દાયકામાં સરકારી વૃક્ષારોપણ અને સંરક્ષણના કારણે મેન્ગ્રોવનું કવર નોંધપાત્ર રીતે વધ્યું છે. વન વિભાગ અને સ્થાનિક સમુદાયોએ લાખો રોપા વાવ્યા છે જેના કારણે કચ્છનો દરિયાકાંઠો તોફાન અને દરિયાના ધોવાણ સામે વધુ મજબૂત બન્યો છે. મેન્ગ્રોવ માત્ર દરિયાકાંઠાનું રક્ષણ જ નથી કરતા પરંતુ ફ્લેમિંગો અને માછલીઓ માટે નિવાસસ્થાન પૂરૂં પાડે છે અને સામાન્ય જંગલો કરતા ચાર ગણો વધુ કાર્બન શોષીને ક્લાઈમેટ ચેન્જ સામે લડવામાં મદ કરે છે. જો કે નાસાએ સાથે ચેતવણી પણ આપી છે કે દરિયાની સપાટી ઝડપથી વધી રહી છે અને તે કચ્છ જેવા નીચાણવાળા વિસ્તારો માટે સૌથી મોટો ખતરો બની શકે છે. જો દરિયો હાલની ગતિએ વધશે તો મેન્ગ્રોવને ઉપર તરફ વધવા માટે જગ્યા નહીં મળે અને ઘણા જંગલો ડૂબી શકે છે. આ ઉપરાંત પોર્ટ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું દબાણ તથા નદીઓમાંથી મીઠા પાણીના પ્રવાહમાં ઘટાડો પણ કચ્છના મેન્ગ્રોવ માટે પડકારરૂપ છે. નિષ્ણાતોનું કહેવું છે કે હવે રોપા વાવવાની સાથે એ સુનિશ્ચિત કરવું પડશે કે મેન્ગ્રોવને કુદરતી રીતે વિસ્તરવાની જગ્યા મળે.

# રતાડિયા સીમમાં ઝડપાયેલા તેલ ચોરીના કૌભાંડમાં પકડાયેલા આરોપીઓના જામીન મંજૂર

ભુજ - કચ્છઉદય : સ્ટેટ મોનીટરીંગ સેલ (એસએમસી) દ્વારા મુંદ્રા તાલુકાના રતાડિયા ગામની સીમમાં ચાલતા તેલ ચોરીના અડ્ડા પર પાડેલા દરોડાના ચકચારી કેસમાં પકડાયેલા તમામ આરોપીઓના નિયમિત જામીન નામદાર સેશન્સ અદાલત દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

આ કેસની વિગત એવી છે કે, આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા માટે ગેરકાયદેસર રીતે ક્રૂડ પામ ઓઈલની ચોરી કરી અથવા કરાવીને તેનું ગેરકાયદેસર વેચાણ કરવાના ઈરાદે ગુનાહિત કાવતરું રચ્યું હતું. આરોપીઓએ અલગ-અલગ ટેંકરોમાં ભરેલા ઓઈલની ચોરી કરી, ઓઈલના મૂળ માલિકની જાણ બહાર તેનું વેચાણ કરીને વિશ્વાસઘાત કર્યો હતો. આ તમામ આરોપીઓએ એક ગેંગના સભ્યો તરીકે સંયુક્તરૂપે સંગઠિત ગુનો આચર્યો હતો. પ્રાગપર પોલીસ સ્ટેશનમાં સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રભાઈ રાણાભાઈ દ્વારા સરકાર તરફથી આ અંગેની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

આ દરોડા દરમિયાન મોખા ટોલનાકાથી મુંદરા તરફ જતા હાઈવે રોડ પર શિવમ હોટેલની બાજુમાં, રતાડિયાની સીમમાં આવેલા ખુલ્લા મેદાનમાં ૬૬ કે.વી. પત્રી-મુંદરા લાઈન નીચેથી પોલીસે ૧.૭૮ લાખની કિંમતનું આશરે ૧૪૬૫ કિલોગ્રામ ચોરાઉ ક્રૂડ પામ ઓઈલ ઝડપી પાડ્યું હતું. આ સાથે ૨.૮૧ કરોડનું તેલ ભરેલા અંદાજે ૧.૫૦ કરોડની કિંમતના ૬ ટેંકરો સહિત કુલ રૂપિયા ૪.૩૪ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ગુનામાં સ્થળ પરથી ૧ થી ૧૧ નંબરના આરોપીઓ ઝડપાઈ ગયા હતા, જ્યારે ૧૨ થી ૧૬ નંબરના આરોપીઓ હાજર મળી આવ્યા ન હતા. આ તમામ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસમાં પકડાયેલા આરોપીઓ વતી સેશન્સ અદાલત સમક્ષ જામીન મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. અદાલતે બંને પક્ષોની દલીલોને ધ્યાને રાખીને આરોપીઓની જામીન અરજી ગ્રાહ્ય રાખી હતી અને તેઓને રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં બચાવ પક્ષના એડવોકેટ કુલદીપ જીતેન્દ્રભાઈ મહેતા, કૈલાશદાન ગઢવી અને હરદાશ પી. ગીલવાએ હાજર રહીને દલીલો રજૂ કરી હતી.

# સ્થાનિક કમિટીઓને બાજુ પર રાખવાના શ્રીજી સત્સંગ ટ્રસ્ટ - ભુજના પ્રયાસ સામે કચ્છનો સત્સંગ સમાજ એકજૂટ



કચ્છના સત્સંગ કેન્દ્રોની એકતા : પારદર્શિતા અને યથાસ્થિતિ જાળવવા મક્કમ માંગ કરાઈ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના અંજાર, આદિપુર, ગાંધીધામ, ભચાઉ, માધાપર, ભુજ સહિતના સંયુક્ત સત્સંગ કેન્દ્રોના હરિભક્તો તરફથી જણાવવામાં આવ્યું છે કે, તારીખ ૪/૭ના રોજ પ્રથમ આદિપુર સત્સંગ હૉલ અને ત્યારબાદ ગાંધીધામ સત્સંગ હૉલ ખાતે શ્રીજી સત્સંગ ટ્રસ્ટે નિર્મિત સત્સંગ હોલોના સ્થાનિક કમિટી સભ્યોની નિમણૂક કરેલ અને જેઓ વર્ષોથી નિષ્ઠાપૂર્વક આ સત્સંગ હોલોનું સંચાલન કરી રહ્યા છે તે સ્થાનિક કમિટીને કોઈ પણ જાતની જાણ કર્યા વિના મનસ્વી અને એકતરફી રીતે બાજુ પર રાખી, દબાણ અને ઘર્ષણભરી પરિસ્થિતિ સર્જી, સ્થાનિક કમિટીને સોંપેલ વહીવટ પર કબજો જમાવવાનો કથિત પ્રયાસ થયો હોવાની ગંભીર ફરિયાદો સામે આવી રહી છે.

સંયુક્ત નિવેદનમાં જણાવ્યા અનુસાર આ ઘટનાઓથી કચ્છના સમગ્ર સત્સંગ સમુદાયમાં ઊંડી ચિંતા અને વ્યથાની લાગણી ફેલાયેલ છે. સ્થાનિક કમિટીઓ દ્વારા વર્ષોથી નિભાવવામાં આવેલ સેવા અને જવાબદારીને અવગણી બળજબરીથી નિયંત્રણ મેળવવાનો કોઈપણ પ્રયાસ સત્સંગની પવિત્ર પરંપરા અને શિસ્તને અનુરૂપ નથી. આ સંદર્ભે અંજાર મધ્યે કચ્છના બહોળા સત્સંગ સમુદાયની ઉપસ્થિતિમાં એક સંયુક્ત બેઠક યોજાઈ હતી, જેમાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો કે, આ સમગ્ર બાબતે ટ્રસ્ટના પ્રતિનિધિઓ દ્વારા ભ્રામક પ્રચાર કરવામાં આવી રહેલ છે તે સંબંધિત આદિપુર અને ગાંધીધામ પોલીસ સ્ટેશનનો રૂબરૂ સંપર્ક કરી સત્ય હકીકતથી વાકેફ કરવામાં આવેલ. સત્સંગ કેન્દ્રો અને સમુદાયના હિતોના રક્ષણ માટે એક "રક્ષણ સમિતિ"નું ગઠન કરવામાં આવ્યું હતું. આ રક્ષણ સમિતિ મારફતે સંબંધિત પ્રશાસનિક સત્તાધિકારીઓ સમક્ષ યોગ્ય આવેદનપત્ર સહ રજૂઆત કરવામાં આવે. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના સંયુક્ત સત્સંગ કેન્દ્રો પુનઃ સ્પષ્ટ કરે છે કે, તેમનો આશય કોઈ વિવાદ ઊભો કરવાનો નથી, પરંતુ સત્સંગની પવિત્રતા, સ્થાનિક કમિટીઓના યોગ્ય હક્કો અને સમાજમાં શાંતિ - યથાસ્થિતિ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનો છે સાથે સ્થાનિક હરિભક્તો દ્વારા બંધાવાયેલ હોલનો વહીવટનો ભોગવટો કે કબજો એકતરફી અને ગેરબંધારણીય રીતે ન મેળવી શકે અને હરિભક્તો નિયમિત સત્સંગ કરી શકે તથા ખોટી શંકા ન ફેલાવે તે અર્થે તમામ સંબંધિત પક્ષોને ધીરજ, સંવાદ અને કાયદેસર માર્ગ અપનાવવા અપીલ કરવામાં આવી છે. આ બાબતે અગાઉ પણ શ્રીજી સત્સંગ ટ્રસ્ટના હોદ્દેદારોને નિરાકરણ લાવવા તેમજ સ્પષ્ટતા આપવા લેખિત જાણ કરેલ છે તેમજ રાજકોટ અને ભુજના ચેરીટી કમિશનર સમક્ષ પણ જાણ કરેલ હોઈ આ સમગ્ર વિવાદ સબ જ્યુડિસ છે. આમ કોઈ પણ બાબતે તેનો પ્રત્યુતર આપ્યા વિના સીધા સત્સંગ હોલનો કબજો મેળવવા બહારથી લોકોને બોલાવી કબજો લેવાની કોશિશ કરાવી સત્સંગમાં કલુષિત વાતાવરણ ઊભું કરાવી રહેલ છે.

# પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા પ્રાથમિક શિક્ષકોના પડતર પ્રશ્નોની રજુઆત કરાઈ

**રાજય સંગઠન દ્વારા શિક્ષક હિતલક્ષી વિવિધ પ્રશ્નોની રજુઆતને જિલ્લા સંગઠન દ્વારા આવકાર**

ભુજ - કચ્છઉદય : પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા દ્વારા રાજય સંગઠનને વિવિધ પડતર પ્રશ્નો જેવા કે ધો. ૬ થી ૮ના શિક્ષકોને અલગ પગાર ધોરણ આપવા, શિક્ષકોના પગાર માટે અમલીકૃત પ્રેશા સોફ્ટવેર વધુ કાર્યક્ષમ બનાવવા, જનરલ બદલી કેમ્પ જાહેર કરવા, જિલ્લા ફેર શિક્ષકોને છુટા કરવા, સીટીએસ પોર્ટલમાં ઓવર એજ બાળકોની એન્ટ્રી શરૂ કરવા, ગ્રાન્ટ વપરાશ માટે એસએનએ સ્પર્શને બદલે પીએફએમએસ પદ્ધતિ ચાલુ રાખવા સહિતના વિવિધ મુદ્દાઓની પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત અધ્યક્ષ અનિરુદ્ધસિંહ સોલંકી અને મહામંત્રી પરેશભાઈ પટેલ દ્વારા માન. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, શિક્ષણ રાજય મંત્રી રીવાબા જાડેજા, સમગ્ર શિક્ષા સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર, વિકાસ કમિશનર-ગાંધીનગરને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી.

જિલ્લા અને રાજય સંગઠનની રજુઆતને કચ્છ જિલ્લાના શિક્ષકો વતિ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજય પ્રતિનિધિ રામસંગજી જાડેજા, રાજય મંત્રી રમેશભાઈ ગાગલ, સંભાગ મહિલા સહ સંગઠન મંત્રી રાખીબેન રાઠોડ, જિલ્લા અધ્યક્ષ લખધીરસિંહ જાડેજા, મહામંત્રી મયુરભાઈ પટેલ, સંગઠનમંત્રી રમેશભાઈ મઢવી, વરિષ્ઠ ઉપાધ્યક્ષ બળવંતભાઈ છાંગા, ભરતભાઈ ધરજીયા, કોષાધ્યક્ષ કાંતિભાઈ રોઝ, મહિલા ઉપાધ્યક્ષ દક્ષાબેન રાણીપા અને મહિલા સહ મંત્રી બીનાકાબેન ગોસ્વામી એ આવકારી હતી તેવું જિલ્લા પ્રચાર પ્રમુખ તરુણભાઈ શાહની યાદીમાં જણાવાયું હતું.

# અમદાવાદ વિશ્વનું બીજા નંબરનું સૌથી વધુ હીટ રિસ્ક ધરાવતું શહેર

અમદાવાદ (એજન્સી દ્વારા) : એક નવા અહેવાલમાં અમદાવાદને વિશ્વના સૌથી વધુ ગરમીના જોખમ ધરાવતા શહેરોમાં બીજા ક્રમે સ્થાન આપવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર ભારતના ૧૪ શહેરો દુનિયાના ટોપ ૫૦ હીટ રિસ્કવાળા શહેરોની યાદીમાં સામેલ છે. આ યાદીમાં બેંગલુરુનું પણ નામ છે. અમદાવાદ આ યાદીમાં બીજા સ્થાને રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વધતી ગરમી, શહેરીકરણ અને અપૂરતી ઠંડીની સુવિધાઓને કારણે આ શહેરોમાં ગરમીથી થતા રોગો અને સ્વાસ્થ્ય પર અસરનું જોખમ વધારે છે. ખાસ કરીને ગરીબ અને બહાર કામ કરતા લોકો માટે જોખમ વધુ છે. નિષ્ણાતોનું કહેવું છે કે શહેરોમાં વૃક્ષો વધારવા, ઠંડા સ્થળો બનાવવા અને હીટ એક્શન પ્લાનને મજબૂત કરવા જેવા પગલાં તાત્કાલિક લેવાની જરૂર છે.

# કચ્છમાં સારા વરસાદ માટે ખીરસરા (વિં )ગામે જુમ્મા નમાઝ બાદ નમાઝે ઈસ્તિસ્કા અને ખાસ દુઆનું કરાયું આયોજન



નલિયા - કચ્છઉદય : સમગ્ર ગુજરાત રાજયમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી થઈ હોવા છતાં કચ્છ જિલ્લામાં હજુ પણ અપેક્ષિત વરસાદ ન વરસતા અબડાસા તાલુકાના ખીરસરા વિં ગામના ગ્રામજનોએ શુક્રવારની નમાજ બાદ સારા વરસાદ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

ગામના લોકો ગામની બહાર આવેલી ઈદગાહ સુધી પગપાળા પહોંચ્યા હતા. જ્યાં સૈયદ અલ્લામા અલહાજ બશીરબાપુના માર્ગદર્શન હેઠળ નમાઝે ઈસ્તિસ્કા અદા કરવામાં આવી હતી. ત્યારબાદ કચ્છ મુસ્લિમ સમાજના ધર્મગુરુ સૈયદ અલ્લામા અલહાજ સુલતાનશા બાપુએ સમગ્ર કચ્છમાં સારો વરસાદ વરસે, ખેડૂતોને રાહત મળે અને સૌના જીવનમાં ખુશહાલી આવે તે માટે ખાસ દુઆ કરી હતી. આ પ્રસંગે વિંઝાણના સૈયદ ઈબ્રાહિમશા બાપુ, ખીરસરાના સૈયદ તન્વીરઅહેમદ બાપુ, ગામના મૌલાના મુબારકભાઈ તેમજ મૌલાના તુર્ક હાજી મોહમ્મદભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ માહિતી ખીરસરા વિં ગામના માજી સરપંચ રજાકભાઈ હિંગોરાએ આપી હતી.

# ૩૦૦ લક્ઝરી હોટલમાં મફતમાં રહેનારો તમિલનાડુનો શખ્સ ઝડપાયો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : તમિલનાડુના એક શખ્સે દેશભરની લગભગ ૩૦૦ લક્ઝરી હોટલોમાં મફતમાં રહીને બધાને ચોંકાવી દીધા હતા. આખરે પોલીસે તેને ઝડપી લીધો છે. આરોપી હોટલોમાં સ્ટાફ તરીકે કામ કરવાનું નાટક કરીને પ્રવેશ મેળવતો હતો. તે પોતાને કોઈ મોટી કંપનીનો અધિકારી કે ઈવેન્ટ મેનેજર બતાવીને રૂમ બુક કરાવતો અને પછી બિલ ચૂકવ્યા વિના જ ચાલ્યો જતો. કેટલીક જગ્યાએ તેણે ખોટા ઓળખપત્રો અને નકલી ઓફર લેટરનો પણ ઉપયોગ કર્યો હતો.

હોટલ સંચાલકોએ વારંવાર બિલ ન ચૂકવાતા ફરિયાદ કરી ત્યારે પોલીસે તપાસ શરૂ કરી. તપાસમાં સામે આવ્યું કે આ શખ્સ છેલ્લા ઘણા વર્ષોથી આ જ રીતે દેશના વિવિધ શહેરોમાં ફરતો હતો અને લક્ઝરી હોટલોને નિશાન બનાવતો હતો.

પોલીસે તેની પાસેથી નકલી દસ્તાવેજો અને અન્ય સામગ્રી જપ્ત કરી છે. હાલ તેની સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઘટના બાદ અનેક હોટલોએ ચેક-ઈનની પ્રક્રિયામાં કડકાઈ લાવવાનો નિર્ણય લીધો છે.

# હોસ્ટેલમાં ખરાબ ખોરાક, વાઈફાઈ નહીં, એન્જિનિયરિંગ વિદ્યાર્થીને ૪૦,૦૦૦ રૂપિયા વળતર

નવી દિલ્હી : કોલેજની હોસ્ટેલમાં નબળી સુવિધાઓ માટે એક એન્જિનિયરિંગ વિદ્યાર્થીને કન્ઝ્યુમર કોર્ટમાંથી રાહત મળી છે. કોર્ટે કોલેજને વિદ્યાર્થીને ૪૦,૦૦૦ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

કેસ મુજબ વિદ્યાર્થીએ ૭ દિવસ માટે હોસ્ટેલમાં પ્રવેશ લીધો હતો. પરંતુ આ સમયગાળા દરમિયાન તેને ગુણવત્તાહીન ખોરાક આપવામાં આવ્યો હતો અને હોસ્ટેલમાં વાઈઆઈફાઈની સુવિધા પણ ઉપલબ્ધ ન હતી. વિદ્યાર્થીએ આ બાબતે ફરિયાદ નોંધાવી હતી. કન્ઝ્યુમર કોર્ટે સુનાવણી બાદ કહ્યું કે સંસ્થાએ વિદ્યાર્થીઓને વચન આપેલી સુવિધાઓ આપવી ફરજિયાત છે. સેવામાં ખામી અને અયોગ્ય વ્યવહાર બદલ કોલેજને દોષી ઠેરવીને ૪૦,૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો. આ ચુકાદાથી હોસ્ટેલ અને શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને મળતી મૂળભૂત સુવિધાઓને લઈને જાગૃતિ વધવાની શક્યતા છે.

# પૂજ્ય સંત વાલરામજી મહારાજની નિર્વાણતિથી નિમિતે રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા સંધ્યાપાઠનું આયોજન કરાયું






ભુજ - કચ્છઉદય : પ.પૂ. સંત શ્રી વાલરામજી મહારાજ ની નિર્વાણ તિથિ નિમિતે ભુજ ખાતે અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપ દવારા સ્થાપક પ્રમુખ જેન્તીભાઈ ઠક્કરની પ્રેરણાથી શ્રી ભુજ લોહાણા મહાજનના સાનિધ્યમાં અને ભુજ શહેર અને તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ તેમજ ભુજ શહેર અને તાલુકા સોશિયલ ગ્રુપ મહિલા પાંખ દ્વારા વાંઢાયના જીતુ ભગતના મુખે ભવ્ય સંધ્યાપાઠ અને ભજન, કીર્તનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સામાજીક આગેવાનો, સોશિયલ ગ્રુપના આગેવાનો, હરિઓમ પરિવારના સભ્યો તેમજ ભુજ શહેર અને તાલુકા ના આગેવાનો, મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત વાલરામજી મહારાજની છબી પાસે દીપ પ્રાગટ્ય થી કરી ત્યારબાદ આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખ રાજુભાઈ પલણે મહારાજશ્રીના જીવન ચરિત્ર વિશે સૌને માહિતગાર કરી તેમણે કરેલા સદકાર્યોને યાદ કરી તેમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું.

વાંઢાયના જીતુ ભગતનું સ્વાગત અને સન્માન ગ્રુપના ચેતન કતીરા, રાજેશ ભીંડે, રાજેશ માણેક, જય બુદ્ધદેવ, અશોક રાણા અને પીન્કેશ તન્નાએ કર્યું હતું જયારે તેમના પત્ની વર્ષાબેનનું સન્માન મહિલા પાંખના મમતાબેન પલણ, લીનાબેન સાયતા, રીતાલીબેન ગણાત્રા, જીજ્ઞાબેન ઠક્કર, માલતીબેન રાણા, નીતાબેન પલણે કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત કચ્છ મહાજન,ભુજ મહાજન, માધાપર મહાજન, સુખપર મહાજન તેમજ મહિલા મંડળના આગેવાનોને વાલરામજી મહારાજના જીવન વિશેની માહિતી આપતું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંધ્યાપાઠના કાર્યક્રમમાં અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના મહામંત્રી હરેશભાઇ તન્ના, દિનેશભાઇ ઠક્કર, જયેશભાઇ ઠક્કર, રશ્મિકાન્ત ઠક્કર, રાજેશભાઈ ચોથાણી, કૈલાશભાઈ ગણાત્રા, મહિલા પાંખના પ્રમુખ કલ્પનાબેન ઠક્કર, ભાનુબેન આથા, ચિન્ટુબેન ઠક્કર, નવીનભાઈ રૂપારેલ, અખિલ કચ્છ લોહાણા મહાજનના ઉપપ્રમુખ તુષારભાઈ આઈયા, ભૂજ મહાજનના ખજાનચી હિતેષભાઈ ઠક્કર, યુવા મંડળના પ્રમુખ નીલ સચદે, માધાપર મહાજનના પ્રમુખ મનોજભાઈ ઠક્કર, વાગડ રઘુવંશી સમાજના જયસુખભાઈ માણેક, મંત્રી કપિલભાઈ દૈયા, ભુજ મહાજનના મહેશ રાજદે, જયેશ ઠક્કર, હર્ષદ ઠક્કર, ભાવેશભાઈ આઈયા, દર્શન ઠક્કર, વીરેન ઠક્કર, ધર્મેન્દ્ર ચંદે, હરેશભાઈ બાપા દયાળુ, લોહાણા મહા પરિષદના દીપકભાઈ રેલોન, હરીશ ચંદન, માધાપર મહાજનના રોહિત ઠક્કર, વર્ષાબેન ઠક્કર, હિતેષભાઈ ઠક્કર, સામાજીક અગ્રણીઓ રાજેશભાઈ કતીરા, દિનેશભાઈ ઠક્કર, હરસુખભાઈ ઠક્કર, રામભાઈ ઠક્કર, પરસોત્તમભાઈ ઠક્કર, ભુજ નગરપાલિકાના કાઉન્સિલરો મયંકભાઈ રૂપારેલ, ધવનીબેન ગણાત્રા, વિમીબેન ઠક્કર, સોશિયલ ગ્રુપ મહિલા પાંખના કલ્પના ચોથાણી, અવની ઠક્કર, દીપા ઠક્કર, કાજલ માણેક, લવિંગા ઠક્કર, શારદાબેન ઠક્કર, મનીષા કેસરિયા, પૂર્વી સોનાઘેલા, વૈશાલી પવાણી, શિલ્પા કોટક, ગાંધીધામના નવનિયુક્ત પ્રમુખ કોમલ સચદે, મહામંત્રી જલ્પા ઠક્કર સહિત મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો. કાર્યક્રમનું આયોજન ભુજ શહેર અને ભુજ તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ તેમજ ભુજ શહેર અને તાલુકા મહિલા પાંખ દ્વારા કરવામાં આવ્યું હતું. સફળ આયોજન બદલ સોશિયલ ગ્રુપના સ્થાપક પ્રમુખ જેન્તીભાઈ ઠક્કર, વ્યવસ્થાપક સમિતિના વસંતભાઈ કોડરાણી, પંકજભાઈ ઠક્કર, જયેશભાઈ સચદે, સુકેતુભાઈ રૂપારેલ, હીરાચંદભાઈ ઠક્કરે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા સોશિયલ ગ્રુપના દર્શન અનમ, દીપન સોનાઘેલા, ધ્રુવ રૂપારેલ, કૃપેશ ઠક્કર, ભરતભાઈ રાજદે, ભાવેશ પવાણી, વિપુલ ઠક્કર, પિયુષ ગજ્જુ, કૃપેશ ઠક્કર, જીગર દૈયા, મયુર ચોથાણી, નરેન્દ્ર ઉદેચા, પિયુષ ચોથાણી સાહિતનાઓએ જહેમત ઉઠાવી હતી. સંચાલન ભુજ શહેર રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખ ચેતન કતીરાએ કર્યું હતું.

# યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ઇવાન્કા ટ્રમ્પનું આલ્બેનિયાના સઝાન ટાપુ અંગેનું નિવેદન ચર્ચામાં

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ઈવાન્કા ટ્રમ્પે તાજેતરમાં એક પોડકાસ્ટમાં આલ્બેનિયાના દક્ષિણ કિનારે આવેલા સઝાન ટાપુ અંગે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે તેઓ મિત્રની હોડીમાંથી તરીને આ ટાપુ પર પહોંચ્યા હતા અને ત્યારબાદ ઉઘાડા પગે ટોચ સુધી ચાલીને ગયા હતા. જોકે સઝાન ટાપુની હકીકત અલગ છે. આ ટાપુ ઝાડી-ઝાંખરાથી ભરેલો છે, જમીનમાં હજુ પણ જૂની ખાણો અને બોમ્બ પડેલા છે અને જમીન ખૂબ જ પથરાળ છે. અહીંના દરિયા કિનારા પણ રેતીના બદલે કાંકરાવાળા છે, તેથી ઉઘાડા પગે ચાલવું મુશ્કેલ છે. આ ઉપરાંત ટાપુ પર ઝેરી સાપ સહિત અનેક પ્રકારના સાપ જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે ઈવાન્કા ટ્રમ્પ અને તેમના પતિ જેરેડ કુશનર આ ટાપુ પર લક્ઝરી હોટલ અને રિસોર્ટ પ્રોજેક્ટ વિકસાવવામાં રસ ધરાવે છે. તેમના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર ટાપુની વાસ્તવિક પરિસ્થિતિને લઈને ચર્ચા શરૂ થઈ છે.

# ભુજમાં યોગ અંગે સાપ્તાહિક સેમિનાર યોજાશે

ભુજ - કચ્છઉદય : લાયોનેસ ક્લબ ઓફ ભુજ, ઉમા યોગ કેન્દ્ર ભુજના સંયુક્ત ઉપક્રમે સ્વાસ્થ્યનું પાવર હાઉસ - યોગ યોગગુરૂ કમલકાંત ભાઈના વડપણ હેઠળ, પ્રોજેક્ટ ચેરપર્સન યોગ ટીચર- લાયોનેસ વાઈસ પ્રેસિડેન્ટ ભાવના એ. ઝવેરી દ્વારા દીપ પ્રાગટ્ય કરાશે. ક્લબના હોદ્દેદારો- સભ્યો દ્વારા ૪: ૫૦ મિનિટે ક્વોલીફાઈડ યોગ ટીચરોની ટીમ દ્વારા યોગના વિવિધ આયામો જેવા કે, મેટ યોગા, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર, ફુલ બોડી વર્કઆઉટ, એરોબિક્સ, ક્લિપિંગ કીર્તન, ઝુમ્બા, રિલેક્સેશન, યોગ નિંદ્રાકરાવવામાં આવશે. દરેક ઉંમરના ભાઈઓ બહેનો માટે સાપ્તાહિક નિઃશુલ્ક સેમિનાર તા.૧૩થી ૧૮-૭, સોમવારથી શનિવાર સાંજે ૫થી ૬:૧૦ વાગ્યા સુધી ઉમા યોગ કેન્દ્રનાં હોલમાં, બેન્કર્સ કોલોની, ગેટ નં: પાંચ, ભુજ ખાતે રાખેલ છે.

# ભુજના હિલગાર્ડનમાં ૨ હજાર રોપાનું થશે વાવેતર



રોટરી અને સહયોગી સંસ્થાઓ દ્વારા ૨૦૦ વધુ રોપાનું વાવેતર કરાયું

ભુજ - કચ્છઉદય : વૃક્ષ છે તો જીવન છે, આજના ગ્લોબલ વોર્મિંગમાંથી બચવું હશે તો વૃક્ષનું જતન અનિવાર્ય છે અને તે માટે સહુએ સાથે મળી સહિયારા પ્રયાસો કરવા પડશે, તેવુંહિલ ગાર્ડન ખાતે તાજેતરમાં વૃક્ષ વાવેતર માટે યોજાયેલા કાર્યક્રમમાં બોલતા રોટરી પ્રમુખ અસરફ મેમણે જણાવ્યું હતું. ઉપપ્રમુખ ભરત ત્રિવેદીએ સહુને આવકારી વર્ષ દરમ્યાન થનાર લોકોપયોગી પ્રકલ્પોની વિગતવાર માહિતી આપી હતી. પ્રોજેકટ ચેરમેન પરાગ ઠક્કરે આ પ્રોજેકટની સવિસ્તાર વિગતો આપતા જણાવ્યું હતું કે, આરંભમાં બેસો જેટલા વૃક્ષો નું વાવેતર "ફર્સ્ટ ડે ફસ્ટ પ્રોજેકટ " મિશન અંતર્ગત અહીં હિલગાર્ડન ખાતે કરવામાં આવેલ છે અને આગામી સમયગાળામાં જ કુલ્લે બે હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવશે અને કચ્છના નજરાણા સમાં હિલ ગાર્ડનને નન્દનવન બનાવવામાં આવશે,આ તમામ રોપાઓ ની જાળવણી અને ઉછેરની જવાબદારી હિલગાર્ડન કમિટીના મોવડી ડો. નવઘણ આહિર અને તેમની ટીમે સ્વીકારી છે. રોટરી ક્લબ ટ્રેનર પ્રફુલ્લ ઠક્કરે પર્યાવરણ જાળવણી માટે રોટરીને મળેલ તક બદલ ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સહયોગી સંસ્થાઓ ઈન્નરવ્હીલ, રોટરેકટ ટીમ, આર સી સી ટીમ, ઈન્ટરેકટ વી ડી સહિતનાં મોવડીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન અને આભારવિધિ રોટરી મંત્રી ડો. ઉર્મિલ હાથીએ કરેલ હતી આ પ્રસંગે ઈન્નરવ્હીલ પ્રેસીડેન્ટ અવની ઠક્કર, મંત્રી રેશ્મા શાહ, હફીઝા મેમણ, પ્રતિક્ષા હાથી, પ્રેમીલા ઠકકર, જયોતિ ભટ્ટ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિમલ ખારેચા, વિનુભાઈ પટ્ટણી, ચૈતન્ય પટ્ટણી, ધવલ દૈયા, ધવન શાહ, તિલક કેશવાણી, સુરેન્દ્ર ક્ષત્રિય, રોમીન જોષી સહિતની ટીમે વ્યવસ્થા સંભાળી હતી.

# મૈસુર-કર્ણાટકમાં ગુજરાત હસ્તકલા ઉત્સવમાં 7 દિવસમાં રૂ. 1 કરોડથી વધુનું વેચાણ





ગુજરાતની કલા-સંસ્કૃતિનો મૈસુરમાં ગૌરવમય ડંકો : કચ્છ ક્રાફ્ટ ગેલેરીમાં કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, બાંધણી (ટાઈ એન્ડ ડાય), કચ્છી શાલ સહિતની વિવિધ પરંપરાગત હસ્તકલાઓનું વિશેષ પ્રદર્શન : ૧,૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક મુલાકાતોનું આયોજન : ૫૦ મુક-બધિર વિદ્યાર્થીઓને મેળામાં તાલીમ અપાઈ

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ કાર્યરત ઈન્ડસ્ટ્રિયલ એક્સ્ટેન્શન કોટેજ (ઈન્ડેક્સ્ટ-સી) દ્વારા જે.એસ.એસ. મૈસુર અર્બન હાટ, મૈસુર (કર્ણાટક) ખાતે તા. ૩થી ૧૨ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન "ગુજરાત હસ્તકલા ઉત્સવ – ૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે.

ઉત્સવનું ઉદ્ઘાટન ટેક્સટાઈલ ડેવલપમેન્ટ કમિશનર તથા ડિરેક્ટર, હેન્ડલૂમ એન્ડ ટેક્સટાઈલ્સ વિભાગ, કર્ણાટક સરકારના એ.બી. બસવરાજુ, આઈ.એ.એસ.ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડેક્સ્ટ-સીના કે.એસ. ટેલર, જનરલ મેનેજર (હાટ) તથા જોઈન્ટ કમિશનર, જે.એસ.એસ. સંસ્થાના અધિકારીઓ, ઈન્ડેક્સ્ટ-સીના અધિકારીઓ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મૈસુર ખાતે વર્ષ ૨૦૧૬થી સતત સફળતા પૂર્વક યોજાતા આ ઉત્સવની આ ૧૧મી આવૃત્તિ છે. આ પ્રદર્શન-સહ-વેચાણ મેળાનો મુખ્ય હેતુ ગુજરાતના પરંપરાગત હસ્તકલા અને હાથશાળ કારીગરોને સીધું બજાર ઉપલબ્ધ કરાવવાનો, તેમની આવકમાં વધારો કરવાનો તેમજ રોજગારીની તકોને વિસ્તૃત કરવાનો છે. આ વર્ષે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ૧૦૦થી વધુ સ્ટોલમાં કારીગરોએ પોતાની હસ્તનિર્મિત કૃતિઓનું પ્રદર્શન તથા વેચાણ માટે રજૂઆત કરી છે. ઉત્સવમાં કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની વૈવિધ્યસભર હસ્તકલાઓને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.

ઉત્સવનું વિશેષ આકર્ષણ રાષ્ટ્રીય અને રાજ્ય પુરસ્કાર વિજેતા કારીગરો તેમજ લુપ્તપ્રાય પરંપરાગત કલાઓના કારીગરો દ્વારા જીવંત પ્રદર્શન રહ્યું છે. ઉપરાંત કચ્છ ક્રાફ્ટ ગેલેરીમાં કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, બાંધણી (ટાઈ એન્ડ ડાય), કચ્છી શાલ સહિતની વિવિધ પરંપરાગત હસ્તકલાઓનું વિશેષ પ્રદર્શન કરવામાં આવ્યું છે, જેને મૈસુરના નાગરિકો તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. મૈસુરની જનતાના અભૂતપૂર્વ પ્રતિસાદના પરિણામે ૧૦ દિવસના ઉત્સવમાં માત્ર પ્રથમ ૭ દિવસમાં જ રૂ. ૧ કરોડથી વધુનું અભૂતપૂર્વ વેચાણ નોંધાયું છે, જે ગુજરાતના હસ્તકલા કારીગરો માટે અત્યંત પ્રેરણાદાયી સિદ્ધિ છે.

ઉત્સવના પ્રથમ ત્રણ દિવસ દરમિયાન ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સહયોગથી રાસ, ગરબા અને ટીપણી નૃત્યના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમોમાં મૈસુરવાસીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને ગુજરાતી સંસ્કૃતિના રંગે રંગાઈ ઉત્સાહપૂર્વક ઝૂમી ઉઠ્યા હતા.

ઉત્સવને શૈક્ષણિક પરિમાણ પણ આપવામાં આવ્યું છે. જે.એસ.એસ. હસ્તકલા શાળાઓ, મા અમૃતમ મહાવિદ્યાલય તેમજ વિવિધ ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓના ૧,૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક મુલાકાતોનું આયોજન કરવામાં આવ્યું હતું. કારીગરોએ દરરોજ સવારે ૧૦થી બપોરે ૨ વાગ્યા સુધી ૧૦થી ૨૦ વિદ્યાર્થીઓના જૂથોને વિવિધ હસ્તકલાઓની પ્રાયોગિક તાલીમ આપી હતી. ઉપરાંત, લગભગ ૫૦ મુક-બધિર વિદ્યાર્થીઓને મેળામાં ભાગ લેનાર મુક-બધિર કારીગરો દ્વારા વિશેષ તાલીમ આપવામાં આવી હતી, જે ઉત્સવનું એક અનોખું અને પ્રેરણાદાયી પાસું રહ્યું છે.

ઉત્સવ દ્વારા મૈસુર-કર્ણાટકમાં ગુજરાતની કલા, સંસ્કૃતિ અને પરંપરાગત હસ્તકલાનો ગૌરવમય પરિચય કરાવવામાં સફળતા મળી છે. સાથે જ 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને વધુ મજબૂત બનાવવાની દિશામાં પણ મહત્વપૂર્ણ યોગદાન પ્રાપ્ત થયું છે.

ઉલ્લેખનીય છે કે, મૈસુર હાટ ખાતે યોજાયેલા આ સમગ્ર ઉત્સવનું આયોજન ઈન્ડેક્સ્ટ-સીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. સંજય જોષી, આઈ.એ.એસ.ના માર્ગદર્શન હેઠળ સુવ્યવસ્થિત આયોજન અને અસરકારક સંકલન દ્વારા કરવામાં આવ્યું છે. ઈન્ડેક્સ્ટ-સીના માધ્યમથી ગુજરાતની હસ્તકલાનું સંરક્ષણ, સંવર્ધન અને કારીગરોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના આ પ્રયાસને સફળ બનાવવા બદલ મોહમ્મદ શાહિદ, આઈ.એ.એસ., ચેરમેન, ઈન્ડેક્સ્ટ-સી તથા અગ્ર સચિવ અને કમિશનર, કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત સરકાર દ્વારા તમામ કારીગરો, અધિકારીઓ અને આયોજકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# હાથ વગરનું ઉડતું છત્ર બનાવ્યું કેનેડાના એન્જિનિયરે

નવી દિલ્હી : કેનેડાના એન્જિનિયર અને યુટ્યુબર જોન ટ્રસે એક અનોખું ઉડતું છત્ર બનાવ્યું છે જે વપરાશકર્તાની સાથે આપમેળે ચાલે છે. આ છત્રને પકડવાની જરૂર નથી કારણ કે તે ડ્રોન ટેકનોલોજી પર આધારિત છે. બહારથી તે સામાન્ય પીળા રંગનું છત્ર લાગે છે પરંતુ તેની અંદર ચાર પ્રોપેલર અને ક્વાડકોપ્ટર સિસ્ટમ ફીટ કરવામાં આવી છે. છત્રની નીચે ટાઈમ- ઓફ- ફ્લાઈટ ડેપ્થ કેમેરા લગાવેલો છે જે વપરાશકર્તાની ત્રિ-પરિમાણીય સ્થિતિને ઓળખીને ચાલવાની ગતિએ તેની ઉપર જ રહે છે અને વરસાદ તથા તડકાથી રક્ષણ આપે છે.

પ્રોપેલર માટે ફોલ્ડિંગ આર્મ્સ બનાવવામાં આવ્યા છે જે ઉપયોગ ન હોય ત્યારે અંદર બંધ થઈ જાય છે જેથી તેને સરળતાથી લઈ જઈ શકાય. ટ્રસેએ શરૂઆતમાં રિમોટ કંટ્રોલવાળું મોડેલ બનાવ્યું હતું પરંતુ દર્શકોની માંગ પર તેમાં ઓટોનોમસ ટ્રેકિંગ સિસ્ટમ ઉમેરવામાં આવી. ઓનબોર્ડ કોમ્પ્યુટર અને રાસ્પબેરી પાઈ સેન્સરના ડેટાને પ્રોસેસ કરીને છત્રની સ્થિતિને સતત એડજસ્ટ કરે છે. જોન ટ્રસે કહે છે કે આ પ્રોજેક્ટ સંપૂર્ણ નથી પરંતુ તે ખૂબ જ રસપ્રદ અને આનંદદાયક સાબિત થયો છે. હાલમાં આ ઉડતું છત્ર વ્યાવસાયિક ઉત્પાદન નથી પરંતુ એક પ્રયોગાત્મક શોધ છે જે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે.

# 'જુરાસિક પાર્ક' પછી પણ ડાયનાસોર આજે કેમ આટલા આકર્ષિત કરે છે

નવી દિલ્હી (એજન્સી દ્વારા) :૧૯૯૩માં આવેલી 'જુરાસિક પાર્ક' ફિલ્મે પહેલી વાર ડાયનાસોરને એટલી વાસ્તવિક રીતે પડદા પર ઉતાર્યા કે લોકોને લાગ્યું જાણે પ્રાગૈતિહાસિક યુગના એ મહાકાય જીવ ખરેખર જીવંત થઈ ગયા. પણ ૩૦ વર્ષ પછી પણ ડાયનાસોરનો ક્રેઝ ઓછો થયો નથી અને તેનું કારણ માત્ર ફિલ્મ નથી. ડાયનાસોર એવા જીવ હતા જેમણે કરોડો વર્ષ સુધી પૃથ્વી પર રાજ કર્યું. ટી-રેઅકસ જેવા શિકારીની શક્તિ અને મ્ઙ્ઘિષ્ઠર્રૈજઙ્ઘેજિ જેવું મહાકાય કદ બાળકો અને મોટા બંને માટે અચંબાનો વિષય છે. તેઓ શક્તિ, ડર અને અજાયબી ત્રણેયનું મિશ્રણ છે એટલે આપણને સત ખેંચે છે. વૈજ્ઞાનિકો આજે પણ નવા અવશેષો, પીંછા, ઈંડા અને હ્વદ્ઘઙ્ઘ વિશે શોધ કરી રહ્યા છે. દરેક નવી શોધ સાથે આપણી સમજ બદલાય છે અને આ "જીવંત પઝલ" હોવાને કારણે લોકોને હંમેશા નવું જાણવા મળે છે. ડાયનાસોર એવી દુનિયાનો ભાગ હતા જ્યાં મનુષ્ય નહોતો. જ્વાળામુખી, ગાઢ જંગલો અને વિશાળ સરિસૃપો વાળી એ દુનિયા કલ્પના કરવા જેવી છે અને 'જુરાસિક પાર્ક' એ એ જ કલ્પનાને સ્ક્રીન પર સાચી કરી દીધી. ઉપરાંત મોટાભાગના લોકો માટે ડાયનાસોર એ બાળપણની પહેલી વિજ્ઞાનની યાદ છે. રમકડાં, પુસ્તકો, કાર્ટૂન અને હવે ફઈ-ગેમ્સ સુધી ડાયનાસોર દરેક પેઢી સાથે ફરી જન્મે છે. ટૂંકમાં કહીએ તો ડાયનાસોર આપણને આપણી પૃથ્વીના ભૂતકાળની યાદ અપાવે છે. તેઓ આપણને એવો ડર અને અજાયબી આપે છે જે આજના કોઈપણ પ્રાણીમાં નથી. એટલે જ 'જુરાસિક પાર્ક' પછી પણ આપણે તેમને ફરી ફરી જોવા માંગીએ છીએ.

# અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ગોલ્ફ રમવાનો અનુભવ અદભૂત રહ્યો : હેરી કેન




ટ્રમ્પે પણ ઇંગ્લેન્ડના સ્ટ્રાઇકરના પેટભરીને વખાણ કર્યા : સોશિયલ મીડિયા પર લખ્યું- કેન એક મહાન ખેલાડી છે

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ઈંગ્લેન્ડ ફૂટબોલ ટીમના કેપ્ટન હેરી કેને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ગોલ્ફ રમ્યા હોવાની વાતને સત્તાવાર સમર્થન આપ્યું છે. હેરી કેને પ્રમુખ ટ્રમ્પ સાથેના આ અનુભવને 'અવાસ્તવિક અને અદભૂત' ગણાવ્યો હતો, સાથે જ ટ્રમ્પની ગોલ્ફ રમવાની શૈલીના પણ મુક્તમને વખાણ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ સપ્તાહની શરૂઆતમાં પ્રમુખ ટ્રમ્પે પત્રકારો સમક્ષ ખુલાસો કર્યો હતો કે તેઓ હેરી કેન સાથે ગોલ્ફ રમી ચૂક્યા છે અને કેન એક શાનદાર ફૂટબોલર હોવાની સાથે એક સારા ગોલ્ફર પણ છે.

ફૂટબોલ વર્લ્ડ કપમાં નોર્વે સામેની ક્વાર્ટર ફાઈનલ મેચની પૂર્વસંધ્યાએ માયામી ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં હેરી કેને આ રસપ્રદ વિગતો શેર કરી હતી. બાયર્ન મ્યુનિક વતી રમતા આ દિગ્ગજ ફોરવર્ડે જણાવ્યું હતું કે, આશરે ૧૮ મહિના પહેલાં જ્યારે તેઓ ફ્લોરિડાના પામ બીચ પર હતા, ત્યારે પ્રમુખ ટ્રમ્પે તેમને ગોલ્ફ રમવા માટે આમંત્રિત કર્યા હતા. કેને હળવા અંદાજમાં કહ્યું, "જ્યારે દેશના રાષ્ટ્રપ્રમુખ તમને આમંત્રણ આપે, ત્યારે ના પાડવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. સાચું કહું તો, એ મેચમાં મારું પ્રદર્શન પણ સારું રહ્યું હતું.

પોતાના અનુભવને વાગોળતા કેને ઉમેર્યું હતું કે, "અમેરિકી પ્રમુખને રૂબરૂ મળવું અને તેમની સાથે ગોલ્ફ રમવું એ મારા માટે એક અદભૂત અને અવિસ્મરણીય ક્ષણ હતી. ડોનાલ્ડ ટ્રમ્પ ઘણું સારું ગોલ્ફ રમે છે. હું પણ જ્યારે તેમની ઉંમરે પહોંચું ત્યારે તેમના જેવું જ ઉત્કૃષ્ટ ગોલ્ફ રમી શકું એવી આશા રાખું છું. આ એક અનોખો અનુભવ હતો અને મને આમંત્રિત કરવા બદલ હું પ્રમુખનો આભારી છું. ઉલ્લેખનીય છે કે, વર્લ્ડ કપની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં મેક્સિકો સામે ઈંગ્લેન્ડના ૩-૨થી થયેલા વિજય બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ સોશિયલ' પર હેરી કેનની પ્રશંસા કરતા લખ્યું હતું કે, "ઈંગ્લેન્ડનો હેરી કેન એક અદ્ભુત અને મહાન ખેલાડી છે." ત્યારબાદ બીજા જ દિવસે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે આ દોસ્તીનો ખુલાસો કરતા કહ્યું હતું કે, "હું કેનને ખૂબ પસંદ કરું છું. અમે સાથે ગોલ્ફ રમ્યા છીએ અને રમત પર તેની પકડ ખરેખર પ્રશંસનીય છે.

# દિલ્હીના લાલ કિલ્લાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી હડકંપ: તપાસ બાદ તંત્રએ લીધો રાહતનો શ્વાસ



મુંબઈ પોલીસને મળેલો ધમકીનો કોલ 'હોક્સ' નીકળ્યો : દિલ્હીમાં વ્યાપક સર્ચ ઓપરેશન : એક મહિના પહેલાં એમસીડી મેયરને પણ ટાર્ગેટ કરાયા હતા

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : દેશની રાજધાની દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લાને બોમ્બથી ઉડાવી દેવાના એક ધમકીભર્યા ફોનને પગલે શનિવારે સુરક્ષા એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જોકે, કલાકોની સઘન તપાસ બાદ આ ફોન માત્ર એક હોક્સ કોલ સાબિત થતાં સુરક્ષાકર્મીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

દિલ્હી પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર, મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમને શનિવારે એક અજ્ઞાત ફોન આવ્યો હતો, જેમાં દિલ્હીના આઈકોનિક લાલ કિલ્લા પર બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી. મુંબઈ પોલીસે આ મામલાની ગંભીરતાને સમજીને તાત્કાલિક દિલ્હી પોલીસ કંટ્રોલ રૂમને આ અંગે સચેત કર્યા હતા. માહિતી મળતાની સાથે જ દિલ્હી પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટુકડીઓ લાલ કિલ્લા પરિસર ખાતે દોડી ગઈ હતી. સમગ્ર પરિસર ખૂણે-ખૂણામાં વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી હતી. કલાકો સુધી ચાલેલા આ સર્ચ ઓપરેશનના અંતે કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળી આવ્યા નહોતા. તપાસ બાદ સત્તાવાળાઓએ આ ધમકીને નકલી જાહેર કરી હતી અને હાલ લાલ કિલ્લાની સુરક્ષાને લઈને કોઈ ચિંતાજનક બાબત ન હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં આ પ્રકારની આતંકની અફવા ફેલાવવાનો આ પહેલો કિસ્સો નથી. બરાબર એક મહિના પહેલાં પણ આવી જ એક ઘટના સામે આવી હતી, જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હીના મેયરના સત્તાવાર ઈ-મેલ આઈડી પર એક ધમકીભર્યો ઈ-મેલ મોકલવામાં આવ્યો હતો જેમાં દિલ્હી અને તેની આસપાસના વિવિધ વિસ્તારોમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટો કરવાની ચેતવણી આપવામાં આવી હતી. તે સમયે પણ દિલ્હી પોલીસે ત્વરિત પગલાં ભરીને મેયરની ઓફિસ ધરાવતા સિવિક સેન્ટર ખાતે વ્યાપક એન્ટી-સેબોટેજ (તોડફોડ વિરોધી) સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસે ઓફિસ એરિયા, સામાન્ય જગ્યાઓ અને પાર્કિંગ સહિતના તમામ વિસ્તારોને બારીકાઈથી તપાસ્યા બાદ સમગ્ર ઈમારતને સુરક્ષિત જાહેર કરી હતી. વારંવાર આવી રહેલા ફેક કોલ અને ઈમેલને પગલે સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે અને આ પ્રકારની અફવાઓ ફેલાવીને ભયનો માહોલ ઊભો કરનારા અસામાજિક તત્વોને શોધી કાઢવા માટે કાયદાકીય તપાસ તેજ કરવામાં આવી છે.

# હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાનો મુખ્ય જામીનદાર ભારત : સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે હિંદ મહાસાગર ક્ષેત્રની સુરક્ષામાં ભારતીય નૌસેનાની અડગ અને સક્રિય ભૂમિકાની પ્રશંસા કરતાં જણાવ્યું છે કે, ભારત આ વિસ્તારમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવા માટે મુખ્ય જામીનદારની ભૂમિકા ભજવી રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત હંમેશાં સમુદ્રને પરસ્પર સહયોગના માધ્યમ તરીકે જુએ છે, પરંતુ કાયમી શાંતિની સ્થાપના અને સુરક્ષા માટે સૈન્ય તાકાત અને સજ્જતા પણ એટલી જ અનિવાર્ય છે. વર્તમાન સમયમાં ઝડપથી બદલાતા સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે સતત સતર્કતા અને તૈયારીની જરૂરિયાત પર ભાર મૂકતા સંરક્ષણ મંત્રીએ ઉમેર્યું કે, દેશના વ્યાપારિક અને વ્યૂહાત્મક હિતોની રક્ષા કરવા માટે નૌસેનાને અદ્યતન પ્લેટફોર્મ, આધુનિક સાધનો અને મજબૂત સંચાર વ્યવસ્થાથી સજ્જ કરવી આવશ્યક છે. સરકાર ભારતીય સંરક્ષણ દળોના આધુનિકીકરણ અને તેમને વિશ્વસ્તરીય શસ્ત્રો પૂરાં પાડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે, જેના ભાગરૂપે 'આત્મનિર્ભર ભારત' અભિયાન અંતર્ગત સ્વદેશી યુદ્ધજહાજોના સ્થાનિક નિર્માણને વ્યાપક પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તાજેતરમાં જ કોલકાતા ખાતે આયોજિત કાર્યક્રમોમાં 'અગ્રય' જેવા સંપૂર્ણપણે સ્વદેશી યુદ્ધજહાજોને નૌસેનામાં સામેલ (કમિશનિંગ) કરવાની પ્રક્રિયાને તેમણે આત્મનિર્ભરતા તરફનું એક ઐતિહાસિક અને મોટું પગલું ગણાવ્યું હતું. રાજનાથ સિંહે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, હિંદ મહાસાગર ક્ષેત્રમાં કોઈ પણ રાષ્ટ્ર પોતાની આર્થિક કે લશ્કરી તાકાતના જોરે અન્ય નાના દેશો પર પ્રભુત્વ ન જમાવે કે તેમને દબાવી ન શકે, તે સુનિશ્ચિત કરવાની મુખ્ય જવાબદારી ભારતીય નૌસેનાની છે.

# બહામાસમાં વિમાન દુર્ઘટનામાં ૧૦ લોકોના મોત

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ૧૦ જુલાઈ શુક્રવારના બપોરે લગભગ ૧:૦૦ વાગ્યે બહામાસમાં એક મોટી વિમાન દુર્ઘટના બની હતી. ઉડાન ભર્યા પછી થોડી જ વારમાં વિમાનમાં તકલીફ આવી અને તે જંગલવાળા વિસ્તારમાં ક્રેશ થઈ ગયું. વિમાનમાં ૯ મુસાફરો અને ૧ પાયલોટ સહિત ૧૦ લોકો સવાર હતા. એક વ્યક્તિ શરૂઆતમાં બચી ગઈ હતી પરંતુ બાદમાં તેનું પણ મૃત્યુ થયું. આમ આ દુર્ઘટનામાં તમામ ૧૦ લોકોના મોત થયા હતા. સોશિયલ મીડિયા પર જે વીડિયો વાયરલ થઈ રહ્યો છે તેમાં વિમાનનો કાટમાળ જંગલમાં વેરવિખેર પડેલો દેખાય છે. બહામાસના વડાપ્રધાન ફિલ્પ દેવીસે આ ઘટનાને કરૂણાજનક ગણાવી અને કહ્યું કે આજે દેશની સ્વતંત્રતાનો ઉજવણીનો દિવસ હતો પરંતુ તે શોકનો દિવસ બની ગયો. સલામતીના પગલા તરીકે બહામાસ સરકારે **Flamingo Air**નું સંચાલન પ્રમાણપત્ર હંગામી ધોરણે સસ્પેન્ડ કરી દીધું છે. તે જ દિવસે કંપની બીજી એક ફ્લાઈટમાં આગ લાગવાની ઘટના પણ બની હતી જેમાં તમામ મુસાફરો સુરક્ષિત બચી ગયા હતા. હાલમાં દુર્ઘટનાનું કારણ જાણવા માટે તપાસ ચાલુ છે.

# સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પર હિંદુ આસ્થાનું અપમાન કર્યાનો મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો આરોપ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શુક્રવાર, ૧૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ અયોધ્યાના બીકાપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પર હિંદુ આસ્થાનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે આ બંને પક્ષોએ અગાઉ અયોધ્યાના હનુમાનગઢી મંદિરની સીડીઓ પર નમાજ અદા કરવાની છૂટ આપી હતી. યોગીએ આને પાપ ગણાવ્યું અને પ્રશ્ન કર્યો કે શું કોઈ જામા મસ્જિદની અંદર હનુમાન ચાલીસાનો પાઠ થવાની કલ્પના કરી શકે છે. જો નહીં, તો પછી હનુમાનગઢી ખાતે આવું કેમ થવા દેવામાં આવ્યું અને તેના માટે કોણ જવાબદાર છે.

મુખ્યમંત્રી નવેમ્બર ૨૦૦૩ ની ઘટનાનો ઉલ્લેખ કરી રહ્યા હતા. તે સમયે મુલાયમ સિંહ યાદવની આગેવાની હેઠળની સમાજવાદી પાર્ટીની સરકાર દરમિયાન હનુમાનગઢી નજીક રમઝાનની નમાજ અને ઈફતારનું આયોજન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે સ્થાનિક પોલીસે તેની પરવાનગી આપી ન હતી અને નમાજ થઈ શકી ન હતી. યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે સપા અને કોંગ્રેસે હંમેશા અયોધ્યાના વિકાસનો વિરોધ કર્યો છે અને રામ મંદિરના નિર્માણમાં પણ અવરોધો ઊભા કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે આ પક્ષોએ ભગવાન રામના અસ્તિત્વ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમના મતે આજે ડબલ એન્જિન સરકાર આવ્યા બાદ ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયું છે અને અયોધ્યામાં દર વર્ષે લાખો ભક્તો આવે છે. તેમણે એમ પણ કહ્યું કે મહર્ષિ વાલ્મિકીના નામ પર અયોધ્યાના આંતરાષ્ટ્રીય એરપોર્ટનું નામકરણ થયા બાદ વિરોધ પક્ષો નાખુશ છે કારણ કે તેમના શાસનકાળમાં આવા કામ થઈ શક્યા ન હતા.

# અમરનાથ યાત્રા માટે જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રે નવી સૂચના જારી કરી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : સૂચનામાં કહેવામાં આવ્યું છે કે યાત્રાળુઓએ હવામાનની સ્થિતિ અને વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવું. ભારે વરસાદ, ભૂસ્ખલન અને રસ્તા બંધ થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને યાત્રા શરૂ કરતા પહેલા સત્તાવાર અપડેટ તપાસવાની સલાહ આપવામાં આવી છે. વહીવટીતંત્રે તમામ યાત્રાળુઓને નિર્ધારિત રૂટ અને સમયનું પાલન કરવા, સાથે જરૂરી દવાઓ અને ઓળખપત્ર રાખવા જણાવ્યું છે. સુરક્ષા દળો અને આપત્તિ વ્યવસ્થાપન ટીમોને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે જેથી કોઈપણ કટોકટીમાં તાત્કાલિક મદદ મળી શકે. અધિકારીઓએ કહ્યું કે યાત્રાળુઓની સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા છે અને હવામાન સાફ થયા બાદ જ આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે.

# ભારત-ન્યુઝીલેન્ડે સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ હેઠળ ૫ મોટા એલાન કર્યા

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ભારત અને ન્યુઝીલેન્ડે ૧૧ જુલાઈના રોજ ઓકલેન્ડમાં મળીને પોતાના દ્વિપક્ષીય સંબંધોને "સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ"ના સ્તરે લઈ જવાની જાહેરાત કરી અને "ભારત-ન્યુઝીલેન્ડ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપઃ ૨૦૩૦ સુધીનો રોડમેપ" રજૂ કર્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સનની મુલાકાતમાં આ રોડમેપને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. ૨૦૩૦સુધીમાં ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે માલ અને સેવાઓનો વેપાર બમણો કરીને દ્ધઢઈ૭ બિલિયન એટલે કે લગભગ રૂા. ૩૫,૦૦૦ કરોડ સુધી પહોંચાડવો. તાજેતરમાં સહી થયેલા મુક્ત વેપાર કરારને જલ્દી અમલમાં મૂકવા પણ બંને દેશો સંમત થયા છે. સંયુક્ત લશ્કરી કવાયતો, નૌસેના-વાયુસેના-સ્થલ સેનાના એકમોની મુલાકાતો, અધિકારી એક્સચેન્જ અને હાઈ-લેવલ સંરક્ષણ સંવાદ વધારવા નિર્ણય. ૨૦૨૫ના સંરક્ષણ સહકારને આગળ વધારવા અને ઈન્ડો-પેસિફિકમાં મેરીટાઈમ સુરક્ષા માટે સાથે કામ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. બંને દેશોના વડાપ્રધાન, કેબિનેટ મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓની નિયમિત બેઠકો, વિદેશ મંત્રી સ્તરનો સંવાદ મજબૂત કરવા અને દર વર્ષે સચિવ સ્તરની પરામર્શ બેઠકો યોજવાનું નક્કી કરાયું છે. કૃષિ, પ્રવાસન, વિજ્ઞાન-ટેક્નોલોજી અને શિક્ષણના ક્ષેત્રમાં સહકાર વધારવો. ન્યુઝીલેન્ડે ભારતના "વિકસિત ભારત"ના લક્ષ્યને સમર્થન આપ્યું છે.

ઈન્ડો- પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે સાથે મળીને કામ કરવું. શ્રી મોદીએ કહ્યું કે બે દરિયાઈ દેશો તરીકે ભારત-ન્યુઝીલેન્ડનો સહકાર આ ક્ષેત્રને નવી તાકાત આપશે.

# અભિનેતા રાજપાલ યાદવને ૩ મહિનાની જેલ અને ૯ કરોડના દેવા કેસમાં સજા

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવને દિલ્હીની એક કોર્ટે ૯ કરોડ રૂપિયાના દેવા કેસમાં ૩ મહિનાની જેલની સજા સંભળાવી છે. કોર્ટે રાજપાલ યાદવને દેવાની રકમ ન ચૂકવવા બદલ દોષી ઠેરવ્યા હતા. આ કેસ ઘણા વર્ષોથી કોર્ટમાં ચાલી રહ્યો હતો. ચુકાદામાં કોર્ટે કહ્યું કે નાણાકીય જવાબદારી ન નિભાવવા બદલ સજા જરૂરી છે. રાજપાલ યાદવને કોમેડી રોલ માટે ઓળખવામાં આવે છે. તેમણે 'ભૂલ ભુલૈયા', 'હંગામા' અને 'ચુપ ચુપ કે' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. હાલ તેમના વકીલે આ સજા સામે ઉપરની કોર્ટમાં અપીલ કરવાની વાત કહી છે.

# ગાંધીધામના મીઠીરોહર પટ્ટામાં DPAની જમીન પર 'જશા ગેંગ'ની બેફામ માટીચોરી?

**કચ્છ કલેક્ટર સુધી ફરિયાદ બાદ મામલતદારના મોડી રાતના દરોડામાં ડમ્પર-મશીન પકડાયા હતા; ખાણખનિજ વિભાગે પેનલ્ટી ફટકારી સંતોષ માન્યો, માટીચોર જશો ફરી મેદાનમાં! "કરોડોની ખનીજચોરી છતાં પોલીસ અને ડીપીએ (કંડલા) ના એસ્ટેટ વિભાગની શંકાસ્પદ ચુપ કીદી; પોલીસના કયા ભ્રષ્ટ વહીવટદારોની માટીચોરો સાથે ભાગીદારી? ગ્રામજનોમાં ભારોભાર આક્રોશ**

**મામલતદારશ્રીએ રેઈડ કરી મુદામાલ સોંપ્યો હતો, જેની માપણી સહિતની કાર્યવાહી પૂર્ણ કરી દેવાઈ છે અને ૧૦ લાખની પેનલ્ટીની નોટીસ ફટકારાઈ ગઈ છે, પેનલ્ટી નહી ભરે તો આગળની વધુ કડક કાર્યવાહી કરવામા આવશે : શ્રી કેયુર પંડયા (સિનિયર ભુસ્તરશાસ્ત્રી, પૂર્વ કચ્છ ખાણ ખનિજ વિભાગ)**

## માત્ર પેનલ્ટી નહીં, સીધી FIR જ એકમાત્ર ઈલાજ

ગાંધીધામ : સ્થાનિકો અને જાગૃત નાગરિકોની ઉગ્ર માંગ છે કે જશા ગેંગ સામે ખાણખનિજ વિભાગ માત્ર ૧૦ લાખ જેવી નજીવી પેનલ્ટી ફટકારીને સંતોષ ન માને, કારણ કે આ માફિયાઓ પેનલ્ટી ભરીને ફરી કરોડોની ચોરી આદરી દે છે. જો મીઠીરોહર વિસ્તારમાં આ બેનામી કાળા ધંધાઓને કાયમ માટે અટકાવવા હોય, તો તંત્રએ જશા ટોળકી સામે કડક કલમો હેઠળ સીધી પોલીસ ફરિયાદ દાખલ કરીને જેલના સળિયા પાછળ ધકેલવો જોઈએ, તો જ આ ખનીજચોરી પર પૂર્ણવિરામ આવશે.

ગાંધીધામ: ગાંધીધામ તાલુકાના મીઠીરોહર વિસ્તારમાં દીવા તળે અંધારું હોય તેમ ડીપીએ-કંડલા હસ્તકની કરોડો રૂપિયાની સરકારી જમીન પર ખનીજ માફિયાઓ દ્વારા બેફામ માટીચોરીનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે. સ્થાનિક સ્તરે 'જશા ગેંગ' તરીકે ઓળખાતી આ ટોળકી કાયદાના કોઈ પણ ભય વિના સરકારી સંપત્તિને આડેધડ ખોદીને મીઠીરોહર GIDC ના ગોડાઉનો સહિતના સ્થળોએ મોટા પાયે માટીનો બારોબાર સપ્લાય કરી રહી હોવાની વ્યાપક ચકચાર જાગી છે. ડીપીએ કંડલાની કીંમતી જમીનો પર આડેધડ માટી ચોરી કરી અને જશા આણી ટોળકીએ મોટા પ્રમાણમાં અહી ખાડાઓ કરી દીધા છે, કરોડોની રોયલ્ટી ચોરી કરી લીધી છે, અહીથી ઉસેડવામા આવતી માટી આસપાસના બની રહેલા અથવા તો બની ગયેલા અમુક ગોડાઉનોમાથી સપ્લાય કરવામા આવી રહી હોવાની ચકચાર છે. મામલતદારશ્રીએ કલકેટરશ્રીની સુચના બાદ મીઠીરોહરમાં દરોડો પડાયો હતો અને હવે ખાણખનિજ વિભાગે પણ ૧૦ લાખની પેનલ્ટી ફટકારી છે. જાણકારો કહી રહ્યા છે કે આ પેનલ્ટી ભરાય કે નહી પરંતુ મામલતદારશ્રીના દરોડા દરમ્યાન બે દીવસ બંધ રહ્યા બાદ ફરીથી જશાની માટીચોરી આ જ પટ્ટામાં બેફામ રીતે ધમધવા લાગી ગઈ છે. બીજીતરફ આ બાબતે પૂર્વ કચ્છ ખાણખનિજના સિનિયર ભુસ્તરશાસ્ત્રી શ્રી કેયુર પંડયાને પુછતા તેઓએ કહ્યુ હતુ કે, મામલતદારશ્રીએ કરેલી કાર્યવાહી બાદ માપણી પૂર્ણ થઈ ગઈ છે અને દસ લાખની પેનલ્ટીની નોટીસ ફટકારાઈ ગઈ છે જો પેનલ્ટી નહી ભરે તો આગળની ધોરણસરની કાર્યાવહી હાથ ધરવામાં આવશે.

## ખાણખનિજે ૧૦ લાખની પેનલ્ટી ફટકારી

ગાંધીધામ : આ બેફામ ખનીજચોરી અંગેની ઉચ્ચ સ્તરીય ફરિયાદો કચ્છ કલેક્ટર સુધી પહોંચતા જ તંત્ર એક્શનમાં આવ્યું હતું. થોડા સમય પહેલાં મોડી રાત્રે ગાંધીધામ મામલતદારની ટીમે મીઠીરોહરના આ પટ્ટામાં અચાનક ત્રાટકીને મોટો દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી માટીચોરીમાં ગળાડૂબ ડમ્પર અને હિટાચી/જેસીબી જેવા મશીનો ઝડપી પાડી કાયદેસરનું પંચનામું કરવામાં આવ્યું હતું. મામલતદારની ટીમે આ તમામ મુદ્દામાલ પૂર્વ કચ્છ ખાણખનિજ વિભાગને સોંપ્યો હતો. જે બાદ ખાણખનિજ વિભાગે સ્થળની માપણી કરીને સંબંધિત પાર્ટી (જશા) ને રૂ. ૧૦ લાખની પેનલ્ટી નોટિસ ફટકારી દીધી છે. નિયમ મુજબ જો આ પેનલ્ટી ભરાઈ જશે તો આગળની કાર્યવાહી અટકી જશે, નહીં તો ધોરણસરના પગલાં લેવાશે તેવું ચર્ચાઈ રહ્યું છે.

## DPAના ચોકીદારો છતાં કરોડોની ચોરી, પોલીસની ચુપકીદી કેમ?

ગાંધીધામ : આ સમગ્ર કૌભાંડમાં સૌથી મોટો સવાલ એ છે કે, મીઠીરોહર પટ્ટામાં જે જમીન પર માટી ઉસેડીને મોટા-મોટા ભયાનક ખાડાઓ કરી દેવાયા છે, તે જમીન ડીપીએ કંડલાની માલિકીની છે. અહી ડીપીએ દ્વારા જમીનની સુરક્ષા માટે સ્પેશિયલ ચોકીદારો પણ તૈનાત રાખવામાં આવ્યા છે, તેમ છતાં તેમની નજર સામે કરોડોનું ખનીજ ચવાય ગયું! મામલતદાર અને ખાણખનિજ વિભાગ પોતાની કામગીરી કરી રહ્યા છે, પરંતુ સ્થાનિક પોલીસ અને ડીપીએ-કંડલાનું એસ્ટેટ વિભાગ કેમ લાલ આંખ કરવાને બદલે રહસ્યમય ચુપકીદી સાધીને બેઠું છે? લોકમુખે ચર્ચાતા સવાલો મુજબ, ખાખીના કયા ભ્રષ્ટ વહીવટદારો અને તત્વોની આ 'જશા' સાથે સીધી ભાગીદારી છે, જેના કારણે આ ગેરકાયદેસર ખનન અટકવાનું નામ નથી લઈ રહ્યું?

## જશો' ફરી મેદાનમાં: કોઈનો ભય નથી, ઝભ્ભાલેંગાવાળાઓની આણ!

ગાંધીધામ : મામલતદારની રેઈડ બાદ 'જશા ગેંગ'ની માટીચોરી માત્ર બે-ચાર દિવસ જ બંધ રહી હતી. કાયદાનો કોઈ જ ખૌફ ન હોય તેમ આ ખનીજમાફિયા જશાએ ફરીથી મીઠીરોહર પટ્ટામાં મોટા પાયે માટીચોરી ધમધમતી કરી દીધી છે. સ્થાનિક ગ્રામજનોએ પણ જશા ગેંગની આ હરકતો સામે ભારોભાર આક્રોશ વ્યક્ત કર્યો છે. ગ્રામજનોએ આ માટીચોર જશાને અહીં મોટા ખાડા ન કરવા અને ખનીજચોરી બંધ કરવા મોઢામોઢ ચેતવણી આપી હોવા છતાં, તે કોઈને ગાંઠતો નથી. રાજકીય ઓથ ધરાવતા કયા 'ઝભ્ભાલેંગાવાળા' નેતાઓ અને ભ્રષ્ટ અધિકારીઓના જોરે જશો આટલો ફાટીને ધુમાડે ગયો છે અને તેને તંત્રનો કોઈ ભય જ નથી, તે તપાસનો વિષય બન્યો છે.

## રાપરના સલારી ગામમાંથી સગીરાનું અપહરણ

**: હરિયાણાના શખ્સ સામે પોક્સો હેઠળ ગુનો દાખલ**

રાપર - કચ્છઉદય : રાપર તાલુકાના સલારી ગામેથી ૧૭ વર્ષ અને ૧૦ માસની એક સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.સલારી ગામના રહીશ મનજીભાઈ કોલીએ રાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમની સગીર વયની દીકરી નીતા (નામ બદલેલ છે) ને હરિયાણાના સિરસા જિલ્લાના એલનાબાદ ગામનો રહેવાસી સુનિલ સતવીર નામનો શખ્સ લલચાવી ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ગયો છે. પરિવારજનોએ બે દિવસ સુધી પોતાની રીતે શોધખોળ કરી હતી, પરંતુ સગીરા ન મળી આવતા આખરે પોલીસના દ્વાર ખખડાવ્યા છે. રાપર પોલીસે આરોપી સુનિલ સામે BNS કલમ ૧૩૭(૨), ૮૭ અને પોક્સો (hTPtCSO) એક્ટની કલમ ૧૮ મુજબ ગુનો નોંધી સગીરા તેમજ આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક પોસ્ટ મૂકી કોમી એકતા ડહોળવાનો પ્રયાસ

**અંજાર પોલીસની કાર્યવાહી**

અંજાર - કચ્છઉદય : ફેસબુક આઈડી પરથી સમાજમાં વૈમનસ્ય અને દુશ્મનાવટ ફેલાય તેવી આપત્તિજનક પોસ્ટ મૂકનાર શખ્સ સામે અંજાર પોલીસે કાયદાનો સિંકજો કસ્યો છે.પોલીસ હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચૌધરીની ફરિયાદ મુજબ, અંજારના મેઘપર બોરીચી વિસ્તારના હેમલાઈ ફળિયામાં રહેતા અબ્દુલકરીમ ઈબ્રાહીમ બાફણ નામના શખ્સે પોતાના ફેસબુક એકાઉન્ટ પરથી એક ઉશ્કેરણીજનક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટનો હેતુ કોમી એકતા ભંગ કરવાનો, જાહેર સુલેહ-શાંતિ ખોરવવાનો અને સરકાર વિરુદ્ધ દ્વેષભાવ પેદા કરી લોકો ગેરમાર્ગે દોરવાનો હતો. અંજાર પોલીસે સોશિયલ મીડિયા મોનિટરિંગના આધારે આ શખ્સ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૯૭(૧)(સી) મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## એસએમસીનો સપાટો : પંજાબથી મુંદરા આવતો ૫૯.૭૩ લાખનો બિયર ઝડપાયો

**મહેસાણા જિલ્લાના કડી પાસે થઈ કાર્યવાહી : પશુ આહારની આડમાં શરાબની થતી હતી હેરાફેરી : પશ્ચિમ કચ્છના મુંદરામાં અગાઉ પણ એસએમસીએ દરોડા પાડીને લાખોનો શરાબ પકડયો છે છતાં દારૂની રેલમછેલ યથાવત : સ્થાનીકે દારૂ મંગાવનારા બુટલેગરો સામે હજુ સુધી નક્કર પગલાં ન ભરાયા**









ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છમાં ખાસ કરીને મુંદરા અને માનકુવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની રેલમછેલ બાબતે અગાઉ એસએમસીએ ઘણી કાર્યવાહી કરી છે. કરોડો રૂપિયાનો શરાબ ઝડપી પાડવામાં આવ્યો છે. તેમ છતાં બુટલેગરોની કમર ભાંગી નથી. ત્યાં હવે મુંદરા આવતો દારૂ મહેસાણાના કડી પાસે પકડાયો હતો. જયાં સુધી સ્થાનીકના દારૂ મંગાવનારા સામે કડક પગલાં ભરવામાં નહીં આવે ત્યાં સુધી દારૂબંધીની કડક અમલવારી નહીં થાય તે વરવી વાસ્તવિકતા છે. એસએમસી દ્વારા અવારનવાર લાખોનો શરાબ ઝડપી પાડવામાં આવે છે. તો સ્થાનીક પોલીસને બાતમી કેમ મળતી નથી ? તે પણ એક મોટો સવાલ છે. આ અંગેની વિગતો મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે મહેસાણા જિલ્લાના કડી-કલ્યાણપુર રોડ પર વિડજ ગામ નજીકથી પશુ આહારની આડમાં છુપાવેલો ૫૯.૭૩ લાખનો વિદેશી બિયરનો જથ્થો ઝડપી પાડયો હતો. પંજાબથી વિદેશી દારૂનો જથ્થો મુન્દ્રા લઈ જવામાં આવતો હોવાની બાતમીના આધારે પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ અને તેમની ટીમે કડી ખાતે પેટ્રોલિંગ દરમિયાન રામદેવ હોટલ પાસે કેજીએન પંચરની દુકાન નજીક ઊભેલી ટાટા કંપનીની ટ્રક (જીજે ૦૨ જીબી ૫૩૭૨)ને કોર્ડન કરી હતી. પોલીસે ટ્રકના ડ્રાઈવર સીટ પર બેઠેલા વ્યક્તિની પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો અને ટ્રકમાં બિયર હોવાની કબૂલાત કરી હતી. ટ્રકની પાછળ પ્લાસ્ટિકની તાલપત્રી હટાવતા, ઉપર પશુ આહારના ભૂસાની કોથળીઓ ગોઠવેલી હતી. આ કોથળીઓ હટાવતા નીચેથી વિદેશી બિયરના બોક્સ મળી આવ્યા હતા. ડ્રાઈવરે પોતાનું નામ હેમારામ તોગારામ જાટ (ઉંમર ૪૫, રહે. ધીરાસર, જી. બાડમેર, રાજસ્થાન) જણાવ્યું હતું. પોલીસે ટ્રકમાંથી પંજાબમાં વેચાણ માટે મંજૂરી ધરાવતા કિંગફિશર અને ટુબર્ગ બ્રાન્ડના ૫૦૦ એમએલના સીલબંધ ટીન જપ્ત કર્યા છે. જેમાં ૧૩,૧૮૯ નંગ કિંગફિશર સુપર સ્ટ્રોંગ બિયર (કિંમત ૩૦,૪૬,૬૫૯) અને ૧૨,૬૬૯ નંગ ટુબોર્ગ

અનુસંધાન પાના નં.૫ પર

## પશ્ચિમ કચ્છના અબડાસા પંથકમાં બેન્ટોનાઇટનું બેફામ ગેરકાયદે ખનન

**ગેરકાયદેસર ખનનથી ગ્રામીણ વિસ્તારોમાં પડ્યા મસમોટા ખાડા અને પર્યાવરણનું નિકંદન : સ્થાનિકોની વ્યાપક ફરિયાદો છતાં સ્થળ તપાસ ટાળતું વહીવટી તંત્ર અને માફિયાઓને મોકળું મેદાન : ઉચ્ચ સ્તરીય સઘન તપાસ થાય તો કરોડો રૂપિયાનું કૌભાંડ બહાર આવવાની પૂરેપૂરી સંભાવના**

**નુંધાતડ અને મુરચબાણ બન્યા ગેરકાયદેસર ખનનનું કેન્દ્ર : તંત્રની આંખ આડા કાન કરવાની નીતિથી જનતામાં રોષ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ખનીજ ચોરીનું દૂષણ માત્ર પૂર્વ ભાગ પૂરતું સીમિત નથી, પરંતુ પશ્ચિમ કચ્છના સરહદી અને અંતરિયાળ વિસ્તારોમાં પણ આ કાળો કારોબાર અત્યંત ભયજનક સપાટીએ પહોંચી ગયો છે. પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકામાં આવેલા નુંધાતડ અને મુરચબાણ જેવા ગ્રામ્ય વિસ્તારો હાલમાં કીમતી ગણાતા બેન્ટોનાઈટ ખનીજની ગેરકાયદેસર લૂંટનું મુખ્ય કેન્દ્ર બની ગયા છે. છેલ્લા કેટલાક સમયથી વહીવટી તંત્ર અને ખાણ-ખનીજ વિભાગ દ્વારા જિલ્લાના અન્ય ભાગોમાં નાના-મોટા દરોડા પાડીને માત્ર રેતી ચોરીના સામાન્ય કિસ્સાઓ પકડીને સંતોષ માનવામાં આવી રહ્યો છે. જ્યારે બીજી તરફ અબડાસાના આ સંવેદનશીલ વિસ્તારોમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ઊંચી કિંમત ધરાવતા કીમતી બેન્ટોનાઈટ ખનીજની બેફામ અને ખુલ્લેઆમ ચોરી થઈ રહી છે, જેના તરફ જવાબદાર તંત્ર જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યું હોવાનું ચિત્ર સ્પષ્ટ ઉપસી રહ્યું છે.

નુંધાતડ અને મુરચબાણ ગામની સીમમાં તેમજ આજુબાજુના ગૌચર અને સરકારી જમીનો પર ખનીજ માફિયાઓ દ્વારા રાત-દિવસ રાક્ષસી કદના મશીનો ઉતારીને આડેધડ ખોદકામ કરવામાં આવી રહ્યું છે. કોઈપણ જાતની કાયદેસરની લીઝ કે મંજૂરી વિના થઈ રહેલા આ વ્યાપક ખનનને કારણે અબડાસાના હરિયાળા ગ્રામીણ વિસ્તારોમાં અત્યારે માઈલો સુધી મસમોટા અને જોખમી ખાડાઓ પડી ગયા છે. તદુપરાંત, કુદરતી જમીનનું સ્તર બગડવાના કારણે સ્થાનિક પર્યાવરણ અને ખેતીલાયક જમીનોને કાયમી નુકસાન પહોંચ્યું છે, જે ભવિષ્ય માટે અત્યંત ચિંતાનો વિષય છે.

અબડાસાના જાગૃત નાગરિકો અને ખેડૂતો દ્વારા પોતાની જમીનો અને સરકારી સંપત્તિને બચાવવા માટે સ્થાનિક કક્ષાએથી લઈને જિલ્લા કલેક્ટર અને ભૂસ્તર વિજ્ઞાન વિભાગ સુધી વ્યાપક પ્રમાણમાં લેખિત ફરિયાદો કરવામાં આવી છે. સ્થાનિક રહેવાસીઓ દ્વારા અવારનવાર પુરાવાઓ સાથે રજૂઆત કરવા છતાં, જવાબદાર તંત્ર દ્વારા સ્થળ પર જઈને આકસ્મિક તપાસ કરવાની તસ્દી લેવામાં આવતી નથી. તંત્રની આ પ્રકારની શંકાસ્પદ નિષ્ક્રિયતા અને ઢીલી

અનુસંધાન પાના નં.૫ પર

**રોજીંદી બનતી મોતની ઘટનાઓ 'અકસ્માત' નહીં પણ માનવસર્જિત કટોકટી**

## કચ્છના હાઇવે બન્યા 'ડેથ કોરિડોર': એક વર્ષમાં ૪૦૦થી વધુ જીવ ગયા

**ભારે વાહનો અને બેદરકારી વચ્ચે કચ્છના રસ્તાઓ પર રોજ લખાઈ રહી છે મોતની નવી કહાની : નિર્દોષના મોત પાછળ નેશનલ હાઈવે ઓથોરિટી, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ, આરટીઓ તંત્ર સીધા જવાબદાર હોવા છતાં માનવવધનો ગુનો કેમ નથી નોંધાતો ?**

**અલગ અલગ વિસ્તારોમાં ઈ-ચલણ અને ચેકીંગના નામે દંડ ઉઘરાવાય પરંતુ મોતની જવાબદારી કોઈ લેતું નથી : દવાખાનામાં ડોકટરની, શાળાઓમાં શિક્ષકની, બાંધકામ સાઈટમાં ઈજનેરની જવાબદારી ફીટ થતી હોય તો અકસ્માત મોતમાં આરટીઓ - પોલીસ, રસ્તા બનાવનાર એજન્સીની કેમ નહીં ? : બિમારીથી વધુ અકસ્માતમાં મોતનો આંક વધુ : પરિવારનો એકનો એક જવાબદારનો અકસ્માતમાં મૃત્યુ પછી પરિવાર ઉપર આંભ તુટી પડે છે....**

ભુજ - કચ્છઉદય : દેશના સૌથી મોટા જિલ્લાની ઓળખ ધરાવતા કચ્છમાં ઔદ્યોગિક વિકાસની સાથે માર્ગ અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. કંડલા અને મુન્દ્રા જેવા આંતરરાષ્ટ્રીય બંદરો, ભારે ઔદ્યોગિક વાહનોની સતત અવરજવર, ઓવર સ્પીડિંગ અને તંત્રની બેદરકારીના કારણે કચ્છના હાઈવે હવે 'ડેથ કોરિડોર'માં ફેરવાઈ રહ્યા છે. છેલ્લા એક વર્ષ દરમિયાન પૂર્વ અને પશ્ચિમ કચ્છને મળીને અંદાજે ૩૫૦થી ૪૦૦ લોકો માર્ગ અકસ્માતોમાં જીવ ગુમાવી ચૂક્યા છે. રાજ્યના કુલ માર્ગ અકસ્માત મૃત્યુમાં કચ્છનો હિસ્સો પાંચ ટકાથી વધુ હોવાનું સામે આવ્યું છે, જ્યારે વસ્તીના પ્રમાણમાં જિલ્લો માત્ર ચાર ટકાની આસપાસ છે.

કચ્છમાં કેટલાક માર્ગો સતત અકસ્માતોના કેન્દ્ર બની રહ્યા છે. ભચાઉ-ગાંધીધામ નેશનલ હાઈવે, કેરા-મુન્દ્રા રોડ, માળિયા-કચ્છ હાઈવે, ભુજ-ભચાઉ રોડ અને અંજાર-મુન્દ્રા માર્ગ, ભુજ - ખાવડા રોડ સૌથી વધુ જોખમી ઝોન તરીકે સામે આવ્યા છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે, ૯૦ ટકાથી વધુ ગંભીર અકસ્માતો પાછળ ઓવર સ્પીડિંગ સીધું જવાબદાર છે. સીધા રસ્તા મળતા જ વાહનચાલકો ઝડપ વધારી દે છે, જેના કારણે અચાનક ઉભેલી પરિસ્થિતિમાં વાહન પર કાબૂ રહેતો નથી. તેના ઉપરાંત મોબાઈલ ફોનનો ઉપયોગ, નશાની હાલતમાં ડ્રાઈવિંગ, ખોટી રીતે ઓવરટેકિંગ અને ટ્રાફિક નિયમોની અવગણના અકસ્માતોનું મુખ્ય કારણ બની રહ્યા છે. હેલ્મેટ અને સીટબેલ્ટ જેવી સામાન્ય બાબતોની અવગણના પણ મૃત્યુદર વધારી રહી છે. કચ્છના અર્થતંત્રનો આધાર બંદરો અને ઔદ્યોગિક એકમો હોવાથી હાઈવે પર સૌથી વધુ ટ્રાફિક ટ્રેલર, ડમ્પર અને કન્ટેનર વાહનોનું રહે છે.

અનુસંધાન પાના નં.૫ પર

### રસ્તા બનાવનારા કોન્ટ્રાક્ટરોની પણ ગંભીર બેદરકારી

માર્ગ સમારકામ દરમિયાન ચેતવણી બોર્ડ, બેરિકેડિંગ અને રિફ્લેક્ટિવ લાઈટ વિના કામ કરવામાં આવતું હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. તાજેતરમાં ખાવડા વિસ્તારમાં રસ્તા પર ખોદકામ કર્યા બાદ કોઈ ચેતવણી વિના વાહનો ખાડામાં ખાબકતા ત્રણ લોકોના મોત થયા હતા. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે આવી ગંભીર બેદરકારી છતાં જવાબદારો સામે કડક ફોજદારી કાર્યવાહી થતી નથી. પોલીસ માત્ર ફરીયાદ લઈને સંતોષ માની લે છે. બાદમાં પગલાં લેવાતા નથી. આ સિવાય ભુજ- અંજાર નેશનલ હાઈવે પર ખાડાના કારણે વારંવાર એક તરફ ડાયવર્ઝન અપાય છે તેમાં પણ ત્રણથી ચાર લોકોના અકસ્માતમાં મોત થયા છે.

### અકસ્માત બાદ 'ગોલ્ડન અવર'માં સારવાર મળતી નથી

નેશનલ હાઈવે પર ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે, પરંતુ અકસ્માત બાદ જરૂરી ઈમરજન્સી સેવાઓ સમયસર ઉપલબ્ધ થતી નથી. કેટલાક કિસ્સાઓમાં ક્રેન અને એમ્બ્યુલન્સ કલાકો બાદ પહોંચે છે, જેના કારણે ઘાયલો સારવાર પહેલાં જ જીવ ગુમાવે છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ અકસ્માત બાદનો પહેલો એક કલાક સૌથી મહત્વનો હોય છે, જેને 'ગોલ્ડન અવર' કહેવામાં આવે છે. ભીરંડીયારા ટોલનાકા પર ક્રેન કે એમ્બ્યુલન્સની કોઈ વ્યવસ્થા નથી. વિસ્તાર એટલો મોટો છે કે જો કોઈ એમ્બ્યુલન્સ આવે તો દવાખાના સુધી પહોંચવામાં અડધો કલાક થાય અને મોટા ભાગના સરકારી દવાખાનાઓમાં જ ડોકટરની ઘટ્ટ છે. ખુદ જી.કે. જનરલમાં ટ્રોમા સેન્ટર નથી. ભચાઉમાં ટ્રોમા સેન્ટર બનીને તૈયાર હોવા છતાં છ વર્ષથી ચાલુ કરવામાં આવ્યું નથી. ભુજમાં પ્રાઈવેટ ટ્રોમા સેન્ટરો શરૂ થઈ રહ્યા છે. જયારે સરકારી રાહે કોઈ વ્યવસ્થા નથી.

### અકસ્માત એક વ્યક્તિને નહીં, આખા પરિવારને મારી નાખે છે

માર્ગ અકસ્માતમાં માત્ર એક વ્યક્તિનું મૃત્યુ થતું નથી, પરંતુ આખો પરિવાર અંદરથી તૂટી પડે છે. ઘણા કિસ્સાઓમાં પરિવારના મુખ્ય કમાતા સભ્યનું અચાનક અવસાન થતાં મહિલાઓ પર આર્થિક જવાબદારીનો પહાડ તૂટી પડે છે. નાનાં બાળકોનું ભણતર જોખમાઈ જાય છે. ઘર ચલાવવાના પ્રશ્નો ઉભા થાય છે અને પરિવાર વર્ષો સુધી માનસિક આઘાતમાંથી બહાર આવી શકતો નથી. કેટલાક કિસ્સાઓમાં તો એક જ પરિવારના ચારથી પાંચ સભ્યો અકસ્માતમાં મૃત્યુ પામતા આખું ઘર સૂનું બની જાય છે. વૃદ્ધ માતા-પિતા માટે જીવનભરનો સહારો છીનવાઈ જાય છે અને નાનાં બાળકો અનાથ બની જાય છે. આર્થિક નુકસાનની ભરપાઈ શક્ય છે, પરંતુ પરિવારના સભ્યની ખોટ ક્યારેય પૂરી થઈ શકતી નથી. નિષ્ણાતો કહે છે કે રસ્તા પર થતી એક નાની બેદરકારી પાછળ અનેક પેઢીઓનું ભવિષ્ય દાવ પર લાગી જાય છે.

### કચ્છના ૬ સૌથી જોખમી અકસ્માત ઝોન

- ભચાઉ-ગાંધીધામ નેશનલ હાઈવે - ભારે વાહનોની ગીચતા અને ઓવર સ્પીડિંગ
- કેરા-મુન્દ્રા રોડ - ટ્રેલર અને બસ વચ્ચેની જોખમી સ્પર્ધા
- માળિયા-કચ્છ હાઈવે - ટાયર ફાટવા અને નિયંત્રણ ગુમાવવાના બનાવો
- ભુજ-ભચાઉ હાઈવે - અપૂરતા સૂચક બોર્ડ અને ડિવાઈડરની સમસ્યા
- અંજાર-મુન્દ્રા રોડ - ઓવરલોડ કન્ટેનરનું જોખમ
- ભુજ-ખાવડા હાઈવે - અકસ્માત બાદ રાહત સેવાઓમાં વિલંબ

**એન.એ.જમીન વેંચવાની છે**

મોજે-ગામ- લાકડીયા, તા.ભચાઉ,જી.કચ્છમાં શામખ્યાલી-રાધનપુર હાઈવે રોડ ટચ બીનખેતી, જમીન, વાણિજ્ય, કોમર્શીયલ, રહેણાંક હેતુ લાયક મોકાની જગ્યા વેંચવાની છે.

ફાર્મ હાઉસ લાયક આશરે, ૧૦.૫૦ એકર

Contact Number 63599 91315-90990 81904